ગુણવંત શાહ

રજકણ સૂરજ થવાને રાજાએ

SHOUT
SHARE
IT

F ** ☺ ☺ ☺
Shah, Gunvant, 1937

Rajkan suraj thavane shamne : Gunvant Shah. - Reprint of 2nd. ed. - Mumbai : R.R. Sheth, 2008. - 284 p. ; 18 cm.
ISBN: 8189919504
Gujarati text; Story of a man who believes marriage is old fashioned.
CILLA: vz08202486
Bidd Enterprises ; 082/24 ; £11.20

રજકણ
સૂરજ થવાને
શમણે

ગુણવંત શાહ

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
કેશવબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. : (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. : (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

VZ 0820486

SHAH, Gunvant
RAJKAN SURAJ THAVANE SHAMANE, Novel
R. R. Sheth & Co. Mumbai ☐ Ahmedabad
2008
891-473
ISBN-10 : 81-89919-50-4
ISBN-10 : 978-81-89919-50-4

SAL 460310

© ગુણવંત શાહ

ટહુકો, ૧૩૯, વિનાયક સોસાયટી, જયપ્રકાશ નારાયણ માર્ગ, વડોદરા ૩૯૦ ૦૨૦

મુદ્રણો

પ્રથમ આવૃત્તિ :	મે	૧૯૮૦,	પ્રત : ૨૨૫૦
બીજી આવૃત્તિ :	જૂન	૧૯૮૬,	પ્રત : ૧૧૫૦
પુનર્મુદ્રણ :	જાન્યુઆરી	૧૯૯૫,	પ્રત : ૧૧૫૦
પુનર્મુદ્રણ :	જાન્યુઆરી	૨૦૦૮,	પ્રત : ૭૫૦

રૂ. ૧૬૦-૦૦

પ્રકાશક

ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

ટાઈપ સેટિંગ પ્રિન્ટ પોઈંટ ખાતે અને મુદ્રણ હરિઓમ્ પ્રિન્ટરી
દૂધેશ્વર, અમદાવાદ ખાતે થયું.

અર્પણ

દિલીપ મહેતા
અને
નીલા મહેતાને

ખિસકોલીની પૂંછડીએ બેઠેલી
આ ક્ષણે
તમે બંને યાદ આવ્યાં !

ગુણવંત શાહની કૃતિઓ

નિબંધ

કાર્ડિયોગ્રામ
વગડાને તરસ ટહુકાની
વિચારોના વૃન્દાવનમાં
બત્રીસે કોઠે દીવા
કૅક્ટસ ફ્લાવર
વિરાટને હિંડોળે
પરોઢિયે કલરવ
રણ તો લીલાંછમ
ઝાકળભીનાં પારિજાત
સાઇલન્સ ઝોન
ઢાઈ અક્ષર પ્રેમકા
એકાંતના આકાશમાં
નીરખને ગગનમાં
કોકરવરણો તડકો

પ્રવાસ-સંવેદન

આપણે પ્રવાસી પારાવારનાં

નવલકથા

રજકણ સૂરજ થવાને શમણે
પવનનુ ઘર
મોટેલ

હિન્દી

કૃષ્ણકા જીવનસંગીત
કહીં દૂર જબ દિન ઢલે
ગાંધીજી કે સિદ્ધાંત : નઈ પીઢીકી દૃષ્ટિ
સરદાર માને સરદાર
કરુણામૂર્તિ બુદ્ધ
મહામાનવ મહાવીર

તમિળ

ગાંધી : નવી પેઢીની નજરે

શિક્ષણ

અધ્યયન મીમાંસા
શિક્ષણ દર્શન
શૈક્ષણિક મનોવિજ્ઞાન

ગુણવંત શાહની કૃતિઓ

વ્યક્તિ-વિચાર-ચિંતન

પૂછતા નર પંડિત
ગાંધીનાં ચશ્માં
કરુણામૂર્તિ બુદ્ધ
શક્યતાના શિલ્પી શ્રી અરવિંદ
ઈશ્વર અલ્લા તેરે નામ
કૃષ્ણનું જીવનસંગીત
રામાયણ : માનવતાનું મહાકાવ્ય
પ્રિયજનને પ્રેમપત્ર
કબીરા ખડા બાજારમેં
અસ્તિત્વનો ઉત્સવ : ઈશાવાસ્યમ્
ટહુકો : ગુણવંતવિશેષ (સં. સુરેશ દલાલ)
ભગવાનની ટપાલ
મરો ત્યાં સુધી જીવો
(સં. ડૉ. મનીષા મનીષ)
મનનાં મેઘધનુષ
સરદાર એટલે સરદાર
મહામાનવ મહાવીર
સબકો સન્મતિ દે ભગવાન
મહંત-મુલ્લા-પાદરી
સંભવામિ ક્ષણે ક્ષણે
પતંગિયાની અવકાશયાત્રા
પતંગિયાની આનંદયાત્રા
પતંગિયાની અમૃતયાત્રા
ગાંધીની ઘડિયાળ
ગુફ્તગૂ : ગુણવંત શાહ સાથે
(સં. અમીષા શાહ)
ઈ-મેઈલ (સં. સંજય વૈદ્ય)

આત્મકથા

બિલ્લો ટિલ્લો ટચ

કાવ્ય

વિસ્મયનું પરોઢ

સુવાક્યો

(૧) ટેલિગ્રામ (૨) ટેલેક્સ (૩) ફેક્સ

અંગ્રેજી

The Symphony of Krishna
Gandhi for the New Generation
Footprints on the Horizon
The Peerless Sardar
University Goes to Masses
Mahavir : The Apostle of Peace

મરાઠી

શ્રીકૃષ્ણાચે જીવનસંગીત
અસ્તિત્વચા ઉત્સવ : ઈશાવાસ્યમ્
સંભવામિ ક્ષણે ક્ષણે

આભાર

- નવલકથા લખવાનો આગ્રહ મિત્રભાવે કરવા બદલ ચંદ્રકાંત બક્ષીનો.
- હસ્તપ્રત તૈયાર થઈ પછી સાથે બેસીને વાંચતી વખતે અત્યંત ઉપયોગી સૂચનો કરવા બદલ ભગવતીકુમાર શર્માનો.
- હસ્તપ્રત જોઈ જઈ આમુખ લખવા ઉપરાંત મારી લેખનપ્રવૃત્તિમાં ઊંડો રસ લેવા બદલ જયેન્દ્ર ત્રિવેદીનો.
- અંગત રસ લઈને પુસ્તકનું પ્રકાશન કરવા બદલ ભગતભાઈ શેઠનો.
- પ્રૂફ જોવામાં સ્વજનભાવે ચીવટ રાખવા બદલ ચંદ્રકાંત ભટ્ટનો અને બંધુ કિશોર શાહનો.

ગુણવંત શાહ

ભગવાન છે, એવું
અમે નથી માનતા.
પણ અમને લાગે છે કે,
ખરો પ્રશ્ન એના અસ્તિત્વનો નથી;
ખરી જરૂર
માણસ ફરીથી પોતાની જાતને શોધે એ છે.
ખરી જરૂર તો છે
એ સમજવાની કે,
માણસને પોતાની જાતથી
ભગવાન છે એની
સાચી સાબિતી પણ બચાવી નહીં શકે.

સાર્ત્ર

(પેરિસમાં આપેલા ભાષણ પરથી)

પ્રસ્તાવના

शून्यमदः शून्यमिदं
शून्यात् शून्यमुदच्यते।
शून्यस्य शून्यमादाय
शून्यमेवावशिष्यते।
વૃક્ષને પાંદડે
નવરો બેઠો પવન
પતંગિયાની પાંખમાંથી ખરતા
સમયનો રંગ જોયા કરે છે.
ઝરણા સાથે વહ્યા કરતું
વાંકુંચૂકું આકાશ
નિરાંતે
અવાજના પરપોટા સાંભળ્યા કરે છે.
ખાલીપાનું કોચલું તોડી
એક પળ
જ્યારે
પાંખ ફફડાવે
ત્યારે
માણસ કહે છે:
હું *busy* છું.

ગુણવંત શાહ

વિચારની વાર્તા : ગોત્ર ગોવર્ધનરામનું

ગુજરાતી નવલકથાનું એ સદ્‌ભાગ્ય છે કે છેક આરંભકાળથી જ એ વિચારને વાર્તામાં ઓગાળવાના સમર્થ પ્રયત્નો અનુભવતી આવી છે. ગોવર્ધનરામે નિબંધ ન લખતાં પોતાનું કથયિતવ્ય વાર્તામાં ગૂંથ્યું ત્યારે એમના મનમાં વિચારની વાર્તા પરની સરસાઈ સ્પષ્ટ હતી જ. ફક્ત બહુજનહિતાય, બહુજનલાભાય તેઓ વાર્તાના સ્તરે ઊતરી આવ્યા હતા. વાર્તા પોતે કલા તરીકે વિચાર જેટલું જ મહત્ત્વ ધરાવે છે, એવી હેન્રી જેમ્સ કક્ષાની સ્પષ્ટતા હજુ આપણા બધા નવલકથાકારો ધરાવતા નથી. નિબંધો વાર્તા જેટલા જ લોકપ્રિય બની શકે છે એમ પુરવાર કરવાનો વિક્રમ સ્થાપ્યા પછી ગુણવંત શાહ કવિતા પર હાથ અજમાવી નવલકથા તરફ વળ્યા છે.

વિદ્યાવ્યાસંગી જાગતિક અને જાગરૂક વ્યક્તિત્વ ધરાવતા ગુણવંતભાઈની નવલકથા લખવાની સુષુપ્ત મહત્ત્વાકાંક્ષાની શગને યોગ્ય પળે સંકોરવાનું સદ્‌ભાગ્ય ચંદ્રકાંત બક્ષી લઈ જાય એ ગુજરાતી નવલકથાના ઈતિહાસમાં સૂચક ગણાશે. ગુણવંતભાઈ જબરા વાંચનારા છે અને ઉત્તમ કક્ષાનું વાંચનારા છે. કેળવણીના માણસ છે એટલે સ્વાભાવિક રીતે તત્ત્વ તરફ લઈ જતાં પુસ્તકો વિશેષ આકર્ષે. પ્રાચીન, મધ્યકાલીન મનીષીઓ ઉપરાંત આધુનિક મુનિઓ ફ્રોઈડ, માર્ક્સ, ગાંધી, સાર્ત્ર, કામૂ, માઓ ઝેડોંગ, ઈવાન ઈલીચ કે એ નાતના ઘણા વિચારકોનો તેમને સારો સત્સંગ છે. એટલે નવલકથાનું વસ્તુ શોધવાની લાંબી કડાકૂટમાં તેમને ન પડવું પડ્યું. આધુનિક ભારતીય લેખકને સાચકલા જીવનનો બહુ અલ્પ અનુભવ હોય છે અથવા વાર્તામાં વણાવા જેવું જીવન જીવતાં લોકોને હજુ કલમ પકડવાનું ફાવ્યું નથી એટલે કલ્પનાની મદદથી

જિવાતું જીવન અથવા પોતાના સ્તરે જિવાતું જીવન જ આધુનિક ભારતીય લેખકને મસાલો પૂરું પાડતું હોય છે. શરતચન્દ્રનું આવારા મસીહાપણું સૌને સુલભ નથી હોતું – સુલભ હોય છે તો એ સ્તરની કલા માટેની ક્ષમતા નથી હોતી, પછી એ મેઘાણી હોય કે પ્રેમચંદ! વાચનમાંથી મળેલા વિચારોના અનુભવના આધારે, બૌદ્ધિક સંવેદનશીલ પ્રકૃતિના બળે લેખક આ સુવાચ્ય નવલકથા આપી શક્યા છે.

અસ્તિત્વ, પ્રેમ, પસંદગી, લગ્ન વગેરે વ્યક્તિત્વલક્ષી આધુનિક પશ્ચિમી વિચારબીજોનું વાવેતર ઉપનિષદપ્રેમી ગીતાનિષ્ઠ મન-ક્યારીમાં થાય, ગંભીર વાતને હળવીફૂલ બનાવનાર નર્મ-મર્મ ધરાવતી શૈલીનો પ્રકાશ, ઊગતા અંકુરને મળે; ઊહાપોહ જગાવવાની તમન્ના અને શક્તિનું ખાતર એમાં ભળે; માનવતાનું પાણી પૂરતા પ્રમાણમાં મળે તો જે પલ્લવિત પુષ્પિત ફલિત થાય એ આવી નવલકથામાં મ્હોરે. કમી રહી જાય છે કળાના મેળની, સુરેશભાઈના શબ્દોમાં કહીએ તો રૂપનિર્મિતિની ! આ વાર્તાનો નવલકથાકાર નાયક એમ માને છે કે જીવનમાં જે ઘટના, ચમત્કાર, રહસ્ય, પ્રેમ, વિચારતત્ત્વ હોય છે તે વાર્તામાં ઉતારો એટલે કલાકૃતિ તૈયાર ! પણ આમ બનતું નથી હોતું. કશુંક ખૂટતું હોય છે. આ કશાકની જ ખૂબી છે. નહીં તો મગનલાલ-છગનલાલ પણ ગોવર્ધનરામ થઈ જાત ને !

આઈ. એ. રિચાર્ડસે સાચું જ કહ્યું છે કે, 'One does not expect novel cards when playing so traditional a game, it is the hand that matters.'

જગતભરની નવલકથાઓમાં પ્રેમ, લગ્ન અને સ્ત્રીપુરુષ સમ્બન્ધ વાર્તાના મુખ્ય વિષય રહ્યા છે. અસ્તિત્વવાદી પ્રેમમાં માને છે, લગ્નમાં નહીં. આ લઘુનવલના નાયક નિર્દોષની પણ પ્રેમમાં દૃઢ પ્રતીતિ છે પણ લગ્નને એ મનુષ્યસર્જિત જર્જરિત પરમ્પરા જ માને છે. સામાન્ય રીતે લેખકનું વાર્તાના નાયક જોડે અંતરંગ સખ્ય હોય છે અને લેખકની અનેક માનસિક ભૂમિકાઓ નાયક દ્વારા પ્રકટ થતી હોય છે. નિર્દોષ નવલકથાકાર છે અને લોકપ્રિય વક્તા છે,

શૈલીનો સ્વામી છે. તેની રચનાઓમાં રાચતી શિક્ષિકા આસ્થા પ્રથમ નજરે જ તેના પ્રેમમાં પડી જાય છે અને સસ્તી નવલકથા કે સામાન્ય હિન્દી ફિલ્મની જેમ વાર્તાનો ઉઘાડ થાય છે, પણ જોતજોતામાં લેખક એને ગંભીર સ્તરે લઈ જાય છે. નિર્દોષને કૅન્સર હોઈ શકે એવો ડૉક્ટરોને વહેમ પડે છે એ દિવસોમાં જ તેના જીવનમાં આસ્થા પ્રવેશે છે. બન્નેના લગ્ન અને પ્રેમ અંગેના વિચાર સમાન છે. અને સમાન વિચારોવાળામાં સખ્ય સહેજે બંધાતું હોય છે. અસ્તિત્વ, પસંદગી, પ્રેમ, મૃત્યુ વગેરે વિષયો પર 'અમૃતા', 'છિન્નપત્ર', 'મરણોત્તર' જેવી ગણનાપાત્ર કૃતિઓ ગુજરાતી વાચકે વાંચી છે પણ આ કૃતિ એ એમાંની એકેયની નકલ નથી. રાધેશ્યામ શર્માએ 'અમૃતા' વિષે 'ગુજરાતી નવલકથા' નામના ગ્રંથમાં નોંધેલું નિરીક્ષણ 'પરંપરાપ્રાપ્ત મૂલ્ય વિભાવન અને વૈયક્તિક સ્વાતંત્ર્યની અસ્તિત્વવાદી તેમ જ જાગતિક સભાનતાના કારણે જે જાતનો તત્ત્વસંઘર્ષ (dialectic tension) ઉત્પન્ન થાય એને સાહિત્યિક અભિવ્યક્તિ નવલકથાના સ્વરૂપમાં આપવાનો ઉપક્રમ એના કર્તાનો છે', અને પ્રકારાન્તરે આ લઘુનવલ માટે પણ વાપરી શકાય તેવું હોવા છતાં બન્ને વચ્ચે બહુ જ ફેર છે. સરખામણી હમેશાં છેતરામણી હોય છે.

પુરુષપ્રધાન સમાજવ્યવસ્થાની અને એ વ્યવસ્થામાં રચાયેલી રામાયણ-મહાભારત જેવી કથાઓની કેટલીક ઘટનાઓની કડવી ટીકા આ લઘુનવલમાં વારંવાર કરનાર નાયક (લેખક) ભૂલી જાય છે કે સ્ત્રીપુરુષ સંબંધમાં પુરુષના સ્વેચ્છાચારને વિવશતાથી નિભાવી લેતી નારી અને સ્ત્રીના સ્વેચ્છાચાર અંગે સતત અસહિષ્ણુ પુરુષની સેંકડો કૃતિઓની પડછે પુરુષની સહિષ્ણુતાનો વિકાસ પણ પુરુષ લેખકોએ કર્યો છે. ટૉલ્સ્ટૉયની ઍના કેરેનીના દેવો પણ પતિને છોડીને સંસ્કારવશ એક લશ્કરી જુવાનિયા જોડે ભાગી ગઈ ને પતિની આબરૂના કાંકરા કરાવ્યા પછી પણ પતિ તો એના પ્રત્યે સહાનુભૂતિનું ઝરણું વહાવે જ છે. રવીન્દ્રનાથની વિમલા સંદીપ તરફ આકર્ષાયે જતી હતી તે નિખિલ સમજતો હતો છતાં એના સ્વભાવની ભદ્રતા એને ઉદાર પણ નિષ્ક્રિય રાખતી હતી.

જૈનેન્દ્રકુમારના નરેશની પત્ની મોહિની પોતાના પૂર્વપ્રેમીને ઘરમાં આશરો આપતાં બહુ ક્ષોભ અનુભવતી હતી, પણ નરેશ પોતાનું નરેશપણું પળવાર પણ ગુમાવતો નથી. આવા પુરુષ પાત્રોની સંખ્યા હજુ આંગળીને વેઢે ગણાય એવી છે ત્યારે સ્ત્રી-પુરુષ સંબંધને વધુ તટસ્થ અને સાચાં સહચરની રીતે માણતાં નિર્દોષ અને આસ્થા આપણને મળે છે. તેમાંયે જીવનસાથી નિર્દોષને બીજી સ્ત્રીના દૈહિક આકર્ષણમાં સંપૂર્ણ રત જોવા છતાં દુઃખ કે ઈર્ષાની લાગણી આસ્થા અનુભવતી નથી ત્યારે આપણાં સાહિત્યિક પાત્રો નવાં પરિમાણ સર્જી રહ્યાં છે એનો આનંદ થાય છે. જોકે આસ્થાના ચરિત્રના ઉઠાવ માટે જ નિર્દોષને યાસ્મિન સાથે સંભોગ કરતો લેખક દેખાડ્યા કરે છે એમ વાચકને સતત લાગે છે. 'પ્રેમ જીવનની સૌથી મોટી શક્તિ છે,' એમ માનતો-મનાવતો નિર્દોષ પ્રેમ તો સ્થાને જ કરે છે પણ આકર્ષણ યાસ્મિનનું ધરાવે છે. એ ઉપરાંત અન્ય સ્ત્રી સાથે પણ પોતાને શારીરિક સંબંધ હોઈ શકે છે એવી ઘોષણા ગર્વપૂર્વક એકાધિક વાર કરતો રહે છે. 'ચારિત્ર્ય'નો પ્રચલિત અર્થ ફેરવવાનો એનો પુરુષાર્થ છે. મૂલ્યોની નવી પ્રતિષ્ઠામાં તે માને છે. બીજાની સ્ત્રી સાથે શારીરિક સંબંધ બાંધવા કરતાં ચોરીછૂપીથી તે સંબંધ રાખવામાં તે મૂલ્યહીનતા ગણે છે. આસ્થાને પણ નિર્દોષ યાસ્મિનના સંબંધનો અણગમો નથી પણ તે સંબંધ નિર્દોષ છુપાવવા જાય છે તેવો વહેમ પડે છે ત્યારે તે સુખે સૂઈ શકતી નથી. આમ લેખક સત્યનિષ્ઠાનું મૂલ્ય સોદાહરણ ઊંચું સ્થાપી આપે છે.

અહીં લેખકે ધાર્યું હોત તો પોતાના પુરોગામીઓની જેમ કામ અને પ્રેમની મીમાંસા કરી શકત. ધર્મ, અર્થ, કામ, મોક્ષની અછડતી પણ સુંદર ચર્ચા ઉપાડીને લેખકે તે છોડી દીધી છે. ખાંડેકર જેવાએ તો લગ્નનાં વીસ વર્ષ પછી જ પતિ-પત્ની વચ્ચે પ્રેમ શરૂ થાય છે તેમ 'દાઝેલાં હૈયાં'માં પ્રતિપાદિત કર્યું છે. કાલિદાસ કામને શાપ આપી ક્રમશઃ પ્રેમમાં રૂપાંતરિત કરે છે. ઘણી વાર કામના દ્વારમાંથી પ્રેમના મંદિરમાં માણસજાતને જવું પડતું હોય છે પણ દ્વારમાં જ પડ્યા રહેવાનું ખુદ દેવદાસનેય

પોસાય નહીં. આસ્થા જેવી પ્રેયસી સંપૂર્ણ રીતે સાંપડ્યા પછીય નિર્દોષ અચેતન મનના ઊંડાણમાં યાસ્મિન પ્રત્યે આકર્ષાયા કરે અને યાસ્મિનને માતૃત્વ પૂરું પાડે એ ચરિત્રની દૃષ્ટિએ કે પ્લૉટની દૃષ્ટિએ અનિવાર્ય લાગતું નથી. સામે પક્ષે નપુંસક પતિ દાઉદથી કંટાળેલી નર્સ યાસ્મિન હી-મેન જૉસેફ અને અન્ય પુરુષોથી પોતાની કામેચ્છાને તૃપ્તિ આપે છે, પછી નિર્દોષ પ્રત્યે પણ આકર્ષાય એ વધુ પડતું લાગે છે. સ્ત્રી-પુરુષ-સંભોગના માર્ગમાં કોઈ દુન્યવી માન્યતાઓ, નીતિ-નિયમો વચ્ચે આવવા નહીં જોઈએ એવી નાયકની માન્યતા સંતોષાય છે ખરી. વળી આસ્થા-નિર્દોષનો સંબંધ આ પરિસ્થિતિમાં પણ પૂર્વવત્ જળવાઈ રહે છે કે નહીં એની કસોટી પણ લેખક કરવા માગે છે. આવી ઉદારતા પણ આજનો મનુષ્ય દાખવવા માંડ્યો છે એમ સાબિત કરવાના ઉત્સાહમાં લેખકે પ્રતીતિકારકતા ગુમાવી છે. લગ્ન વગરના સહજીવનનાં બધાં પાસાં ચર્ચવા નિર્દોષ-આસ્થા-યાસ્મિન ઉપરાંત આસ્થાની બા, પ્રતીક્ષા અને સ્વામીદાદા પણ વાર્તામાં આવે છે. ગુણવંતભાઈએ હજુ નાટક પર હાથ અજમાવ્યો નથી પણ એમની સંવાદકલા એમને ક્યારેક એ દિશા તરફ દોરે તો નવાઈ નહીં. પ્રેમ, લગ્ન, વ્યભિચાર, મૃત્યુ વગેરે અંગે ધારદાર સંવાદ યત્ર તત્ર સર્વત્ર વેરાયેલા પડ્યા છે. આમેય વાચકને વર્ણન કરતાં ચિત્રણ અને ચિત્રણ કરતાં સંવાદ વધુ ગમે છે એ એને સરસ્વતીચંદ્રના ત્રીજા-ચોથા ભાગનાં પાનાં ઝડપથી ફેરવતો જોતાં સમજાય છે. 'ગુજરાતનો નાથ' કે 'દીપનિર્વાણ'માં આવું બનતું નથી. સંવેદનશીલ હૃદયના બૌદ્ધિક ચમત્કૃતિવાળા સંવાદો વિનોદ અને પ્રાસાદિકતાથી ભર્યાભર્યા હોવાથી વાચકને સતત પકડી રાખે છે.

આટલું ઓછું હોય તેમ લેખકે વાર્તાને રહસ્યાવૃત કરી છે. પહેલા પ્રકરણથી શરૂ કરી છેલ્લા પ્રકરણ સુધી કૅન્સરનું ધુમ્મસ કથા ફરતું ઘૂમરાયા કરે છે. સદૈવ પ્રસન્ન નિર્દોષને મૃત્યુનો ભય સતત સતાવે છે. અસ્તિત્વવાદીનું અસ્તિત્વ જ જોખમમાં છે. સ્વામીદાદાને આસ્થાના પિતા કૃષ્ણકાંત મહેતા તરીકે અનાવૃત કરી લેખકે જરા જાસૂસી સ્તરનો રહસ્યસ્ફોટ વાર્તાના અંતે કર્યો છે.

આથી કશું મહત્ત્વનું સિદ્ધ થતું નથી. ઊલટાના કેટલાક પ્રશ્નો ઊભા થાય છે. શેરબજારમાં મંદીનું મોજું ફરી વળતાં પત્ની-પુત્રી ફૂટપાથ પર રઝળી ન પડે તે માટે રમણલાલીય રીતે અદૃશ્ય થઈ જતા કૃષ્ણકાન્ત મહેતા પોતે રેલવે અકસ્માતમાં ગુજરી ગયા છે એવી હવા શી રીતે ફેલાવી શક્યા એનો સંકેત મળતો નથી. શેરબજારમાંથી સાધુ થવાનું અશક્ય નથી પણ આસ્થાની પ્રથમ મુલાકાત સમયે જ એને ઓળખી લેનાર સ્વામીદાદા પોતાની પૂર્વાશ્રમની પત્ની મુંબઈમાં હૉસ્પિટલમાં હૃદયરોગના હુમલાથી પીડાય છે છતાં સ્થિતપ્રજ્ઞ રહે છે, તે એમના ચરિત્ર સાથે બંધબેસતું નથી. તેઓ મુંબઈ નથી જતા એમ નહીં, ભક્ત, શેઠિયાના નિમંત્રણથી તેઓ કલાક-બે કલાક માટે ગયા છે, નિર્દોષને સાહિત્ય ઍકેડેમીનો ઍવૉર્ડ મળતાં તેને અભિનંદવા પણ દસ મિનિટ ફાજલ પાડે છે. પણ ધર્મિષ્ઠાને મળવા જતા નથી. રહસ્યગોપન રાખવું હોય તો આસ્થાની ગેરહાજરીમાં નાણાવટી હૉસ્પિટલ જઈ આવી ધર્મિષ્ઠાનું મોત તેઓ સુધારી શક્યા હોત.

બૃહદ્‌કાય નવલકથાઓના લેખકો વાર્તા જમાવતાં જમાવતાં નવાં નવાં પાત્રોને જન્માવતા જાય છે. પણ પછી નભાવી ન શકતાં મૂંઝાય છે ત્યારે કાર્યકારણભાવની ઉપેક્ષા કરીને પણ પોતાનાં કેટલાંક પાત્રોને અકાળે કાળશરણ કરતા હોય છે. આ લઘુનવલમાં પણ લેખક આસ્થાની બાને તેમ જ જૉસેફને જિવાડીને પોતાનો પ્લૉટ રચી શક્યા નથી એનું આશ્ચર્ય છે. નિર્દોષ એકલો છે. તેનું કોઈ સ્વજન જીવતું નથી. ભલે, આપણને કોઈ તકરાર નથી, જેવી લેખકની ઇચ્છા. આસ્થાનાં બા-બાપુજી જીવે છે. બાપુજી સાધુ થઈ ગયા છે, કોઈને ખબર નથી. બા આસ્થાના લગ્ન વગર સહજીવન ગાળવાના વિચારોથી સ્વાભાવિક રીતે જ ચિંતિત છે. એમને હૃદયરોગના હુમલા દ્વારા વાર્તામાંથી વિદાય કરવામાં આસ્થાની બે ચિંતામાંથી એક ઓછી કરવા ઉપરાંત લેખક શું સિદ્ધ કરવા માગે છે તે સ્પષ્ટ થતું નથી. એ જ રીતે ઘરક્લેશથી કંટાળેલા જૉસેફ

પાસે લેખક આત્મહત્યા શું કામ કરાવે છે તે પણ સમજાતું નથી. દેખીતી રીતે જ આ અસ્તિત્વવાદીઓની આત્મહત્યા નથી.

આસ્થા મુગ્ધ છે નિર્દોષની નિખાલસતા પર. એક વાર યાસ્મિનનું આગમન નિર્દોષે છુપાવ્યું છે એવા વહેમથી એ સ્વાભાવિક રીતે જ દુઃખી દુઃખી થઈ ગઈ હતી. સ્વસ્થ ઉદાર-હૃદયા, સુચરિતા આસ્થાની મનોદશાનું અહીં સુંદર ચિત્રણ છે. અભિશાપથી સાવ અજ્ઞાત એવી શકુન્તલાને રાજસભામાં દુષ્યન્તના વ્યવહારથી આવો જ આઘાત લાગ્યો હતો પણ કાલિદાસ પાસે અભિશાપ અને અભિજ્ઞાનની અદ્‌ભુત યુક્તિ છે. મનોવિજ્ઞાનના મોટા પંડિત એવા આપણા લેખક કૉલબેલ બાથરૂમમાં સંભળાયો નહીં એવું અપ્રતીતિકર અને ક્ષુલ્લક કારણ લઈ આવ્યા તે નવાઈ ઉપજાવે તેવું છે. મુંબઈમાં નાના ફ્લૅટમાં બાથરૂમમાં કૉલબેલ સંભળાય નહીં એ કેમ બને ? હા, બાથરૂમમાંથી એનો પ્રતિભાવ કદાચ ન આપી શકાય પણ બારણું અંદરથી બંધ હોય ત્યારે અંદર કોઈ છે એવી ખાતરી થયા પછી કૉલબેલ વગાડનાર ત્રણ મિનિટથી વધુ ન રોકાય શું ? અને એમાંયે યાસ્મિન, જે નિરાંતે મળવા આવી હતી !

લગ્ન વગરના સાહચર્યની આટલી વકીલાત કરતો નિર્દોષ અચેતન મન પર ચેતન મનનો વિજય સિદ્ધ કરવાને બદલે ચેતન મનથી જ યાસ્મિન સાથેના દેહવિલાસને, આસ્થા સાથે સંપૂર્ણ પ્રેમ હોવા છતાં માણે એનો કોઈ પ્રતીતિજનક ઉત્તર સાંપડતો નથી. આવી પરિસ્થિતિમાં પણ આસ્થા કેવી સહિષ્ણુ છે એ બતાવવા માટે નિર્દોષને નીચે ઉતારવો પડે એ વાર્તાકળાની દૃષ્ટિએ યોગ્ય નથી. હા, આ સંસાર અજસ્ત્ર વૈચિત્ર્યનો ભંડાર છે અને માનવીના મનની ગતિ અકળ છે, એ ક્યારે શું કરશે એ કહેવાય નહીં અને કમજોર પળોવાળાં પાત્રો જ સાચાં માનવીય લાગે છે, એકલાં 'સદ્‌ગુણના કોથળા'ને શું કરે ? એવો લેખકનો મત હોય તો વાત જુદી છે. એમ તો વ્હીટમેને પણ કહ્યું છે કે –

'Do I contradict myself ?
Well, I do;
I contain multitudes !'

શૈલીના સ્વામી છે ગુણવંતભાઈ. ગુજરાતી ગદ્યની વિવિધ ભંગિમાઓમાં હવે એમનું પણ સ્પષ્ટ પ્રદાન છે. તાજગીભર્યા શબ્દોને લીલયા રમાડતી એમની માનવતાની સુગંધથી મહેકતી શૈલી અનાયાસ ગતિએ સમગ્ર કથામાં ઝુમઝૂમતી દેખાય છે. આ કથાના પચ્ચીસમા પ્રકરણમાં તેમણે પોતે નોંધ્યું છે તેમ વૈચારિક ઊંડાણ, નિરપવાદ નિખાલસતા અને વાતને મૂકવાની શૈલીથી કોઈ પણ લેખક કે વક્તા અલગ તરી આવે છે. વિચારને વ્યક્ત કરવા માટેનાં હાથવગાં સાધનોનો – ભાષણ, પત્ર, ઈન્ટરવ્યૂ, વીલ – વગેરેનો સુપેરે ઉપયોગ લેખકે કરી જાણ્યો છે.

એમના નિબંધસંગ્રહની જેમ આ નવલકથાની પણ ઝડપી આવૃત્તિઓ ગુજરાતમાં થશે એ અંગે મારા મનમાં કોઈ શંકા નથી, પણ ગોવર્ધનરામ-ગોત્રને શોભાવવું હોય તો વિચાર અને વાર્તાના, ભલે, લગ્ન વગરના, સાહચર્ય માટે આકરી તપસ્યા કરવી પડશે. વાચક અંગે લેખક શ્રદ્ધા રાખી શકે કે કાળ અનંત છે અને પૃથ્વી વિશાળ છે તેમ લેખક અંગે સહૃદય વાચક શ્રદ્ધા રાખી શકે કે અમને ઉતાવળ નથી. રચના નિભાડામાં પરિપક્વ ન થાય ત્યાં સુધી સંગોપ્યા કરો ભલે. બહાર પડ્યા પછી એ માત્ર તમારી કૃતિ નથી, એ સૌની છે અને જાતભાતના પ્રતિભાવ માટે એણે તૈયાર રહેવાનું છે !

ગઈ કાલ ફરી એ જ સ્વરૂપે આવતી કાલે આવતી નથી એ ખરું પણ ગઈ કાલના અનુભવથી પુષ્ટ થનાર આવતી કાલ વધુ સમર્થ હોય એવી અપેક્ષા તો સૌ કોઈ રાખે ને ? ગુજરાતીમાં તો ઊલટું થયું છે. પોતાની બધી મર્યાદાઓ સાથે પણ ગોવર્ધનરામ હજુ ગુજરાતી નવલકથાકારોને પોતાને અતિક્રમવાનું આહ્વાન આપતા ટટ્ટાર બેઠા જ છે. દાયકાઓ પહેલાં કલાનિષ્ઠ હેન્રી જેમ્સે પોતાનો વિચારનિષ્ઠ મિત્ર એચ. જી. વેલ્સની નવલકથાકલા અંગે વિવેચન કરતાં શ્રીમતી હમ્ફ્રી વૉર્ડને લખેલું કે 'Strange to me

– in his affair – the co-existence of so much talent with so little art, so much life with (so to speak) so little living !' – એ કથન ગોવર્ધનગોત્રના (મુનશી કે ભોગીન્દ્રરાવ ગોત્રની તો પછી વાત જ શી કરવાની !) આશાસ્પદ અનુગામીઓ માટે ક્યાં સુધી સાચું પડ્યા કરશે ?

નવલકથાનું શીર્ષક અને પ્રકરણોનાં શીર્ષક લેખકના કવિતાપ્રેમનો પરિચય કરાવે છે. રજકણ સૂરજ થવાનાં શમણાં સેવે એ માનવજાત માટે ભારે આશાસ્પદ ઘટના છે. અખિલ બ્રહ્માંડના સંદર્ભમાં આપણો જાજ્વલ્યમાન સૂરજ પણ એક રજકણ જ છે ને ! માનવના આંતરિક વિકાસને કોઈ સીમા નથી એમ સિદ્ધ કરવા શ્રી અરવિંદની સાક્ષીની જરૂર નથી. ઉગમણે જવી મથતું રજકણ વારંવાર આથમણે જઈ પડે છે એ યથાર્થ સામે ભલે શાહમૃગીય આંખમીંચામણાં ન કરીએ; પણ નિર્દોષ-આસ્થા જેવી રજકણો, હૃદયની ઉદારતાના આકાશમાં ચમકતા સત્યનિષ્ઠાના સૂરજ થવાનાં શમણાં સિદ્ધ કરશે જ એવી ખાતરી આપે છે આ કૃતિ. પહેલા જ ઉડ્ડયને આવડી છલાંગ મારનાર લેખક વીરભૂમિ બારડોલીના ઉજ્જ્વળ ઈતિહાસને કથાની કણકમાં બાંધે, મસળે, ગુંદે ત્યારે અથવા આધુનિક મનના બીજા કૂટપ્રશ્નને હજારો વાંચકો સુધી સરસ શૈલીમાં લઈ જવા ઇચ્છે ત્યારે વિચારને વાર્તામાં ઓગાળવાની રાસાયણિક પ્રક્રિયા એમને સંપૂર્ણ સિદ્ધ થાઓ એવી શુભેચ્છા.

૨૩-૧-૧૯૮૦
ભાવનગર

જયેન્દ્ર ત્રિવેદી

લગ્ન કે સંલગ્ન ?

માણસ નામના પ્રાણીને વિચાર્યા વગર જીવવાનું ન પાલવે. જીવનનું કાળજું વિચાર છે. માણસે વિચાર વગર મંદિરે જવાનું પણ ટાળવું જોઈએ; લગ્ન કરવાનું પણ ટાળવું જોઈએ અને લગ્ન ન કરવાનું પણ ટાળવું જોઈએ.

સદીઓથી સ્ત્રીપુરુષો પરણતાં આવ્યાં છે. મૈત્રીનું તત્ત્વ સદંતર ગેરહાજર હોય તોય લગ્ન પવિત્ર ગણાય, પરંતુ મૈત્રી જો લગ્નના ટેકા વગરની હોય તો અપવિત્ર ગણાય. હવે આવા વિસંવાદ અંગે વિચારવું પડશે.

વાચકોએ આ કૃતિને ઉમળકે વધાવેલી. ભાવનગરમાં લેખકની ઉપસ્થિતિમાં આ નવલકથા પર વિશદ જાહેર ચર્ચા થયેલી. સુરતમાં બે વાર મોક કોર્ટ બેઠેલી. સુજ્ઞ વાચકોને એ વિવાદાસ્પદ લાગી એ બાબત પણ મારા માટે સંતર્પક ગણાય. એકવીસમી સદીમાં મૈત્રીનો મહિમા હશે અને લગ્નનું મહત્ત્વ મૈત્રી કરતાં વધારે નહીં હોય. ચશ્માં કદી આંખ કરતાં વધારે મહત્ત્વનાં ન હોઈ શકે.

ટહુકો

૧૫-૧૨-૧૯૯૪

ગુણવંત શાહ

અનુક્રમ

૧.	શમણાંના ઉપવનમાં	૧
૨.	યથા કાષ્ઠં ચ કાષ્ઠં ચ	૯
૩.	કસોટી	૧૭
૪.	પરમ સખા મૃત્યુ	૨૪
૫.	પ્રેમનગર મત જાના મુસાફિર	૩૧
૬.	કલમ મૌન તોડે છે	૩૯
૭.	નાણાવટી હૉસ્પિટલમાં	૪૯
૮.	કાળચક્ર	૫૭
૯.	મહામૃત્યુમાંથી અમૃત સમીપે	૬૭
૧૦.	આસ્થા અને યાસ્મિન	૭૯
૧૧.	સ્વામી સત્યાનંદ	૯૫
૧૨.	નિર્દોષનું વીલ	૧૦૯
૧૩.	નાયં હન્તિ ન હન્યતે	૧૧૯
૧૪.	ક્ષણોના જંગલમાં	૧૨૬
૧૫.	શમણાં દળવાની ઘંટી	૧૩૪
૧૬.	અંતરમનના મહાસાગરને તળિયે	૧૪૫
૧૭.	રવિવારનું આનંદમિલન	૧૫૬
૧૮.	વિચારોની મિજબાની	૧૬૭
૧૯.	સંઘર્ષ	૧૮૩
૨૦.	ઝેર તો પીધાં માણીમાણી	૧૯૩
૨૧.	વહી રહી અહીં રમ્યઘોષા	૨૦૦
૨૨.	વીરભૂમિની સુગંધ	૨૦૮
૨૩.	દાઉદે મોં ખોલ્યું	૨૧૬
૨૪.	અતીત મજમુદાર	૨૨૫
૨૫.	સ્વામી સત્યાનંદ અને સાર્ત્ર	૨૩૩
૨૬.	મંગળવાર	૨૪૩
૨૭.	ઑપરેશન (થોરેકોટોમી)	૨૫૧
૨૮.	સબસે ઊંચી પ્રેમસગાઈ	૨૫૮
૨૯.	જીવનનો નશો	૨૬૬
૩૦.	રજકણ સૂરજ થવાને શમણે	૨૭૫

રજકણ સૂરજ થવાને શમણે

ગુણવંત શાહ

આ નવલકથા વાંચવાનું
શરૂ થાય તે પહેલાં
મનોમન એક સંકલ્પ
કરવો રહ્યો. પાનાં ફરતાં રહે
ત્યારે જે ખલેલ પહોંચે
તે ખલેલનો અનાદર ન કરવો.
જ્યારે જ્યારે મનમાં એવું થાય
કે પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન હોય
તો હું પણ આમ જ વિચારું–
ત્યારે મનને છેતરવું નહીં.
સદીઓથી માણસ મનને
છેતરતો આવ્યો છે.
હવે એ મનને મારી મારીને
જીવવા તૈયાર નથી.

૧

શમણાંના ઉપવનમાં

સરદારજીએ મીટર પાડ્યું અને ટૅક્સી પાર્લા તરફ દોડવા માંડી.

પાછળ બેઠેલા નિર્દોષના મનમાં ઉચાટ હતો. ડ્રાઇવર સાથે ગપ્પાં મારવાની એને ટેવ હતી; પરંતુ આજે એ થોડો મોડો પડ્યો હતો. પ્રવચન કરવા જવાનું હોય ત્યારે સભાસ્થળે પહોંચવામાં એ ભાગ્યે જ મોડો પડતો. એ જ રીતે સમય કરતાં વહેલા પહોંચી જવાનું પણ એ ટાળતો. ટૅક્સીમાં બેઠા બેઠા આજે શું બોલવું તે અંગે એ વિચારી રહ્યો હતો. લાંબું પ્રવચન કરવાના મૂડમાં આજે એ ન હતો.

કૉલેજના સભાખંડમાં આજે હકડેઠઠ ભીડ જામી હતી. સભાખંડની બહાર લૉબીમાં પણ અનેક વિદ્યાર્થીઓ ઊભા હતા. કેટલાક તો અડધો કલાક આગળથી જ આગલી બેઠકોમાં ગોઠવાઈ ગયા હતા. છેક છેલ્લી ઘડીએ સભાખંડમાં દાખલ થવાની ટેવવાળા અધ્યાપકો પ્રથમ હરોળની બેઠક સુધી માંડ પહોંચી શકે, તેવી હાલતમાં જ કૉલેજના આચાર્ય આજના મુખ્ય મહેમાનને લઈને મંચ પર આવી પહોંચ્યા. સભાખંડમાં બચેલી રહીસહી જગ્યા પણ તાળીઓના ગડગડાટથી ભરાઈ ગઈ. મુખ્ય મહેમાન એક ઠાવકું સ્મિત કરીને આચાર્ય પાસેની ખુરશીમાં બેસી ગયા.

કૉલેજ યુનિયનના જનરલ સેક્રેટરીએ મહેમાનનો પરિચય આપવાનું શરૂ કર્યું :

"આજના આપણા મુખ્ય મહેમાન શ્રી નિર્દોષ ઉપાધ્યાયને તમે સૌ ઓળખો છો. એમનાં લખાણો એક એવો નશો ઉત્પન્ન કરે છે કે

પછી વાચકોને એમનું વ્યસન પડી જાય છે. હું પોતે આવો એક વ્યસની છું અને આ કૉલેજમાં બીજાં ઘણાંની હાલત મારા જેવી જ છે.

મિત્રો ! નિર્દોષભાઈને જાણીને કદાચ આનંદ થશે કે એમનાં લખાણનો નશો જલદી ઊતરતો નથી. એમના વિશાળ ચાહકવર્ગમાં છોકરીઓની વધુમતી છે એ વાત પણ મારે અહીં કહી દેવી જોઈએ.

તેઓ ચિંતક છે અને છતાંય હળવા રહી શકે છે. પોતાની નવલકથાઓમાં, ટૂંકી વાર્તાઓમાં અને હૃદયને આરપાર વીંધીને ચાલી જતી કાવ્યપંક્તિઓમાં આજના યુવાનને અને એના ઉન્મેષોને એમણે એક નવો આયામ આપ્યો છે. બે લીટીઓ વચ્ચેની અને બે શબ્દો વચ્ચેની કોરી જગ્યામાં પણ એમનું ચિંતન વેરાયેલું હોય છે અને કદાચ એ ચિંતન જ આપણને પ્રભાવિત કરી દે છે.

વૉલ્ટ વ્હીટમેનનું એક વાક્ય છે : 'Who touches this book, touches a man.' આવી જ અનુભૂતિ નિર્દોષભાઈનાં પુસ્તકો વાંચતી વખતે થાય છે.

આથી વિશેષ પરિચય હું નથી આપતો, કારણ કે એમનો પરિચય આપવાનું મારું ગજું નથી. વળી એમને મળતા સમયમાં મારે લીધે ગાબડું ન પડે એવા સ્વાર્થને કારણે પણ હું મારું વક્તવ્ય પૂરું કરીશ.

આચાર્યશ્રી વતી અને તમારા સૌના વતી હું નિર્દોષભાઈને એમનું વક્તવ્ય શરૂ કરવાની વિનંતી કરું છું: થૅન્ક્સ !"

તાળીઓના ગડગડાટ વચ્ચે મુખ્ય મહેમાન ઊભા થયા અને માઈક પરથી એમના શબ્દો વહેતા થયા.

"આચાર્ય મહોદય અને મિત્રો,

તમે મને નજીકથી જોયો હોત તો ચિંતકમાં ખપાવવાની હિંમત જ ન કરત. દૂરથી ડુંગરા રળિયામણા જ લાગે, કારણ કે કાળમીંઢ પથ્થરો અને ઊંટના ઢેકા જેવા ઢંગધડા વગરના અનેક ખડકો નજરે નથી ચઢતા.

મારું નામ ખાસ્સું છેતરામણું છે. સૂરદાસ જેટલી હિંમત હોત તો હુંય તમને જણાવત: 'મો સમ કૌન કુટિલ ખલ કામી.'

ખેર, તમારા ભ્રમની માલિકી મારી નથી. આવો ભ્રમ ઘણા લેખકોને આખા ને આખા ગળી જાય છે. તમે મને ચિંતક ગણો એ મને તો બિલકુલ મંજૂર નથી. એ વિશેષણ સ્વીકારવામાં મારે તો ઘણું બધું ખોવાનો વારો આવે છે.

કોઈ ચિંતક બને એટલે સૌ પ્રથમ તો એમના સ્મિતનું બાષ્પીભવન થઈ જાય. ઘુવડ જેવું ગંભીર મોં લઈને ચાલવામાં શો ફાયદો ! એમ કરવામાં સામેથી આવતી કોઈ અજાણી કૉલેજ ગર્લનું સ્મિત મને નહીં જ મળી શકે ! આવા સ્મિત પર તો હું જીવું છું અને આવા સ્મિત પર તો હું મરવા ઝંખું છું. મારી નવલકથા વાંચીને કોઈ યુવતીએ લખેલ લાંબા કાગળના પરબીડિયામાં ઠાંસોઠાંસ ભરેલી મુગ્ધતા પર તો આખી જિંદગી ખેંચી કાઢવાની મારી તૈયારી છે. અંધેરી ઈસ્ટમાં આવેલા એક નાના ફ્લૅટમાં હું રહું છું અને અષાઢનો પહેલો વરસાદ પડે ત્યારે કારણ વગર જ કોઈકની પ્રતીક્ષા કરતો રહું છું. ક્યારે કૉલબેલ મૌન તોડે અને હું બારણું ખોલું એમ થયા કરે છે. આવી નિષ્ફળ પ્રતીક્ષા કલાકો સુધી મારો પીછો ન છોડે ત્યારે હું કલમને શરણે જાઉં છું. હું ચિંતક બનવાનો સાફ ઈન્કાર કરું છું, કારણ કે મને આવું અણઘડ ચાતકપણું વહાલું લાગે છે.

મિત્રો ! મેં એક નવા માનવનું ચિત્ર મનમાં દોરી રાખ્યું છે. આ એક એવો માનવ છે જે સદીઓના બોજથી અને વર્તમાનનાં વરવાં બંધનોથી મુક્ત હોય. ધર્મનાં, રાષ્ટ્રીયતાનાં, જ્ઞાતિનાં અને રિવાજોનાં અનેક બંધનોથી મુક્ત એવાં એક નવા માનવની મને પ્રતીક્ષા રહે છે. મારી કલ્પનાનો આ માનવ કોઈ આદર્શ માનવી નથી. હું તો આદર્શથી ડરીને ચાલનારો આદમી છું. માણસને એની તમામ નબળાઈઓ સાથે હું ચાહું છું.

તમને કદાચ જાણીને નવાઈ લાગશે કે હું વેશ્યાગૃહોનો સખત વિરોધી છું. મને એમાં મજબૂરી અને સોદાબાજીની બૂ આવે છે. વેશ્યાગૃહો સામેનો મારો બળાપો ધાર્મિક કારણોસર નથી. વેશ્યાગૃહો સમાજમાંથી દૂર કરવાનો મારો ઉપાય પણ ધાર્મિક નથી. હું ચોક્કસપણે માનું છું કે જ્યાં સુધી લગ્નપ્રથા નાબૂદ ન થાય ત્યાં સુધી સમાજમાંથી વેશ્યાગૃહો નાબૂદ ન જ થઈ શકે. હું લગ્નસંસ્થાને પવિત્ર

નથી ગણતો. મારી કલ્પનાનો નવો માનવ લગ્નનાં બંધનોથી પણ મુક્ત હશે...''

ભાષણ પૂરા દોઢ કલાક સુધી ચાલ્યું. આચાર્યની ઑફિસ સુધી પહોંચતા તો ખાસ્સો સમય લાગ્યો. ત્યાં પણ ચાલુ વાતચીત દરમિયાન હસ્તાક્ષર માટે છોકરા છોકરીઓની અવરજવર ચાલુ જ રહી.

એક હસ્તાક્ષર, એક સ્મિત અને પછી બીજી વ્યક્તિનો વારો.

છેવટે એક હસ્તાક્ષર માટે જે હાથ લંબાયો તે જોઈને નિર્દોષની પેન અટકી ગઈ. એ હાથમાં નિર્દોષની છેલ્લી નવલકથા 'શમણાંના ઉપવનમાં' હતી.

'આપનું નામ ? નિર્દોષે ચોપડીના અંદરના પાન પર હસ્તાક્ષર કરતાં પૂછ્યું.

'આસ્થા મહેતા.'

'નામ નવું છે અને વળી સુંદર પણ છે.'

'થેન્ક્યુ વેરી મચ.'

'તમે આ નવલકથા વાંચી છે ?'

'હા જી, એક વાર નહીં, ચારપાંચ વાર વાંચી છે.'

'અરે ! ચાર પાંચ વાર તો મેંય નથી વાંચી !'

'તમારે માટે એ થોડી લખી છે !'

'તમને એ ગમી ?'

'એ વગર કોઈ ચારપાંચ વાર વાંચે ખરું ?'

'તમારા જેવા પ્રશંસકો મળી રહે છે, તેથી તો હું લખવાની ધૃષ્ટતા ચાલુ રાખી શકું છું.'

'એક ખાસ ફેવર કરશો ?'

'સુંદર છોકરીઓ પ્રત્યે પક્ષપાત કરવા માટે હું હંમેશા આતુર હોઉં છું.'

'હસ્તાક્ષરની નીચે એકાદ વાક્ય લખી આપશો ?'

'જરૂર ! આવી નાની બાબતને તમે ફેવર કહો છો ?'

'પક્ષપાતની શરૂઆત ઘણુંખરું નાની બાબતોથી જ થતી હોય છે.'

આ વાતચીત આગળ ચાલ્યા કરત, પરંતુ આચાર્યશ્રીએ, ચા ઠંડી પડે છે એવી ચેતવણી આપી એટલે વાત અટકી.

હસ્તાક્ષરની નીચે એક વાક્ય લખાઈ ગયું.

'પ્રેમજીવનની સૌથી મોટી શક્તિ છે.'

'થેન્ક્યુ સો મચ–' કહીને આસ્થાએ વિદાય લીધી.

*　　*　　*

આખી રાત આસ્થા ઊંઘી ન શકી. વારંવાર ચોપડી ઉઘાડીને એ પેલા હસ્તાક્ષર જોતી રહી. હસ્તાક્ષરની નીચે મરોડદાર અક્ષરોમાં લખાયેલું વાક્ય એ વાંચતી જ રહી.

એ ચોપડી અત્યાર સુધી એક સારી ચોપડી જ હતી. હવે જાણે એ વ્યક્તિ બની ગઈ હતી !

સવાર પડી ત્યારે એ જાગી એમ તો શી રીતે કહેવાય ? એ ઊંઘી જ નહોતી એટલે જાગવાનો પ્રશ્ન ન હતો.

અને છતાંય આજે એનો થાક ઊતરી ગયો હતો !

તૈયાર થઈને એ નીચે ઊતરી. સામે જ ટૅક્સી ઊભી હતી. એ ટૅક્સીમાં ગોઠવાઈ ગઈ અને ડ્રાઈવરને કહ્યું, 'અંધેરી ઈસ્ટ, જૂના નાગરદાસ રોડ પે લે ચલો.'

આખે રસ્તે એ નિર્દોષના વિચારોમાં ખોવાયેલી રહી. ટૅક્સીવાળાને પાંચ રૂપિયા ચૂકવ્યા પછી પરચૂરણ પાછું લેવાની પરવા કર્યા વગર જ એ 'મેઘધનુ' નામના મકાનને ચોથે માળે આવેલા બેંતાળીસ નંબરના બારણા આગળ પહોંચી ગઈ.

થોડું હાંફી લીધા પછી એણે કૉલબેલનું બટન દબાવ્યું.

થોડી વાર થોભ્યા પછી ફરી દબાવ્યું.

કોઈ નથી એની ખાતરી થયા પછી એણે બટન દબાવ્યા જ કર્યું. છેવટે થોડીક નિરાશામાં અને થોડાક ગુસ્સામાં એ દાદર ઊતરી ગઈ.

નિર્દોષને મળવા માટેના પૂરા ત્રણ ફેરા નિષ્ફળ ગયા. ચોથીવાર એણે સાંજનો સમય પસંદ કર્યો.

દરવાજો ન ખૂલ્યો તે ન જ ખૂલ્યો. આસ્થાને થયું કે દરવાજે ચિઠ્ઠી મૂકતી જાઉં. પછી આટલા થોડા પરિચયમાં એ ઠીક નહીં લાગે, એમ વિચારીને એમ કરવાનું એણે માંડી વાળ્યું.

હતાશ થઈને એ દાદર ઊતરી ગઈ. થોડે દૂર એક ટૅક્સી ઊભી રહી અને એમાંથી ઊતરીને ડ્રાઇવરને પૈસા ચૂકવતા નિર્દોષ ઉપાધ્યાય પર એની નજર પડી.

ઘડીભર આસ્થાને થયું કે એમને ઘરે જવા દીધા પછી પાંચસાત મિનિટે જઈને ફરી કૉલબેલનું બટન દબાવું. એ આવું વિચારતી હતી ત્યાં તો નિર્દોષે એની પાસે આવીને પૂછ્યું :

'તમે અહીં ?'

'તમને મળવા આવી હતી, પરંતુ તમે ન હતા તેથી પાછી જતી હતી.'

'મારું સરનામું આપવાનું તો હું તે દિવસે ભૂલી જ ગયો. તમે એ ક્યાંથી મેળવ્યું ?'

'તમારી ચોપડીમાંથી.'

'વાહ, કમાલ છો તમે ! ચાલો સારું થયું કે હું, તમે ચાલી જાઓ તે પહેલાં આવી પહોંચ્યો.'

'આ મારો ચોથો પ્રયત્ન હતો.'

'શું વાત કરો છો ! હું માનું છું કે આ આખરી પ્રયત્ન ન હતો.'

'ના જી. લેખકોને આટલા મોંઘા થવાનો અધિકાર છે.'

'ચાલો ઘરે જઈએ. મને એક કપ ચા મળશે અને...'

'અને શું ?'

'અને આખો ઓરડો ભરીને તમારું સ્મિત મળશે.'

'તમને શબ્દો રમતાં મૂકવાની સારી ફાવટ છે.'

'તે દિવસે જે વાત થઈ તે પરથી લાગ્યું કે તમે પણ કંઈ કમ નથી.'

'આજે તમે ન મળ્યા હોત તો હું તમને માફ ન કરત.'

'મને પણ જ્યારે ખબર પડત કે તમે ચાર વખત આવીને પાછાં ગયાં ત્યારે હુંયે મારી જાતને માફ ન કરત.'

'ખરેખર ?'

'મારે ઘરેથી ભાગ્યે જ આ રીતે કોઈ પાછું જાય છે.'

'કેમ તમે ઘરે જ હો છો ?'

'ના, એવું નથી; મારે ઘરે ભાગ્યે જ કોઈ આવે છે.'

'તમને ગમતું નહીં હોય.'

'ના, એવું છેક નથી; પરંતુ ગમે તે, ગમે ત્યારે ચાલ્યું આવે તેય ગમતું નથી.'

"મારું આવવાનુંય ગમ્યું નથી ને !'

'ના, ના. એવું નથી. કદાચ પહેલી વાર કોઈકનું આગમન આટલું આનંદપ્રદ લાગ્યું છે.'

'મને આશ્વાસન તો નથી આપી રહ્યા ને ?'

'ના, આશ્વાસન આપવાનો મને મહાવરો જ નથી.'

'હં, પહેલાં એ કહો કે તે દિવસનું પ્રવચન તો ઠીક હતું ને ?'

'એ સાંભળીને તો હું આવી છું. તમારે આવાં ભાષણો નહીં કરવાં જોઈએ. રક્ત ટપકતી સો સો ઝોળી સભાખંડમાંથી નીકળીને સીધી ઘરભેગી થઈ હશે. હુંય સ્કૂલમાંથી અડધી રજા મૂકીને આવી હતી અને સીધી ઘરે ગઈ હતી.'

'હું સમજ્યો નહીં.'

'તમારું પ્રવચન ઘણાં લોકોને ઘાયલ કરી ગયું.'

'સ્ત્રીઓ જલદી ઘાયલ થાય છે અને તમે પણ એક સ્ત્રી છો.'

'હું સ્ત્રી છું; પરંતુ જલદી ઘાયલ થઈ જાઉં એવી સ્ત્રી નથી, હં કે !'

'ઠીક ત્યારે. પેલા નવા માનવની વાત તમને ગમી ?'

'ગમી તો ખરી પણ મારે તમને એક પ્રશ્ન પૂછવો છે.'

'જરૂર પૂછો; પણ પહેલાં ચા તો મળશે ને ?'

આસ્થાએ ચા તૈયાર કરી અને બંને એક ખૂણામાં ગોઠવેલા ડાઈનિંગ ટેબલ પર સામસામે ગોઠવાયાં.

'તમે પેલા નવા માનવ અંગે કોઈ સવાલ પૂછવાના હતા.' નિર્દોષે વાતનો દોર ચાલુ રાખ્યો.'

'શું એ નવો "માનવ" એટલે માત્ર મરદજાતિનો માણસ એવો અર્થ તમારા મનમાં છે ?'

'ના, ના, ના. હું માનવ કહું ત્યારે મારા મનમાં હોમોસેપિયન એટલે કે ઉત્ક્રાંતિના દાદરાની ટોચ પર બેઠેલું માનવપ્રાણી હોય છે.'

'હાશ ! તમે જો માત્ર પુરુષોની જ વાત કરી હોત તો હું તમારી સાથે જરૂર ઝઘડો કરત.'

'સુંદર યુવતીઓ સાથે ઝઘડો કરવાનું સૌના નસીબમાં નથી હોતું.'

'વળી પાછા શબ્દો રમતાં મૂક્યા કે ?'

'બીજું હું કરી પણ શું શકું ?

'તમે ઉદાસ જણાઓ છો એ મારો ભ્રમ તો નથી ને !'

'ઘણી વાર જેને ભ્રમ ગણીએ એ જ વાસ્તવિકતા હોય છે, આસ્થા !'

'તમે હમણાં ક્યાં જઈ આવ્યા ?'

'હું છેલ્લા ચાર દિવસથી જ હૉસ્પિટલ જાઉં છું.'

'હૉસ્પિટલ ! કેમ તબિયતમાં કંઈ વાંધો છે ?'

'લોહીથી માંડીને બીજી અનેક બાબતોની ડૉક્ટરો તપાસ ચલાવી રહ્યા છે.'

'કાર્ડિયોગ્રામ લીધો ?'

'એ તો બરાબર છે.'

'થૂંક તપાસ્યું ?'

'એય બરાબર છે. મને ક્ષય નથી એ સાબિત થઈ ચૂક્યું છે.'

'લોહીમાં કશું નીકળ્યું ? હિમોગ્લોબિન કેમ છે ?'

'એય નોર્મલ છે.'

'કૉલેસ્ટેરોલ વધારે નથી ને ?'

'એય નોર્મલ નીકળ્યું.'

'ઈસોનોફેલિયા ?'

'બિલકુલ નોર્મલ.'

'ત્યારે તમને છે શું ?

'ડૉક્ટરોનો એક વહેમ છે.'

'વહેમ ?'

'હા. તેઓને કૅન્સરનો વહેમ છે.'

'ઓહ નો !' આસ્થા આટલું પણ માંડ બોલી શકી.

નિર્દોષના મૌનથી અને આસ્થાના નિશ્વાસથી આખો ઓરડો ભરાઈ ગયો.

❑

૨

યથા કાષ્ઠં ચ કાષ્ઠં ચ

પરેલમાં આવેલી તાતા કૅન્સર હૉસ્પિટલના ચોથે માળે આવેલા સ્પેશિયલ વૉર્ડમાં ખાટલ પર બેઠેલો નિર્દોષ ચોકઠામાં જડાઈ ગયેલા આકાશને જોઈ રહ્યો હતો. બારીની બહારનો ખાલીપો એના જીવનમાં ઓચિંતો આવી પહોંચ્યો હતો. આખી રાત એણે પોતાના મૃત્યુ વિશે અને મૃત્યુ નામની ઘટના વિશે વિચાર કરવામાં જ ગાળી હતી.

'કૅન્સર' શબ્દ એવો છે કે ભલભલાનાં ગાત્રો ઢીલાં કરી મૂકે. કૅન્સરની સારવાર માટે આ હૉસ્પિટલમાં દાખલ થતો ગામડિયો પણ પોતે જાણે મણિકર્ણિકાના ઘાટ પર મરવા જઈ રહ્યો હોય એવું માની લે છે. આ જમાનાનો એક અતિ બિહામણો શબ્દ 'કૅન્સર' છે.

નિર્દોષે પોતાની અનેક વાર્તાઓમાંના નાયક-નાયિકાઓને મુખેથી મૃત્યુ વિશેનાં વિધાનો બોલાવડાવ્યાં હતાં. પોતે કોઈક દિવસ મૃત્યુ પામશે એ વાત બધાને સમજાય છે; પરંતુ તે અંગેની ખરી અનુભૂતિ તો એ માણસની સામે આવીને ઊભું રહે ત્યારે જ થાય છે. એક પુસ્તક લખી શકાય એટલા વિચારો નિર્દોષને એક રાતમાં આવી ગયા.

આસ્થા દસ વાગે કૉફી લઈને આવવાની હતી. એક જ દિવસનો પરિચય અને તેમાંય એક ભૂકંપ !

આસ્થા આવે ત્યારે એને શું કહેવું તે અંગે નિર્દોષ વિચારી રહ્યો હતો. તે સાવ ભાંગી પડી હતી. એને વિદાય આપતાં દાદર આગળ ઊભા રહી નિર્દોષે કહ્યું હતું : 'આસ્થા ! તેં થોડીક જ વાર

પહેલાં મને કહ્યું હતું કે હું સ્ત્રી છું; પરંતુ જલદી ઘાયલ થાઉં એવી સ્ત્રી નથી.'

દાદરનાં પગથિયાં ઊતરતાં પહેલાં આસ્થાએ ઉદાસ ચહેરે જવાબમાં કહ્યું હતું, 'હું જલદી ઘાયલ થઈ જાઉં એવી સ્ત્રી નથી એ સાચું, પણ એ ન ભૂલશો કે હું એક સ્ત્રી છું.'

આ વાક્ય યાદ કરતી વખતે નિર્દોષની આંખો ભરાઈ આવી. આજની સવાર એને જુદી જુદી લાગતી હતી. એ જુદી લાગતી હતી કારણ કે બે મહત્ત્વના શબ્દોએ એના જીવનમાં એક સાથે પ્રવેશ કર્યો હતો.

એ બે શબ્દો હતા : 'આસ્થા' અને 'કૅન્સર.' પોતે હવે આવી કેટલી સવાર જોઈ શકશે એનો વિચાર કરતો હતો ત્યાં નર્સે આવીને કહ્યું : 'આજે ડૉક્ટર નાગર તમને તપાસવા માટે આવવાના છે.'

'ડૉક્ટર આવે તેની જ રાહ જોઉં છું.'

'હજી થોડી વાર લાગશે.' બાળકને સૂચના આપતી હોય એવા ઊંચા સાદે યાસ્મિને જવાબ આપ્યો.

'તમારું નામ ?'

'યાસ્મિન. તમે શું કામ કરો છો ?' નર્સે એના કાયમના રુઆબથી પૂછ્યું.

'થોડાંક વર્ષ જીવન વીમા કૉર્પોરેશનમાં હતો, હવે કશું નથી કરતો.'

'કશું નહીં ?'

'પુસ્તકો લખું છું.'

'અહીં તમારે થોડા દિવસ રહેવું પડશે.' યાસ્મિનનો રુઆબ થોડોક ઘટ્યો હતો.

'પછી ?'

'પછી શું ! પછી તમને રજા મળશે.'

'દુનિયામાંથી જ ને ?'

'ખુદા હાફિઝ. તમે સારા થઈ જશો. અહીંથી ઘણા લોકો સારા થઈને ગયા છે અને તમે તો ખાસ્સા યંગ છો.'

'તમે મુસલમાન છો ?'

'જી, હું દાઉદી વહોરા છું.'

'ઘરમાં કોણ કોણ છે ?'
'પતિ છે, સસરા છે, સાસુ છે.'
'પતિ શું કરે છે ?'
'અમારો ટિનના ડબ્બા બનાવવાનો ધંધો છે.'
'તમે નર્સ તરીકે અહીં ક્યારથી છો ?'
'સાડાત્રણ વર્ષથી.'
'તમને આ કામ ગમે છે ?'
'હવે ગમે છે, પહેલાં નહોતું ગમતું.'
'તો પછી શરૂઆત કેમ કરી ?'
'મજબૂરી.'
'તમારા લોકોમાં યાસ્મિન નામ હોય છે ?'
'જી, હા.'

યાસ્મિન હૉસ્પિટલની સિનિયર નર્સ હતી. દરદીઓ સાથે એ એક ખાસ પ્રકારના ઊંચા લહેકાથી જ બોલતી. દરદીઓની સેવા કરતી વખતેય હળવા મિજાજ સાથે નાના મોટા હુકમ કરવાની એને ટેવ હતી. દરદીઓને આવા હુકમ પાળવા ગમે એટલી એ જાજરમાન હતી.

કેટલીક સ્ત્રીઓ એવી હોય છે કે ત્રીસ વટાવી જાય તોય ઠસ્સાને કારણે આકર્ષણ જાળવી રાખે. યાસ્મિનનો ઠસ્સો એની ઉંમરને ખાઈ જતો હતો. દરદીઓ એને દિવસમાં એક જ વાર ખૂબ નમ્ર બનીને વાત કરતી નિહાળતા અને તે ડૉક્ટર નાગર વૉર્ડની મુલાકાતે આવે ત્યારે.

યાસ્મિન ગઈ પછી પણ નિર્દોષ એને વિશે વિચારતો જ રહ્યો. અજાણી વ્યક્તિઓને પાત્ર તરીકે જોવાની એને ટેવ હતી.

આસ્થા દશ વાગ્યા છતાં ન આવી. એ ગમે ત્યારે આવી પહોંચશે એ વિચારે નિર્દોષની નજર રૂમના બારણામાં જ મંડાયેલી રહી. સાડાદશ થયા તોય આસ્થા ન આવી. અડધા કલાકમાં તો નિર્દોષને ઘણા સારામાઠા વિચારો આવી ગયા.

એવામાં આસ્થા ન જ આવે તો ! થોડાંક દિવસ પહેલાં પોતે જેને ઓળખતોય ન હતો એવી આસ્થા આજે ન આવે તોય શું ?

'બાપુજી શું કરતા હતા ?'

'શેરબજારમાં હતા.'

'આસ્થા ! આ કૅન્સર આપણા જીવનમાં આવેલું ખલપાત્ર હોય એવું મને લાગ્યા કરે છે. હું હવે તારે માટેય જીવવા માગું છું. જીવનના એક વિચિત્ર વળાંક પર આપણે અચાનક મળી ગયાં અને કદાચ અચાનક છૂટાંય પડી જઈશું.'

'સાગરમાં ક્યારેક ભેગાં થઈ જતાં બે લાકડાંની માફક જ ને ! જોકે હું તો તમને વર્ષોથી ઓળખતી હતી – પુસ્તકો દ્વારા.

'હા, પણ એક વાત કહી રાખું છું. મરતી વખતે પણ મારા હૃદયમાં તું હોઈશ.'

'એમ હું તમને સહેલાઈથી મરવા નહીં દઉં. એક કામ કરીએ. આજે આપણે એક વણલખ્યો કરાર કરીએ. જીવીએ ત્યાં સુધી સાથે મળીને જીવીશું. કદાચ છૂટાં પડવું જ પડે તો ચુંબન કરીને છૂટા પડીશું. આ રીતે જીવવાનું પછી બે મહિના હોય કે બાવીસ વર્ષ માટે હોય. આવી રીતે જીવવા માટે લગ્નની જરૂર નથી જણાતી.'

'ધેર યુ આર, માઈ ડિયર આસ્થા ! શું પેલાં બે લાકડાં સાથે થઈ જાય ત્યારે લગ્ન કરે છે ?'

'અને છૂટાં પડે ત્યારે છૂટાછેડા લે છે ?' આસ્થાએ નિર્દોષ આગળ બોલે તે પહેલાં જ પૂછી નાંખ્યું.

'લગ્નનો છેદ ઊડે એટલે છૂટાછેડાનો છેદ તો ઊડી જ જાય છે અને વળી વૈધવ્યનો છેદ પણ ઊડી જાય છે.'

'એક વાત કહું ? આજથી આપણી એક એક ક્ષણ આનંદમય હો. જીવીએ ત્યાં સુધી સઘળી ક્ષણોને સાથે મળીને નિચોવી લઈએ.'

'જે સમય મળે એટલામાં એટલું બધું જીવી લઈએ કે મૃત્યુનો વસવસોય બુઠ્ઠો થઈ જાય.'

'મૃત્યુ અંગે વિચારવાનો સમય જ ન મળે એ રીતે કેમ ન જીવવું ?'

'અને હું એવામાં બચી જાઉં તો !'

'તો એક મુશ્કેલી છે.'

'કઈ ?'

'પછી મારાથી છૂટવાનો બીજો કોઈ ઉપાય નથી.'

'હું કેદી બનવા તૈયાર છું, પણ તે એક શરતે.'

'શરત ? કેદીને વળી શરત કેવી ?'

'એ તારી નજરકેદ હશે, સમજી ?'

'કબૂલ છે. મને એક વિચાર આવે છે. મને ઘણી વાર પ્રશ્ન થાય છે કે જીવનને ક્ષેત્રફળમાં કે ઘનફળમાં માપી શકાય ખરું ? જે અમાપ છે તેને વર્ષોમાં કે સિદ્ધિઓમાં માપવાની ચેષ્ટા જ હાસ્યાસ્પદ નથી શું ?'

'માપવામાં જ માણવાનું ચૂકી જવાય છે.'

ડૉક્ટર નાગર આવી પહોંચ્યા. થોડાક પ્રશ્નો પૂછી જતાં જતાં એમણે કહ્યું, 'કાલે ટૉમોગ્રાફી કરીશું.'

ડૉક્ટરના ગયા પછી થોડી વારે યાસ્મિન આવી. નિર્દોષે પૂછ્યું, 'યાસ્મિન, આ ટૉમોગ્રાફી એટલે શું ?'

'એમાં કશું નથી. શરીરના જુદે જુદે ખૂણેથી એ લોકો તમારા એક્સ-રે લેશે.'

'પછી ?'

'પછી નક્કી કરશે કે ડૉક્ટરોનો વહેમ સાચો છે કે ખોટો.'

યાસ્મિન ગઈ એટલે નિર્દોષે આસ્થાને કહ્યું, 'ડૉક્ટરો પણ વહેમમાં માને છે તે તો મેં આજે જ જાણ્યું !'

'આખી દુનિયા વહેમમાં જીવે છે. કોઈ લગ્નના વહેમમાં જીવે છે તો કોઈ કૅન્સરના વહેમમાં. કેટલાક ધર્મના વહેમમાં જીવે છે તો કેટલાક વળી વિજ્ઞાનના વહેમમાં જીવે છે !'

'અરે, વાહ રે ફિલસૂફ !' એટલું બોલીને નિર્દોષે આસ્થાના ગાલ પર હળવું ચુંબન કરી લીધું.

'નિર્દોષ, તમારા સઘળા દોષો હું માફ કરીશ; પરંતુ એક દોષ કદી માફ નહીં કરું.'

'કયા દોષની વાત છે, આસ્થા ?' નિર્દોષના પ્રશ્નમાં ચિંતા હતી.

'આટલું છીછરું ચુંબન હવેથી ગુનો ગણાશે.'

'સમજ્યો, મેડમ સમજ્યો. હવેથી ભૂલ નહીં થાય એની ખાતરી આપું છું. વળી કૅન્સર ગમે તેટલું ભૂંડું કેમ ન હોય, . એની એક ખૂબી તો છે જ.'

'ખૂબી ? અને તે કૅન્સરની ?'

'હા ! એ રોગ જીવલેણ જરૂર છે પણ ચેપી નથી.'

'એ ચેપી રોગ હોય તોય હવેથી હું છીછરું ચુંબન નહીં ચલાવી લઉં એ જાણી રાખો.'

'આપકા હુકમ સર આંખો પર.' નિર્દોષે આંખ મીંચકારી આસ્થાને જોરથી ધબ્બો મારતાં કહ્યું.

'નિર્દોષ ! આખું જીવન વહેમથી ભરેલું છે. જીવન સ્વયં એક વહેમ હોઈ શકે છે. માત્ર એક જ ચીજ વહેમથી સંપૂર્ણ રીતે મુક્ત છે.'

'એ ચીજ કઈ ? પ્રેમ ? પ્રકૃતિ ? શ્રદ્ધા ?'

'ના, ના, ના.' આસ્થાએ શિક્ષિકાની અદાથી કહ્યું.

'તો પછી વહેમથી સર્વથા અસ્પૃશ્ય એવી કઈ ચીજ જીવનમાં બચી છે એ કહેશે ખરી ?'

'ચુંબન.'

આખો ઓરડો હાસ્યથી ભરાઈ ગયો. થોડીક ક્ષણો માટે 'કૅન્સર' શબ્દ જ ભુલાઈ ગયો.

'હવે તારે મને એક વચન આપવાનું છે.' નિર્દોષે વાત શરૂ કરી.

'દશરથે કૈકેયીને વચન આપ્યાં હતાં, લીધાં ન હતાં.'

'એ ભૂલ હું સુધારી રહ્યો છું.'

'બોલો, શું વચન આપવાનું છે ?'

'મારી સાથે તેં વળગાડેલું "તમે" હવે કાઢી નાંખ.'

આસ્થાએ નિર્દોષને વહાલથી કહ્યું, 'નિર્દોષ ! હું તમને ચાહું છું.'

'વળી પાછું "તમને" વચ્ચે ક્યાંથી લાવી ?'

'હા, હા. હું "તને" ચાહું છું. આ વાત હું હવે જાહેરમાં કરવા તૈયાર છું.'

સૂરજ આથમી રહ્યો હતો.

એ જ વખતે ક્યાંક એક સૂર્યોદય થઈ રહ્યો હતો.

❑

3

કસોટી

આસ્થા આજે ખૂબ જ આનંદમાં હતી. નિર્દોષને એ રોમરોમથી ચાહતી હતી અને નિર્દોષે પણ એનો એટલા ઉમળકાથી જ સ્વીકાર કર્યો હતો. પુરુષને મનગમતી સ્ત્રી મળે અને સ્ત્રીને મનગમતો પુરુષ મળે ત્યારે સ્વર્ગ અને પૃથ્વી વચ્ચે માંડ એક વેંતનું છેટું હોય છે. નિર્દોષની વિદાય લઈને એ ટૅક્સીમાં બેઠી ત્યારે પણ નિર્દોષ અંગે જ વિચારતી રહી.

શું નિર્દોષ સાથેની મુલાકાત એક અકસ્માત ગણાય ? પોતે સ્કૂલમાં અડધી રજા મૂકીને કૉલેજમાં નિર્દોષનું પ્રવચન સાંભળવા ન ગઈ હોત તો ! એક સુખદ અકસ્માત કેટલો રોમાંચક અને દૂરગામી પરિણામો વાળો હોઈ શકે છે ?

નિર્દોષનાં પુસ્તકો વાંચ્યા પછી ક્યારનીય એ મનોમન તો નિર્દોષની બની ચૂકી હતી. કૉલેજના પ્રવચન વખતે એને પ્રથમવાર જોયો ત્યારે એનું અંતર બોલી ઊઠ્યું હતું : 'આ જ મારી કલ્પનાનો પુરુષ છે જેની મને પ્રતીક્ષા હતી.' આસ્થા આજે ખુશ હતી, કારણ કે પોતાને મનગમતો પુરુષ એના જીવનમાં પ્રવેશી ચૂક્યો હતો. એ જીવનભર કુંવારી રહેવા તૈયાર હતી; પરંતુ ગમે તે પુરુષને પોતાનું અસ્તિત્વ અર્પણ કરી દેવા તૈયાર ન હતી. આસ્થાને પુરુષ કરતાંય પુરુષોત્તમમાં વધારે શ્રદ્ધા હતી. એને લગ્નસંસ્થા સામે વાંધો હતો. કારણ કે એ ભગવાનની નહીં; પણ માણસની પેદાશ હતી. આવી શોધ હજારો વર્ષ જૂની હોવાથી વાજબી નથી બની જતી એવું આસ્થા માનતી હતી. યુગોથી ચાલી આવતી લગ્નપ્રથામાં રહેલી કૃત્રિમતા,

મજબૂરી ચશમપોશી અને ખોટી ધાર્મિકતાને કારણે એ લગ્નનો વિરોધ કરતી હતી. આ પ્રથા સ્ત્રીને જ નહીં, પુરુષને પણ ગુલામ બનાવે છે એવું એ માનતી હતી. એણે પોતાની આસપાસ વર્ષો ખેંચી કાઢનારાં અને બચ્ચાં પેદા કર્યે જતાં અનેક કજોડાં જોયાં હતાં. પોતે પણ અન્યોન્ય વફાદારી ધરાવવાનો દાવો કરનાર કજોડાનું જ ફરજંદ હતું એવું એને ઘણી વાર લાગતું હતું.

પિતાજી વિશે એણે બા પાસેથી ઘણી વાતો સાંભળી હતી. તેઓ શેરબજારમાં હતાં; પરંતુ નવું નવું વાંચવાનો અને નવાં નવાં સ્થળો જોવાનો એમને જબરો શોખ હતો. તેઓ ધાર્મિક વૃત્તિના હતા અને છતાંય સુધારકની હિંમત ધરાવતા હતા. તેમણે પત્નીને વારંવાર કહ્યું હતું કે પોતે વહેલા વિદાય થાય તો વિધવાનો વેશ પહેરવાનું તેણે ટાળવું. પુનર્લગ્ન અંગેનો નિર્ણય લેવાની છૂટ પણ તેમણે પત્નીને આગળથી જ આપી રાખી હતી.

પિતાજીના મૃત્યુ પછી બાએ વૈધવ્યના બધા જ નિયમો પાળ્યા હતા અને પુનર્લગ્નનો તો સ્વપ્નેય વિચાર નહોતો કર્યો. પિતાજીની છબીને રોજ ફૂલ ચઢાવતી બાને આસ્થાએ પોતે સમજણી થઈ ત્યારથી જોઈ હતી. પિતાજીનો અને બાનો સંસાર શાંતિમય જરૂર હતો; પરંતુ એમાં જીવનના ધબકારા ન હોઈ શકે એવું આસ્થા માનતી હતી. નર્યું સહ-અસ્તિત્વ સહજીવન ન બની શકે એવો એનો દૃઢ મત હતો.

ટૅક્સી જ્યારે ઘર આગળ ઊભી રહી ત્યારે આસ્થાની વિચારસૃષ્ટિને જાણે એક આંચકો લાગ્યો.

પૈસા ચૂકવીને એ ઉપર ગઈ. બાએ બારણું ખોલ્યું; પરંતુ બાનું મોં જોઈને જ એને ખ્યાલે આવી ગયો કે મામલો ગંભીર છે. વાત ટાળવાને ઇરાદે એણે બાને જણાવી દીધું કે પોતે જમીને આવી છે અને થાકને કારણે જલદી ઊંઘી જવા માંગે છે.

આસ્થા પથારીમાં પડી પણ એને ઊંઘ ન આવી. રાતની શાંતિમાં વાગતા બારના ટકોરા એને ખૂબ જોરથી વાગતા જણાયા.

સાડાબારે એક ટકોરો થયો.

એક વાગે એક ટકોરો થયો.

દોઢ વાગે એક ટકોરો થયો.

આસ્થા જાગતી જ પડી હતી. પથારીમાં પડ્યાં પડ્યાં એ નિર્દોષના જ વિચારો કરતી રહી. નિર્દોષના ચહેરા પર રમતી ખુમારી પર એ વારી જતી હતી. નિર્દોષ એ પોતાને મનગમતો પુરુષ હતો અને સ્ત્રીને મન તો મનગમતો પુરુષ એ જ મહાપુરુષ !

નિર્દોષ પણ પોતાને ચાહે છે એવું અનુભવ્યા પછી તો આસ્થાના આનંદની કોઈ સીમા રહી ન હતી. આ આનંદ જ એને ઊંઘવા દેતો ન હતો.

પાછલી રાતે આસ્થાને ઝોકું આવી ગયું. એના મનમાં ઊંડે ઊંડે નિર્દોષના મૃત્યુનો ભય પડેલો હતો. ચેતન અવસ્થામાં તે નિર્દોષનો સહવાસ અને એ સહવાસના વિચારનો રોમાંચ મનને એવી રીતે ભરી દેતો હતો કે ભય માટે જરા જેટલી જગ્યા બચવા નહોતી પામી.

એનું જાગૃત મન જંપી ગયું અને અવજાગૃત મનનો ઘોડો પછી તો રમતોજમતો છુટ્ટો !

આસ્થાએ જોયું કે નિર્દોષની સ્મશાનયાત્રામાં લેખકો, કવિઓ અને મોટી સંખ્યામાં નિર્દોષના વાચકો જોડાયા છે. વળી અખબારોના પ્રતિનિધિઓ અને ટીવીના કૅમેરામૅનો પણ એક ખૂણે ઊભેલા છે. પોતે એક જગ્યાએથી ઊભી ઊભી આ બધું જોઈ રહી છે અને પાસે ઊભી રહીને યાસ્મિન એને આશ્વાસન આપી રહી છે.

એક ચીસ પાડીને એ પલંગ પર બેઠી થઈ ગઈ. શરીરે પરસેવો વળી ગયો હતો અને છાતી પર અશુભનો ઓથાર ચઢી બેઠો હતો.

એ ઊઠી અને બાથરૂમમાં જઈ મોં ધોઈ આવી. હવે ઊંઘી જવાનું શક્ય ન હતું. પૂરા બે કલાક સુધી એ પથારીમાં જ બેસી રહી. એણે મનોમન છેક છેલ્લી ક્રૂર શક્યતાનો પણ વિચાર કરી લીધો.

નિર્દોષ જો બેત્રણ મહિનાનો જ મહેમાન હોય તો પોતે એના પર સઘળું ન્યોછાવર કરવા તૈયાર હતી ખરી ? ભગવાને જાણે એને સર્વસ્વ આપ્યા પછી સર્વસ્વને ખૂંચવી લેવાની પેરવી કરી હતી !

પથારીમાં બેઠી બેઠી એ મોકળે મને રડી પડી. ખાસ્સું રડી લીધા પછી એ થોડીક હળવી બની. જ્યારે પણ એ મૂંઝાય જાય ત્યારે

ધ્યાન કરતી. આજે પણ એણે ધ્યાનનો જ આશરો લીધો; પરંતુ ધ્યાન જામ્યું નહીં. નિર્દોષનો ચહેરો એની બંધ આંખો સમક્ષ ગોઠવાઈ જતો હતો અને એ જરાક ખસે ત્યાં તો પેલી ભયાનક સ્મશાનયાત્રા !

આસ્થાના મનમાં એક તુમુલ સંઘર્ષ ચાલી રહ્યો હતો. કોઈ પોતાના મગજને જાણે ખરલમાં ઘૂંટી રહ્યું હોય એવી પીડા એ અનુભવી રહી હતી.

ખૂબ મંથનને અંતે એણે એક નિર્ણય લીધો. નિર્દોષનો સથવારો કોઈપણ સંજોગોમાં ન છોડવાનું એણે નક્કી કર્યું. એ જીવે ત્યાં સુધી ચાકરી કરવામાં અને, જો આવી જ પડે તો એનું મોત જાળવી લેવાનો આસ્થાનો નિર્ણય દૃઢ બન્યો. એ નિર્દોષની બની ચૂકી હતી. આ અંગે દુનિયા સાથે અને દુનિયાને પોતાના મનોરંજન અર્થે રમાડી રહેલા ભગવાન સાથે લડી લેવાના પૂરા નિશ્ચય સાથે એ બેડરૂમની બહાર આવી.

બાનું મોં ગંભીર હતું અને ઉદાસ પણ હતું.

'બા ! હું આજે દસ વાગ્યે જઈશ અને રાત્રે દસ પછી પાછી ફરીશ. આવતી વખતે તારી દવાની ગોળીઓ લેતી આવીશ.' આસ્થાએ શરૂઆત કરી.

'બેટા ! હું છેલ્લા ત્રણચાર દિવસથી જોઉં છું કે તારું ચિત્ત ઠેકાણે નથી. નથી તો મારી સાથે વાત કરતી કે નથી ઘરમાં રહેતી. છોકરીની જાત આમ અધરાતમધરાત બહાર રહે એ સારું ગણાય ? તું મને જે હોય તે કહી દે. હું તારા રસ્તામાં વચ્ચે નહીં આવું, બેટા !'

'બા, હું તને નિરાંતે બધું જ કહીશ.'

'પણ તને નિરાંત ક્યારે મળવાની ?'

'તું મારા પર વિશ્વાસ રાખ. મારા વિચારો તું ક્યાં નથી જાણતી ?'

'એ જાણું છું એટલે તો વધારે ચિંતા થાય છે.'

'બા ! હું જ્યાં જઈશ ત્યાં તને પણ લઈ જઈશ. વળી લગ્ન જ નહીં કરું પછી જવાનો પ્રશ્ન જ ક્યાં આવ્યો ?'

બા થોડી વાર શાંત રહ્યાં. પછી ગળગળા સાદે બોલ્યાં : 'દીકરી ! તારા પિતાજી મને એકાએક છોડીને ચાલ્યા ગયા. પછી તું

જ મારું સર્વસ્વ ગણાય ને ! તેઓ ગયા ત્યારે હુંય ઘરડી નહોતી. પણ લોકો આંગળી ચીંધે તેવું વર્તન મેં કર્યું નથી. આટલાં વર્ષોનો વસમો વિયોગ મેં તારે સહારે ખેંચ્યો છે. તું મને એક વચન આપીશ ?'

'બા ! હું શું વચન આપું ?'

'તું એટલું જ કહે કે કાં તો તું મનપસંદ પુરુષને પરણી જઈશ અથવા તો તારું શીલ સાચવીને જીવન ગાળીશ.' બાના અવાજમાં ભીનાશ હતી.

'બા, અત્યારે હું તને કશું નહીં કહું. અત્યારે તું મને કશું પૂછીશ પણ નહીં. મને થોડોક સમય આપ.'

'દીકરી, મને મારો વહેમ ઊંઘવા નથી દેતો. ગઈ રાતે તુંય ક્યાં ઊંઘી છે ? એક વાત કહી દઉં. તું પરણીને જાય તો હું તારા વગર પણ રહી શકું; પરંતુ કલંકિત હોય તો તારી સાથેય નહીં રહું.'

'બા ! તું થોડોક વિશ્વાસ રાખ મારા પર.'

'બેટા ! દીકરીને સાપનો ભારો અમથી કહી હશે ?'

'બા, હું સાપનો નહીં પ્રેમનો ભારો છું. જગતે એવા નિયમો બનાવ્યા છે કે ભાગ્યે કોઈને મનગમતું પાત્ર મળે. ક્યારેક ધર્મ વચ્ચે આવે તો ક્યારેક જ્ઞાતિ કે ગોળ વચ્ચે આવી પડે. ક્યારેક પૈસો કે પછી જન્માક્ષર પુરુષ અને સ્ત્રીની વચ્ચે દીવાલ બની રહે. શું અગ્નિની સાક્ષીએ એક વાર ભૂલ કરી એટલે જીવનભર વેંઢાર્યે રાખવાનું ?'

'બેટા ! તારી સાથે દલીલમાં ન પહોંચાય. હું તો એટલું સમજું કે સમાજ પુરુષોનું રમતિયાળપણું માફ કરે પણ સ્ત્રી પાસે તો સતીપણાની જ આશા રાખે. બાએ પોતાની કોઠાસૂઝ ઠાલવી દીધી.

'બા ! શાસ્ત્રો પુરુષોએ લખ્યાં છે; કાયદા પુરુષોએ બનાવ્યા છે; ન્યાય પુરુષોએ તોલ્યો છે અને ઈતિહાસ પણ પુરુષોએ લખ્યો છે. આવી પુરુષપ્રધાન દુનિયામાં સ્ત્રીઓએ જ સહન કરવું પડે ને !'

'બેટા ! પુરુષ જતિ ન હોય તોય સ્ત્રીને ઝંખે. પુરુષો વેશ્યાગૃહે જઈ શકે. સ્ત્રીઓએ તો વફાદારી જ નિભાવવાની. હું સમજું છું બધું પણ થાય શું ?'

'બા, હું અત્યારે તો જાઉં છું. પછી નિરાંતે બધી વાત કરીશ.'

'તેં તે દિવસે રજા લીધી હતી ને ! બે મહિના નિશાળે નથી જવાનું એવું તું કંઈ કહેતી હતી ને !'

'હા ! હું તને વાત કરીશ; પણ હમણાં એ વાત મૂક. હજી તો મારે પરવારવાનું છે અને આ નવ તો થયા !'

આસ્થાએ નાહીપરવારીને ચા સાથે નાસ્તો કર્યો. આ દરમિયાન એ મૂંગી જ રહી.

બેડરૂમમાં જઈને એ પથારીમાં આડી પડી. એ બાને બધું જ કહી દેવા ઉત્સુક હતી. બાથી છુપાવીને એ કશુંય કરવા નહોતી માગતી; પરંતુ કૅન્સરની વાત બાને શી રીતે કરવી તે એને નહોતું સમજાતું.

કોઈ માતા પોતાની દીકરીને મૃત્યુન્મુખ પુરુષ સાથે જવા દે ખરી ! આસ્થાની ખરી મૂંઝવણ આ જ હતી.

'કૅન્સર' શબ્દ જાણે 'મૃત્યુ'નો જ પર્યાય હતો. 'નિર્દોષને કૅન્સર છે,' એવી વાત બાને કરતાં આસ્થાની જીભ નહોતી ઊપડતી.

આસ્થા પાસે જ પડેલી નિર્દોષના હસ્તાક્ષરવાળી ચોપડી 'શમણાંના ઉપવન'માં લીધી. હસ્તાક્ષરની નીચે લખાયેલા મરોડદાર અક્ષરોમાં લખ્યું હતું : 'પ્રેમ જીવનની સૌથી મોટી શક્તિ છે.'

ક્યાંય સુધી આસ્થા એ ચોપડીનાં પાનાં ઉથલાવતી રહી. શમણાંના ઉપવનમાં જ ચારેકોર છવાયેલાં કાંટા એને ભોંકાઈ રહ્યા હતા. ઉપવનને એક ખૂણે સુંદર મજાનું ફૂલ ખીલ્યું હતું. એ ફૂલ આસ્થાને ગમી ગયું હતું; પરંતુ ફૂલ સુધી પહોંચવાને રસ્તે કાંટાની પથારી હતી. આસ્થાના મનમાં ફરીથી એક સંઘર્ષ શરૂ થયો. એના સંઘર્ષની ખબર માત્ર બેડરૂમની દીવાલોને જ હતી.

એક બાજુ જાત ઘસીને પોતાને મોટી કરનાર માતા હતી અને બીજી બાજુએ થોડા જ કલાકોમાં પોતાને આખી ને આખી હૃદયમાં સમાવી લેનારો નિર્દોષ હતો.

એક બાજુ ઉદાત્ત માતૃત્વ હતું અને બીજી બાજુએ ભીનું મિત્રત્વ હતું.

એક બાજુએ સાક્ષાત્ મમતા હતી અને બીજી બાજુએ પ્રેમ-સગાઈનો નાજુક સેતુ રચાઈ રહ્યો હતો.

એક બાજુએ જીવનદાયિની મા ઊભી હતી અને બીજી બાજુએ જીવતા મોત સામેનો ખરાખરીનો જંગ હતો.

એક બાજુ...

બીજી બાજુ...

એક બાજુ...

બીજી બાજુ...

બા...

નિર્દોષ...

બા....

નિર્દોષ....

આવા વિચારોમાં જ આસ્થા દાદર ઊતરી ગઈ. એ રસ્તા પર નહીં, વમળોના વનમાં ચાલી રહી હતી.

❑

૪

પરમ સખા મૃત્યુ

આસ્થા જીવન સાથેનો સંગ્રામ ખેલી રહી હતી.

નિર્દોષ મૃત્યુ સામેનું યુદ્ધ ખેલી રહ્યો હતો. જીવનની પરમ આનંદજનક ક્ષણે મૃત્યુએ એના સમગ્ર અસ્તિત્વને પડકાર્યું હતું. આ પડકાર ઝીલવામાં એ એકલો ન હતો. આસ્થા એની સાથે હતી.

છેલ્લા બેત્રણ દિવસથી એણે મૃત્યુ પર લખાયેલાં પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું હતું. કાકાસાહેબ કાલેલકરનું 'પરમ સખા મૃત્યુ' એ એક જ બેઠકે વાંચી ગયો. જ્હોન ગંથરનું 'ડેથ બી નોટ પ્રાઉડ' વાંચતી વખતે એ રડી જ પડ્યો. છૂટાછેડા લીધા પછી ગંથર દંપતી એકના એક પુત્ર જ્હોનની જીવલેણ માંદગી વખતે મૃત્યુ સામેના સંગ્રામ વખતે ભેગાં મળે છે. પુસ્તકને પાને પાને મૃત્યુ સામે ટક્કર લેતા તેજસ્વી યુવાનની અને પુત્રવાત્સલ્યથી છલકાતા પિતૃત્વ તથા માતૃત્વની હૃદય હચમચાવી મૂકે એવી દાસ્તાન રજૂ થાય છે. ત્રીજું પુસ્તક પણ એણે ઓશીકા પાસે જ રાખી મૂક્યું હતું; પણ વાંચવાનું બાકી હતું. એ હતું પ્રો. ફિરોજ દાવરનું, 'મોત પર મનન.'

'મોત' પર થિસિસ લખવાનો હોય એ રીતે નિર્દોષ બીજાં અનેક પુસ્તકો એકઠાં કરી રહ્યો હતો. સ્પેનિશ આંતરવિગ્રહ વખતે કેદમાં રહીને મોતને આમનેસામને જોનારા આર્થર કૉસ્લરની આત્મકથાના એક ભાગ સમું પુસ્તક 'ધ ઈન્વિસિબલ રાઈટિંગ' એણે વર્ષો પહેલાં વાંચ્યું હતું. રોજ રાત્રે એ કેદની કોઈ ખોલીનો દરવાજો ખૂલે; પછી કેદીને બહાર લઈ જવામાં આવે; કબ્રસ્તાનની દીવાલ આગળ ઊભો રાખવામાં આવે અને પછી એના પર ગોળી છોડવામાં

આવે. પોતાનો વારો ગમે ત્યારે આવે એવી દહેશતમાં કૉસ્લરને થયેલા અનુભવો આ પુસ્તકમાં નિર્દોષે વાંચ્યા હતા, એમાં કૉસ્લરે પોતે જાણે એક નિઃસીમ સરોવરમાં ઓગળી રહ્યો છે એવી લાગણી અનુભવેલી તેની વાત પણ હતી.

આસ્થા આવે ત્યારે આ પુસ્તકો અંગે નિર્દોષ ઘણી વાતો કરવા માગતો હતો.

આસ્થા એને માત્ર સાત દિવસ પહેલાં મળી હોત તો ! ત્યારે એ કૅન્સરમુક્ત હતો. કદાચ કૅન્સર હોય તોપણ એની એને ખબર ન હતી. જીવનમાં 'જાણવું' કેટલું ખતરનાક બની શકે છે ! અજ્ઞાન ઘણી વાર ભારે રાહતજનક બની રહે છે.

શરૂઆત થઈ ખાંસીથી. ખાંસી મટી નહીં અને છાતી ભારે ભારે લાગી એટલે ડૉક્ટરને બતાવ્યું. કંઈ ફેર ન પડ્યો એટલે સ્ક્રીનિંગ કરાવ્યું. છાતીમાં ડૉક્ટરને ધાબા જેવું દેખાયું. પછી મોટા ફિઝિશિયને એક્સ-રે લીધો ત્યારે મીડિયા સ્ટાઈનમમાં ધાબું જણાયું. વહેમ પાકો થયો.

હવે ટૉમોગ્રાફી ચાલી રહી હતી. બધું અસ્પષ્ટ હતું. નિર્દોષને આ અસ્પષ્ટતા કોરી ખાતી હતી. એ પથારીમાં પડ્યો પડ્યો વિચાર્યા કરતો હતો.

ટૉમોગ્રાફી પછી શું ?

પછી મૃત્યુ અંગેનો વહેમ પણ સ્ફટિક જેવો સ્પષ્ટ બની જશે !

પછી ?

પછી જીવન ધીરે ધીરે અસ્પષ્ટ બનતું જશે.

પછી ?

પછી મૃત્યુ ધીરે ધીરે સ્પષ્ટ બનતું જશે.

પછી ?

પછી 'નિઃસીમ સરોવર'માં ડૂબકી.

પછી ?

પછી એમાં નિઃશેષ ઓગળી જવાશે.

પછી ?

'પછી' અને 'પહેલાં' જેવું કંઈ નહીં રહે.

નિર્દોષ વિચારતો જ રહ્યો. એ આસ્થાની રાહ જોતો હતો; પરંતુ એટલામાં ડૉક્ટર નાગર આવી પહોંચ્યા. સાથે યાસ્મિન પણ હતી.

ડૉક્ટર નાગર કંઈ કહે તે પહેલાં નિર્દોષે જ ધડાકો કર્યો.

'ડૉક્ટર ! સાચું કહેજો. હવે મારે કેટલા દિવસ બાકી છે ?'

'હું સમજ્યો નહીં.'

'ડૉક્ટર, હું કેટલા દિવસોનો મહેમાન છું ?'

'આ વાત ભગવાન સિવાય કોઈ નથી જાણતું.'

'ડૉક્ટર, મને જે હોય તે સાચું કહેજો. હું આઘાત નહીં પામું. મારે માત્ર અંદાજ જોઈએ છે.'

'તમે મરી જવાના છો એમ માનીને ચાલો છો. હું તમે સારા થઈ જવાના છો એમ માનીને ચાલું છું. આપણો મેળ શી રીતે પડે ?'

'શું બચવાની થોડીક શક્યતા પણ છે ખરી ?'

'થોડીક નહીં, ઘણી શક્યતા રહેલી છે. વળી ડૉક્ટર મોતનો સ્વીકાર, દરદી મરી જાય પછી જ કરે છે. ત્યાં સુધી તો એ દરદીના મોત સામે લડતો જ રહે છે.

'પણ ડૉક્ટર ! મેં મારા આવી રહેલા મોતને સ્વીકારી લીધું છે.'

'આવા સ્વીકારવાની માલિકી તમારી છે. મને એવા સ્વીકાર સાથે કોઈ લેવાદેવા નથી, સમજ્યા ?' ડૉક્ટર નાગરના અવાજમાં સીધો ઠપકો હતો.

'ડૉક્ટર, મને મારી બીમારીની સાચી વાત તો કહેશો ને ! Let me have an appointment with Mr. Death.'

'બીમારીની વાત કરીશ. ડેથ અંગે કશું નહીં કહું.'

'તો એક ફેવર કરો. કશુંય છુપાવ્યા વગર મને જે હોય તે કહી દો.' નિર્દોષના અવાજમાં ઢીલાશ હતી.

'સાચી વાત એ છે કે અત્યારે હું તમને ચોક્કસ કશુંય કહી ન શકું. હજી તપાસ ચાલુ છે. અત્યારે ટોમોગ્રાફી ચાલે છે. એમાં જ થોડાક દિવસ નીકળી જાય. પછી કદાચ બ્રોન્કોગ્રાફી શરૂ થશે.'

'એ વળી શું છે ?' નિર્દોષે અધીરાઈથી પૂછ્યું.

'મોંમાંથી નળી દાખલ કરીને તપાસ કરવામાં આવે છે. જો બ્રૉન્કોગ્રાફીને અંતે પણ મેલિગ્નન્સી અંગે કોઈ નિર્ણયાત્મક તારણ પર ન અવાય તો પછી તમને અમે કાર્ડિયોથોરેસિક સર્જન પાસે મોકલીશું.'

'એ મહાશય વળી શું કરશે ?' નિર્દોષને થોડો રસ પડ્યો હતો.

'તેઓની તપાસ કદાચ બેત્રણ અઠવાડિયાં ચાલશે. તેઓ છાતી ખોલીને ગાંઠમાંથી એક નાનો ટુકડો કાઢીને હિસ્ટોપૅથોલોજિકલ લૅબોરેટરીમાં બાયોપ્સી માટે મોકલશે. પછી અમે ખાતરીપૂર્વક કહી શકીશું કે આ કઈ જાતનું કૅન્સર છે. એટલું યાદ રાખશો કે અમુક જાતનું કૅન્સર મટી પણ શકે છે અને સંપૂર્ણ મટી શકે છે.'

'થૅન્ક્યુ ડૉક્ટર ! હું આ બધી તપાસ ચાલે ત્યાં સુધી તો જીવતો રહેવા માગું જ છું !'

બરાબર આ જ વખતે આસ્થા રૂમમાં દાખલ થઈ. નિર્દોષે આસ્થા તરફ હાથ કરીને ડૉક્ટરને કહ્યું : 'મીટ આસ્થા, માઈ ગર્લફ્રેન્ડ.'

આસ્થાએ ડૉક્ટર નાગરને નમસ્કાર કર્યા.

ડૉક્ટરે ડોકું નમાવી વળતું સ્મિત કર્યું.

'ડૉક્ટર સાહેબ ! તમે મારી છાતી ચીરવાની વાત કરતા હતા ને ! એમ કરતી વખતે અંદરથી તમને આસ્થા મળે તેવો પૂરો સંભવ છે.'

સૌ ખડખડાટ હસી પડ્યા. આસ્થા શરમાઈને નીચું જોઈ ગઈ; પરંતુ આ વાક્ય સાંભળીને એને થયેલો આનંદ છૂપો ન જ રહી શક્યો.

ડૉક્ટર નાગર જવા તૈયાર થયા. જતી વખતે ત્રાંસી નજરે એમણે નિર્દોષને કહ્યું : 'મિસ્ટર ! તમારે જીવવું જ પડશે. મિસ આસ્થાની પરવાનગી વગર તમે મરી નહીં શકો. ગુડ લક ! બાય !'

ડૉક્ટર ગયા અને યાસ્મિન પણ ગઈ.

નિર્દોષ અને આસ્થા એકબીજાંને જોઈ રહ્યાં. આસ્થા ઉદાસ હતી. બંને એકબીજાનાં હાથમાં હાથ રાખીને થોડી વાર સુધી મૌન બેસી રહ્યાં.

આસ્થા બા વિશે વિચારી રહી હતી.

નિર્દોષ બાયોપ્સી વિશે વિચારી રહ્યો હતો.

'મેડમ ! આજે અબોલા લીધા છે કે શું ?' નિર્દોષે શરૂઆત કરી.

આસ્થા નિર્દોષના ખોળામાં માથું મૂકીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. નિર્દોષ એની પીઠ પર હાથ ફેરવતો રહ્યો. પછી થોડી વાર રહીને એણે કહ્યું :

'અરે ગાંડી ! હું એમ જ થોડો મરવાનો છું ! તું એ ક્યાં નથી જાણતી કે હવે મને જીવવાનું બહાનું મળી ગયું છે. મને ખબર છે કે તું છાતી પર પથ્થર મૂકીને હસી રહી છે. આસ્થા ! હવે છાતી પર પથ્થર મૂકવાને બદલે છાતી જ પથ્થરની બનાવવી પડશે. તું જ ઢીલી પડે તો હું મોત સામે કયે મોઢે લડવાનો હતો !'

આસ્થા આ સાંભળીને વધારે રડવા લાગી. થોડી વારે રડતાં રડતાં જ એણે કહ્યું :

'નિર્દોષ ! આજે મને ધરાઈને રડી લેવા દે.'

ઠીક ઠીક સમય સુધી નિર્દોષ આસ્થાની પીઠ પર હાથ ફેરવતો રહ્યો.

થોડી વારે આસ્થા બેઠી થઈ. નિર્દોષે એને પાણી પાયું. ગ્લાસને મૂકવા એ પાણીની ગોળી સુધી ગયો અને પછી નજીક આવીને એણે આસ્થાને વહાલભર્યું ચુંબન કર્યું.

આસ્થા ! આવી રોકડી કીસ પછી પણ તું રડતી બંધ નહીં થાય ?"

'આસ્થા રડતાં રડતાં થોડુંક હસી.

'જીવનમાં રડતાં રડતાં હસવાનું અને હસતાં હસતાં રડવાનું આવડી જાય પછી કેન્સર જખ મારે છે, આસ્થા !' નિર્દોષે આસ્થાના બે ખભા પર હાથ મૂકીને કહ્યું.

આસ્થા આજે નક્કી કરીને આવી હતી કે નિર્દોષને બા અંગેની બધી વાત પોતે કરી દેશે; પરંતુ એની જીભ ન ઊપડી. એણે મનોમન નિર્ણય કર્યો કે નિર્દોષને કૅન્સર મોરચે જ લડવા દેવો. એને માટે એ એક મોરચો જ પૂરતો છે. બાના મોરચા પર પોતે જ પહોંચી વળશે.

રડી લીધા પછી એનામાં થોડીક હિંમત આવી ગઈ.

નિર્દોષના બેડ પર એણે પુસ્તકો પડેલાં જોયાં. લગભગ બધાં જ મૃત્યુ પર લખાયેલાં હતાં. તેથી એને થોડોક ગુસ્સો આવ્યો.

પરંતુ આજે આસ્થા વિવાદ માટે તૈયાર ન હતી. આખો દિવસ ક્યાં ચાલી ગયો તેની બેમાંથી એકેયને ખબર ન પડી.

દસ વાગવા આવ્યા ત્યારે આસ્થાએ જવાની તૈયારી કરી. રૂમની લાઈટ હોલવીને એણે નિર્દોષને માથે અને બાજુએ ઓશીકાં ગોઠવી આપ્યાં. નિર્દોષની આંખમાં જરા જેટલી પણ ઊંઘ ન હતી. આખો દિવસ ખાટલામાં પડ્યો પડ્યો એ થાક્યો હતો.

'આસ્થા ! આ અંધારું કેટલી સુંદર ચીજ છે !'

'કેમ એમ કહે છે ?'

'અંધારું ન હોત તો આ દુનિયામાં પ્રેમનું ઝરણું સુકાઈ ગયું હોત. બે પ્રેમીઓને રક્ષણ આપવાનું કામ અંધારું સદીઓથી કરતું આવ્યું છે. અજવાળું એટલે નિરાકાર ખલપાત્ર કે બીજું કાંઈ ?' નિર્દોષ જાણે પ્રવચન કરવાના તાનમાં બોલી ગયો.

આસ્થા કંઈ કહે તે પહેલાં જ એણે આગળ ચલાવ્યું :

'અજવાળામાં થતાં પ્રેમને આ દુનિયાએ કદી સહન નથી કર્યો. પ્રેમીઓએ હંમેશા ચોરીછૂપીથી નિશાચરની માફક પ્રેમ કરવો પડે છે. આ તે કેવી દુનિયા છે ? અહીં દ્વેષ જાહેરમાં થઈ શકે છે અને પ્રેમ તો છાનામાના કરવો પડે છે !'

એકબીજાના ગાઢ આશ્લેષમાં બંને જણ મૌન બેસી રહ્યાં.

'આસ્થા ! તને વાંધો ન હોય તો આજે રોકાઈ જા ને !'

'અરે ! હૉસ્પિટલમાં સંસાર ચલાવવાની કે એવો દેખાવ કરવાની છૂટ નથી હોતી.' આસ્થા એકી અવાજે બોલી ગઈ.

'તે આપણે ક્યાં સંસાર ચલાવવો છે ? આપણે તો માત્ર આખી રાત વાતો કરવી છે.'

'અહીં રાત્રે એક સ્વજનને રહેવાની છૂટ હોય છે એવું યાસ્મિન કાલે કહેતી હતી.'

'તેથી જ કહું છું, રહી જા ને ?'

'હું તમારી સ્વજન છું જ ક્યાં ?'

'સાચી વાત છે. તું સ્વજન નથી, સર્વસ્વ છે.'

'બા ચિંતા કરશે.' આસ્થાએ ઢીલી ઢીલી આનાકાની સાથે કહ્યું.

'આસ્થા ! બાને બેત્રણ મહિના પછી આવી ચિંતા નહીં કરવી પડે. આજે થોડી ચિંતા ભલે થતી.'

આસ્થા રડી પડી.

આખી હૉસ્પિટલના દરદીઓ જંપી ગયા હતા. લૉબીમાં પડતી લાઈટનું અજવાળું રૂમમાં પડતું હતું; પરંતુ એમાં ઝાઝો દમ ન હતો.

આવા અધકચરા પ્રકાશમાં અને રાત્રે ઠંડા પડી ગયેલા મુંબઈના મિજાજમાં બે જણ અડખેપડખે પોઢી ગયાં હતાં. શબ્દોની અવરજવર સદંતર બંધ હતી.

બંનેની ઊંઘ જ નહીં, જાગૃતિ પણ અધકચરી હતી.

બંને મૌન હતાં અને છતાંય એ મૌન ખાસ્સું બોલકણું હતું.

બંને ખૂબ ખુશ હતાં અને છતાંય બંનેના દિલમાં ગ્લાનિ પણ ભારોભાર ભરેલી હતી.

બંનેના જીવનમાં એક જાતનું ઝાંખું ઝાંખું અજવાળું (ટ્વાઈ-લાઈટ) પથરાયું હતું.

એ અજવાળું શાનું હતું ?

શું એ પરોઢના આગમનની તૈયારી હતી ?

કે પછી ઢળી ચૂકેલી સંધ્યા પછી આવનારી રાત્રીની પ્રસ્તાવના ?

આવું વિચારવાનો હમણાં એ લોકો પાસે સમય જ ન હતો.

રાતની વાચાળ શાંતિ બંનેના કાનમાં શું કહી ગઈ એની જાણ અંધારાનેય ન હતી.

થોડીક ક્ષણો માટે તો આ દુનિયામાં કૅન્સર જેવી કોઈ ચીજની હસ્તી જ ન હતી !

❑

૫

પ્રેમનગર મત જાના મુસાફિર

રોજ સૂર્યોદય થાય છે ને એક નવી વાર્તા શરૂ થાય છે. દિવસે દુનિયાદારીનો ખેલ ચાલ્યા કરે છે અને રાત્રેય શમણાં તો દળાતાં જ રહે છે. એક દિવસ પરપોટો ફૂટી જાય છે અને કાળના અનંત પ્રવાહમાં વિલીન થઈ જાય છે.

આસ્થા ઊઠીને પરવારી ગઈ હતી; પણ એના મનમાં ઘ્રાસકો પડ્યો હતો. ઘરે બાને શું જવાબ આપવો એ એને નહોતું સમજાતું. પોતે મોટો ગુનો કર્યો હોય એવી લાગણી એના મનનો કેડો છોડતી ન હતી. પોતાની વ્યથા એ નિર્દોષને જણાવવા નહોતી માંગતી તેથી વધારે પીડાકારક બની રહેતી હતી.

આસ્થાને અત્યારે કોઈના સહારાની જરૂર હતી. સહારો પામવાનું તો દૂર રહ્યું, એણે સહારો પહોંચાડવાની કામગીરી બજાવવી પડતી હતી. પોતાની વ્યથા એ કોની આગળ ઠાલવે ! પ્રત્યેક આદમીને એક એવા પાત્રની જરૂર હોય છે જેની આગળ પોતે અનાવૃત્ત થઈ શકે અને હળવો થઈ શકે.

આસ્થા નિર્દોષને કશું કહી શકતી ન હતી. બા આગળ પણ પોતાના એકવીસમી સદીના વિચારો રજૂ કરી શકતી ન હતી. કશુંક કહેવાય નહીં અને સહેવાય નહીં એવી પરિસ્થિતિમાં આદમી હારી જાય છે.

આસ્થા એમ હારે તેવી ન હતી. એને ભગવાનમાં ભારે શ્રદ્ધા હતી. આસ્થાનો ભગવાન અંગેનો અભિગમ 'નિર્બલ કે બલરામ' પ્રકારનો ન હતો. ભગવાન સાથેનો એનો વ્યવહાર માત્ર પ્રાર્થના પૂરતો ન હતો. એ તો ભગવાન સાથે વારંવાર ઝઘડી પણ લેતી.

આજે એ ભગવાન સાથે ઝઘડવાના મૂડમાં હતી. એક પછી એક મુસીબતમાં પાર્સલો મોકલ્યે રાખનારા ભગવાનને એણે મનોમન ટાગોરના શબ્દોમાં સાફ સુણાવી દીધું :

'કરો રક્ષા વિપદમાંહી નહીં એ પ્રાર્થના મારી,
વિપદથી ના ડરું કો દી, પ્રભુ એ પ્રાર્થના મારી !'

આસ્થાની વ્યક્તિતામાં જ કંઈક એવી ચીજ પડેલી હતી કે બધી બાજુએથી આફતના ઓળા ઊતરી આવે ત્યારે એની અંતરશ્રી સોળે કળાએ ખીલી ઊઠે.

પ્રાર્થના કરીને એ લૉબીમાં ગઈ. સામેથી યાસ્મિન આવી રહી હતી. નર્સના સ્વચ્છ, સફેદ ગણવેશમાં એ ખરેખર સુંદર લાગતી હતી. એનો જાજરમાન ઠસ્સો આખી લૉબી પર છવાઈ જતો હતો.

'ગુડ મોર્નિંગ, યાસ્મિન.'

'ગુડ મોર્નિંગ, બહુ વહેલી આવી ગઈ ને !'

'હું રાત્રે ગઈ જ નહોતી.'

'મારા પેશન્ટને તેં રાત્રે પણ ઠરીને સૂવા દીધા નહીં હોય. તું તો જાણે છે કે એમને રેસ્ટની ખૂબ જ જરૂર છે !'

આસ્થાએ યાસ્મિનની મીઠી મજાકનો માત્ર આંખ મીંચકારીને જ જવાબ વાળ્યો.

'તેં આપેલી ચોપડી કાલે રાત્રે જ પૂરી કીધી. સુપર્બ છે સુપર્બ, આસ્થા !' યાસ્મિને કહ્યું.

'તું હમણાં ક્યાં જતી હતી ?' આસ્થાએ પૂછ્યું.

'તારા ફ્રેન્ડ પાસે. તને વાંધો તો નથી ને ?'

બંને જોરથી હસી પડ્યાં.

'આસ્થા ! હું ચોપડી વાંચી ગઈ પછી ખ્યાલ આવ્યો કે મારા પેશન્ટ કેવા સરસ લેખક છે. "શમણાના ઉપવનમાં" એ ટાઈટલ જ કેવું સુપર્બ છે ! આજે હું એમની સાથે ચોપડીની વાતો કરવાની છું. હું તો એમની શૈલી પર વારી ગઈ છું.'

'ચોપડી લખનાર પર તો વારી નથી ગઈ ને ?'

'કેમ તને મારા પર વહેમ છે ?'

'તું નહીં માને, યાસ્મિન. તારી અને નિર્દોષ વચ્ચેની ઓળખાણ કરતાં મારી ઓળખાણ માત્ર ચાર જ દિવસ વધારે જૂની છે.'

'રીઅલી ! મને તો એવી છાપ પડી જાણે તમે એકબીજાંને વર્ષોથી જાણો છો !'

'નિર્દોષને પ્રથમ વાર જોયો ત્યારે મને પણ એવું જ લાગેલું.'

'આસ્થા, એક પ્રોમિસ આપું છું. પરિણામ ઉપરવાળાના હાથમાં છે; પરંતુ એક નર્સ તરીકે નિર્દોષભાઈની કાળજી રાખવામાં જરા પણ કસર નહીં રાખું. તું કામ પડે અડધી રાતે મને બોલાવશે તો બધું પડતું મૂકીને હું આવીશ.' યાસ્મિન આટલું બોલતાં તો ગળગળી થઈ ગઈ.

'યાસ્મિન, તારો ઉપકાર હું નહીં ભૂલું.'

'ઉપકાર પારકા માણસો પર કરવામાં આવે છે, પોતીકાં પર તો પ્રેમ જ થઈ શકે.'

'આ વાક્ય બોલીને તેં એ તો સાબિત કરી આપ્યું કે નિર્દોષની નવલકથા તેં ખૂબ ધ્યાનથી વાંચી છે.'

'ધ્યાનથી ? કેટલાક ફકરા તો મેં વારંવાર વાંચ્યા છે. એમના આ એક વાક્ય પર તો હું ફિદા છું. આવું લખનાર માટે હું મારાથી બનતું બધું જ કરી છૂટવા તૈયાર છું.'

'લખનાર માટે બધું કરી છૂટવા તૈયાર છે અને મારે માટે કશું નહીં ?' આસ્થાએ કટાક્ષ કર્યો.

'તું અને લખનાર જુદાં ક્યાં છો ? એક વાર ફરમાવ અને ખાતરી કરી લે.'

'હું એક મુસીબતમાં છું. કાલે રાત્રે નિર્દોષે મને રોકાઈ જવાનો આગ્રહ કર્યો. મને પણ એ આગ્રહ ગમી ગયો અને હું રહી પડી. બાએ આખી રાત રાહ જોઈ હશે. મારે કારણે એ આમ દુઃખી તો હતી જ અને હું આખી રાત બહાર રહી તેથી ભાંગી પડશે. હવે ઘરે જતાં ડર લાગે છે. બાને શું જવાબ આપવો ? એ તો નિર્દોષને વિશે કશું જ જાણતી નથી. કોઈ મા પોતાની એકની એક કુંવારી દીકરીને કૅન્સરના દર્દી સાથે પ્રેમ કરવાની છૂટ આપે ખરી ? નિર્દોષને આ વાત

હું કરી શકતી નથી. તારે પણ એને કશું જ કહેવાનું નથી. મને રસ્તો જડતો નથી અને જડે છે તો એના પર ચલાતું નથી.'

'હું બધું સમજું છું. તું એક કામ કર. મારી ડ્યૂટી પૂરી થવાને હજી ચાર કલાક બાકી છે. બૉસને અષ્ટંપષ્ટં સમજાવીને હું એકાદ કલાકમાં રૂમ પર આવું છું. આપણે સાથે ઘરે જઈશું. બા સાથેની બાજી હું સાચવી લઈશ. નિર્દોષભાઈનેય ગંધ ન આવે એ રીતે આપણે નીકળી જઈશું. મંજૂર ?' યાસ્મિને આસ્થાને ખભે હાથ મૂકીને કહ્યું.

'યુ આર ગ્રેટ, યાસ્મિન !'

આસ્થા યાસ્મિનથી છૂટી પડીને નિર્દોષ પાસે આવી. નિર્દોષ દાઢી કરી રહ્યો હતો. આસ્થાને જોઈને એણે દાઢી કરતાં કરતાં જ બોલવા માંડ્યું :

'તું કહે તો હમણાં અહીંથી કે.ઈ.એમ. હૉસ્પિટલ સુધી દોટ મૂકીને પાછો આવું. કોઈ શરત મારે તો હજી પણ તરીને તાપી કે નર્મદા ક્રોસ કરી જાઉં. અરે ! અહીંથી સોનાપુરના સ્મશાન સુધી ચાલતો જાઉં અને જઈને કહું કે હવે મને બાળી મૂકો !'

આસ્થા સાંભળતી જ રહી. નિર્દોષે ફરી શરૂ કર્યું :

'કૅન્સર છે એવું ડૉક્ટરો કહે છે તેથી માનવું પડે છે – બાકી મને તો લાગે છે કે મને કશું જ થયું નથી. છાતીનું એ ઘાબું મને શું નડે છે ? છોને રહેતું બિચારું ! ચાલ આસ્થા, આ હૉસ્પિટલ છોડીને ક્યાંક ભાગી જઈએ.'

આસ્થાએ મૌન સેવ્યું. એ નિર્દોષને સાંભળતી રહી અને બા વિશે વિચારતી રહી. એની હાલત બે સ્ટેશનો વચ્ચે એક સાથે ઝીલતા રેડિયો જેવી હતી. નિર્દોષે પોતાની વાત આગળ ચલાવી :

'આમ, મરતાં મરતાં જીવવાનો શો અર્થ ? એના કરતાં તો જીવતાં જીવતાં મરવાનું મને વધુ ગમશે જ. જો થોડાક જ મહિના બાકી રહ્યા હોય તો એ દરમિયાન ઘરાઈને જીવી ન લઈએ ! તું હમણાં ઘરે જશે અને હવે કોણ જાણે ક્યારે આવશે. તારી ગેરહાજરીમાં એકએક કલાક મારી છાતી પર પહાડ બનીને સવાર થઈ જાય છે ! તું આવે ત્યારે એ જ પહાડની ટોચે પહોંચીને હું હળવો ફૂલ બની જાઉં છું.'

આસ્થાએ નિર્દોષની વાતો સાંભળ્યા જ કરી. એને બાની ફિકર થતી હતી અને તે માટે એ યાસ્મિનના ઈશારાની રાહ જોતી હતી.

બ્રશ અને બ્લેડ ધોઈને બાજુએ મૂકી નેપ્કિન વડે મોં લૂછતાં લૂછતાં નિર્દોષે પાછું બોલવા માંડ્યું :

'હું આ હૉસ્પિટલના એકધારા જીવનથી કંટાળ્યો છું. મારું આકાશ મુંબઈએ છીનવી લીધું હતું; પરંતુ આ હૉસ્પિટલે તો મારું અસ્તિત્વ ઝૂંટવી લીધું છે. હું દુનિયાને જાહેર કરવા માગું છું કે મને કૅન્સર થયું હોય તોય અત્યારે એ મને કોઈ રીતે પજવતું નથી. હું મૃત્યુ પામું ત્યાં સુધી જીવવાનો અને મારી રીતે જીવવાનો મને હક છે. આસ્થા ! ચાલ, આપણે મારે ગામ ચાલી જઈએ. મારું એક જૂનું મકાન હજી ત્યાં છે.'

'ગામ ? તમારું ગામ ક્યાં આવ્યું ?' આસ્થાએ રસ બતાવ્યો.

'બારડોલીથી થોડે દૂર મારું ગામ આવેલું છે. હશે દસપંદર કિલોમીટર જેટલું અંતર. ગામનું નામ છે વાઘેચા. ગામ આગળ વહેતી તાપી જો તું જુએ તો ગાંડી થઈ જાય. મજાના ખડકો વચ્ચે વહેતી તાપીમાં કલાકો સુધી પગ બોળીને આપણે બેસી રહીશું. આસ્થા ! પછી તું મુંબઈને યાદ પણ નહીં કરે. વાઘેચા જવામાં આપણે ઘોંઘાટ, કંટાળો અને ઉચાટ સિવાય કશુંય ગુમાવવાનું નથી. ત્યાં જઈએ પછી કૅન્સરની મજાલ નથી કે આપણને પજવે.'

આસ્થાની માનસિક તાણનો પાર ન હતો. યાસ્મિન એની મદદે આવી રહી હતી તેથી એ માંડ ટકી રહી હતી. ઘરે જઈને બાને કેવી રીતે સંભાળી લેવી એના વિચારોમાં જ એ અટવાતી હતી. એ નિર્દોષને સાંભળતી હતી; પરંતુ કોઈ બેધ્યાન વિદ્યાર્થી શિક્ષકને 'સાંભળે' એ રીતે.

યાસ્મિનને આવવામાં વાર લાગી હતી. આસ્થાની અધીરાઈ વધતી જતી હતી.

'આસ્થા ! વાઘેચા જવાનો વિચાર તને કેવો લાગ્યો ?' નિર્દોષે સીધો જ પ્રશ્ન કર્યો.

બીજી કોઈ પરિસ્થિતિમાં આસ્થાએ આ વિચારને વધાવી લીધો હોત; પણ અત્યારે એ શાંત રહી. થોડી વારે જવાબ આપવો જ પડશે, એમ વિચારીને તેણે કહ્યું :

'એક કામ કરીએ.' સારવારને કશું નુકસાન ન પહોંચે એ માટે ડૉક્ટરો જ્યાં સુધી ચોક્કસ નિદાન પર ન આવે ત્યાં સુધી અહીં જ રોકાઈએ. હજી કૅન્સર જ છે એવું સાબિત થયું નથી. તેઓ મહિને-દોઢ મહિને આપણને કહી દે કૅન્સર છે અને મટી ન શકે તેવું કૅન્સર છે તો તે જ દિવસે આપણે વાઘેચા ચાલી જઈશું. જો તેઓ તને કૅન્સરમુક્ત જાહેર કરે તોય વાઘેચા પહોંચી જઈશું. હમણાં તો આપણે ડૉક્ટરોને શરણે છીએ અને રહીશું. તું હમણાં બહુ વિચાર કરવાનું માંડી વાળે અને ડૉક્ટરોને પૂરો સહકાર આપે એ ખૂબ જરૂરી ગણાય. યાસ્મિન...'

'કેમ મને યાદ કરવી પડી ?' આસ્થા હજી વાક્ય શરૂ કરે ત્યાં તો યાસ્મિન આવી પહોંચી.

'તું સો વર્ષ જીવવાની છે, યાસ્મિન !' આસ્થાએ કહ્યું.

'હું સો વર્ષ જીવવા તૈયાર છું પણ એક શરત છે. એમાંથી પૂરાં પચ્ચીસ વર્ષ નિર્દોષભાઈએ લઈ લેવાં પડે.'

'યાસ્મિન ! જો એવું બને તો હું મારા બાકીનાં બધાં જ વર્ષો...' આસ્થા પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાં તો નિર્દોષે ઘડાકો કર્યો.

'હું જીવનમાં જ નહીં, મૃત્યુમાં પણ સ્વાશ્રયી રહેવા માગું છું. તમે બંને જણ મારા સ્વાવલંબન પર તરાપ ન મારશો.'

'જોયું ને યાસ્મિન ! આ પુરુષો આપણને પારકાં ગણીને ચાલે છે તે !' આટલું કહીને આસ્થાએ જવાની ઉતાવળ દર્શાવી.

ટેમ્પરેચર ચાર્ટમાં કશુંક નોંધીને યાસ્મિન ચાલી ગઈ. થોડી વારે આસ્થા પણ ગઈ.

બંને જણાં ટૅક્સીમાં ગોઠવાઈ ગયાં અને બાંદ્રા ટૉકીઝ ભણી રવાના થયાં.

થૅન્ક્યુ યાસ્મિન ! આજે તેં ખરે વખતે મદદ કરી. હું ગાંડી થઈ જઈશ એવું લાગ્યા કરતું હતું. ઘરે જઈશું ત્યારે બા કોણ જાણે શુંય કહેશે. હું કોઈ પાપ કરી રહી છું એવું લાગ્યા કરે છે. તું સાથે છે એટલે હિંમત રહે છે. હું સત્યવાદી નથી એ ખરું; પણ મને જૂઠું બોલવાનું જરાય ગમતું નથી. ક્યારેક બોલવું પડે તો બોલું છું; પણ

પછી મારું મન કોચવાયા કરે છે. લોકો વાતવાતમાં જૂઠું બોલે છે તેવું મારું નથી. આજે જે અસત્ય બોલવા હું તૈયાર છું એમાં કેવળ મજબૂરી છે. યાસ્મિન, મેં બાને કદી છેતરી નથી.' આસ્થા પોતાનું હૃદય ઠાલવી રહી હતી.

'અરે યાર ! તું આવું બધું વિચારવાનું છોડ અને બધી ચિંતા મારા પર છોડી દે. તું હજી મને ઓળખતી નથી. મારી કથા પૂરી સાંભળે તો તમને સમજાય કે દુનિયા શું છે અને કેવી છે. હું પણ પહેલાં સીધીસાદી જ હતી. દુનિયાએ મને લગભગ નફ્ફટ અને બિંદાસ બનાવી દીધી છે. એક વાર હું એ બધી વાતો કશુંય છુપાવ્યા વિના કહીશ. દોસ્ત ! આ તો કાંઈ જ નથી. આ દુનિયા કેવી છે, કહું ? ફળિયામાં આગ લાગે ત્યારે કેટલાક તે હોલવવા પાણીની બાલદી લઈને દોડે ત્યારે કેટલાક બીડી સળગાવવા ત્યાં જાય અને ઊભા ઊભા તમાશો જુએ. આપણે ઊભાં ને ઊભાં વાંસની માફક અંદરથી સળગી જઈએ અને તેઓ તમાશો જોતાં રહે અને વળી ક્યારેક મશ્કરી પણ કરે. હું તો હવે ઘડાઈ ગઈ છું.' યાસ્મિને લંબાણથી વાત ચલાવી.

બંને જણ પ્રથમવાર એકબીજાની નજીક આવી રહ્યાં હતાં. જેઓ દુઃખમાં ડૂબેલાં હોય તેઓ જલદી એકબીજાની નજીક આવી જાય છે. આસ્થાએ વાતનો દોર આગળ ચલાવ્યો :

'વાત તો ખરી છે. મારી બાએ પણ બહુ વેઠ્યું. બાપુજી થોડી મિલકત અને થોડીક રોકડ રકમ મૂકીને ગયા હશે તેમાંથી સાચવી સાચવીને મને મોટી કરી અને ભણાવી. બાપુજી રેલવે અકસ્માતમાં મરી ગયા અને બહુ શોધ્યા છતાંય લાશનો પત્તો ન લાગ્યો. બા રાતોરાત વિધવા થઈ, મેં બાનું વૈધવ્ય જ જોયું છે કારણ કે એનું સૌભાગ્ય તો હું સમજણી થાઉં તે પહેલાં જ નષ્ટ થયું હતું.'

યાસ્મિન ધ્યાનથી આસ્થાની વાતો સાંભળી રહી હતી. આસ્થાએ વાત ચાલુ જ રાખી :

'હું વૈધવ્યને ધિક્કારું છું. વૈધવ્ય એ લગ્ન સંસ્થાની નીપજ છે. હું લગ્નને પણ ધિક્કારું છું. હું નિર્દોષને સાચા દિલથી પ્રેમ કરું છું. આ પ્રેમને લગ્ન દ્વારા વાસી અને ફરજિયાત ન બનાવવાનો અમે

બંનેએ નિર્ણય કર્યો છે. ન કરે નારાયણ અને કાલે નિર્દોષને કંઈ થાય તોય હું ગંગા સ્વરૂપ નહીં બનું. હું પ્રેમ કરવામાં માનું છું, પણ પતિ પરમેશ્વરમાં માનતી નથી.'

'આસ્થા, તારી સ્થિતિ હું બરાબર સમજું છું. તું બાની ચિંતા મારા પર છોડી દે.'

'યાસ્મિન ! મારી બાને હું મારા આ વિચારો શી રીતે સમજાવું ? એ મારી વાતને કદાચ સ્વીકારી ન શકે અને સહીય ન શકે. આજે પણ રોજ સ્નાન કર્યા પછી એ મારા સ્વર્ગસ્થ પિતાજીની છબીને પ્રણામ કરે છે અને ફૂલ ચઢાવે છે. આ ઉપરાંત વ્રત-ઉપવાસ તો જુદાં.'

ટૅક્સી ઘર આગળ ઊભી રહી. પૈસા ચૂકવીને બંને ઉપર ગયાં ત્યારે કામવાળીએ દરવાજો ખોલ્યો. યાસ્મિન આગળના ઓરડામાં બેઠી અને આસ્થા અંદર ગઈ.

'બા ક્યાં ગઈ છે ?' ચિંતાયુક્ત સ્વરે આસ્થાએ કામવાળીને પૂછ્યું.

'બાની તબિયત કાલે રાત્રે બગડી હતી. હું સવારે ડૉક્ટરને બોલાવી લાવી. ડૉક્ટરે તપાસીને કહ્યું કે બાને હૃદયની તકલીફ છે અને તાબડતોબ હૉસ્પિટલમાં ખસેડવાં પડશે. આ ચિઠ્ઠીમાં સરનામું લખ્યું છે.'

યાસ્મિને પરિસ્થિતિ સંભાળી લીધી. આસ્થાને થોડું રડી લેવા દીધા પછી એણે કહ્યું.

'ચાલો, આપણે સીધા હૉસ્પિટલ જઈએ.'

બંને જણ તરત જ દાદર ઊતરી ગયાં અને ટૅક્સીમાં બેઠાં.

પૂરી સ્વસ્થતાથી યાસ્મિને કહ્યું, 'નાણાંવટી હૉસ્પિટલ લે ચલો.'

❑

૬

કલમ મૌન તોડે છે

મોતને નજીક આવેલું જોઈને ભલભલાનાં હાજાં ગગડી જાય છે.

નિર્દોષને તો એ બ્લેકમેઈલ કરતાં ઠગની માફક સતાવ્યા કરતું હતું. આસ્થાની હાજરીમાં આવી સતામણી થોડીક હળવી પડતી, પરંતુ એ એકલો પડે કે તરત મોતના વિચારો જ મન પર સવાર થઈ જતાં.

આસ્થા ગઈ પછી એ એકલો પડ્યો. વળી થોડે થોડે વખતે એક મીઠું ડોકિયું કરી જનારી યાસ્મિન પણ ન હતી. મુંબઈમાં એનું મિત્રવર્તુળ પણ બહુ મોટું ન હતું; પરંતુ જે હતું તે એને છેક એકલો છોડી દે તેવું ન હતું. પ્રશંસકોની તો ખોટ જ ન હતી; પણ બધું એટલું ઝડપથી બની ગયું કે એ હૉસ્પિટલમાં દાખલ થયો છે એની કોઈને ખાસ ખબર જ ન હતી.

બપોરે એને ઝોકું આવી ગયું. એ ઊઠ્યો ત્યારે દોઢ વાગ્યો હતો. ચા પીધા પછી એ પથારીમાં જ બેસી રહ્યો. આજે એ પુસ્તકો વાંચવાના મૂડમાં ન હતો.

આસ્થા ન હોય ત્યારે એ બે જ કામ કરતો; એક તો પુસ્તકો વાંચવાનું; ને બીજું આસ્થાની રાહ જોવાનું. પ્રતીક્ષાનો પણ એક નશો હોય છે. એ ખૂબ ટૂંકી નીવડે ત્યારે સૌંદર્ય ગુમાવી બેસે અને ખૂબ લાંબી નીવડે ત્યારે પણ મજા ગુમાવી બેસે.

ચાર વાગ્યા તોય આસ્થા ન આવી. નિર્દોષને આ અઢી કલાક ખૂબ લાંબા લાગ્યા. એની એકલતાનો લાભ લઈને માથા પર ચઢી બેસતું મોત એને પજવતું હતું.

રૂમની અંદર આંટા મારીને એ કંટાળ્યો પછી લૉબીમાં જઈને દૂર સુધી એ જોતો જ રહ્યો. સામે વરલીનું ટીવી ટાવર દેખાતું હતું.

આજે તો એ આસ્થા સાથે લડવાનો નિશ્ચય કરીને બેઠો હતો. પણ આસ્થા આવે ત્યારે એમ બને ને ! એણે નક્કી કર્યું હતું કે આસ્થા આવે ત્યારે મોઢું ચડાવીને બેસી રહેવું.

છેવટે કંટાળીને એણે આસ્થાને એક પત્ર લખવાનું શરૂ કર્યું. ગેરહાજરીમાં આસ્થાને મળવાનો આ એક જ ઉપાય હતો. એક હળવા ઝાપટા પછી વરસાદ અટકી ગયો હતો અને કોકરવરણો તડકો એના પલંગ સુધી આવી પહોંચ્યો હતો. પલંગ પર બેસીને જ એણે ચિઠ્ઠી લખવાનું શરૂ કર્યું :

સ્નેહાળ આસ્થા,

'પંખીઓના કલરવની અને ખળખળ વહેતા ઝરણાની કોઈ લિપિ નથી હોતી. પ્રેમનું પણ આવું જ છે. આપણી વચ્ચેના પ્રેમનીય કોઈ લિપિ નથી જણાતી. વર્ષાઋતુમાં આકાશમાં સહજ ઊગી નીકળતા મેઘધનુષની માફક એ આપણી વચ્ચે ઊગ્યો છે.

મારા કફનને મેઘધનુષના રંગોથી સજાવીને હું એક દિવસ પોઢી જઈશ. ત્યાં સુધી આપણા પ્રેમને હું છાતી સરસો ચાંપી રાખવા માગું છું.

જીવન અંગે મેં ઠીક ઠીક વિચાર્યું છે અને ઘણું બધું લખ્યું છે. કીર્કગાર્ડનું નામ તો તેં સાંભળ્યું હશે. એ કહે છે તેમ વ્યક્તિ સત્ય છે; ટોળું અસત્ય છે. જીવનનું ધ્યેય ભગવાન છે, પરંતુ ભગવાન અપ્રાપ્ય છે. જીવન વાહિયાત છે.

પ્રખર અસ્તિત્વવાદી ઝ્યાં પોલ સાર્ત્રનાં ઘણાં પુસ્તકો મેં વાંચ્યાં છે. અસ્તિત્વવાદ એટલે ટૂંકમાં કહું તો પ્રથમ અસ્તિત્વ પછી તત્ત્વનો વિચાર.

આ અસ્તિત્વ એટલે શું ? ટેબલ ખુરશીનું પણ અસ્તિત્વ તો છે જ. અહીં તો ચેતનવંતા આદમીના અસ્તિત્વની વાત છે. સાર્ત્ર 'પસંદગી' પર ભાર મૂકે છે. આ પૃથ્વી પર માણસ આવી પડે એ શું પોતાની પસંદગીથી આવે છે ? આવો પ્રક્ષિપ્ત માણસ ખાય છે, પીએ છે, ઊંઘે છે અને શ્વસે છે. એ જીવે છે જરૂર; પરંતુ સાર્ત્ર તો કહે છે કે માણસ 'પસંદગી' કરે ત્યારે જ અસ્તિત્વ ધરાવે છે.

આલ્બેર કામૂ વળી એક ડગલું આગળ જાય છે. એ કહે છે, 'માણસ વિદ્રોહ કરે ત્યારે જ અસ્તિત્વનો ખરો ખ્યાલ પામે છે.'

માથું ભમી જાય એવા આ વિચારો છે. આ બધા લોકોએ 'અસ્તિત્વ' પર એટલે કે 'being' પર ખૂબ ભાર મૂક્યો છે. હાઈડેગરે પુસ્તક લખ્યું છે જેનું નામ 'બીઈંગ ઍન્ડ ટાઈમ.' સાર્ત્રે પણ 'બીઈંગ ઍન્ડ નથિંગનેસ' પર લખ્યું છે. માર્સેલે 'બીઈંગ ઍન્ડ હેવિંગ' પર સરસ લખ્યું છે. આ બધી વાતોનો ગુરુતમ સામાન્ય અવયવ 'બીઈંગ' છે. અસ્તિત્વવાદ એ આમ તો બે વિશ્વયુદ્ધોની નીપજ છે. એનો અર્ક છે 'બીઈંગ.'

લગ્ન સંસ્થા અંગેના આપણા વિચારો સરખા છે. એ સરખા હોવાને કારણે તો આપણે બેઉ આટલાં જલદી નજીક આવી ગયાં. મારો લગ્ન સામેનો વિરોધ અસ્તિત્વવાદ અંગેની મારી આછીપાતળી સમજમાંથી પ્રગટ્યો છે. અસ્તિત્વવાદની વ્યક્તિપ્રધાન વિચારધારામાં લગ્ન કોઈ રીતે ગોઠવાઈ ન શકે. તારા વિરોધની ભૂમિકા શું છે ? હું કોઈનો પુત્ર છું એ હકીકત છે. કોઈ મારી માતા છે એ પણ હકીકત છે. કોઈ સ્ત્રી મારી સગી બહેન હોય એ પણ હકીકત ગણાય. આ હકીકતો ગમે કે ન ગમે એ જુદી વાત છે; પરંતુ તેથી એ હકીકતો મટતી નથી.

આ અર્થમાં કોઈ મારી 'પત્ની' હોય એ હકીકત નથી. એ તો માણસે ઊભો કરેલો એક વહેમ છે. આવો વહેમ હજારો વર્ષોથી ચાલ્યો આવે છે તેથી હકીકત જેટલો નક્કર જણાય છે એ જુદી વાત છે.

મેં મારી માતા 'પસંદ' નહોતી કરી.
મેં મારા પિતા 'પસંદ' નહોતા કર્યા.
કોઈ પોતાની બહેનને 'પસંદ' નથી કરતું.
મારા મામા હકીકત હોઈ શકે છે.
પરંતુ 'મામી' હકીકત ન હોઈ શકે.

સાર્ત્ર ખૂબ જ વિવાદાસ્પદ વાતો કરે છે; પરંતુ મને તો એની વાતો ગળે ઊતરી જાય છે. એનો ઝોક માર્ક્સ પ્રત્યે હતો. આજે દુનિયામાં સાર્ત્રની બહુ ચર્ચા ચાલે છે. આદમી કહેવો પડે ! લાખો

રૂપિયાનું નોબલ ઇનામ એને મળ્યું પણ એણે ન સ્વીકાર્યું. જીવનભર એણે લગ્નનો વિરોધ કર્યો. માત્ર લગ્નનો જ નહીં; પરંતુ એના જ વિસ્તરણ (extension) સમા માતૃત્વ તથા પિતૃત્વનો પણ વિરોધ કર્યો. એ કહેતો : "લોકો લગ્ન કરી શકે એટલા મૂર્ખ તો છે; પરંતુ તેઓ બાળકો પેદા કરી શકે એટલા મહામૂર્ખ શા માટે બને છે ?'

વાત વિચારવા જેવી છે. દુનિયાનાં જાણીતા નૃવંશશાસ્ત્રી માર્ગારેટ મીડ થોડાં વર્ષો પર મુંબઈ આવ્યાં હતાં. મુંબઈમાં ભાષણ દરમિયાન એમણે કહેલું : 'ભવિષ્યમાં માણસની આકાંક્ષા વ્યક્તિ તરીકે જીવવાની હશે. આજે તો એક વ્યક્તિ તરીકે જીવવાને બદલે એ જીવનમાં જુદી જુદી ભૂમિકાઓ (roles) જ ભજવતો રહે છે. 'જીવનની શરૂઆતમાં પુત્રની, પછી પતિની, પછી પિતાની અને પછી દાદાની ભૂમિકા એ ભજવે છે. આ ઉપરાંત વળી મિત્રની, દુશ્મનની, મામાની, ભાણેજની, ભત્રીજાની, ભાઈની, કાકાની અને નેતાની કે અનુસરનારની એમ અનેક ભૂમિકાઓ જીવનમાં ભજવાતી રહે છે.

માગરિટ મીડે સ્પષ્ટ કહેલું કે ભવિષ્યમાં ઘણાં યુગલો લગ્ન કરશે નહીં અને જેઓ લગ્ન કરશે તેમાંના ઘણાંખરાં યુગલો બાળકો પેદા નહીં કરે.

જો આપણે ઘડીભર ભણેલું ભૂલી શકીએ અને આપણી સંસ્કૃતિનાં બોજમાંથી છૂટી શકીએ તો જરૂર સમજાય કે લગ્ન એ માણસનું સર્જન છે; કુદરતનું નહીં. લગ્ન એક જ કામ કરે છે : લગ્ન પ્રેમને વાસી તો બનાવે જ છે; પણ તે સાથે આવા વાસી પ્રેમને ફરજિયાત અને કાયમી બનાવે છે. ભાગ્યે કોઈ શાયરે પત્ની પર શાયરી લખી હશે. મેં હજી એવો શેર વાંચ્યો કે સાંભળ્યો નથી.

પત્ની પ્રેયસી નથી બની શકતી. પ્રેયસી પત્ની બની શકે છે એ ખરું; પરંતુ એ જેવી પત્ની બને કે એનામાં રહેલી પ્રેયસી ખતમ થાય છે.

લગ્ન આપણી વ્યક્તિતાને લગભગ ખતમ કરે છે. આપણું 'બીઈંગ' નષ્ટપ્રાય બની રહે છે. સૌપ્રથમ માતાપિતા એના પર કુહાડો મારે છે; પછી બાકી રહેલું 'બીઈંગ' લગ્નની વેદીમાં હોમાઈ જાય છે. આવા જાળવી રાખવા જેવા મૂલ્યવાન 'બીઈંગ'ની સંપૂર્ણ અવદશા થાય

ત્યારે માણસ 'નોર્મલ' બને છે ! જે વ્યક્તિવાદી છે, જે ચોકઠામાં પુરાવાનો ઈન્કાર કરે છે તે વિદ્રોહી ગણાય છે. લોકોનાં તમામ આક્રમણો સ્વીકારે તે જ નોર્મલ થઈ શકે ને !'

સમાજને સ્વીકાર્ય બનવાની ચેષ્ટામાં આખું જીવન પૂરું થઈ જાય છે. આવી ચેષ્ટા કર્યા પછી તો ટેવ પડી જાય છે. માણસ ધીરે ધીરે ખબર ન પડે એમ પોતાનાથી અળગો પડતો જાય છે. કાર્લ માર્ક્સ આ રીતે અળગા પડી જવાની ક્રિયાને 'એલિયનેશન' કહે છે.

એલિયનેશનને પરિણામે માણસ જૂઠું બોલે છે; દંભ કરે છે; બીજાને છેતરે છે. એ ખોટો ખોટો પ્રેમ કરે છે અને ખાલી ખાલી આંસુ પણ સારે છે. એ ખોટું આશ્વાસન પણ લે છે અને આપે પણ છે. એ અમથું અમથું હસી શકે છે અને બિલકુલ મરજી ન હોય તોય હસીને કોઈકને આવકારી શકે છે. જેને માટે મનમાં ભારોભાર ઘૃણા હોય એની પણ એ જાહેરમાં પ્રશંસા કરી શકે છે.

આમ, એક સેકન્ડ હેન્ડ જીવન શરૂ થાય છે અને પૂરું થાય છે.

ધર્મ આવા દંભને લગ્નની પવિત્રતાને નામે પોષે છે. એ જ ધર્મ પછી અસત્યનો, દ્વેષનો, હિંસાનો, ગુલામીનો અને યુદ્ધનો વિરોધ કરે છે. કોઈ માણસ ગુલામ બને પછી કોઈ તેનો માલિક ન હોય એ શી રીતે બને ?

માણસ પોતાની જાતને ટોળામાં વિલીન કરી દે પછી પણ પોતાના 'બીઈંગ'ને જાળવી રાખે એ કઈ રીતે બને ?

જગત પરથી યુદ્ધને નાબૂદ કરવું હોય તો પેલું એલિયનેશન ખતમ થવું જોઈએ. માણસ દંભ કરે અને યુદ્ધ ન કરે એ પલળ્યા વગર નદીમાં સ્નાન કરવા જેટલું અશક્ય છે. દંભ એ યુદ્ધની જ શરૂઆત છે.

યુદ્ધની ખરી શરૂઆત માણસ પોતાની જાત સાથે લડીને કરે છે. એ લડાઈ સમાજવ્યાપી બને ત્યારે યુદ્ધ થાય. હું તો કહું છું કે અસત્ય પણ મૂળે દંભનું જ ફરજંદ છે.

કડકડતી ટાઢમાં મન કઠણ કરીને ઠંડે પાણીએ સ્નાન કરનારો માણસ ક્રૂર નથી ગણાતો. લોકો ભૂલી જાય છે કે એ પોતાની જાત

સાથે ક્રૂરતા આચરી રહ્યો છે. ઘણા તો ગૌરવપૂર્વક આવી ક્રૂરતા આચરે છે. આવો માણસ બીજા સાથે ક્રૂર ન બને એવું માની લેવામાં આવે છે.

આસ્થા ! આજે ઘણે દિવસે કલમ હાથમાં ઝાલી તેથી બહુ લખી નાખ્યું. હવે તો ઊંઘ ચઢી છે. કાલે તું આવશે ત્યારે ઘણી વાતો કરવી છે. તું જો મોંડી પડી તો ફરીથી લખવા માંડીશ અને એ રીતે તને મળીશ.

પથારી નીચે કાગળો મૂકીને નિર્દોષ સૂઈ ગયો. એને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

સવારે એ જાગ્યો ત્યારે તાજા ખીલેલા ગલગોટા જેવો લાગતો હતો. માત્ર કૅન્સર નામનો વહેમ જ એને દરદી બનાવી દેતો હતો; બાકી એ બધી રીતે ઠીક હતો. વહેમ માણસને કોતરી ખાય છે અને તેમાંય મૃત્યુનો વહેમ તો માણસને પાણીમાં પડેલા પતાસાની માફક ઓગાળતો જ રહે છે. નિર્દોષ અત્યારે મનમાં ને મનમાં ઓગળી રહ્યો હતો.

સવારે યાસ્મિન આવી. ઘણા કલાકો પછી રૂમમાં વસ્તી આવી. એ આવી અને ખોબો ભરીને જાણે પ્રસન્નતા લાવી.

'નિર્દોષભાઈ, આસ્થા આજે આવવાની નથી. હું ડ્યૂટી પૂરી થાય પછી પણ તમને કંપની આપીશ. કાલે આસ્થાની સાથે હું એને ઘરે ગઈ હતી. બાને હૃદયરોગનો હુમલો થયો છે તેથી એમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યાં છે. આસ્થાને ત્યાં રોકાવું પડ્યું છે. તમને એ અંગે ફિકર ન કરવા એણે ખાસ જણાવ્યું છે. તમારી સંભાળ લેવાની જવાબદારી મને સોંપી છે. હું આસ્થા જેટલી સેવા કદાચ ન કરી શકું; પરંતુ તમને કોઈ તકલીફ નહીં પડવા દઉં એટલું ચોક્કસ. બોલો, મારે લાયક કંઈ હુકમ છે ?' યાસ્મિન આ બધું તૈયાર કરેલા પ્રવચનની માફક બોલી ગઈ.

નિર્દોષ આ સમાચાર સાંભળીને થોડોક હતાશ થઈ ગયો; પરંતુ એ હતાશા એણે યાસ્મિનને બતાવી નહીં. એને હવે સમજાયું કે આસ્થા આગલે દિવસે કેમ રડી પડી હતી. પોતાની ઉદાસીને છુપાવી રાખવા આસ્થાના પ્રયત્નોનો એને હવે ખ્યાલ આવ્યો. યાસ્મિનને એણે બધી વિગતો પૂછી લીધી.

"મૈત્રી."

'આવી મૈત્રીમાં કઈ કઈ ચીજો માણસના માર્ગમાં નડતરરૂપ બની રહે છે ?'

'લગ્ન, રાષ્ટ્રીયતા અને ધર્મ.'

'લગ્ન વિશે તમે ઘણું કહ્યું. તમારાં પુસ્તકોમાં પણ તમે એ વિશે ખૂબ જ લખ્યું છે. રાષ્ટ્રીયતા વિશે તમે શું વિચારો છો ?"

'હું રાષ્ટ્રધ્વજને સલામી આપવાની ચેષ્ટાને મૂર્તિપૂજા ગણું છું. હું સ્વસ્તિકની સંજ્ઞાને જોઉં છું અને હિટલરના આર્યત્વના અભિમાનમાં હોમાઈ ગયેલા લાખો લોકોનાં શબની દુર્ગંધ મારો કેડો છોડતી નથી. ઈંગ્લૅન્ડના ઈતિહાસમાં "ગુલાબોનો વિગ્રહ" થયેલો એ જાણો છો ને ! માણસ ગુલાબને બહાને પણ લડી શકે ! મને લાગે છે કે જો એ ગુલાબને થોડું પણ સમજી શકે તો લડવાની ખો ભૂલી જાય. રાષ્ટ્રીયતા પણ પેલી મૈત્રીની આડે આવે છે. એવું જ જામી ગયેલા ધર્મનું અને પંથોનું છે.'

'લગ્ન વગરના સમાજમાં સંતાનોનું શું થાય ?'

'આ પ્રશ્ન અત્યાર સુધી ન આવ્યો તેનું મને આશ્ચર્ય છે.' આ પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે અને મારો જવાબ થોડોક લાંબો હોય તો ચલાવી લેશો ને ?'

'પ્લીઝ, ગો અહેડ, નિર્દોષભાઈ !'

'જો ઉપરછલ્લી દૃષ્ટિએ જોઈએ તો લગ્ન સંસ્થા મરી પરવારે એટલે અનાથાશ્રમ સૌથી અગત્યની સંસ્થા બની જાય. પણ એવું નથી. હજારો વર્ષોની આદતને કારણે થોડો ગોટાળો જરૂર સર્જાય પણ તેય ટાળી શકાય.'

'એ કઈ રીતે ?' પ્રતીક્ષાથી ન રહેવાયું.

'માણસ સિવાયની કોઈ યોનિમાં લગ્નપ્રથા નથી, છતાં સારસ યુગલ સાથે જ જીવે છે. હું આવા સાહચર્યનો હિમાયતી છું. આવું સાહચર્ય લગ્નને કારણે ખોરવાઈ જ જાય એવું હું નથી કહેતો. હું એટલું જ કહું છું કે સાહચર્ય મુખ્ય છે અને લગ્ન ગૌણ છે. કોઈ યુગલને લગ્ન કરવા જ હોય તો ભલે તેમ કરે. સમાજે આવા લગ્નને મહોર મારીને જડબેસલાક ન બનાવી દેવું જોઈએ. આમ થાય તો બે

જણાં સહેલાઈથી છૂટાં પડી શકે. બે મિત્રોને ન ફાવે અને છૂટા પડે ત્યારે ઊહાપોહ નથી થતો. આજેય પશ્ચિમના દેશોમાં પતિ-પત્ની છૂટાં પડે ત્યારે કોઈ ઊહાપોહ જોવા નથી મળતો. આમ જાગતિક દૃષ્ટિએ જોઈએ તો લગ્નપ્રથા ઢીલી પડી રહી છે. ભારતમાં એ હજી ધરખમ જણાય છે. ઘણા દેશોમાં સ્ત્રી-પુરુષને સાથે જીવવા માટે લગ્નની ગરજ નથી હોતી ત્યાંય લગ્નો થાય છે.'

'પણ સંતાનોનું શું ?'

'લગ્ન વગરની મિત્રતા સામે લોકોને એક પ્રામાણિક વાંધો છે. અને તે સંતાનોના ભવિષ્ય અંગેનો છે. આ પ્રશ્નની ગંભીરતા હું સ્વીકારું છું. આ દેશમાં આજેય "મારાં, તારાં અને આપણાં" સંતાનો ધરાવતાં લાખો યુગલો હશે. મુનશીએ તો આ વાતને ખાસ્સી જાણીતી બનાવી. પ્રશ્ન એ છે કે નવો મિત્ર, સ્ત્રીની આંગળી ઝાલીને આવેલાં બીજા કોઈને સંતાનોને સ્વીકારી શકે ખરો ? હું કહું છું કે આ શક્ય છે અને એવા કેટલાય દાખલાઓ હું જાણું છું.'

'તો પછી તમે સરળ પુનર્લગ્નની હિમાયત કરો ને ?'

'લગ્ન આપણે ત્યાં પતિને પત્નીનો માલિક બનાવી મૂકે છે. સ્ત્રીમાં પણ એ "પઝેશન"ની ભાવનાનું આરોપણ કરે છે. એસ.ટી. બસમાં મુસાફરી કરતી વખતે ત્રણ બેઠકોવાળી ગાદી પર પત્ની પાસે જો બીજા પુરુષને બેસવાનું થાય તો જગ્યાની અદલાબદલી કરીને વચમાં ગોઠવાઈ જતાં માણસોને મેં જોયા છે. આવી માલિકીની ભાવના પશ્ચિમમાં જોવા મળતી નથી.'

'જડબેસલાક લગ્નપ્રથામાંથી સાવકાં બાળકોની સમસ્યા ઊભી થાય છે. સાવકી માતા પર આપણે ત્યાં સૌથી વધુ કથા લખાઈ હશે. લગ્ન આપણને બધી રીતે અનુદાર બનાવી મૂકે છે તેથી જ તો "શેતલને કાંઠે" જેવી એકાદ કથાને આપણે ચગાવતાં રહીએ છીએ.'

'નિર્દોષભાઈ, તમે પરશુરામની જેમ લગ્નની સામે પડ્યા છો કે શું ? શું પૃથ્વીને તમે "નલગ્ની" કરવા માગો છો ?'

'ના, નહીં જ. હું આપઘાતને પણ માણસના મૂળભૂત અધિકારની વાત ગણું છું. મને વ્યક્તિની નિર્ભેળ સ્વતંત્રતામાં એટલી ઊંડી શ્રદ્ધા છે કે જો કોઈ લગ્ન કરીને સુખી થઈ શકતું હોય તો હું

વચ્ચે ન જ આવું. લગ્ન ન કરવાની સ્વતંત્રતા જેટલી જ લગ્ન કરવાની સ્વતંત્રતા પણ મૂલ્યવાન છે. લગ્ન વગર પણ સ્ત્રી-પુરુષ સાથે જીવી શકે અને બાળકોને ઉછેરી શકે એવી સમાજરચનામાં હું માનું છું. પશ્ચિમના ઘણા દેશોમાં આવું થતું જાય છે.'

'અપરિણીત માતાઓની સમસ્યા અંગે તમે શું માનો છો ?'

'મારી કલ્પનાના સમાજમાં આ સમસ્યાને કોઈ અવકાશ જ નથી. તમને કદાચ ન ગમે પણ કુંતી પણ આવી એક માતા હતી. એણે કર્ણને પેટીમાં મૂકીને નદીમાં તરતો છોડેલો અને આજેય આવી કોઈ માતા નવજાત શિશુને રસ્તાના ગરનાળા આગળ મૂકી આવે છે. આમ પાંચ હજાર વર્ષમાં શું ફેર પડ્યો !

'મૂળ વાત એમ છે કે લગ્ન નહીં તો બાળક નહીં એવો નિયમ કુદરતે નથી બનાવ્યો. એ માણસે ઊભી કરેલી માયાજાળ છે. તમે લગ્નને એક વાર de-emphasize કરો, ગૌણ બનાવી દો પછી આવી ઘણી સમસ્યાઓ ઊકલી જશે. હા, થોડી નવી સમસ્યાઓ જરૂર ઊભી થવાની. યાદ રહે કે હું લગ્ન વગરના સમાજનો ચાહક છું; સમસ્યા વગરના સમાજનો પુરસ્કર્તા નથી.'

'નિર્દોષભાઈ, મેં તમારો ઘણો સમય લીધો. ફોટો હું પછી મેળવી લઈશ. મુલાકાત છપાય ત્યારે એ અંક આપને જાતે આવીને આપી જઈશ. મારા તૈયાર રાખેલા પ્રશ્નો તો બાજુએ રહી ગયા પણ એ જ સારું થયું. હું તમારી હવે રજા લઈશ.'

પ્રતીક્ષા જવાની તૈયારી કરતી હતી ત્યાં જ આસ્થાએ પ્રવેશ કર્યો. ઔપચારિક પરિચય પછી પ્રતીક્ષાએ વિદાય લીધી.

'આસ્થા, તું થોડી મોડી પડી. આ છોકરી મારો ઈન્ટરવ્યૂ લેવા આવી હતી. તું હોત તો મેં એને જલદી વિદાય કરી હોત. બાને કેમ છે ?'

'ઘણું સારું છે; પરંતુ એક જણે બા પાસે રહેવું જ પડશે.'

'આજે આખો દિવસ ડૉક્ટરોએ તપાસ ચાલુ રાખી અને સાંજે તો કૉલેજના બીજા મિત્રો પણ આવ્યા હતા. હવે તું આવી એટલે જાણે દિવસ સુધરી ગયો.'

'હું બે કલાક માટે આવી છું. રાત્રે સાડા દશ સુધીમાં મારે પાછું જઈ રહેવાનું છે. પેલો પત્ર વાંચ્યા પછી રહેવાયું નહીં તેથી આવી પહોંચી. એ પત્ર મેં કંઈ નહીં તો દસ વખત વાંચ્યો હશે, નિર્દોષ ! આઈ એમ રિયલી પ્રાઉડ ઑફ યુ. પણ મારે વાત તો બીજી કરવી છે.'

'શી વાત કરવી છે ?'

'બા સાથે ઘણી વાતો થઈ ગઈ.'

'ખરેખર ?'

'હા. વળી તમે યાસ્મિન સાથે આવી ગયા તે પણ સારું થયું. બાએ તમને પસંદ કર્યા એટલું જ નહીં, મને બધી વાતે નિરાંત આપી દીધી હોય એવી છાપ પડી. મારા હૈયા પરથી જાણે એક મોટો હિમાલય ખસી ગયો.'

'આસ્થા ! એક હિમાલય તો ખસ્યો, પણ બીજો હિમાલય તૈયાર જ છે. કાલે બ્રોન્કોગ્રાફીનું પરિણામ જણાશે. કાલે જ બીજો હિમાલય તારા પર તૂટી પડે એમ બને.'

'હું સીધાં ચઢાણે ચાલીને હવે થાકી ગઈ છું. કાલે શું થશે તે વિચારે આજેય હું ઊંઘી નહીં શકું.'

'હુંય જાગતો જ પડી રહું છું અને તારે વિશે વિચારતો રહું છું.'

'ઉજાગરા મારો કેડો છોડતા નથી.'

'મને ઘણી વાર એક વિચાર આવે છે.'

'શું ?'

'આ વિષાદયોગ વખતે મારી સાથે તું ન હોત તો મારું શું થાત ?'

આટલું બોલતાં તો નિર્દોષ ગળગળો થઈ ગયો.

નિર્દોષને આમ ઢીલો થઈ જતો જોવાનો આસ્થા માટે આ પહેલો પ્રસંગ હતો. એ ઊઠી અને પાણીનો ગ્લાસ લઈ આવી.

બંને ક્યાંય સુધી મૂંગાં બેસી રહ્યાં.

છેવટે નિર્દોષે જ શરૂ કર્યું :

'આસ્થા ! કાલે તું આવી શકીશ ખરી ?'

'તું કહે ત્યારે હાજર થવા તૈયાર છું.'

બાની સાથે કોણ રહેશે ?'

'એ વ્યવસ્થા હું કરી લઈશ.'

'તેં બાને બધી જ વાત કરી દીધી છે ?'

'હું સમજી નહીં.'

'કૅન્સરની વાત પણ કરી દીધી છે ?'

'ના, ના. એટલું છુપાવ્યું છે.'

'કાલે ડૉક્ટર બ્રૉન્કોગ્રાફીનું પરિણામ જણાવે ત્યારે તું મારી પડખે ઊભી હોય તે મને ગમશે.'

'એ અંગે હું પણ એટલી જ કીન છું, નિર્દોષ !'

'કાલે સવારે દસ સુધીમાં આવી શકે ?'

'બાઈ ઑલ મીન્સ.'

'દુઃખદ સમાચાર. હું હવે એકલો નહીં જીરવી શકું.'

'અને સુખદ સમાચાર હોય તો !'

'તોય એને એકલો નહીં ઝીલી શકું.' નિર્દોષ ફરી ગળગળો થઈ ગયો.

થોડી વાર પછી આસ્થાએ ઘડિયાળમાં જોયું. અગિયાર થવા આવ્યા હતા.

'આસ્થા, ઘડિયાળ અળખામણી લાગે એવી ચંદ પળો જ જીવનની ખરી પળો હોય છે ને !'

'નિર્દોષ, હવે મારે જવું જોઈએ; પહોંચતાં સાડા અગિયાર થશે. ટૅક્સી જલદી નથી મળતી.'

'રાત રોકાઈ જવાનું ન કહેવાનું મારું વચન હું પાળું છું.'

'ઓહ નો ! બાને સારું થાય પછી અહીં રોકાઈ જવા માટે મારે જૂઠું નહીં બોલવું પડે.'

'શું તું કૅન્સરની વાત કહી શકીશ ?'

'ના. હું હૉસ્પિટલમાં રોકાવાની છું એટલું તો છુપાવવું જ રહ્યું. ભગવાન કરે ને કૅન્સર જ અદૃશ્ય થાય તો હું પછી સાચ્ચું બોલી શકીશ.'

'પછી ?'

'પછી તો વાઘેચા...તાપી...અને તાપીના પાણીમાં પગ બોળીને બેસી રહીશું.'

'એ દિવસ આવશે ખરો ?'

'મારી શ્રદ્ધા અફર છે.'

'તારી શ્રદ્ધા અફર હશે પણ મારી આશા અમર નથી.'

'હું આજે આખી રાત પ્રાર્થનામાં વિતાવીશ.'

'હા. તું ભગવાનને જેટલા મસ્કા મરાય તેટલા મારી લે.'

'હું મસ્કા નથી મારતી. હું તો...'

'તું તો સીધી ભીખ માગે છે, મારા જીવનની ભીખ.'

'હા એમ જ.'

'યુ આર ગ્રેટ, આસ્થા !'

રૂમના બારણા સુધી જઈને આસ્થા પાછી આવી.

બે મિનિટ માટે બંને થંભી ગયાં.

રાત પણ થંભી ગઈ.

વિચારો થંભી ગયા.

વાણી થંભી ગઈ.

માત્ર છત પરનો પંખો ઝડપભેર ફરી રહ્યો હતો.

જાણે પોતે જ કાળચક્ર ન હોય !

૯

મહામૃત્યુમાંથી અમૃત સમીપે

આજે નિર્દોષ ખૂબ જ વહેલો ઊઠ્યો.

નાહીધોઈને એ પરવારી ગયો ત્યારે પાંચના ટકોરા થયા હતા. આસ્થા સાત અને આઠની વચ્ચે આવવાની હતી. આખી હૉસ્પિટલ હજી શાંત હતી. મુંબઈ પણ હજી પૂરું જાગ્યું ન હતું.

નિર્દોષ એક અનોખા પ્રકારની સ્ફૂર્તિનો અનુભવ કરી રહ્યો હતો. એ ભાગ્યે જ પ્રાર્થના કરતો. ક્યારેક અંદરથી પ્રાર્થના ઊગે ત્યારે એ આંખો મીંચીને બેસી રહેતો. આજે એના હૃદયના ખૂણેખૂણેથી પ્રાર્થના ઊગી રહી હતી.

એ કોઈ ખાસ મંત્ર કે શ્લોક બોલીને પ્રાર્થના નહોતો કરતો. કોઈકના હૃદયમાં ઊગેલી પ્રાર્થના ગમે તેટલી સારી હોય તોય બીજી વ્યક્તિ માટે વાસી બની જાય છે એવું એ માનતો. પ્રત્યેક વ્યક્તિના હૃદયમાંથી જે તે સમયે જે ભાવ ઊઠે અને જે પ્રાર્થના ફૂટે એ કોયલના ટહુકા જેવી સાચી (genuine) હોય છે એવું એ બીજાંઓને સમજાવતો.

છતાંય આજે ઊઠ્યો ત્યારથી એ ન્હાનાલાલની પંક્તિઓ ગણગણ્યા કરતો હતો :

ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા;
અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા;
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા.

આ પંક્તિઓનું રટણ એણે પહેલાં પણ ઘણી વાર કર્યું હતું. નિશાળની પ્રાર્થનામાં તો એ રોજ ગવાતી હતી. અમુક પંક્તિઓ મોઢે થઈ જાય પછી એ કેટલી પારકી રહી જવા પામે છે !

આજે આ પંક્તિઓ એને પોતીકી લાગતી હતી; એટલું જ નહીં એના અસ્તિત્વનો એક ટુકડો હોય એટલી જીવતી લાગતી હતી. એના રોમેરોમથી આ પંક્તિઓ વૃક્ષને કલરવ ફૂટે એમ ફૂટતી હતી. કદાચ એના જીવનમાં પ્રથમ વાર પ્રાર્થના આટલી સઘન અને ઊંડી બની શકી હતી.

એ ઘડીભર પ્રાર્થનામય બની રહ્યો. સવાર પડી ગઈ એનો ખ્યાલ તો યાસ્મિન આવી ત્યારે જ એને આવ્યો.

'ગુડ મોર્નિંગ, નિર્દોષભાઈ.'

'ગુડ મોર્નિંગ.'

'રાતે બરાબર ઊંઘ આવી હતી ?'

'બરાબર તો નહીં પણ આવી હતી ખરી.'

'આજે એકથી બેના ગાળામાં ડૉક્ટર નાગર બ્રૉન્કોગ્રાફીનો રિપોર્ટ લઈને અહીં આવશે.'

'યાસ્મિન, ખુદાનું ધાર્યું થશે.'

'નિર્દોષભાઈ, આ નાચીઝ ગરીબની દુઆ તમારી સાથે જ છે.'

નિર્દોષના હાથમાં હાથ મૂકીને યાસ્મિને કહ્યું.

'થૅન્ક યૂ યાસ્મિન.'

'ખુદા હાફિઝ.'

યાસ્મિન ગઈ એટલે નિર્દોષ એકલો પડ્યો.

પ્રાર્થના ઢીલી પડી અને નિર્દોષ આસ્થાના વિચારે ચઢ્યો. બરાબર પોણા આઠે થરમોસમાં ગરમ કૉફી લઈને આસ્થા આવી પહોંચી. ગરમ કૉફી પીતાં પીતાં વાતો શરૂ થઈ :

'બાને કેમ છે ?'

'ઘણું સારું છે.'

'મુંબઈની સવાર બહારના લોકો માને તેટલી ભંગાર નથી. હજી અહીં વૃક્ષો છે અને વૃક્ષો છે એટલે પક્ષીઓ પણ છે.'

'સાચી વાત છે.'

'પક્ષીઓને કારણે સવાર જીવતી બની જાય અને જીવતી સવારને જીવતા માણસો જ માણી શકે ને !'

'તેં ઊઠીને શું કર્યું ?'

'પ્રાર્થના.'

'અરે, વાહ ! વિચારોને બદલે આજે કાંઈ પ્રાર્થનાનો ચાન્સ લાગ્યો ?'

'સારાસારા વિચારો કરવા એ પણ એક પ્રાર્થના જ છે ને !'

'હા, તદ્દન સાચું.'

'મેં મૃત્યુ સાથે ભાઈબંધી કેળવી લેવાના વિચારો કર્યા. મૃત્યુ આવવાનું હોય તોય એ ટાળી શકાય તેમ નથી; તો પછી હસતાં હસતાં મરવું એ જ ઉત્તમ ગણાય.'

'અને બચી જવાય તો ?'

'બચી જવાય તો બાકીનું જીવન એક એક ક્ષણનો કસ કાઢતાં હોઈએ એ રીતે જીવવું.'

'હં, એક વાત રહી ગઈ.'

'શું ?'

'આ ગુલાબ લાવી છું તે તમારે માટે બાએ મોકલાવ્યાં છે.'

'ખરેખર ?'

'એનો અર્થ એ કે મેં બાને એક જ મુલાકાતમાં પ્રભાવિત કર્યાં, નહીં ?'

'બાની દીકરીનું પણ એવું જ થયું હતું ને !'

'દેખાવડો હોવા વિશે મને શંકા રહ્યા કરતી હતી. હવે તો માનવું પડશે કે હું છેક કાર્ટૂન નથી.'

'મારી પાસેથી વખાણ સાંભળવા માટે આવો પેંતરો રચવાની જરૂર નથી. આવા પ્રયત્ન વગર પણ હું તમને દેખાવડા ગણવા અને જગતને એ વાત જાહેર કરવા તૈયાર છું.' આસ્થા આટલું બોલી રહે ત્યાં સુધીમાં તો નિર્દોષે એને એક પ્રગાઢ આશ્લેષની નવાજેશ કરી પણ દીધી હતી.

'આસ્થા, ડૉક્ટર નાગર આજે એકથી બેના ગાળામાં બ્રૉન્કોગ્રાફીનું પરિણામ કહેવા આવવાના છે.'

'મને બધી ખબર છે. હું યાસ્મિનને મળીને જ આવી છું.'

'તને શું લાગે છે ?'

'હું તો શ્રદ્ધાથી ઊભરાતા વાસણ જેવી છું.' આસ્થાએ નીચી ઢાળેલી નજર રાખીને કહ્યું.

'ત્રણ શક્યતાઓ છે.'

'કઈ કઈ ?'

'પાસ જાહેર થાઉં એ એક શક્યતા અને નાપાસ જાહેર થાઉં એ બીજી શક્યતા.'

'ત્રીજી શક્યતા કઈ ?'

'એ.ટી.કે.ટી.'

'તમારે તો પ્રોફેસર બનવું જોઈતું હતું. ઈન્સ્યોરન્સ સાથે તમારે શી લેવાદેવા ?'

'મારો વીમો પાકે એવી શક્યતા ખૂબ જ ઊજળી છે.'

'વીમો પાકે એના કરતાં તો જીવન પાકે એટલે કે પક્વ બને એમાં મને વધારે રસ છે.'

'નવલકથામાં શોભે એવું આ વાક્ય તારા મોંમાંથી કેટલું સહજ રીતે નીકળી પડ્યું. !'

'હું ભલે નવલકથાકાર ન હોઉં; એક નવલકથાકારની હૃદયસામ્રાજ્ઞી તો છું જ ને !'

'આસ્થા, તારી હાજરીમાં હું મૃત્યુને ભૂલી શકું છું. સાક્ષાત્ જીવનની હાજરીમાં મૃત્યુની તે શી મજાલ કે ટકી શકે !'

'હું જો તારું જીવન બની શકતી હોઉં તો મૃત્યુને ઘોળીને પી જવા તૈયાર છું.'

'તારા વગરના જીવનને હું જીવન ગણવા તૈયાર છું એમ કેમ માની લીધું ?'

'હું સતી થવામાં જરાય માનતી નથી; પરંતુ જો સહમૃત્યુ આવી પડે તો હું એને હોંશથી વધાવી લઉં.'

'સહજીવન અને સહમૃત્યુ બહુ ઓછા યુગલોને મળે છે.'

'યાસ્મિન કાલે બાની ખબર કાઢવા આવી હતી ત્યારે એક સાધુની વાત કરતી હતી.'

'યાસ્મિનને વળી સાધુમાં પણ રસ છે કે શું ?'

'હા, એ સાધુનું નામ છે સ્વામી સત્યાનંદ. લોનાવાલા એક ઓરડીમાં રહે છે અને ભજન-ધ્યાનમાં મગ્ન રહે છે. તમે સારા થઈ જાઓ પછી યાસ્મિન આપણને ત્યાં લઈ જવાની છે.'

'હું સારો થઈ જાઉં પછી જ લઈ જશે ને ?'

'તું સારો જ થઈ જવાનો છે. એ તો મહિને એકાદવાર જોસેફ સાથે ત્યાં જાય છે.'

'મુંબઈમાં આ રીતે એકાદ સંત સાથે સંબંધ રાખવાનું સામાન્ય થતું જાય છે. દરેક ધનવાનને કે ફિલ્મ અદાકારને એક સંતનું રક્ષણ હોય છે.'

'મને તો સંતો પાસે જવાનું, તેમની સાથે વાતો કરવાનું અને એવી જગ્યાએ રહેવાનું ખૂબ જ ગમે છે.'

'એક ચેઈન્જ ખાતર એ શોખ ખોટો નથી.'

'ના, હં કે ! હું આવા સત્સંગને કાયમી બનાવવા તૈયાર છું. પછી માત્ર ચેઈન્જ ખાતર મુંબઈ આવવાનું થાય એમ બને.'

'તું ખરેખર આવું વિચારે છે કે શું ?'

'આઈ એમ ડેડ સિરિયસ, નિર્દોષ.'

'યાસ્મિન અને તારું મન રાખવા ખાતર હું સ્વામી સત્યાનંદ પાસે જવા તૈયાર છું.'

'કેમ, તને એ બિલકુલ ગમતું નથી ?'

'મને સ્વામી કરતાંય લોનાવાલાના લીલા ઢોળાવોનું અને ત્યાંની ધુમ્મસથી છલોછલ ભરેલી ખીણનું વધારે આકર્ષણ છે. આમ સ્વામીજીની મુલાકાત એક બાઈપ્રોડક્ટ તરીકે ખોટી નહીં.' નિર્દોષે પોતાનો અણગમો છુપાવવાની ઝાઝી કોશિશ ન કરી.

'યાસ્મિન કહે તે જો સાચું હોય તો તમને એ સંતને મળવાનું જરૂર ગમશે.'

'આસ્થા, સાચા સંતને પામવાનું આજે લગભગ દોહ્યલું બની ગયું છે. છીપમાં પાકેલાં સાચાં મોતીને બદલે તો આજે કલ્ચર્ડ મોતીની બોલબાલા જણાય છે.'

'તર્ક અને શ્રદ્ધા વચ્ચે આ જ ખરી તકરાર છે.'

'મને તો સંત કરતાંય એક વૃક્ષ પર વધારે વિશ્વાસ બેસે છે.'

'ચાલો કંઈ નહીં. અમે સ્વામીજીને મળવા લોનાવાલા જઈશું અને તું વૃક્ષોને મળવા સાથે આવજે. એ બહાને સાથે તો જઈશું ને !'

'તું સાથે હોય તો હું સહારાના રણમાંય જવા તૈયાર છું.'

'સહરા સુધી જવાની જરૂર નથી. માત્ર લોનાવાલા સુધી આવો તોય બસ છે.'

'બા મારા અંગે શું કહેતાં હતાં ?'

'મેં બાને "શમણાંના ઉપવનમાં" વાંચી સંભળાવી.'

'સાચું કહે છે ?'

'નવલકથા તો ગમી જ; પણ એનો લેખક પણ બાને ગમી ગયો હોય એમ લાગ્યું. આ તો મારી માન્યતા છે.'

'એક વાત પૂછું ?'

'કેમ આટલી પ્રશંસા ઓછી છે ?'

'બાને કૅન્સરની ખબર તો નથી ને !'

'મેં એ વાત કરી નથી.'

'કેમ ?'

'હજી કૅન્સર અંગે ડૉક્ટરોને પણ પૂરી ખબર નથી અને દરદીને પણ નથી.'

'કૅન્સર હજી હકીકત નથી બન્યું પણ એ અંગે વહેમ છે એ તો હકીકત છે ને !" નિર્દોષે તર્કનો આશરો લીધો.

'વહેમ અને હકીકત એક સાથે રહી જ ન શકે.'

'બા મને સ્વીકારી શકશે ? મારા કૅન્સરને તેઓ કદી નહીં સ્વીકારે.'

'તમને સત્યવાન થવાનો ભારે શોખ જણાય છે.'

'મને ખરો શોખ તો આસ્થાનો છે.'

'મૃત્યુ તમે માનો છો એટલું સસ્તું નથી.'

'તું માને છે એટલું એ દોહ્યલું પણ નથી ને !'

'જે હશે તે આજે જણાશે. પછીની વાત પછી.'

'સાવિત્રીની માફક તું યમરાજ સાથે વિવાદ તો નહીં કરે ને ?'

'કદી નહીં. સાવિત્રી સત્યવાનની પત્ની હતી, પ્રેયસી નહોતી.'

'એટલે કે તું મને ફરી જીવતો કરવાનો પ્રયત્ન નહીં કરે !'

'ના, હું તેમ નહીં કરું. હું તો એવું ઈચ્છું છું કે આપણે બેઉ મૃત્યુ નામના દેશના પર્યટને સાથે ચાલી નીકળીએ.'

'મેં તને કહ્યું તો ખરું કે તું હોય પછી મૃત્યુની મજાલ નથી જ કે એ મારી પાસે આવી શકે. હું તારી હાજરી સતત ઝંખું છું તેનું રહસ્ય હવે સમજાયું ?'

'તું હવે થોડો આરામ કર. હું યાસ્મિન પાસે એક આંટો મારી આવું. તે પણ ડૉક્ટર નાગર શું કહે છે તે જાણવા આતુર છે.'

'હવે માત્ર દોઢ કલાકનો જ પ્રશ્ન છે.'

બારના ટકોરા થયા. આસ્થા યાસ્મિન પાસે ગઈ.

નિર્દોષ ફરીથી રૂમમાં એકલો પડ્યો. એકલો પડ્યો એટલે વિચારે ચઢ્યો જ સમજો !

'ડૉક્ટર નાગર હવે ગમે ત્યારે આવી રહેશે.

એમના બેચાર શબ્દો નિર્દોષના અસ્તિત્વ માટે નિર્ણાયક બની રહેવાના હતા.

'પાસ...નાપાસ કે પછી એ.ટી.કે.ટી. !'

'બરાબર સવાબે અને પાંચે ડૉક્ટર નાગર આવી પહોંચ્યા. યાસ્મિન એમની સાથે હતી.

આખો ઓરડો ગંભીર બની ગયો.

'મિસ્ટર, ઉપાધ્યાય, બ્રોન્કોગ્રાફી પરથી કશો જ નિર્ણયાત્મક નિષ્કર્ષ તારવી શકાયો નથી.' ડૉક્ટર નાગરે ગંભીર વદને માત્ર ગણતરીના જ શબ્દો કહ્યા.

'એટલે મારે શું સમજવાનું, ડૉક્ટર !'

'આપણે જ્યાં હતાં ત્યાં જ છીએ. મેલિગ્નન્સી હજી વહેમ છે, હકીકત નથી. એનો પ્રકાર નક્કી નથી કરી શકાયો.'

'હવે શું કરવાનું રહે છે ?'

'હવે તમારો કેસ કાર્ડિયોથોરેસિક સર્જનને સુપરત કરીશું.'

'તેઓ શું કરશે ?' નિર્દોષે પૂછ્યું.

'તેઓની તપાસ બીજા ત્રણેક અઠવાડિયાં ચાલશે. કાર્ડિયોથોરેસિક સર્જન એટલે કે છાતીના નિષ્ણાત. એમની તપાસ

પૂરી કરે પછી જ આપણે ચોક્કસ રીતે કહી શકીએ કે કૅન્સર કઈ જાતનું છે.' ડૉક્ટર નાગર એક એક શબ્દ જોખીજોખીને બોલતા હતા.

'આ નિષ્ણાત માત્ર તપાસ કરશે કે ઑપરેશન પણ કરશે ?' નિર્દોષે પૂછ્યું.

'હું માનું છું કે તેઓ ઑપરેશન કરી છાતીમાંથી ગાંઠનો એક નાનો ટુકડો કાઢશે.'

'એ ઑપરેશન મેજર ગણાય કે ?'

'હા, મેજર તો ગણાય; પરંતુ એ સફળ થાય એવી શક્યતા ઠીક ઠીક રહે છે.'

'ડૉક્ટર ! આ અનિર્ણાયકતાનો અંત ક્યારે ?' નિર્દોષે સહજ અકળાઈને પૂછ્યું.

'મિસ્ટર ઉપાધ્યાય, આ અનિર્ણાયકતા પેલી ભયાનક નિર્ણાયકતા કરતાં અનેકગણી વધારે સારી ગણાય. તમે હજી બાજી ગુમાવી નથી એ શું ઓછું છે !' ડૉક્ટર નાગરે ખૂબ શાંતિથી આટલા શબ્દો કહ્યા.

'આ જીવનમરણનો સસ્પેન્સ મને રાતદિવસ કોરી ખાય છે. મારે હવે કેટલા સૂર્યાસ્ત જોવાના છે તે હું જાણી લેવા માગું છું. મને ખોટા આશ્વાસન કરતાં સાચી માહિતીની વધારે જરૂર છે.' નિર્દોષના એક એક શબ્દમાં ઘૂંટાઈ ઘૂંટાઈને ઘટ્ટ થઈ ગયેલી વ્યથા હતી.

'હું તમારી સ્થિતિ સમજું છું. મેં ખોટું આશ્વાસન આપ્યું નથી. બ્રૉન્કોગ્રાફીના રિપોર્ટને આધારે મેં જ સાચું આશ્વાસન મેળવ્યું છે. તમે ખૂબ જીવો એમાં મને નહીં બીજા અનેક લોકોને રસ છે. વિચાર કરો, આજે અમુક જાતનું કૅન્સર એસ્ટાબ્લિશ થઈ ગયું હોત તો ?'

'એટલે કે આજનું મોત કાલ પર ગયું.'

'મિસ્ટર, મેં તમને તે દિવસે નહોતું કહ્યું કે અમે ડૉક્ટરો દરદી મરે નહીં ત્યાં સુધી મોતનો સ્વીકાર કરતા નથી.'

'એ વાત સાચી છે.'

'ભાઈ, જરા ભગવાન પર અને અમારા પર થોડી શ્રદ્ધા રાખો. ત્રણેક અઠવાડિયાં સુધી ધીરજ રાખો. અમારે તમારા સહકારની ઘણી

જરૂર છે. મિસ આસ્થા ! તમે શું કહો છો ?' ડૉક્ટર નાગર સૌના આઘાતને હળવો બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

'ડૉક્ટર સાહેબ, હું મોત પહેલાં મરવામાં માનતી નથી.'

'ધેર યુ આર.' ડૉક્ટર નાગરે વાત પકડી લીધી.

'આજે ભલે શુભ સમાચાર ન મળ્યા; પરંતુ અશુભ સમાચાર ન મળ્યા તે પણ ભગવાનની કૃપા. આ રીતે ત્રણ અઠવાડિયાં તો શું ત્રીસ વર્ષ પણ રાહ જોવા હું તો તૈયાર છું. નિર્દોષે જ એક વાર મને કહેલું કે તારે છાતી પર પથ્થર નથી મૂકવાનો, છાતી જ પથ્થરની બનાવવાની છે. હું તો આખી જ પથ્થર બનતી જાઉં છું. પથ્થરના જીવનમાં ત્રણ અઠવાડિયાંનો શો હિસાબ !' આટલું કહેતાં તો આસ્થાને ડૂમો ભરાઈ આવ્યો.

યાસ્મિને આસ્થા તથા નિર્દોષને પાણી પાયું.

ડૉક્ટર નાગર નિર્દોષનો ખભો થાબડીને વિદાય થયા. રૂમની બહાર લૉબીને છેડે સુધી એમને વળાવવા ગયેલી આસ્થાને એમણે કહ્યું : 'આપણે પ્રાર્થના સિવાય શું કરી શકીએ ? બાકી ગુજરાતને હજી થોડીક સારી નવલકથાઓ આપવા માટે એમણે લાંબું જીવવું જ રહ્યું. વિ શેલ ટ્રાય અવર બેસ્ટ. લેટ્સ હોપ; વિ શેલ ઓવરકમ.'

'થૅન્ક્સ એ લૉટ ડૉક્ટર ! આટલા બધા માણસોની શુભકામનાઓ છેક એળે નહીં જાય એવી મારી શ્રદ્ધા છે.' આસ્થાએ કહ્યું.

'મિસ આસ્થા, ગૉડ ઈઝ ગ્રેટ.'

આસ્થા રૂમમાં પાછી આવી. નિર્દોષ પથારીમાં આંખો મીંચીને સૂતો હતો. આસ્થા એને ખલેલ ન પહોંચે તે રીતે સામે ખુરશીમાં બેસી રહી. બેઠી બેઠી એ આંખો મીંચીને પડેલા નિર્દોષને નીરખી રહી હતી. આવા પુરુષનું પ્રિય પાત્ર બનાવવા બદલ એ મનોમન ગર્વ અનુભવી રહી હતી.

'તું કયારે આવી ગઈ ?'

'હું અહીં હતી. તમે સૂતા હતા તેથી જગાડ્યા નહીં.'

'હું ઊંઘતો નહોતો.'

'સહેજ જંપી ગયા હતા.'

'ના, પ્રાર્થના કરી રહ્યો હતો.'

'શેની પ્રાર્થના કરી રહ્યા હતા ?'

'પ્રાર્થનાને "શેની" સાથે સંબંધ નથી. પ્રાર્થના એટલે બસ પ્રાર્થના.'

'ચાલો કંઈ નહીં. તમને સંતોમાં શ્રદ્ધા નથી; પરંતુ પ્રાર્થનામાં તો છે એટલુંય બસ છે.'

'આસ્થા, હું ભગવાનને જે ટપાલ મોકલું તે કેર ઑફ નહીં, સીધી જ મોકલવામાં માનું છું.'

'મને એટલું તો કહો કે પત્રમાં લખવા શું ધારો છો.'

'એ તદ્દન ખાનગી અને અંગત બાબત છે.'

'મારાથી પણ ખાનગી.'

'હા, આસ્થા. આ યાત્રા એકલયાત્રા છે.'

'બિલકુલ ગલત.'

'હું ખોટો હોઈશ તો મને આનંદ થશે.'

'વિનોબા તો કહે છે કે આ સામૂહિક સાધનાનો યુગ છે.'

'મને એ સમજાતું નથી.'

'વસિષ્ઠ અને અરુંધતીની સાધના શું એકલયાત્રા હતી ?'

'તેઓ તો પતિ-પત્ની હતાં ને !' નિર્દોષનો સ્થાયીભાવ એકદમ સપાટી પર આવી પહોંચ્યો.

'તો પછી પતિ-પત્ની કરતાંય આપણા સંબંધોને તું ઊતરતા ગણે છે, એમ જ ને !'

'ના, ના, 'ના. સહસાધના માટે આપણા કરતાં પતિ-પત્નીના માર્ક્સ હું ખૂબ ઓછા મૂકું. – પણ તું તો મને ખાનગી વાત પૂછી રહી હતી ને ?'

'વાત બદલે તોય મને વાંધો નથી. બોલ, કહે મારાથી ખાનગી એવું તે ભગવાનને શું કહ્યું ?' આસ્થાએ જુબાની લેતી હોય એ ઢબે પૂછ્યું.

'કહું ?'

'હા, હા. કહેવું જ પડશે.'

'અને નહીં કહું તો !'

'તો હું સવિનય કાનૂનભંગ કરીશ.'

'એટલે ?'

'એટલે એમ કે ત્યાં સુધી હું આ રૂમ નહીં છોડું !'

'એ તો મને ભાવતી વાત છે. જા હવે તો નહીં જ કહું.'

'જો તું નહીં જ કહે તો એક સજા કરીશ.'

'આસ્થા, તું સજા કરે તેય મીઠી મધ જેવી લાગે. ફરમાવો મિ. લૉર્ડ !'

'જો મારાથી કશુંય ખાનગી રાખવાની વાત કરી છે તો તમારે મારી સાથે લગ્ન કરવાની સજા ભોગવવી પડશે, સમજ્યા ?'

'લગ્ન અને હું ?'

'હા, લગ્ન પછી જ આવાં ખાનગીવેડાની શરૂઆત થાય છે. એ ટાળવા માટે જ તો આપણે લગ્ન કરવાનું ટાળવા માંગીએ છીએ.'

'યસ મિ. લૉર્ડ.'

'તો પછી સીધેસીધું જે હોય તે કહી દે.'

'હું ક્યાં ના પાડું છું ?'

'હવે જે હોય તે કહી દે. બીજો બકવાસ બંધ.'

'યસ મિ. લૉર્ડ.'

'બોલો શી હતી એ ખાનગી વાત ?'

'કહું ?'

'હા, વિલંબ વગર કહે.'

'મેં ભગવાનને પ્રાર્થના કરી કે જ્યાં સુધી મારી પડખે આસ્થા નામની એક ઘટના મોજૂદ છે ત્યાં સુધી હું મરવા માગતો નથી. તારે મને મારવો જ હોય તો એ ઘટનાને મારી પાસેથી દૂર કર અને પછી જોકે હું આપોઆપ મરું છું કે નહીં.'

'નિર્દોષ !'

'માઇ ડિયર આસ્થા !'

'હું તારી પડખે છું અને રહીશ.'

'આઇ ટેઇક ઇટ ફોર ગ્રાન્ટેડ, ડાર્લિંગ !'

'હું તારી જ છું, નિર્દોષ !'

'તદ્દન ખોટી વાત.'

'શું કહ્યું ?'

'હું અને તું હવે ચંદ્ર અને ચાંદનીની માફક એક જ છીએ. બંનેને એમની વચ્ચેના ગુરુત્વાકર્ષણથી કોણ દૂર કરી શકે ?'

થોડીકવાર પછી યાસ્મિન આવી.

'નિર્દોષભાઈ, ડૉક્ટર નાગરે કહેવડાવ્યું છે કે હવે તમે બે જ દિવસમાં ઘરે જઈ શકો છો. વચ્ચે વચ્ચે જરૂર હશે ત્યારે આવી જજો. અને ઑપરેશન વખતે થોડા દિવસ રહેવાનું થશે તે અંગે પછી નિર્ણય લેવાશે.' યાસ્મિને એકીશ્વાસે સંદેશો પૂરો કર્યો.

'આસ્થા ! મારે હવે આ હૉસ્પિટલથી છૂટવું છે.' નિર્દોષે કહ્યું.

'આપણે ત્રણે ટૅક્સીમાં સાથે જ જઈશું.' આસ્થાએ કહ્યું.

'મરવા માટે ઘર જેવી બીજી ઉત્તમ જગ્યા જડવી મુશ્કેલ છે.' નિર્દોષે કહ્યું.

'મરવાનું અને મારવાનું નવલકથામાં હોય એટલું જીવનમાં સહેલું નથી હોતું.' આસ્થાએ અણગમો વ્યક્ત કરતાં કહ્યું.

વાતો ચાલતી હતી ત્યાં એક નર્સે આવીને યાસ્મિનના કાનમાં કંઈક કહ્યું.

યાસ્મિને એને 'આવું છું' કહીને વિદાય કરી.

થોડીકવાર રહીને યાસ્મિન ઊઠી. જતાં જતાં એણે કહ્યું :

'હું હવે રજા લઈશ.'

'કેમ કોઈ ઈમર્જન્સી આવી છે કે શું ?' નિર્દોષે પૂછ્યું.

'કોઈ પેશન્ટની તકલીફ શરૂ થઈ લાગે છે.' આસ્થા બોલી.

'નહીં, નહીં. આ તો મારા જ દિલની તકલીફ શરૂ થઈ છે.' યાસ્મિને આંખ ત્રાંસી કરીને નિર્દોષને કહ્યું.

'શી તકલીફ છે, યાસ્મિન ?'

'જોસેફ મને મળવા આવ્યો છે.' યાસ્મિન આટલું કહીને ઝડપથી ચાલી ગઈ.

❑

૧૦

આસ્થા અને યાસ્મિન

છેલ્લા થોડાક દિવસો દરમિયાન આસ્થા અને યાસ્મિન ખૂબ નજીક આવી ગયાં હતાં. ઉંમરનો તફાવત પણ ખાસ ન હતો. બંનેની ભ્રમણકક્ષા જુદી હતી છતાં કોઈક કળી ન શકાય એવાં કારણસર બંને વચ્ચે એક પ્રકારની આત્મીયતા કેળવાતી જતી હતી.

આસ્થાની કસોટીની ક્ષણોમાં યાસ્મિન પડખે ઊભી હતી. કોઈ ઋણાનુબંધને પરિણામે બંને નજીક આવી રહ્યાં હતાં.

યાસ્મિન પાસે વિદ્વત્તા ન હતી એ ખરું; પણ પારદર્શક ઋજુતાનો એ ભંડાર હતી. એની પાસે ભાષાનો વૈભવ ન હતો; પરંતુ લાગણીના અક્ષયપાત્ર જેવું હૃદય હતું. એની પાસે જીવનનાં ઉચ્ચતમ મૂલ્યો ન હતાં; પરંતુ જીવનને માણવા માટે જરૂરી એવાં જિગર અને અમી હતાં. એની પાસે ખાનદાનીના સ્પષ્ટ ખ્યાલો ન હતાં; પરંતુ સાચુકલી ખાનદાની હતી. એની લાગણીઓનો પરિચય એક વાર થઈ જાય પછી દોસ્તી છોડવી મુશ્કેલ બને એવો રુઆબદાર એનો ઠસ્સો હતો. એની હાજરી જ કોઈ દુઃખી કે ઘાયલને આશ્વાસન આપવા માટે પૂરતી હતી.

ઊજળો વાન, માંજરી મારકણી આંખો અને ભરાવદાર ઊંચું શરીર હૉસ્પિટલના કેટલાય ડૉક્ટરો તથા હાઉસમેનોને ગરજાળ બનાવી શકે એટલું પ્રભાવક હતું. ઑપરેશન કરતી વખતે યાસ્મિન ઑપરેશન થિયેટરમાં હોય એવો આગ્રહ ઘણા ડૉક્ટરો રાખતા.

દરદીઓ પર થોડો થોડો રુઆબ છાંટવાની એને ટેવ હતી. પોતાના ખાટલા પાસે યાસ્મિન આવે તે દરેક દરદીને ગમતું અને

આવ્યા પછી વધારે થોભે તે વધારે ગમતું. એનો જુસ્સો સહન કરીનેય દરદીઓ એને કોઈ ને કોઈ બહાને બોલાવતા.

મહિનાઓ સુધી જનરલ વૉર્ડના ખાટલામાં પડી રહેલા દરદીઓની પણ એક આગવી સૃષ્ટિ રચાઈ રહે છે. પાસેના ખાટલામાં સૂતેલો સમદુઃખિયો પછી તો દોસ્ત બની જાય છે. કોઈ દરદીને રજા મળે ત્યારે પાસે સૂતેલો પડોશી ગળગળો બની જાય છે.

બે દરદીઓ વચ્ચેની વાતચીતનો મુખ્ય વિષય ઘણુંખરું એ બંનેનું પૂરેપૂરું ધ્યાન ન રાખનારી નર્સ બની રહે છે. એ નર્સ જો વળી રૂપાળી હોય તો તો થઈ રહ્યું !

ઘણી સ્ત્રીઓ એવી તો જાજરમાન હોય છે કે એમનાં વાઈટલ સ્ટેટિસ્ટિક્સ ગૌણ બની જાય. તેઓની હાજરીમાં ઓરડો ભરેલો ભરેલો લાગે. તેઓના આગમનથી મહેફિલમાં જાન આવી જાય. તેઓની ગેરહાજરી ઘણા પુરુષો માટે છાનીછપની પ્રતીક્ષાનું કારણ બને. એમને તપાસતી વખતે ડૉક્ટરોને થોડી વધારે વાર લાગે. નોકરી માટે એમનો ઈન્ટરવ્યૂ લેનારા પણ એમને બે પ્રશ્ન વધારે પૂછે. એમની પાસે પૈસા છૂટા ન હોય તો ટૅક્સીવાળો થોડાક પૈસા ખુશીથી જતા કરે. એમનાં કપડાં સીવતી વખતે દરજી થોડી મીઠી બેચેની અનુભવે. અને ઘરે કપડાં આપવા આવેલો ધોબી પરચૂરણ ગણવામાં ગોથું ખાઈ જાય. પૂજારીને પણ ક્યારેક નજર ટેકવવાનું મન થાય એવી કોઈ સ્ત્રી ભગવાનનાં દર્શને આવે તે ગમતું નહિ હોય !

યાસ્મિન આવી એક જાજરમાન સ્ત્રી હતી.

નિર્દોષની નવલકથા વાંચ્યા પછી એ એની જબરી પ્રશંસક બની ગઈ હતી. નિર્દોષ બચી જાય તે માટે એ ખુદાને રોજ વીનવતી હતી. ધર્મ વિશે એનું જ્ઞાન ઝાઝું ન હતું; પરંતુ તેથી જ કદાચ એની શ્રદ્ધા વધારે ઊંડી હતી. એ ભોળી હતી; પરંતુ કોઈ જલદી છેતરી જાય એટલી ભોટ ન હતી. જીવનની થાપટો ખાઈ ખાઈને એ પાકટ બની હતી પણ પાક્કી નહોતી બની.

આસ્થા માટે તેના દિલમાં પારાવાર પ્રીતિ હતી અને નિર્દોષ માટે પૂજ્યભાવ હતો.

નિર્દોષ બચી જાય તે માટે બનતું બધું કરી છૂટવા એ તૈયાર હતી.

એક દિવસ એ ઓચિંતી નાણાવટી હૉસ્પિટલ પહોંચી ગઈ. બા સૂતાં હતાં એટલે આસ્થા સાથે એણે વાત માંડી :

'આસ્થા, એક વિચાર આવે છે. તું સંમત થાય તો તેના પર અમલ કરીએ.'

'શી વાત છે ?'

'બાને ખલેલ ન પહોંચે એટલા માટે થોડી વાર બહાર જઈશું ? પંદર મિનિટમાં આવી જઈશું.'

'જરૂર.'

બંને જણ એક હોટેલમાં ગયાં.

'કૉફી લઈશું ?' યાસ્મિને પ્રસ્તાવ મૂક્યો.

'આઈ ડોન્ટ માઈન્ડ.'

'કાલે રાત્રે મને એક વિચાર આવ્યો.'

'ગો અહેડ.'

'લોનાવાલામાં રહેતા સ્વામી સત્યાનંદની વાત તો મેં તને કરી હતી, યાદ છે ?'

'બરાબર યાદ છે. મેં નિર્દોષને પણ વાત કરી છે.'

'આપણે સ્વામીદાદા પાસે એક વાર જઈ આવીએ તો કેમ ?'

'નિર્દોષને કદાચ નહીં ગમે.'

'એમને જણાવીને જ જવું જોઈએ એવું ખરું ?'

'એને જણાવીને જવાનું મને ગમે.'

'ના પાડે તો ?'

'ના નહીં પાડે અને ના પાડે તોય આપણે જવું હોય તો જઈશું જ.'

'એમનું દિલ દુખાવીને નથી જવું.'

'એને છેતરવા કરતાં તો હું દિલ દુખાવવાનું પસંદ કરું.'

'આસ્થા ! જીવનમાં થોડુંક જૂઠું તો બોલવું પડે, નહીં તો આ દુનિયા જીવવા ન દે.' યાસ્મિને પોતાની દુનિયાદારી પ્રગટ કરી.

'માણસો વાતવાતમાં એકબીજાને છેતરે એ મને નથી ગમતું. પોતીકા માણસને છેતરવાનું તો વધારે ઘૃણાસ્પદ ગણાય. નિર્દોષને

નારાજ કરીનેય હુ લોનાવાલા આવવા તૈયાર છું. મને ખાતરી છે કે એ ના નહીં પાડે.'

'એ કામ તારું. એમાં હું નહીં પડું.'

'એ મારે માથે. બાકી નિર્દોષ મારું નહીં માને એ વાતમાં માલ નથી.'

કૉફી આવી ગઈ. એક રૂપિયા જેટલી મામૂલી રકમમાં બે જણને વાતો કરવા માટેનું નિમિત્ત પૂરું પાડવા માટે આવો સસ્તો ઉપાય મુંબઈમાં બીજો કયો હોઈ શકે ! આવા નિમિત્તની મુંબઈને ગરજ રહે છે.

'યાસ્મિન, લોનાવાલા જઈને આપણે કરવાનું છે શું ?'

'આપણે પૂના એક્ષપ્રેસમાં જઈએ અને સાંજે પાછાં ફરીએ. હું સ્વામીદાદાને આગળથી લખી દઉં. એમની સાથે બેઠા પછીય જો સમય મળે તો આમતેમ ફરીશું. જગ્યા સારી છે.'

'સ્વામીજી સાથે શું વાતો કરવાની છે ?'

'તને જે યોગ્ય લાગે તે. આપણા પ્રશ્નો એમની આગળ રજૂ કરી શકાય; એમના આશીર્વાદ લઈ શકાય.'

'મને મંજૂર છે. મને તો આવા સંતોને મળવાનું ખૂબ જ ગમે છે. મેં તો નિર્દોષને પણ વાત કરી રાખી છે. એને શ્રદ્ધા નથી પણ લોનાવાલાનું સૌંદર્ય જોવાને બહાને, એ સારો થઈ જાય પછી આવશે ખરો.'

'તો હું બધું ગોઠવું ?'

'જરૂર.'

'ક્યારે જઈશું ?'

'તારે ઑફ હોય તે દિવસે.'

'આવતા બુધવારે ફાવશે ?'

'કબૂલ છે.'

'હું સ્વામીદાદાને પત્ર લખી દઈશ અને ટિકિટ કઢાવી લઈશ.'

'પણ એક વાત: ટિકિટ મારે માથે.'

'ડોન્ટ બી સિલી.'

'સારું, પછી સમજી લઈશું.'

'મને વાઘેચા લઈ જાય ત્યારે ટિકિટ તું કઢાવજે, બસ !'

'જરૂર.'

'સ્વામીદાદાને બધી વાતો કરીશું. તેઓ પાસે નિર્દોષભાઈ માટે આશીર્વાદ માંગીશું.'

'તેઓ જ્યોતિષ જાણે છે ?'

'જાણે છે ખરા પણ એમાં બહુ પડતા નથી.'

'આપણે એ અંગે મૂગાં રહીશું.'

'મને ખાતરી છે કે તને એમની સાથે વાતો કરવામાં આનંદ આવશે.'

'તેઓ બહુ વિદ્વાન છે ?'

'એની ખબર પડે તેટલી અક્કલ મારામાં નથી.' યાસ્મિને સીધું જ કહી દીધું.

'તેઓ લોનાવાલા કેટલા વખતથી છે ?'

'છેલ્લાં ઘણાં વર્ષોથી.'

'તે પહેલાં ક્યાં હતાં ?'

'આબુ પર હાથીગુફામાં.'

'તે પહેલાં ?'

'થોડોક વખત ગિરનાર પણ રહેલા એવો મારો ખ્યાલ છે.'

'મૂળ ક્યાંના ?'

'ખબર નથી.'

'ઉંમર કેટલી હશે ?'

'સાઠથી સિત્તેર જેટલી.'

'યાસ્મિન, આપણે જઈએ જ. હું તો આ બે હૉસ્પિટલો વચ્ચે જાણે સેંડવિચ થઈ ગઈ. હવે એક જ હૉસ્પિટલ રહી છે તે સારું છે. નિર્દોષ ઘરે હોય તેથી થોડી રાહત રહેશે.'

'મારી જેમ કાયમ હૉસ્પિટલમાં જીવનારને શું લાગતું હશે ?'

'વાત સાચી છે. કાયમ દુઃખ, ચીસ, રુદન જોયા કરવાના !'

'હૉસ્પિટલ એવી જગ્યા છે જ્યાં માણસ હસવાની ખો ભૂલી જાય.'

'હા, યાસ્મિન. ત્યાં રડવાનું સહેલું છે અને હસવા માટે પુરુષાર્થ કરવો પડે.'

'બસ ત્યારે ! આવતા બુધવારે વિ.ટી. પર પૂના એક્ષપ્રેસ આગળ મળીશું. બાય.'

*　　*　　*

આસ્થા ડબ્બાની બહાર જ પ્લેટફૉર્મ પર ઊભી હતી. દૂરથી યાસ્મિનને આવતી એણે જોઈ. યાસ્મિન નજીક આવી ત્યારે એની સાથે આવેલા એક ફૂટડા યુવાન પર એની નજર પડી.

'આસ્થા, મીટ જૉસેફ – માય બૉયફ્રેન્ડ.' યાસ્મિને કહ્યું.

'નાઈસ ટુ મીટ યૂ.'

'જૉસેફ, આસ્થા ઈઝ માય ગર્લફ્રેન્ડ.' યાસ્મિને જોરથી હસી પડતાં કહ્યું.

'ના, ના. હું તો યાસ્મિનની બહેન છું.'

ગાડી ઊપડી ત્યાં સુધી ગપસપ ચાલતી રહી. ગાડી ઊપડી એટલે જૉસેફે આસ્થાને ખૂબ જ અદબથી કહ્યું :

'આસ્થાબહેન, આવજો. એન્જૉય ધ ટ્રિપ.'

'યાસ્મિન બારી પાસે બેઠી હતી. ગાડી ચાલુ થઈ પરંતુ ખૂબ જ ધીમી ગતિએ ઘસડાઈ રહી હતી. જૉસેફ દેખાતો બંધ થયો ત્યાં લગી યાસ્મિને બહાર ડોકું કાઢીને જોયા કર્યું.

ગાડીમાં ઝાઝી ભીડ ન હતી. આસ્થા થરમૉસમાં કૉફી લાવી હતી. બંને જણે નાસ્તો પતાવ્યો અને પછી વાતોએ વળગ્યાં.

'યાસ્મિન, જૉસેફ પુરુષ મજાનો લાગ્યો.'

'તને ગમ્યો ? મારો તો એ નશો છે.'

'તારા કુટુંબમાં કોણ કોણ છે ?'

'ઘરડાં સાસુ-સસરા અને એક નંગ પતિ.'

'કેમ એમ કહે છે ? છોકરાં ખરાં કે ?'

'છોકરાં નથી અને એવી કોઈ શક્યતા પણ નથી.'

'આઈ ઍમ સૉરી. પતિ શું કરે છે ?'

'ટિનના ડબ્બા બનાવવાનો ધંધો છે.'

'માણસો સારાં છે ને ?'

'મને કોઈ વાતનું દુઃખ નથી પણ...'

'પણ શું ?'

'માઈ હસબંડ ઈઝ ઈમ્પોટન્ટ.'

'ઓહ નો !'

'હકીકત કડવી છે; પણ સાચી છે.'

'તને સંતાન માટે ઉત્કટ ઈચ્છા ખરી ?'

'પહેલાં ખૂબ હતી; પરંતુ હવે તો થોડીક જ છે. મારા હસબંડ સંતાનને બદલે બહુ બહુ તો એક ટિનનો ડબ્બો જ આપી શકે એમ છે. ધીરે ધીરે મેં મન વાળી લીધું છે, પણ સેક્સ લાઈફ જ નહીં તેથી...'

'તેં સાને ગુરુજીની "મેના" ચોપડી વાંચી છે ?'

'ના. કેમ એમાં શું છે ?'

'એમાં નપુંસક પતિની મેના નામની પત્નીની કથા અને વ્યથા વર્ણવી છે.'

'તો તો મારે એ ચોપડી વાંચવાની જરાય જરૂર નથી.'

'કેમ ?'

'હું એ વાર્તા જીવી રહી છું, આસ્થા !' યાસ્મિને રૂમાલ વડે આંખ લૂછતાં લૂછતાં કહ્યું.

'પતિ સાથે તારે આ અંગે વાત થઈ છે ખરી ?'

'શરૂઆતમાં ઝઘડા થયેલા. પછી મેં પગ પર ઊભા રહેવાનો નિર્ણય કર્યો. બધાંની મરજી વિરુદ્ધ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં નર્સિંગનો કોર્સ કર્યો અને નોકરી લીધી.

'એ તેં ખૂબ સારું કર્યું.'

'હું ઘરમાં રહીને કંટાળી ગઈ હતી. દીવાલો મને ડરાવતી હતી. હસબંડ અને સસરાજી સવારે દુકાને જાય તે છેક રાત્રે નવ વાગ્યે આવે. આખો દિવસ શું કરવું ? અને દિવસ તો ગમે તેમ કરીને કાઢી નાખીએ. પણ રાત શી રીતે કાઢવી ?'

'તમે બંનેએ લગ્નસુખ બિલકુલ ભોગવ્યું જ નથી ?'

'એ અશક્ય હોય પછી પ્રશ્ન જ ક્યાં રહે છે ?'

'હવે ઝઘડા થાય છે ?'

'ખાસ નહીં. અપેક્ષા ન હોય ત્યાં ઝઘડા ક્યાંથી થાય ?'

'હું સમજી નહીં.'

'મેં એમની પાસે જાતીય સુખની આશા છોડી દીધી છે અને એમણે મારી પાસે વફાદારીની આશા છોડી દીધી છે.'

'ખરેખર ?'

'હું એમને રોજ જમાડું છું. અમે બંને એક જ રૂમમાં સૂઈ જઈએ છીએ અને છતાં અમારી વચ્ચે લાખો માઈલોનું અંતર રહી જાય છે.'

'પતિનું નામ ?'

'દાઉદ.'

'દાઉદ તને ચાહે છે ?'

'એઓ ચાહે છે અને હવે મને સમજે પણ છે.'

'કોઈ ડૉક્ટરને બતાવ્યું. ?'

'મુંબઈ સેક્સોલોજિસ્ટોને બતાવ્યું. દવાઓ પણ બહુ કરી. જડીબુટ્ટીઓ ખાધી. દોરાધાગા કર્યા પણ હવે એ બધી વાતોનો અંત આવી ગયો છે.'

'દાઉદને તારા બૉયફ્રેન્ડ વિશે ખબર ખરી ?'

'વીગતની ખબર નહીં; પરંતુ...'

'સમજી ગઈ.'

'તું જૉસેફને ક્યારે મળી ?'

'હું પહેલાં ખાનગી નર્સિંગહોમમાં હતી. જૉસેફને પગે ફ્રેકચર થયું હતું. પૂરો એક મહિનો એ મારી સારવાર હેઠળ હતો.'

'એ ક્યાં કામ કરે છે ?'

'બેસ્ટ કંપનીમાં.'

'એ પરણેલો છે ?'

'એને બે બાળકો છે.'

'તમે મિત્રો ક્યારથી બન્યાં ?'

'સારવારથી જ શરૂઆત થયેલી. મને એ જોતાં જ ગમી ગયેલો. મેં એનું ખાસ ધ્યાન રાખવા માંડ્યું. એણે મને કોઈ ને કોઈ

બહાને ખાટલા પાસે બોલાવવા માંડી. મેં કામને બહાને એના શરીરની થોડી વધારે સંભાળ રાખવા માંડી. હૉસ્પિટલમાંથી રજા મળી પછીય એણે મને મળવાનું ચાલુ જ રાખ્યું.'

'સમજી ગઈ.' આસ્થા બોલી.

'એની પત્ની ભારે લઢકણી અને વઢકણી છે. એ જૉસેફની ખબર લેવા આવતી ત્યારેય ખરેખર તો ખબર જ લઈ નાખતી.'

'પત્ની શું કામ કરે છે ?'

'ઘણી સાથે ગમે તે બહાને લડવાનું.'

'જૉસેફ છૂટાછેડા કેમ નથી લેતો ?'

'બાળકો વચ્ચે આવે છે. એમને ખાતર જૉસેફ નભાવ્યે રાખે છે.'

'યાસ્મિન, તું આજે બધું કહેવાના મૂડમાં છે અને હું તને સાંભળવાના મૂડમાં છું.'

'નિર્દોષભાઈની નવલકથા મારા હૈયામાં વસી ગઈ. એમના લગ્ન અંગેના વિચારો મને સાચા લાગે છે. કેવાં નાટકો લગ્ન પછી ભજવાતાં રહે છે !'

'તદ્દન સાચી વાત છે, યાસ્મિન !'

'જૉસેફ આમ તો મારો ત્રીજો બૉયફ્રેન્ડ છે. એ પહેલાં બે જણ સાથે મારા સંબંધ હતા. એક હતો ઓર્થોપેડિક સર્જન અને પછી બીજો હતો હાઉસમેન. બંને પરણેલાં હતાં. બંનેની પત્નીઓ એકંદરે ઠીક હતી અને સ્વભાવે પણ ઠીક હતી. બંને જણાએ કોઈ દુઃખને કારણે મારો સથવારો નહોતો શોધ્યો.

પેલો સર્જન ઑપરેશન થિયેટરમાંથી બહાર નીકળે એટલે મને રૂમમાં બોલાવતો. હું એનો થાક ઉતારવા માટેનું સાધન હતી. એની મોટી દીકરીનાં લગ્ન પણ એક ડૉક્ટર જોડે થઈ ગયાં હતાં. શરૂઆતમાં તો હું પણ એને થાક ઉતારવા દેતી; પણ પછી એક દિવસ જામી ગઈ.

એક દિવસ એણે રૂમમાં બોલાવી ત્યારે હું જઈ ન શકી. એક પેશન્ટને ઊલટીઓ થતી હતી એટલે હું મોડી પડી. પેલો ઉંમરલાયક

સર્જન મારા પર ખીજવાઈ ગયો અને પછી જાનવરની માફક કામુકતાથી મારા પર તૂટી પડ્યો.'

'યાસ્મિન, તું જાનવરોનું અપમાન ન કર. તેઓ આવું નથી કરતા.'

'વાત સાચી છે. તે દિવસે મને લાગ્યું કે એની અતૃપ્ત વાસનાઓને પોષવી એ પણ જાણે મારી નોકરીનો જ એક ભાગ હતો !'

'પછી ?'

'પછી મેં આ નોકરી છોડી દીધી ને બીજે લીધી.'

'અત્યારની આ નોકરી પહેલાં તું ક્યાં કામ કરતી હતી ?'

'બૉમ્બે હૉસ્પિટલમાં.'

'ત્યાં કેટલાં વર્ષ રહી ?'

'પૂરાં બે વર્ષ.'

'એ નોકરી પણ આવા જ કોઈ કારણસર છોડી ?'

'ના. અહીં પગાર થોડોક વધારે મળ્યો અને નજીક પણ પડે, એટલે અહીં આવી ગઈ.'

'પેલો હાઉસમેન તને ક્યાં મળ્યો ?'

'બૉમ્બે હૉસ્પિટલમાં.'

'એ અફેર ક્યાં સુધી ચાલ્યો ?'

'માંડ એક વરસ. મારી નાઈટ ડ્યૂટી હતી. એની પણ નાઈટ ડ્યૂટી હતી. એ મને શરૂઆતમાં ટૅક્સીમાં લિફ્ટ આપતો. પણ પછી અમે ખૂબ નજીક આવી ગયાં. આસ્થા ! આ સેક્સ વસ્તુ એવી છે કે અતૃપ્ત હોય ત્યારે કશુંય ન જુએ. જોકે હાઉસમેન હતો રૂપાળો.

મારી સ્થિતિની શું વાત કરું ? હૉસ્પિટલના પટાવાળાઓ પણ મારી સાથે નાનીમોટી છૂટ લેતા અને મને તે ગમતું ખરું. હું તારાથી કશુંય છુપાવવા નથી માગતી. જો સરળતાથી કોન્ટ્રાસેપ્ટીવ્સ નહીં મળતાં હોત તો અત્યાર સુધીમાં મને ઓછામાં ઓછાં દસ બાળકો હોત.'

આસ્થા આ સાંભળીને ખડખડાટ હસી પડી. ગાડી નેરલ વટાવીને આગળ વધી રહી હતી. ગાડી અને યાસ્મિનની વાર્તા એકધારી ગતિએ ચાલી રહી હતી.

'પછી પેલા હાઉસમેનનું શું થયું ?' આસ્થાએ આગલી સાંકળ જોડી આપી.

'એક વરસ તો અમે ખાસ્સી મજા કરી. નાઈટ ડ્યૂટી વખતે બધાં જંપી જાય ત્યારે અમને આવડી મોટી હૉસ્પિટલમાં એક નિર્જન ખૂણો અચૂક મળી રહેતો. અમે વારંવાર પત્રોની આપ-લે પણ કરતાં.'

'પછી ?'

'એક દિવસ એની નોકરી પૂરી થઈ અને એને અમદાવાદ જવાનું થયું. એ ગયો તે ગયો; ન કોઈ કાગળ કે ન કોઈ સંદેશો.'

'પછી ?'

'હું અહીં તાતામાં આવી ગઈ. અમારા સંબંધને કૅન્સર થઈ ગયું અને એક પ્રકરણ પૂરું થયું.'

'તું પછી એને ક્યારેય મળી જ નહીં ?'

'મેં એને દિવાળી પર કાર્ડ મોકલ્યું અને નવું સરનામું આપ્યું.'

'પછી ?'

'જવાબમાં એની પત્નીનો પત્ર આવ્યો.'

'શું હતું એમાં ?'

'ગુસ્સો...વ્યથા...અદેખાઈ અને...'

'બીજું હોય પણ શું ?'

'આસ્થા ! શું હું કોઈ પુરુષ સાથે સુખ ભોગવું એ પાપ છે ?'

'હરગિઝ નહીં.'

'તો પછી દુનિયા કોઈ બે જીવ થોડુંક સુખ ભોગવે ત્યારે કેમ જલે છે ?'

લગ્ન સંસ્થાએ પ્રેમને અસહજ બનાવ્યો છે અને જલનને સહજ બનાવી છે.' આસ્થાએ નિર્દોષની નવલકથાનું એક વાક્ય રમતું મૂકી દીધું.

'જૉસેફ તને ખરા દિલથી ચાહે છે ?'

'અત્યારે તો લોનાવાલાની ચીકીની જેમ મને વળગી રહ્યો છે. કાલે શું થાય તેની ખબર નથી. મરદોનો ભરોસો શું ?'

'એમાં માત્ર મરદોનો જ વાંક કાઢવા જેવો નથી.'

'આસ્થા, હું તને શું કહું ?'

'તું દૂધની દાઝેલી છે.'

'તું નહીં માને. સમાજ જેને બહુ મોટા ગણે છે એવા અનેક લોકોએ મારી કંપનીને એક યા બીજી રીતે આવકારી છે. હું ધારત તો કોઈ ફાઈવસ્ટાર હોટેલની એક રાત્રીમાં પૂરા હજાર રૂપિયા કમાઈ શકત. મેં એ રસ્તો ન લીધો, કારણ કે હું લોભી ન હતી. મને પ્રેમનો લોભ હતો. મને સેક્સની ભૂખ ન હતી; પણ એ ભૂખને હું વેચવા નહોતી માંગતી; માત્ર સંતોષવા માંગતી હતી અને તેય મનગમતા પાત્ર દ્વારા. હું માત્ર પ્રેમ મેળવવા જ માંગતી ન હતી; હું તો કોઈક પર મારો પ્રેમ ઢોળવા પણ માગતી હતી.

'આસ્થા ! હું જેને સર્વસ્વ આપવા ઝંખતી હતી તેવાઓ પણ એ લેવા ઉત્સુક ન જણાયા. શૈયાસુખ માણ્યા પછી એવા લોકોને મારામાં રસ નહોતો.'

'જોસેફ મને તો સારો લાગ્યો.'

'અમારા સંબંધને પૂરાં ત્રણ વર્ષ થયાં. અમે નિયમિત મળીએ છીએ.'

'ગુડ, વેરી ગુડ.'

'જોસેફ રોજ એક વખત મને ફોન કરે છે અને બુધવારે ઑફ હોવાથી અમે લગભગ આખો દિવસ સાથે ગાળીએ છીએ. કોઈકવાર બુધવાર અનુકૂળ ન હોય તો બેમાંથી એક અથવા બંને રજા મૂકી દઈએ અને મજા કરીએ.'

'તારો આજનો બુધવાર મેં બગાડ્યો – ખરું ને ?'

'ના, આજે પણ મને એ સ્ટેશન પર લેવા આવશે અને ટૅક્સીમાં ઘર સુધી મૂકી જશે. આજે અમે ઘણે દિવસે મળ્યાં.'

'વાહ ભાઈ વાહ.'

'હું અઠવાડિયામાં માત્ર એક જ દિવસ જીવું છું. બાકીના દિવસો તો બુધવારની રાહ જોવામાં જ ચાલ્યા જાય !'

'તારી વાત ખોટી નથી.'

'મને જોસેફ સાથે ફાવી ગયું છે. અમને બંનેને ફરી પરણવું પોસાય તેમ નથી. વળી જે સ્થિતિ છે તે સહન કરીને બેસી રહેવાનું પણ બંને માટે શક્ય નથી. અમારા બેઉનો સ્વભાવ મોજીલો છે. જોસેફ ખરેખરો 'He-man' છે. એનું પૌરુષ મને સતત એના તરફ

ખેંચે છે. એની બાહુઓમાં ભીંસાઈ જવા હું સદા ઉત્સુક રહું છું. એનો સ્વભાવ પણ સારો છે. મને એક વાર સાથે ચર્ચ લઈ ગયો હતો. અમે સાથે પિક્ચર જોવા પણ જઈએ છીએ અને ખૂબ ફરીએ છીએ. માથેરાન અત્યાર સુધીમાં દસબાર વખત જઈ આવ્યાં હોઈશું. અમારું માનીતું પોઈન્ટ છે પેનોરામા પોઈન્ટ. અમે સવારે માથેરાન ઊપડી જઈએ અને છેક રાત્રે પાછાં ફરીએ. ઘરે તો ઑવરટાઈમ અને નાઈટ ડ્યૂટીને બહાને મોડું થાય તોય ખાસ ફિકર નથી રહેતી. જૉસેફ મને ખૂબ ચાહે છે. લગભગ હું કહું તેમ કરે છે.' યાસ્મિન એકધારું ઘણુંબધું બોલી ગઈ. આજે એને શાંતિથી સાંભળનાર અને એનું દર્દ સમજનાર એક બહેનનો સથવારો મળ્યો હતો.

'તે જૉસેફ તારું માને એમાં શી નવાઈ ! એને યાસ્મિન જેવી છોકરી ક્યાં મળવાની હતી ! યાસ્મિન, તારા પર આફરીન થવાનું કોઈ પણ પુરુષને ગમે જ. જૉસેફ સાચે જ નસીબદાર છે કે એને તારા જેવી રૂપાળી, સમજદાર અને દિલદાર સ્ત્રી મળી છે.'

આવા વખાણ સાંભળીને યાસ્મિન શરમાઈ ગઈ. એને પોતાના રૂપની જાણ જરૂર હતી પણ અભિમાન ન હતું. એ રૂપગર્વિતા ન હતી. એ તો હતી સીધીસાદી આકાંક્ષાઓને હૃદયમાં લઈને ફરતી સ્ત્રી. એ રૂપગર્વિતા ન હતી તે જ રીતે રૂપજીવિની પણ ન હતી. એ છતે પતિએ વૈધવ્યની પીડા સહન કરવા તૈયાર ન હતી.'

'આસ્થા, હવે લોનાવાલા દસપંદર મિનિટમાં આવશે.'

'તેં સ્વામીજીને પત્ર લખ્યો હતો ?'

'હા, જૉસેફે જ પત્ર લખી દીધો હતો.'

'જવાબ આવ્યો હતો ?'

'સ્વામીદાદા ઘણુંખરું જવાબ નથી લખતા.'

'તેઓ પાસે પ્રથમવાર તને કોણ લઈ ગયેલું ?'

'જૉસેફ.'

'ખરેખર ?'

'એક વાર અમે માથેરાનને બદલે લોનાવાલા ઊપડી ગયાં જૉસેફે મારો પરિચય કરાવ્યો. મને સ્વામીદાદા ઉપર પિતા જેવો ભાવ થઈ આવ્યો.'

'જૉસેફે તારી ઓળખાણ શી રીતે આપી હતી ?'

'ગર્લફ્રેન્ડ તરીકે.'

'સ્વામીજીને આંચકો નહીં લાગ્યો ?'

'મને એવું જણાયું નહીં.'

'સારું ગણાય.'

'પછી તો અમે ઘણી વાર મળ્યા. તેઓની સાથે વાતો કરીએ એટલે મનને જાણે ટાઢક થાય. દર વર્ષે હું એકસો એક અને જૉસેફ એકાવન રૂપિયાની રકમ એમને મોકલીએ છીએ.'

'તેઓનું એ જ રીતે ગબડતું હશે ને !'

'એ તો ખબર નથી. એક વાર અમે દર્શને ગયેલાં ત્યારે પગે લાગ્યા પછી મને એકાવન રૂપિયા એમના પગ પાસે મૂકવાનો ઉમળકો થઈ આવ્યો પણ...'

'પછી ?'

'એમણે એમાંથી માત્ર રૂપિયો રાખીને બીજી રકમ પાછી વાળીને કહ્યું, 'આ રકમમાંથી સારાં પુસ્તકો વસાવીને વાંચજે.'

'એમને મળવા માટે આવાં ઘણાં લોકો આવતાં હશે, ખરું ?'

'એમને બહુ લોકો આવે તે પસંદ નથી. ક્યારેક હિપ્પીઓ પણ ચાલ્યા આવે છે. તેઓ કાયમ એમને સ્વચ્છ રહેવાની સલાહ આપે છે.'

'તેઓ ક્યારેય પરદેશ ગયા છે ખરા ?'

'ના. તેઓ મજાકમાં કહે છે કે અમને પરદેશ નહીં, પરલોક જવામાં રસ છે.'

'યાસ્મિન, મને લાગે છે કે મને આવા સંતને મળતાં ખૂબ આનંદ થશે. આજે જો બરાબર પાર પડે તો નિર્દોષને લઈને જરૂર આવીશું.'

'નિર્દોષભાઈએ તો મને વચન આપ્યું જ છે.'

'તને ના કહેવામાં એની મજાલ છે ખરી ?'

'અને ના કહેવાની એની વૃત્તિ ખરી ?'

'આઈ એમ પ્રાઉડ ઑફ હિમ.'

'એઓ જલદી સારા થઈ જાય એટલે નિરાંત.'

'ભગવાન જરૂર સારું જ કરશે.'

'દુઆ-પ્રાર્થના સિવાય આપણે બીજું કરી પણ શું શકીએ ?'

'સાચી વાત છે.'

'એટલું ચોક્કસ છે કે અમારી હૉસ્પિટલમાં એમને સારામાં સારી દાક્તરી સારવાર મળી રહેશે.'

'અને તું છે એટલે બીજી નાની નાની સગવડ સચવાશે.'

'હું બનતું બધું કરી છૂટીશ.'

'એમની ચોપડી ન વાંચી હોત તો તું એમનામાં આટલો રસ લેત ખરી ?'

'ચોપડી વાંચીને મને એમના માટે પૂજ્યભાવ ઊભો થયો એ ખરું; પરંતુ આમે તેઓની પર્સનાલિટી જ એવી છે કે કોઈને પણ ભાવ થાય. હું એમની સારવાર મન દઈને કરત એટલું ચોક્કસ.'

'હું તારી વાત માનવા તૈયાર છું.'

'આસ્થા, તું નસીબદાર છે. એમના જેવો પુરુષ તો પુણ્ય કર્યા હોય તો જ મળે.'

'પણ કેટલાક નસીબના ફૂટેલા એવા હોય છે કે કલ્પવૃક્ષ નીચેય ભૂખે મરે !'

'હું પહેલીવાર એને મળી ત્યારેય કૅન્સરનો વહેમ એને કોરી ખાતો હતો. આવા કોઈ જ ટેન્શન વગરનો નિર્દોષ કેટલો ગુલાબી હશે તેની કલ્પના કરી જો.'

'મને તો અત્યારે પણ તેઓ આફરીન થવાનો લાયક જણાય છે. એમના રૂમમાંથી હું જ્યારે પણ નીકળું ત્યારે પાંચ મિનિટ વાતો કરી હોય તોય ઉત્સાહ અને જીવન જીવવાની તમન્ના લઈને નીકળતી હોઉં એવું લાગે. He is a great man.'

'યાદ રાખજે યાસ્મિન ! હું તારા વખાણની રજેરજ એને પહોંચાડીશ. તારાં આટલાં વખાણ સાંભળ્યા પછી તને અડપલું ન કરે એટલો બધો નિર્દોષ એ નથી હં કે !' આસ્થાએ તીર ફેંક્યું.

'અનુભવને આધારે આ કહે છે ને !'

'ઑફ કોર્સ વળી.'

'તેઓ અડપલું કરે એટલી પાત્રતા મારામાં નથી એની મને ખબર છે, આસ્થા !'

'યાસ્મિન, હું એને પરણી નથી એ ખરું, બાકી તું તો એની સાળી બની જાય અને કયો બનેવી સાળી સાથે છૂટ લેતાં ડરે ?'

'વો દિન કહાં જબ...'

'એક વાત પૂછું, આસ્થા ?'

'પરવાનગી આપવામાં આવે છે.'

'તને નિર્દોષભાઈ પર વિશ્વાસ ખરો ને ?'

'કઈ બાબતમાં ?'

'સેક્સની બાબતમાં.'

'એને સંપૂર્ણ છૂટ છે. મારા વિશ્વાસનો પ્રશ્ન જ નથી.'

'વાહ, તેં કમાલ કરી.'

'અમારા વિચારો આ બાબતમાં સરખા છે.'

'યાસ્મિન, તને સંતાન પ્રાપ્તિની ઊંડી ઝંખના છે ખરી ?'

'ખૂબ જ...પણ હવે એ મુમકિન નથી.'

'ખરેખર ?'

'સતત કાંઈક ખૂટતું હોય એવું લાગ્યા કરે. સ્ત્રી માતા બને ત્યારે જ ખરું સુખ પામે એવું નહીં ?'

'હું એમ માનતી નથી.'

'તું આજે ભલે નહીં માને. આવી ઝંખના વગરની સ્ત્રી હજી મેં જોઈ નથી.'

લોનાવાલા આવી ગયું.

વાત અધૂરી રહી. લોનાવાલાનો તડકો આકરો ન હતો; આહ્લાદક હતો.

આવી સુંદર જગ્યાએ મુંબઈની ભીડમાંથી આવેલી વ્યક્તિનું હૃદય છલકાઈ ન ઊઠે તો જ નવાઈ.

યાસ્મિને સ્વામીજીના ઓરડાને બારણે હળવેથી ટકોરા માર્યા અને બંને જણાં બારણું ખૂલે એની રાહ જોતાં ઊભાં.

❑

૧૧

સ્વામી સત્યાનંદ

દરવાજો ખૂલ્યો.

સામે ઊભા હતા સ્વામી સત્યાનંદ.

યાસ્મિને અને આસ્થાએ વાંકા વળીને પ્રણામ કર્યા અને ત્રણે જણાં અંદર જઈને બેઠાં.

ઓરડો ખાસ્સો મોટો હતો અને એક ખૂણે બાથરૂમ પણ હતો. એક જૂની ઢબની ખાટ હતી; ખાટ પર શેતરંજી ને એના પર વ્યાઘ્રચર્મ હતું. ખાટની પાસે ગોળ ટેબલ હતું અને ટેબલ પર પુસ્તકોનો ઢગલો પડેલો હતો. ઓરડાને બીજે ખૂણે બે ખીંટીઓ પર દોરી બાંધેલી હતી અને દોરી પર ભગવા રંગનું કપડું સૂકવેલું હતું. એ જ ખૂણામાં લંબચોરસ ટેબલ પર પ્રાઈમસ, બે નાની તપેલી અને બેત્રણ કપરકાબી પડેલાં હતાં. ખાંડ-ચાના ડબ્બાઓ ઉપરાંત પણ બીજા થોડાક ડબ્બાઓ હતા.

સામેની ભીંત પર એક મોટી ફ્રેમ લટકતી હતી. જેમાં ૐ સંજ્ઞા ચીતરેલી હતી. મુંબઈનો માણસ અંજાઈ જાય એવું ઓરડામાં કશું ન હતું. બધું ટિપટોપ ન હતું એ ખરું, પણ તે સાથે કશું ઢંગધડા વગરનું પણ ન હતું.

બારીમાંથી સૂર્યપ્રકાશ આવતો હતો. પાટ પર બેઠા બેઠા સૂર્યોદય જોઈ શકાય એ રીતે બારી પૂર્વ દિશાએ પડતી હતી. બારીની બહાર લીલી ખીણનું સૌંદર્ય નિરાંતે પડી રહ્યું હતું. ખાટને એક ખૂણે શંકરાચાર્યનું 'વિવેકચૂડામણિ' પડ્યું હતું. એ ખુલ્લું ઊંધું પડ્યું હતું એટલે સ્વામી વાચતાં વાચતાં બારણું ખોલવા ઊઠ્યા હશે એવું અનુમાન આસ્થાએ કરી લીધું.

ઓરડાની માફક એમાં રહેનારા સ્વામી સત્યાનંદ પણ કોઈને આંજી દે એટલા પ્રભાવશાળી ન લાગ્યા. એમણે ભગવા રંગની લુંગી પહેરેલી હતી અને બાકીનું શરીર ઉઘાડું હતું. દાઢી હતી પણ તે ભરાવદાર ન હતી. શરીરનો વાન કાળોય નહીં અને ઘઉં વરણોય નહીં; બેની વચમાં મૂકી શકાય તેવો હતો. ઉંમર લગભગ સાઠની ઉપર જણાતી હતી. એમની ચળકતી ટાલ વાળની ગેરહાજરીને ગૌણ બનાવી મૂકતી હતી. દાઢીના વાળ સફેદ હતા.

આસ્થા ઓરડામાં દાખલ થઈ પછીની થોડીક સેકંડોમાં તો આવી અનેક વિગતો એની આંખોમાં ઠલવાઈ ગઈ.

'યાસ્મિન, જોસેફ નથી આવ્યો ?'

'ના, સ્વામીદાદા ! આજે એનાથી અવાય તેમ ન હતું.'

'ઠીક.'

'આ મારી બહેનપણી છે, આસ્થા.'

'મને આ નામ ખૂબ જ ગમ્યું .' સ્વામીજીએ આસ્થાના પ્રણામ ઝીલતાં કહ્યું.

'ક્યાં રહો છો ?'

'મુંબઈમાં, બાંદ્રા ટોકિઝ પાસે.'

સ્વામીજી થોડી ક્ષણો માટે શાંત રહ્યા. પછી બોલ્યા :

'યાસ્મિન, સાથે બેસીને ચા પીવાની ઇચ્છા છે. તું જ બનાવી લાવ. બીજી તો શું મહેમાનગતિ કરું ? તમે સાથે લાવ્યાં છો તે ફળ પણ તમારાં જ ગણશો.'

'જી સ્વામીદાદા, એ ફળ આપને માટે છે. અમારી ચિંતા કરશો નહીં. હું ચા બનાવું છું.'

'મુંબઈમાં શું કરો છો, બેટા !'

'હાઈસ્કૂલમાં શિક્ષિકા છું.'

'પરિવારમાં કોણ છે ?'

'બા છે. મારા બાપુજી તો હું માંડ બે વર્ષની હતી ત્યારે રેલવે અકસ્માતમાં અવસાન પામ્યા હતા.'

'બા શું કરે છે ?'

'હાલ તો હૉસ્પિટલમાં છે.'

'અરે ! એમને શું થયું છે ?'

'હૃદયરોગનો હળવો હુમલો થયો હતો.'

'હવે કેમ છે ?'

'હવે સારું છે.'

'સ્વામીદાદા !' આસ્થાના મિત્ર નિર્દોષ ઉપાધ્યાય જાણીતા નવલકથાકાર છે. હાલ મારી હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે.' યાસ્મિને પ્રાઇમસ સળગાવતાં કહ્યું.

'તારી હૉસ્પિટલમાં ? કેમ એને કૅન્સર છે ?'

'હજી નક્કી થયું નથી, તપાસ ચાલી રહી છે.'

'ઉંમર ?'

'હશે ચાળીસેક જેટલી. અમે સૌ ચિંતામાં છીએ.' યાસ્મિને કહ્યું.

'ચિંતા ઉપરવાળા પર છોડવી. એ ચિંતા કરે અને આપણે પ્રાર્થના કરવી.'

'સ્વામીજી ! પ્રાર્થના પણ ચિંતામય બની રહે તેનું શું ? આસ્થાએ પોતાની ગૂંચ રજૂ કરી.

'સાચું છે, બેટા ! જે સંસારમાં ભેળસેળની બોલબાલા હોય તે સંસારમાં પ્રાર્થના પણ શુદ્ધ ક્યાંથી હોય ! સતત પુરુષાર્થ કરીને આપણે પ્રાર્થનાને શુદ્ધ બનાવતાં રહેવાનું છે. પ્રાર્થના આખરે શું છે ? એ માંગણી નથી. એ તો અનાવિલ અંતર્ભૂમિ ઉપર ઊગતી લાગણી છે. ઘણા લોકો ભગવાન પાસે દુન્વયી માંગણીઓ કરતાં રહે છે.'

ચા આવી ગઈ.

'સ્વામીદાદા ! આસ્થા તમને ઘણુંબધું પૂછવા માંગે છે. મારામાં તો સવાલો પૂછવા જેટલી અક્કલ પણ નથી. હા, તમે જે કહો તે સાંભળવાનું ગમે છે એ ચોક્કસ.'

'યાસ્મિન, બેટા ! આ બાબતો એવી છે કે એમાં માત્ર અક્કલની જરૂર નથી. ચોખ્ખું હૃદય હોય એટલે અડધો જંગ જીતી ગયા જાણવો.'

'આ જીવનને સાર્થક કરવા માટે શું કરવું જોઈએ ?' આસ્થાએ ચાનો કપ બાજુએ મૂકતાં પૂછ્યું.

'જીવનને સાર્થક કરવાની વાત કરતાં પહેલાં જીવન શું છે તે સમજવું પડે; ખરું ને ! જીવનનું રહસ્ય પામવામાં ભગવાનનું રહસ્ય આવી જાય છે.'

'આવું રહસ્ય આપ પામ્યા છો ?'

'ના, બેટા ! મારી યાત્રા હજી અધૂરી છે. આપણે હાઈવે પર જતાં હોઈએ અને થોડે થોડે અંતરે પૂણે હજી કેટલા કિલોમીટર દૂર છે એ જણાવતાં પાટિયાં આવતાં જ રહે છે. આવાં પાટિયાં આપણને એવું આશ્વાસન જરૂર આપે છે કે પૂણે નજીક આવી રહ્યું છે અને આ પૂનાનો જ રસ્તો છે. આવા આશ્વાસનને હું સમાધાન કહું છું. આવું સમાધાન હું પામતો રહું છું; પરંતુ પૂણે પહોંચવાનું તો હજી બાકી જ છે.'

'સ્વામીજી, તમારી આવી નિખાલસ વાતો સાંભળીને મને ખૂબ જ આનંદ થયો. તમે ખોટો દાવો કરી શક્યા હોત. બહુ ઓછા સંતો આ રીતે સરળતા બતાવી શકે છે.'

'બેટા, દંભ જ કરવો હોય તો સંસાર શું ખોટો હતો ! ઈશ્વર રીઢા ગુનેગારને માફ કરી શકે; પરંતુ દંભીને નહીં કરે. સાધુનો દંભ કંઈ સાત્ત્વિક નથી બની જતો. આપણે સૌ એક લાંબી કલ્યાણયાત્રાએ નીકળી પડ્યાં છીએ. કોઈ આગળ તો કોઈ થોડા પાછળ, સૌએ ચિંતા એક જ કરવાની કે દિશા બરાબર છે કે નહીં. ક્યાં પહોંચવું છે એ સમજી લેવાનું છે. જીવનમાં કરવા જેવું એક જ કામ છે. સાચી દિશા જડે એટલે હીંડવા માંડવાનું."

આસ્થા સ્વામીજીનો એક એક શબ્દ પી રહી હતી. એના હૃદયમાં આ શબ્દો શીતળતાનો સંચાર કરી રહ્યા હતા. પાસે બેઠેલી યાસ્મિન આ રીતે શબ્દોને પી રહેલી આસ્થાની સામે એકીટશે જોઈ રહી હતી.

છેલ્લા થોડા દિવસો દરમિયાન આસ્થા પર ખાસ્સું વીત્યું હતું. યાસ્મિન આસ્થાનું આ મંથન ઠીક ઠીક સમજતી હતી. એને થોડીક હળવાશ મળે એવા આશયથી જ એણે અહીં આવવાનું સૂચન કર્યું હતું. પોતાનો હેતુ પાર પડી રહ્યો છે, એવું જોઈને યાસ્મિન અંદરથી ખુશ થતી હતી.

વાતનો દોર આગળ ચલાવતાં આસ્થાએ પૂછ્યું :

'સ્વામીજી, સાચી દિશા મળી છે એની પ્રતીતિ યાત્રિકને શી રીતે મળે ?'

'રસ્તે આવતાં પાટિયાંની વાત હું કરી ગયો. આવાં પાટિયાં જે આશ્વાસન આપે તેને સમાધાન કહ્યું; પરંતુ આ પૂર્ણ સમાધાન નથી. એ તો માત્ર યાત્રિકને સાચી દિશા અંગે મળતી પ્રતીતિ ગણાય. અધ્યાત્મ યાત્રામાં આવી પ્રતીતિ શી રીતે પામવી ? આ પ્રશ્ન મૂળભૂત છે.'

'આવી પ્રતીતિ જીવનમાંથી ખોજવી પડે છે. જીવન અનેક દ્વન્દ્વોનું બનેલું છે. સુખ-દુઃખ, તાપ-ટાઢ, ઊંચું-નીચું, ગરીબ-તવંગર, દિવસ-રાત, આમ અનેક દ્વન્દ્વો વચ્ચે આપણે જીવીએ છીએ.'

'આપણને સુખ ગમે છે અને દુઃખ નથી ગમતું. આપણું ચાલે તો આ દુનિયા પરથી દુઃખને હડસેલી મૂકીએ અને માત્ર સુખને રાખી મૂકીએ. આ લોનાવાલાના ડુંગરા જેટલા ઊંચા તેટલી જ એમની સાથે ઓતપ્રોત થઈને પડી રહેલી ખીણ ઊંડી.'

'હવે વિચારીએ. ખીણ વગરનો કોઈ ડુંગર હોઈ શકે ? મૃત્યુ વગર જન્મ હોઈ શકે ? દુઃખ વગર સુખ હોઈ શકે ? ઉત્સર્ગ તંત્ર વગરનું પાચનતંત્ર ક્યાંથી હોય ? જે ઘડીએ તમે ખોરાક લીધો તે જ ઘડીએ તમે મળનો સ્વીકાર કરી લીધો. જે ઘડીએ બાળક જન્મે તે જ ઘડીએ ખરેખર તો તેનું મૃત્યુ જન્મી ચૂક્યું હોય છે.'

'જો રડવું જ હોય તો કોઈ જન્મે ત્યારે જ પોક મૂકીને રડી લેવું જોઈએ. કારણ કે એનું મૃત્યુ જન્મ સાથે જોડાયેલું જ છે.'

આસ્થા આ બધું ધ્યાનથી સાંભળી રહી હતી. એણે પ્રશ્ન કર્યો :

'સુખ-દુઃખથી છુટકારો શી રીતે મળે ?'

'સુખદુઃખનો પૂરા મનથી સ્વીકાર કરી લેવો પડે છે. આપણે માત્ર સુખનો સ્વીકાર કરીએ છીએ. અને દુઃખ આપણા ઘરની બહાર જ રહી જાય એવું ઈચ્છીએ છીએ. આ અશક્ય છે.

'આપણી દુનિયામાં જન્મનો સ્વીકાર છે; પરંતુ મૃત્યુનો સહજ સ્વીકાર નથી; મિલનનો સ્વીકાર છે; વિરહનો નથી. હવે આનાથી છૂટવું શી રીતે ? સુખ અને દુઃખથી પર એવી એક સ્થિતિ છે,

આનંદની. આ આનંદનો પર્યાય શોધવો મુશ્કેલ છે. આ એક એવો શબ્દ છે જેનો વિરોધી શબ્દ જડતો નથી. આપણે વાતવાતમાં સુખ સાથે આનંદને ભેળવી દઈએ છીએ; પણ એ બરોબર નથી. સુખ અને દુઃખ બંનેથી પર એવું આ એક ત્રીજું જ પરિમાણ છે.'

'પ્રત્યેક જીવ આનંદની ખોજમાં હોય છે; પરંતુ સુખ આગળ આવીને ઘણુંખરું એ અટકી જાય છે. આનંદ આપણું વિક્ટોરિયા ટરમિનસ છે; પરંતુ જો કોઈ નેરલ સ્ટેશને ઊતરી પડે તો શું કરવું?

આસ્થા આનંદની ઉજાણી કરી રહી હતી. આવા સુંદર શબ્દો એણે આ પહેલાં કદી સાંભળ્યા ન હતા. એક અત્યંત ઊંડી અનુભૂતિમાં એ જાણે ખોવાઈ રહી હતી. એના પ્રશ્નો ઓગળી રહ્યા હતા. વધારે પ્રશ્નો પૂછીને પણ હવે એ પેલી આનંદાનુભૂતિને ખોરવવા નહોતી માંગતી.

થોડી વાર સુધી કોઈ ન બોલ્યું. આસપાસના ડુંગરોની માફક સૌ મૌન હતાં.

બારીની બહાર વૃક્ષો અને વાયરા વચ્ચે ચાલતો સંવાદ સાંભળી શકાતો હતો.

છેવટે યાસ્મિને મૌન તોડ્યું.

'સ્વામીદાદા, તમને સાંભળીએ ત્યારે બધું સમજાય; પણ મુંબઈ જઈએ એટલે બધું ફોક થઈ જાય. આનો શો ઉપાય ?'

'યાસ્મિન, એનો ઉપાય માથું દુઃખે અને એસ્પ્રો લઈ લઈએ એટલો સરળ નથી અને એટલો તકલાદી પણ નથી. તું અને જૉસેફ જે દિવસે નજીક આવ્યાં તે જ દિવસે તમારો વિયોગ નક્કી થઈ ગયેલો ગણાય. તું અને જૉસેફ મળ્યાં જ ન હો તો વિયોગ પણ ક્યાંથી લાવવો ?

'આવી સાચી સમજણ જ્યારે સ્થાયી ભાવ બને ત્યારે માણસ સ્વસ્થ થયો ગણાય. આસ્થા અને નિર્દોષ મિત્રો છે. આ મિત્રત્વના ગર્ભમાં જ વિરહ ટૂંટિયું વાળીને બેઠો છે. આવી સમજ હોય તો રોજબરોજના બનાવો આપણને હમમચાવી ન શકે. સ્વસ્થતા આવી સમજણમાંથી ઊગે. ધીમે ધીમે સાધના દ્વારા એ કાયમી બને. આવા સ્થાયી ભાવને આનંદનો સ્પર્શ થાય એટલે પ્રસન્નતા (પ્રસાદ) જન્મે. ગીતાએ પ્રસાદને ભારે મહત્ત્વ આપ્યું છે.'

'જે દિવસે લોટરી લાગે તે દિવસે માણસનું હૈયું સુખથી ઊભરાય છે અને એ દેવાળું કાઢે તે દિવસે એનું હૈયું રડી ઊઠે છે. માણસને સુખ પણ અસ્વસ્થ બનાવી શકે છે. સ્વસ્થતા, આનંદ, પ્રસન્નતા જેવા ભાવોને દૃઢ કરતા જવું એનું નામ સાધના.'

'એક મોટરગાડી ચાલતી હોય ત્યારે આપણી અપેક્ષા શી હોય છે ? એ એકસરખી, શાંત રીતે, ઉછાળા માર્યા વગર, આંચકા આપ્યા વગર ચાલે તે આપણને ગમે છે. સાયલન્સર વગરની ગાડી કેટલો ઉદ્વેગ પેદા કરે છે ? ગિયર બદલતી વખતે આંચકા લાગે એવા ડ્રાઇવરને કોણ પસંદ કરે ? શૉક-ઍબ્સૉર્બર વગરની ગાડીમાં બેસવાનું કોને ગમે ? ખાડા-ટેકરાવાળો રસ્તો કારની સ્વસ્થતા પર પ્રહાર કરે છે એ ખરું; પણ રસ્તા પર આપણો કાબૂ નથી. આખી પૃથ્વીને ચામડે મઢવાની વાત છોડો, આપણે તો પગરખાં પહેરી શકીએ. આકાશે નહીં પણ આપણી ગોળીએ ગરણું બાંધવાનું આપણે માટે શક્ય છે. આપણી સ્વસ્થતા એ આપણા પુરુષાર્થની બાબત છે.'

થોડી વાર ફરીથી શાંતિ છવાઈ ગઈ.

યાસ્મિને સૌને માટે નાસ્તો તૈયાર કર્યો. ફરી વાતો શરૂ થઈ.

'ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે બાબતો એકી સાથે જોડી શકાય ખરી ?' આસ્થાએ પ્રશ્ન ઉઠાવ્યો.

'આજે મારી પરીક્ષા ચાલી રહી છે શું ?'

'અરે હોય ! આ તો અમારા અજ્ઞાનને હટાવવામાં તમારી મદદ લેવાનો પ્રયત્ન છે.' આસ્થાએ વિવેક કર્યો.

'સ્વામીદાદા, થાક્યા હો તો કહી દેજો.' યાસ્મિને એ વિવેકને આગળ વધાર્યો.

'ના ના. હું તો મજાક કરતો હતો. આસ્થા આખરે તો શિક્ષિકા ખરીને !'

'પોતાનું અજ્ઞાન વિદ્યાર્થીઓમાં વહેંચનારી શિક્ષિકા.' આસ્થાએ નમ્રતા બતાવી.

'તારો પેલો પ્રશ્ન સાચો છે, બેટા ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર મુદ્દા છે. ધર્મ અને મોક્ષના પહેરા હેઠળ અર્થ અને કામ વચ્ચે મૂક્યા છે. અર્થને સખણો રાખવા માટે ધર્મને ખડો કરી દીધો

અને કામાનંદને બ્રહ્માનંદને રવાડે ચડાવવા માટે મોક્ષને ખડો કરી દીધો. ખૂબી એ છે કે અર્થનો અનાદર નથી. અર્થ એટલે ભૌતિક સમૃદ્ધિ. ધર્મને ઉવેખ્યા વગર અર્થપ્રાપ્તિ જરૂર કરો. અર્થપ્રાપ્તિ સ્વયં અનર્થકારી નથી. લોભ બાજી બગાડે છે. ધર્મ દ્વારા લોભ પર લગામ મૂકવાની છે.'

'એ જ રીતે કામ સ્વયં ખોટી ચીજ નથી. હું 'કામ" એટલે માત્ર 'વિષયની કામના' એ અર્થમાં નથી લેતો. જે કાંઈ મેળવવાની ઈચ્છા જાગે તે બધી બાબતોનો સરવાળો "કામ" છે. એ ઈચ્છાઓ આપણી પાસે કાર્યો (કર્મો) કરાવે છે. આ કર્મો વગર દુનિયાનું ગાડું ગબડે ખરું ? મનુષ્ય યૌનથી સંપૂર્ણ મુક્ત થઈ જાય તો સૃષ્ટિચક્ર ચાલે શી રીતે ? સેક્સ અપવિત્ર નથી. મૂળ વાત એમ છે કે એને તૃપ્ત કરતી વખતે પણ એનાથી ક્યારેક ઉપર ઊઠવાનું છે એવી ભાવના રહેવી જોઈએ. આખો દિવસ પરિશ્રમ કરનારો પણ રાત્રે ઊંઘી જવાનું છે એ વાતનો ખ્યાલ રાખે છે ને ! પ્રથમ ત્રણે બાબતો જાણે મોક્ષની તૈયારી માટે જ મૂકી છે. છેવટે બધું જ આપોઆપ ખરી પડવું જોઈએ.'

સ્વામીજીના આગ્રહથી યાસ્મિને સૌને માટે ફળ સમાર્યા. ફળ ખાતાં ખાતાં સ્વામીજીએ પૂછ્યું :

'આસ્થા, બાનું નામ શું ?'

'ધર્મિષ્ઠા.'

'પિતાશ્રીનું નામ ?'

'કૃષ્ણકાંત મહેતા.'

'તેઓ શું કરતા હતા ?'

'શેરબજારમાં હતા.'

'બાને કઈ હૉસ્પિટલમાં રાખ્યાં છે ?'

'નાણાવટી હૉસ્પિટલમાં.'

યાસ્મિને વચમાં એક મમરો મૂક્યો :

'સ્વામીદાદા, આસ્થાને શાંતિ મળે એવું કંઈક કરો.'

'આ શાંતિ આપવા-લેવાની ચીજ નથી, બેટા ! આસ્થાએ જ તે અંદરથી મેળવી લેવી રહી. હા, હું શાંત હોઉં તો મારા પરિચયમાં

કદાચ શાંતિની લહેરખી તમને પહોંચે એમ બને. હું સાધુ હોઉં એટલે શાંત જ હોઉં, એમ માની ન લેવું. ઘણા સાધુઓ સંસારી કરતાંય વધારે ઉત્પાતિયા હોય છે.

'સ્વામીજી, તમારો ખૂબ સમય લીધો. હવે અમે થોડુંક ફરી આવીએ ? પછી સ્ટેશને જઈશું.' આસ્થાએ પ્રસ્તાવ મૂક્યો.

'આ લોનાવાલા પર પ્રકૃતિની અનહદ કૃપા છે. અહીંની વનરાજી, અહીંના ડુંગરો અને મજાની ખીણો જોવા માટે એક વાર ચોમાસામાં આવવું જોઈએ.' સ્વામીજીએ કહ્યું.

'સાચી વાત છે.' આસ્થાએ સ્વામીજીની વાતને ટેકો આપ્યો.

'સાધુના સંગ કરતાંય પ્રકૃતિનો સંગ ભગવાનનો સંદેશો વધારે સારી રીતે સમજાવી શકે છે. આપણાં તીર્થસ્થાનો સુંદરતમ જગ્યાએ આવેલાં છે તેનું આ જ રહસ્ય છે. માણસને સહેજ થાય કે આવી સુંદરતા નિર્માણ કરનારો કેટલો સુંદર હશે ?'

'આસ્થા અને યાસ્મિન નીકળી પડ્યાં. થોડુંક ચાલ્યાં હશે ત્યાં એક મજાની જગ્યાએથી ખીણ નજરે પડી. બપોર સાંજમાં ફેરવાઈ રહી હતી. આજુબાજુ સર્વત્ર શાંતિ હતી. બંનેના મનમાં એક જ વાત રમી રહી હતી અને તે નિર્દોષના ભવિષ્યની.'

'યાસ્મિન, આ જગ્યાએ નિર્દોષ સાથે આવવું જ પડવાનું; બને તો ઑપરેશન પહેલાં જ. બાને જરા સારું લાગે પછી જરૂર પડ્યે એક ટૅક્સી કરીને આવી જઈશું.'

'નિર્દોષભાઈને આ જગ્યા ગમી જશે.' યાસ્મિને ટાપશી પૂરી.

'એ તો ખરું જ; પણ મારી ઈચ્છા નિર્દોષ સ્વામીજીને મળે એવી છે. ઑપરેશન પહેલાં બંનેનો મેળાપ થવો જ જોઈએ.'

'તમે બંને સાથે આવજો. હું કબાબમાં હડ્ડી નહીં બનું.'

'ના રે ના. તારે તો આવવું જ પડશે. સાથે મજા પડશે.'

'તમે બંને ખૂબ ભણેલાં છો. મને તો સ્વામીદાદાની વાતોમાં પૂરી સમજ પણ પડતી નથી.'

'તારી પાસે ભોળું મન છે અને ઉદાર હૈયું છે તે ઓછું છે !'

'હું ઉદાર ? કોઈ છોકરીને જૉસેફ સાથે જોઉં તો ઊંઘી ન શકું. એક વાર જૉસેફ કોઈ સુંદર છોકરી સાથે મને મળવા આવ્યો. મારો

મૂડ અપસેટ થઈ ગયેલો. છેવટે એણે કહેલું કે એ તો એની સગી બહેન હતી અને બોરસદથી આવી હતી. એ જાણીને મને ટાઢક થયેલી. આ ઉદારતા છે ? સ્ત્રીઓમાં આ લાગણી હોય જ છે. તું કદાચ આવી લાગણીઓથી પર હશે ?' યાસ્મિને પેટછૂટી વાત કરી દીધી.

'હું પણ આવી લાગણીથી પર છું એ તો વખત આવ્યે જ સમજાય. હજારો વર્ષની માણસની આદત એમ તે કેમ છૂટે ! એક વાર નિર્દોષે તારાં રૂપ અને ગુણનાં ખૂબ વખાણ કરેલાં. હું ત્યારે અસ્વસ્થ નહોતી બની. ઊલટું એમાં મેં થોડો ઉમેરો કરી આપેલો. બાકી આવી અદેખાઈ પુરુષોમાં પણ ક્યાં નથી હોતી ?'

'નિર્દોષભાઈ અને તું બંને મહાન છો. એવું ન હોત તો આ દુનિયા પર એક વધુ કજોડું સર્જાયું હોત. લગ્નની પ્રથા આ જ કામ કરે છે.'

'યાસ્મિન, વળી પાછું તેં નિર્દોષની નવલકથા બરાબર વાંચી છે એ સાબિત કરી આપ્યું.'

'મારા મનમાંથી એ ખસતી નથી. મારા પર જે વીત્યું છે તેને કારણે નવલકથાની વાત મને મારી વાત હોય એવું લાગે છે.'

'યાસ્મિન, હું નિર્દોષની મહાનતા પર વારી જાઉં છું. એણે મને એક વાર કહેલું : 'કોઈ યુવાનના બાહુપાશમાં તું ઊભેલી હોય તોય હું તને સ્વસ્થતાપૂર્વક જોઈ શકું એવી મનોવૃત્તિ કેળવાય ત્યારે સાચું.'

'આસ્થા, આ શું શક્ય છે ?'

'એ અશક્ય નથી.' લગ્નપ્રથાએ આપણામાં માલિકીભાવ જગાડ્યો છે. હું જો નિર્દોષને પરણું તો મને એમ લાગવા માંડે કે એના પ્રેમની એકમાત્ર માલિક હું છું. આવી ભાવના વગર લગ્ન પણ હોઈ શકે કારણ કે ટેવ સદીઓ જૂની છે.'

'તારી વાત સાચી પણ એનો ઉપાય શો ?'

'ઉપાય અંગે હુંય સ્પષ્ટ નથી. આ બધી વાતોનો સંબંધ મનની ઊંડી લાગણીઓ સાથે છે તેથી ઉપાય પણ જલદી નહીં જડે.'

'ગાડીમાં આપણે સ્ત્રીની, મા બનવાની ઝંખના વિશે વાત કરી રહ્યાં હતાં ને ! હું મા નથી બની શકતી એનું મને દુઃખ છે. એ દુઃખ

ભૂલવા હું હજાર ચાળા કરું; પણ એ મારો કેડો છોડતું નથી. સમાજ મને છૂટ નથી આપતી; બાકી જોસેફને એક સંતાન ભેટ આપી દઉં.'

'તારી બધી વાત હું નિર્દોષને કરીશ.'

'લગ્ન અંગે કે તેના વિરોધમાં નવલકથા લખવી કે વાંચવી એક બાબત છે અને એના વગર કોઈને પ્રેમ કરીને જિંદગી કાઢવી એ બીજી બાબત છે. હું મારા અનુભવે કહું છું, સ્ત્રી પોતાનું સર્વસ્વ ક્યાંક હોમી દેવા તત્પર હોય છે. પ્રથમ એ પતિ કે પ્રેમીને જાત સોંપી દે છે; પણ પછી એ પોતાનું બધું જ સંતાન પર ઢોળી દેવા તત્પર રહે છે.' યાસ્મિને ગંભીરતાપૂર્વક આ વાત મૂકી.

'આ વાતનો જવાબ મારી પાસે નથી; કદાચ નિર્દોષ પાસે પણ નહીં હોય.' આસ્થાએ કહ્યું.

'હજી મેં એમને આવું કશું પૂછ્યું નથી.'

'ના, એક વાર એમને સારા થઈ જવા દે, પછી વાત.'

'મારા મનમાં બે વાત રમે છે.'

'કઈ ?'

'એને હૉસ્પિટલમાંથી હવે એકાદ દિવસમાં રજા મળશે. પછી ઑપરેશનની તારીખ નક્કી થાય અને ગાળો મળે તો બે કામ કરવાં છે. એક તો એને કોઈપણ હિસાબે સ્વામીજી પાસે લઈ આવવો. બીજું જો શક્ય હોય તો અમે બંને વાઘેચા જઈ આવીશું. એનું મન પ્રફુલ્લિત થઈ જશે. તને શું લાગે છે ?'

'સારો આઈડિયા છે. સ્વામીદાદાની તારા પર આટલી સુંદર છાપ પડી તેથી મને સંતોષ થયો.'

'મને તો અંદરથી એમ થયા કરે છે આવતા ઉનાળામાં આખું વેકેશન અહીં આવીને જ ગાળું.'

'એકલી જ ?'

'હા. મારી સાધના એમના માર્ગદર્શન હેઠળ ભલે શરૂ થતી. એમના મોં પર કેવી પ્રસન્ત્તા હતી ? આવી પ્રસન્નતા હોય ત્યાં જ ભગવાનની કૃપા ઊતરતી હશે ને ! આ દુનિયામાં બધું હંગામી છે. વર્ષા ચપોચપ ચાલી જાય છે અને મૃત્યુ બારણે ટકોરાં મારતું ચાલ્યું આવે છે.'

'તું આ બાબતમાં સિરિયસ છે ?'

'આ બધી ક્ષણભંગુર બાબતોમાં પડવાને બદલે કશુંક ચિરંજીવ પામવાની ઈચ્છા રહે છે. આ સ્વામીજીમાં જરા જેટલો દંભ નથી; જરા જેટલું અભિમાન નથી. આપણી સાથે આપણા જેવા થઈને તેઓ વાત કરે છે.'

'હું ખૂબ ખુશ છું. પણ એક વાત કહું ? તું સાધ્વી થઈ જાય તેય મને તો ના ગમે.'

'અરે દોસ્ત ! એમ સાધ્વી થવાનું રેઢું પડ્યું છે ? સૌના નસીબમાં એ નથી હોતું. હમણાં તો નિર્દોષના જ વિચારોમાં છું. એ સારો ન થાય ત્યાં સુધી મને મોક્ષ પણ મંજૂર નથી.'

'પછી ?'

'પછીની વાત પછી. એ પરવાનગી આપે તો જ હું સાધ્વી થાઉં. મૂળ પ્રશ્ન પરવાનગીનો નથી; પણ મારી તૈયારીનો છે. બાકી એ તો પરવાનગી આપે એટલો મહાન છે જ.'

'આવું જાણત તો હું તને અહીં લાવત જ નહીં.'

'યાસ્મિન, તું નાહક ચિંતા કરે છે. મેં તો દૂરનું સ્વપ્ન તને કહી દીધું. આવા વિચારો ઘણી વાર ઓચિંતા આવી પડતા ઉમળકા જેવા હોય છે. થોડો સમય જાય એટલે બધું ખલાસ.'

'તારી બાબતમાં એવું નથી.'

'આ સાચું નથી. હું મારી નબળાઈઓ જાણું છું. હજી સેક્સના વિચારો મને પજવે છે. મને તેનોય વાંધોય નથી. આ અનુભવોમાંથી હું પસાર થઈ રહી છું.'

'આપણું મુંબઈ શહેર એવું છે કે સાધુનેય દોડતો કરી મૂકે.'

'સાચી વાત.'

'આ એક એવું શહેર છે જ્યાં તમે કામ ન કરો તોય થાક લાગે અને પરસેવાના રેલા ઊતરે. મુંબઈમાં નવરો માણસ પણ ઉતાવળમાં હોવાનો. સૌ દોડતાં હોય છે.'

'પોતે શા માટે દોડે છે એવો પ્રશ્ન જ કોઈ પૂછતું નથી.'

'આસ્થા, દોડ્યા વગર જાણે છૂટકો જ નથી.'

'હા, આપણા શહેરમાં માણસ જાણે એક અળસિયું બની જાય છે. આખું મુંબઈ લાખો અળસિયાંથી ઊભરાય છે. બ. ક. ઠાકોર કહેતા તેમ આ "માનવ જંતુડા" ઠેરઠેર ઊભરાતાં જ રહે છે. ખૂબી એ છે કે કોઈ મુંબઈ છોડવાની વાત નથી કરતું. રુગ્ણતા પણ કેવી સહજ બની જાય છે, અહીં !'

બંને જણ પાછાં આવ્યાં ત્યારે સ્વામીજી કશુંક વાંચી રહ્યા હતા.

'સ્વામીજી, મને લોનાવાલા ગમ્યું.'

'મુંબઈના લોકોને મુંબઈ વગર ચેન ન પડે. એ તો ચેઈન્જ મળ્યો એટલે જરા સારું લાગ્યું.'

'હું હમણાં જ યાસ્મિનને કહેતી હતી કે જે રુગ્ણ અવસ્થા છે તે હવે સહજ થઈ ગઈ છે.'

'રુગ્ણતા સહજ થઈ ગઈ છે એટલું જ નહીં; એ ગમવા પણ માંડી છે. પછી તો એ રુગ્ણતા વગર અસુખ રહે છે.'

'હવે અમારે જવું જોઈએ. રુગ્ણનગરી અમારી રાહ જુએ છે.'

'ખુશીથી જાવ, આનંદ કરો અને શાંતિ પામો.'

'તમને મળીને જે શાંતિ મળી તે ક્યાં સુધી ટકી રહેશે તે જ પ્રશ્ન છે.'

'દાદરના સ્ટેશન સુધી !' સ્વામીજીએ કટાક્ષ કર્યો.

'થોડેથોડે વખતે શાંતિ મનમાં ભરી લેવા માટે આવતાં રહીશું.' આટલું કહી આસ્થાએ સ્વામીજીનો ચરણસ્પર્શ કરી હાથ માથે અડકાડ્યો. યાસ્મિને પણ તેમ કર્યું.

'જ્યારે મન થાય ત્યારે આવજો. અહીં સગવડ નથી; પણ શાંતિ છે. પ્રકૃતિની અપાર કૃપા છે. હું તો મુંબઈમાં એક દિવસમાં જ અકળાઈ મરું છું.'

'વાત તો ખરી છે; પણ અમે ટેવાઈ ગયાં છીએ.'

'કદાચ મુંબઈના લોકો લોનાવાલા આવે ત્યારે અકળાતા હશે.'

'અમે અકળાયાં નથી. ખૂબ ગમ્યું.'

'આવજો. ભગવાન સૌનું કલ્યાણ કરો.' સ્વામીજીએ આટલું બોલીને બંનેને વિદાય આપી.

આખે રસ્તે આસ્થા અને યાસ્મિન વચ્ચે વાતો ચાલ્યા કરી.

'આસ્થા ઘૂંટડે ઘૂંટડે અલૌકિક આનંદને પી રહી હતી.

યાસ્મિન ખુશ હતી કારણ કે એનો પ્રયત્ન સફળ થયો હતો. એનો હેતુ આસ્થાને હળવાશ મળે એ હતો.

બંને જણ દાદર પર જ ઊતરી ગયાં.

આસ્થાએ બા પાસે હૉસ્પિટલ જવા ટૅક્સી પકડી. એ બાને મળીને સ્વામીજીની વાતો કહેવા તત્પર હતી.

જૉસેફ દેખાયો નહીં એટલે યાસ્મિને પણ રાહ જોઈને હૉસ્પિટલ જવા માટે બસ પકડી.

નાણાવટી હૉસ્પિટલ પહોંચીને આસ્થા સીધી બા પાસે ગઈ.

બાનો ખાટલો ખાલી હતો.

આસ્થા લગભગ પાગલ બનીને સિસ્ટર પાસે દોડી ગઈ.

'બહેન, તમારાં બાને બીજો ઍટેક આવ્યો છે. બે કલાક પર જ એમને ઈન્ટેન્સિવ કાર્ડિયાક કેર યુનિટમાં ખસેડ્યાં છે. ચાલો, હું સાથે આવું છું.'

આસ્થા સિસ્ટર પાછળ લગભગ બેભાન બનીને ચાલવા માંડી. આખી હૉસ્પિટલ એને ગોળગોળ ફરતી હોય એમ લાગ્યું.

❑

૧૨

નિર્દોષનું વીલ

આસ્થા અને યાસ્મિન વગર નિર્દોષ હૉસ્પિટલમાં તદ્દન એકલો પડ્યો.

સવારે એ નિરાંતે ઊઠ્યો. હૉસ્પિટલમાંથી હવે રજા મળશે એ વિચારે તે થોડોક ખુશ હતો.

થોડા જ દિવસોમાં કાર્ડિયોથોરેસિક સર્જનની તપાસ શરૂ થવાની હતી. ડૉક્ટરોએ છાતી ખોલીને ગાંઠમાંથી એક ટુકડો કાઢી બાયોપ્સી કરવાનો નિર્ણય લગભગ લઈ લીધો હતો.

હવે ખરો જંગ જામવાનો હતો.

સેમી-ફાઈનલ પૂરી થઈ હતી.

ફાઈનલનું પરિણામ બાયોપ્સી પછી જાહેર થવાનું હતું. હૉસ્પિટલમાં દાખલ થયાને દસ-બાર દિવસ થયા હતા. આટલા થોડા દિવસોમાં નિર્દોષની આખી જિંદગીમાં ન બન્યા હોય એટલા બધા મહત્ત્વના બનાવો ઝડપથી બની ગયા હતા.

આ દિવસોમાં એને કૅન્સરનો વહેમ અને આસ્થાનો પ્રેમ બંને એકસાથે મળ્યા હતા. આ દિવસોમાં એ આસ્થાનો હૂંફાળો સ્પર્શ પામ્યો હતો. આ સ્પર્શમાં એને સંજીવનીનો અનુભવ થતો હતો. આવા સથવારા વગર એ પોતાના જીવનનો સૌથી મોટો અને કદાચ આખરી જંગ લડી શકત કે કેમ એ પ્રશ્ન હતો.

આસ્થા એની પડખે એક સાચા સ્વજનની માફક ઊભી હતી. બા મરણપથારીએ હોવા છતાંય પોતે કૅન્સર મોરચે પણ ઝઝૂમી રહી હતી.

બે મોરચે લડતાં એ ખાસ્સી થાકી હતી પણ હારી ન હતી. આવી પરિસ્થિતિમાં એની અંદર રહેલી કોઈ તાકાત જ એને ટટાર રાખી રહી હતી. આસ્થાની આંતરિક તાકાતનું અક્ષયપાત્ર એની અધ્યાત્મનિષ્ઠામાં રહેલું હતું. મનમાં એ અણગમતા પરિણામની તૈયારી કરીને બેઠી હતી અને સાથે સારા પરિણામની આશા પણ એણે છોડી ન હતી.

બાની સેવા કરતી વખતે જાણે એને પૂરા ભાવથી વિદાય આપી રહી હોય એવી લાગણી એને થતી હતી. પોતાની પાછળ આખું જીવન ખર્ચી નાંખનારી અને પોતાની એકમાત્ર સ્વજન એવી માતા પ્રત્યેની એની મમતા ખૂબ ઊંડી હતી.

નિર્દોષ સાથેની મૈત્રીને આમ તો થોડાક જ દિવસ થયા હતા અને છતાંય આટલા ટૂંકા ગાળામાં એ પ્રગાઢ બની હતી.

કદાચ નિર્દોષના પરિચયમાં આવ્યા પછી જ આસ્થા એક પ્રકારનું પ્રફુલ્લન પામી રહી હતી. જીવનમાં 'કંઈક' ખૂટતું હતું તે જાણે મળી ગયું હતું. એનું અસ્તિત્વ આકાશમાં ઊગી નીકળતા મેઘધનુષ જેવું રંગદર્શી બની રહ્યું હતું.

આસ્થા વગર નિર્દોષ આજે બેચેન હતો. બંનેના જીવનમાં ધીરે રહીને યાસ્મિન પણ પ્રવેશી ચૂકી હતી.

લેખકને ખરેખર તો એના પ્રશંસકો જ જીવતો રાખતા હોય છે. વળી આવા પ્રશંસકોમાં સ્ત્રીઓ હોય એનો આનંદ લેખકને થોડો વિશેષ રહેતો હોય ને. નવલકથા વાંચ્યા પછી યાસ્મિન નિર્દોષ પર વધારે ભાવ બતાવતી થઈ હતી. નિર્દોષ પ્રત્યે એને ખૂબ જ આદર હતો. આસ્થાને તો એ બહેન જ ગણવા માંડી હતી.

આજે યાસ્મિન પણ ન હતી. નિર્દોષની બેચેની એ કારણે વધી ગઈ હતી.

તાતા કૅન્સર હૉસ્પિટલમાં ચોથા માળે આવેલા સ્પેશિયલ વૉર્ડમાં છેલ્લા થોડાક દિવસોમાં મીઠા માનવસંબંધોથી મહેકતી એક નાનકડી સૃષ્ટિ રચાઈ રહી હતી.

આવી નાનકડી પણ પ્રેમથી ઊભરાતી સૃષ્ટિ વગર કોઈ આદમી જીવી શકે ખરો ?'

આજે આખી સૃષ્ટિ ગેરહાજર હતી.

બીજું કંઈ ન સૂઝ્યું એટલે નિર્દોષે પરદેશમાં રહેતા એક મિત્રને પત્ર લખવાનું શરૂ કર્યું. એમાં એણે લખ્યું :

'સાધુઓને પણ થોડાક શિષ્યો અને થોડીક શિષ્યાઓ હોય એવો મોહ નહીં થતો હોય ! એમને પણ પોતાનામાં રસ લેનારા થોડાક જીવોની ગરજ નહીં રહેતી હોય ! વળી એમનેય અંતરને છાને ખૂણે શિષ્યાઓ પ્રત્યે અને તેમાંય વળી રૂપાળી શિષ્યાઓ પ્રત્યે પક્ષપાત નહીં રહેતો હોય ! વિજાતીય આકર્ષણ જેવી અત્યંત કુદરતી ઘટનાની ઉપેક્ષા કરનારા અને એ આકર્ષણ પર વિજય મેળવવા મથતા સાધુને પણ પોતાની જાત સાથે લડવાનો થાક ક્યારેક નહીં લાગતો હોય ! બ્રહ્મચર્યનો મહિમા ભલે ને સૌ ગાય, પરંતુ એ સહજ ખરું ? માણસ સિવાયનું કોઈ પ્રાણી બ્રહ્મચર્ય નથી પાળતું અને તેથી જ વ્યભિચારી પણ નથી હોતું. કોઈ વ્યભિચારી કૂતરો જોયો છે ?'

બધી રીતે નિસર્ગદત્ત એવી આ અત્યંત સહજ અને છતાંય પ્રબળ એવી સેક્સ વૃત્તિ પ્રત્યે દુશ્મનાવટ રાખવામાં કોઈ વૈજ્ઞાનિકતા ખરી ? વળી કોઈ આ વૃત્તિ પર કહેવાતો કાબૂ મેળવે તેને વિજય ગણવાનું યોગ્ય ખરું ? એવો વિજય પામનાર પોતાના અનેક પરાજયોને સંતાડતો ન હોય તેની શી ખાતરી ? નવા કરારમાં ઠીક કહ્યું છે : 'સ્ત્રી ઉપર જેણે ખોટી નજર કરી તેણે એટલામાં જ પોતાના મનમાં તેની જોડે વ્યભિચાર કરી લીધો ગણાય.' બાઈબલની આ વાત સ્વીકારીએ તો કયો સાધુ અવ્યભિચારી સાબિત થાય ? મને તો જોકે બાઈબલની આ વાત સામે પણ વાંધો છે. સ્ત્રી ઉપર 'ખોટી નજર' એટલે શું સેક્સની દૃષ્ટિએ કોઈ સ્ત્રી પર નજર નાખવી એટલે એ નજર 'ખોટી' થઈ ગઈ ? કરોડ માણસોએ એકાદ માણસ માટે બ્રહ્મચર્ય સહજ હોય તો હોય; અને એ માણસ પણ મરદ હોય તે માની લેવાનું.'

નિર્દોષ આજે એકાંતના અરણ્યમાં વિચારો પર સવાર થઈને ઘૂમી રહ્યો હતો. એણે મનોમન પોતાની જાતને પ્રશ્ન પૂછ્યો : આસ્થા સાથે આટલો ઊંડો સ્નેહ છે છતાં એ બીજી કોઈ સ્ત્રી પ્રત્યે ન જ આકર્ષાય એની કોઈ ખાતરી ખરી ?

આજે આસ્થા નહોતી મળવાની અને વળી યાસ્મિન પણ એની સાથે લોનાવાલા ગઈ હતી. આસ્થાની ગેરહાજરીમાં યાસ્મિન બે આંટા વધારે મારતી. એની સાથે બે નકામી વાતો કરી લઈનેય એ હળવો રહેવા પ્રયત્ન કરતો. આજે એ પણ શક્ય ન હતું.

મૃત્યુ અંગેનાં પુસ્તકો વાંચીને એ કંટાળ્યો હતો. અસ્તિત્વવાદમાં પણ એને આપઘાત પર મુકાતો ભાર ગમતો ન હતો. ક્યારેક એને લાગતું હતું કે માછલી જન્મે તે ઘડીથી ડૂબવાનું સ્વાતંત્ર્ય ગુમાવી બેસે એમ એ આપઘાત કરવાનું સ્વાતંત્ર્ય ગુમાવી બેઠો હતો. આસ્થાની આજ્ઞા વગર એ આપઘાત પણ કરી શકે તેમ ન હતો. એકાંતનો લાભ લઈને મૃત્યુ ફરીથી નિર્દોષને પજવી રહ્યું હતું. અણગમતા વિચારોને મનમાં ન પેસવા દેવા માટે નિર્દોષને કોઈ ને કોઈ બહાનાની ગરજ હતી. એ ઊઠ્યો અને ટપાલ નાખી આવવાને બહાને થોડું ચાલી આવ્યો. આમ કરવામાં માંડ અડધો કલાક ગયો. હજી તો એને ઘણા કલાકોની મજલ કાપવાની બાકી હતી. છેવટે થાકીને એણે મનોમન એક નિર્ણય લીધો. કાગળ અને બૉલપેન લઈ એણે પોતાનું વીલ લખવાની શરૂઆત કરી દીધી. વીલ લખવાનો અનુભવ માણસને ઘણુંખરું એક વાર મળે છે. નિર્દોષે તો કોઈકનાં વીલ વાંચ્યાં પણ નહોતાં. અત્યાર સુધીમાં એણે માત્ર એક જ વીલ વાંચ્યું હતું અને તે પંડિત નેહરુનું. નિર્દોષે એકાગ્ર ચિત્તે લખવા માંડ્યું :

મારા મૃત્યુ પછી

નામ – નિર્દોષ ધીરજલાલ ઉપાધ્યાય
૪૨-મેઘધનુ, ચોથે માળે
જૂના નાગરદાસ રોડ,
અંધેરી પૂર્વ, મુંબઈ-૫૮

તારીખ : ૭-૩-૧૯૭૯
વાર-બુધવાર
ફાગણ સુદ નોમ
બપોરે સાડાત્રણ વાગે.

મૂળ રહેવાસી – વાઘેચા, તા.બારડોલી, જિ. સુરત (ગુજરાત)

એક નિખાલસ એકરારથી જ શરૂઆત કરું. જો માત્ર એક સ્ત્રી કે પત્ની તરફની જાતીય વફાદારીને જ દુનિયા ચારિત્ર્ય ગણતી હોય તો હું મારી જાતને આ તકે ચારિત્ર્યહીન જાહેર કરવા ઇચ્છું છું. 'લોકો એવા તો પાગલ છે કે ગમે તે ચીજને તેઓ ધર્મમાં ફેરવી

નાંખે છે.' શ્રી અરવિંદની વાત હું સ્વીકારું છું અને જાહેર કરવા માગું છું કે આવા કહેવાતા ધર્મ સાથે મારે કશીય લેવાદેવા નથી. મારા શબ્દકોશમાં 'દંભ' નામનો શબ્દ સ્થાન પામ્યો નથી. એટલું કહીને હું મારા નાનામોટા અપરાધો સ્વીકારવા ઈચ્છું છું.

'ખરું કહું તો મર્યા પછીય કોઈક રીતે હું મારું 'બીઈંગ' ટકાવી રાખવા ઈચ્છું છું. ભલે નાનકડા, પણ મારા જ કહી શકાય એવા આ 'બીઈંગ'ને હું ખૂબ ચાહું છું. હું મટી જાઉં પછી મારો અવાજ તમને ક્યાંય શોધ્યો નહીં જડે.

કદાચ એમ બને કે વાઘેચા આગળ વહેતી તાપીનો ખળખળ વહેતો મધુર ધ્વનિ એ જ મારો ધ્વનિ હોય.

માથું ધોઈને પોતાના વાળ સૂકવતી કોઈ આસ્થાની સાડીના પાલવને હું વાયરો બનીને રમાડતો રહીશ !

કોઈ મુગ્ધા મારી નવલકથાનાં પાનાં ફેરવતી હોય ત્યારે એની કોમળ આંગળીઓનો સ્પર્શ પામવાનો લોભ હું નહીં જ રોકી શકું. આવે વખતે ભીંજાયેલા એ હૈયાની ઉષ્મા પામવા માટે વરસાદની ધાર બનીને એની બારી હું ખખડાવતો રહીશ !

શિયાળાની ગુલાબી સવારનો તડકો માણતી કોઈ યાસ્મિનને મળવા માટે હું દૂરદૂરથી એક કિરણ બનીને ચાલ્યો આવીશ.

ગામઠી ભાષામાં કહું તો મારે આગળ ધરાળ નથી અને પાછળ ઉલાળ નથી. સ્નેહાળ વાચકોના હૃદયમાં મારા સૂક્ષ્મ અસ્તિત્વનો એકાદ કણ સચવાઈ રહે એવો અભરખો મને રહે છે.

વાઘેચા ગામે બાપદાદાઓ તરફથી મને આવી મળેલી તમામ મિલકત હું હળપતિ સેવા સંઘને આપવા ઈચ્છું છું. મારાં પુસ્તકોની રોયલ્ટી તથા મુંબઈની ઘરની પાઘડીનાં નાણાં હું કુ. આસ્થા કૃષ્ણકાંત મહેતાને મળે એમ ઈચ્છું છું.

અત્યાર સુધી જીવવામાં જ એટલો બધો રમમાણ હતો કે મૃત્યુ વિશે વિચાર કરવાનો સમય પણ નહોતો મળ્યો. હવે એમ જ લાગે છે મારી પાસે પૂરતો સમય નથી. મને નિર્વ્યાજ પ્રેમ આપનારા વાચકોને અને મરું ત્યાં સુધી મને જીવતો રાખવામાં સહાયભૂત થનાર

આસ્થાનો, તાતા કૅન્સર હૉસ્પિટલના ડૉક્ટરો અને યાસ્મિનનો હું અત્યંત આભારી છું. આમીન.

લિ.

નિર્દોષ ધીરજલાલ ઉપાધ્યાય

સ.દ. પોતે

નિર્દોષે વીલના કાગળો ગડી વાળીને પથારી નીચે મૂકી દીધા. આટલું લખાણ લખતાં પણ આજે એને ખાસ્સો થાક લાગ્યો હતો. થાકને કારણે એને ઊંઘ આવી ગઈ.

એ જાગ્યો ત્યારે પાંચ વાગ્યા હતા. એક કપ ચા પીધી તોય એની સુસ્તી જતી ન હતી.

પથારી નીચેથી વીલ કાઢીને એણે ફરીથી વાંચવા માંડ્યું. વારંવાર એ વીલને વાંચી ગયો.

છેવટે એણે વીલને પાછું પથારી નીચે મૂકી દીધું.

એનું મન વિષાદથી ભરાઈ ગયું. એવામાં ઑપરેશન દરમિયાન જ એ મૃત્યુ પામે તો ! કૅન્સર કરતાં કૅન્સરનો પ્રકાર નક્કી કરવાની પ્રક્રિયા તો વધારે જોખમકારક ન બને ને ! આવા તો અનેક પ્રશ્નો સમુદ્રમાં ઊઠતાં મોજાંની માફક એના મનમાં ઊછળતા હતા અને પછી શમી જતા હતા.

એણે હૉસ્પિટલની લૉબીમાં આંટા મારવા માંડ્યા. લૉબી સાથે આવેલી ખુલ્લી અગાશીમાંથી વરલીનું ટી.વી. ટાવર દેખાતું હતું. ત્યાં ઊભા રહીને એણે લગભગ શૂન્યમનસ્કપણે પશ્ચિમાકાશના બદલાતા રંગો જોયા કર્યા. આસ્થા તથા યાસ્મિનની ગેરહાજરી માત્ર એક જ દિવસની હતી છતાંય એને એ ખૂબ જ લાંબી લાગી.

એણે પોતાના મનને કહ્યું : "થોરો ભલે ને એકાંતને પરમ મિત્ર તરીકે ઓળખાવે; એ કેટલું બિહામણું બની શકે છે એનો ખ્યાલ માત્ર વિરહની વ્યથા ભોગવનારને જ આવે છે. આવી વિરહવ્યથા ઓછી હોય એમ એમાં જ્યારે મૃત્યુની શક્યતા ભળે ત્યારે પૂછવું જ શું !'

નિર્દોષ લૉબી છોડીને પાછો રૂમમાં આવ્યો. રૂમમાં આવીને એણે લાઈટ બુઝાવી દીધી. લૉબીની લાઈટના આછા ઉજાસમાં એ માત્ર સફેદ ભીંતને જોઈ શકતો હતો. એ ક્યાં સુધી એમ જાગતો પડી

રહ્યો એની એને પોતાને ખબર ન હતી. કલાકો સુધી આમ પડી રહેવાને કારણે અર્ધજાગૃતિ અને અર્ધનિદ્રા જેવી તંદ્રા અવસ્થામાં એ ઘડીભર જંપી ગયો.

રાત્રે અગિયાર વાગ્યે યાસ્મિન હૉસ્પિટલ પર પહોંચી. જૉસેફ મળી શક્યો ન હતો તેથી એ થોડી નિરાશ હતી. છેલ્લા એકબે મહિનાથી જૉસેફને એ નિરાંતે મળી ન હતી. કારણ કે જૉસેફ રોકાયેલો રહેતો હતો.

થોડાંક કામો પતાવીને લગભગ બાર વાગ્યે ધીમે પગલે યાસ્મિન નિર્દોષના રૂમમાં પહોંચી.

નિર્દોષ ઊંઘતો હતો.

યાસ્મિને જરા પણ ખલેલ ન પહોંચે એ રીતે ખાટલા પર પડેલી પાતળી ચાદર લીધી અને નિર્દોષને છાતી સુધી ઓઢાડી.

'યાસ્મિન, કફન ઓઢાડવાની આટલી બધી ઉતાવળ !' નિર્દોષે વાંકી વળેલી યાસ્મિનને પોતાની તરફ ખેંચી લેતાં કહ્યું.

'ખુદા તમને લાખ વર્ષના કરે; આવું નહીં બોલો. મને મોડું થઈ ગયું એટલે મોડી મોડી પણ અહીં ચાલી આવી.' આટલું બોલતાં તો યાસ્મિનથી રડાઈ ગયું. એણે પોતાનું માથું નિર્દોષની છાતી પર મૂકીને એક ડૂસકું ખાઈ લીધું.

'તમે બંને હવે મને આ રીતે એકલો છોડીને નહીં જાઓને ! હવે જો એમ કર્યું તો હું તમને લોકોને એકલાં મૂકીને ચાલ્યો જઈશ.' નિર્દોષે યાસ્મિનની હથેળી જોરથી દાબતાં કહ્યું.

'હવેથી એવું નહીં થાય, બસ ! મને આ ચિંતા હતી જ. એટલે તો હું મોડી મોડી પણ અહીં આવી.'

'આઈ લાઈક યુ સો મચ.'

'આસ્થા આપણને આ સ્થિતિમાં જુએ તો !'

'તું એને ઓળખતી હોત તો આવો વિચાર તને ન આવત.'

'હું આસ્થાનું વહાલ ગુમાવવા તૈયાર નથી.' યાસ્મિને નિર્દોષના કપાળ પર હાથ ફેરવતાં કહ્યું.

'આસ્થા મારી અને બાની એમ બેવડી ચિંતામાં શેકાયા કરે છે. અમે બેઉ મળ્યાં ત્યારથી એની કસોટી શરૂ થઈ છે.'

'આસ્થા તમારી પર વારી ગઈ તેમાં નવાઈ નથી. કોઈ પણ સ્ત્રીનું એવું જ થાય.'

'યાસ્મિન, સાચું કહેજે. તેં મને પહેલીવાર જોયો ત્યારે તારા મનમાં કેવા ભાવ ઊઠેલા ?'

'એ જાણીને તમારે શું કામ છે ?' યાસ્મિને નિર્દોષને ચુંબન કરીને પૂછ્યું.

'દરેક પુરુષને પોતાના દેખાવ અંગે બીજી સ્ત્રીઓ શું માને છે તે જાણવાની ઈચ્છા હોય છે.' યાસ્મિનના બે ખભા જોરથી હલાવીને નિર્દોષે કહ્યું.

'હું તમને નથી કહેવાની. આઈ રિસ્પેક્ટ યૂ સો મચ.'

'યાસ્મિન, મારે તારી પાસે માન નથી જોઈતું, મૈત્રી જોઈએ છે.'

'એ તમને આસ્થા પાસેથી મળશે. મારા તરફથી તો માન જ મળશે.'

'તું મને ગમે છે તેમાં વાંક તારો છે. કોઈ ગમી જાય તેવું હોય એમાં મારો શું વાંક ?'

'હું ક્યાં તમારો વાંક કાઢું છું ?'

'તું વાંક કાઢે એ મને ગમે. કોઈનો વાંક કાઢવા માટે પણ થોડોક પ્રેમ હોવો જરૂરી છે.' – નિર્દોષે આટલું કહીને યાસ્મિનને પોતાના તરફ જોરથી ખેંચી.

'કોણ કહે છે કે તમને કૅન્સર છે ? આટલું જોર હોય તેને વળી કૅન્સર થાય ?' યાસ્મિને નિર્દોષને પંપાળતાં વાતને વાળવાનો પ્રયત્ન કર્યો.

'મારી ચોપડી તને ગમી ?'

'ખૂબ જ.'

'એનો લખનારો નથી ગમતો ?'

'હું લખનારની ગુલામ થવા તૈયાર છું.'

'તો મારો હુકમ છે.'

'શું ?'

'હવે મારી રજા વગર તું અહીંથી નહીં જઈ શકે.'

'હુકમ મંજૂર છે; પણ મને એક મિનિટ જનરલ વૉર્ડમાં આંટો મારી આવવા દો. તરત જ પાછી આવીશ.'

'પ્રોમિસ ?'

'હા.'

યાસ્મિન લગભગ પાંચ મિનિટમાં પાછી આવી.

'હવે મને "જા" કહો તોયે નહીં જાઉં.' યાસ્મિને ખાટલા ઉપર બેસતાં કહ્યું.

'એવું કહેવા જેટલો હું નિષ્ઠુર નથી.'

'પુરુષોનું કશું કહેવાય નહીં.'

'તને મારા પ્રત્યે આટલું જ માન છે ને !'

યાસ્મિન મૌન રહી અને નિર્દોષના માથે વાળમાં આંગળીઓ ફેરવતી રહી.

'તને પુરુષો પ્રત્યે ભારોભાર અવિશ્વાસ હોય તેમ લાગે છે.' નિર્દોષે મૌન તોડ્યું.

'એવું નથી. હું અનુભવે કહું છું.'

'તેં મારા પ્રશ્નનો જવાબ હજી નથી આપ્યો, હં કે.'

'કયા પ્રશ્નનો ?'

'મને પહેલીવાર જોયો ત્યારે તારા મનમાં કેવા ભાવ ઊઠેલા ?'

'તમને જોયા ત્યારે તમે ગમેલા. તમને વાંચ્યા ત્યારે તમે વધારે ગમેલા. હવે તમે ખૂબ જ ગમો છો, ખૂબ જ !'

'યાસ્મિન, એક વાત પૂછું ?'

'ગુલામની રજા લેવાની ન હોય.'

'હું દાઉદને મળી શકું ?'

'શું કામ છે ?'

'બસ, એની સાથે વાતો કરવી છે.'

'નવલકથા લખવાનો ઈરાદો છે કે ?'

'ના, ના.'

'તો પછી ?'

'બસ, એમ જ.'

'હું કહું તો તેઓ જરૂર આવે.'

'તો ગોઠવ.'

'નહીં.'

'કેમ ?'

'હું જે કાંઈ કરું તે એમને કહેતી નથી. તેઓને થોડો થોડો ખ્યાલ છે પણ તેઓ મને ટોકતા નથી. આમ ચાલ્યા કરે છે તેમાં ગડબડ ઊભી કરવાનું શું કામ ?'

'હું તને દબાણ નહીં કરું, બસ ! પણ ક્યારેક સહજ રીતે ગોઠવાઈ જાય તો જોજે.'

'સારું, જોઈશ.'

'યાસ્મિન, ભગવાન તારી સાથે ખૂબ નિષ્ઠુર બન્યો ગણાય.' નિર્દોષે યાસ્મિનની પીઠ પર હાથ ફેરવતાં કહ્યું.

'એ વાત હું ભૂલવા મથું છું. તમે પણ ભૂલી જાઓ.'

'હું કૅન્સરને ભૂલવા મથું છું; તું તારું દર્દ ભૂલવા મથે છે.'

'આવી મજાની ઘડીએ દર્દની વાત ક્યાં કાઢી, તમે ?'

'સૉરી યાસ્મિન.' નિર્દોષે યાસ્મિન પર વહાલનું જબરજસ્ત આક્રમણ કરતાં કહ્યું.

યાસ્મિને આવા આક્રમણને એટલા જ વહાલથી આવકાર્યું. એના જીવનમાં એ ક્યારેય આટલું આક્રમક વહાલ પામી ન હતી. એના જીવનમાં એક જ વાતની ખોટ હતી અને તે આવા આક્રમણની.

❑

૧૩

નાયં હન્તિ ન હન્યતે

ઈન્ટેન્સિવ કાર્ડિયાક કૅર યુનિટમાં પહોંચી ગયા પછી આસ્થાએ પથારીમાં આંખો મીંચીને સૂતેલી બાને કશું પણ ન કહ્યું.

લગભગ પાંચ મિનિટ સુધી બાના હાથમાં પોતાનો હાથ રાખી એ પ્રાર્થના કરતી રહી. સ્વામી સત્યાનંદની વાતોએ એનામાં એવું બળ પૂર્યું હતું કે એની સ્વસ્થતા હજી અકબંધ હતી.

એક બાજુ નિર્દોષના ઑપરેશન અંગે હજી આખરી નિર્ણય નહોતો થયો અને બીજી બાજુ બાની તબિયત લથડતી જતી હતી.

ઈન્ટેન્સિવ કાર્ડિયાક કૅર યુનિટમાં સંપૂર્ણ શાંતિ હતી. દીવાલ પરની એક પ્રકાશમય ફ્રેમમાં બાના જીવન ધબકારાનો ગ્રાફ અંકિત થયા કરતો હતો. એક નર્સ જાણે બાના જીવનની ચોકી કરી રહી હતી. રૂમના એક ખૂણામાં ઑક્સિજનનો બાટલો પડ્યો હતો.

નર્સને બાજુ પર લઈ જઈને આસ્થાએ પૂછ્યું :

'બીજો હુમલો કેટલા વાગે આવ્યો ?'

'લગભગ ચાર વાગ્યે.'

'પછી ?'

'પછી પ્રેશર એકદમ ઘટી ગયું એટલે ડૉક્ટરોએ એમને આઈ.સી.સી.યુ.માં ખસેડવાની સૂચના આપી.'

'હવે કેમ લાગે છે ?'

'ડૉક્ટર કહેતા હતા કે ત્રણેક દિવસ ખેંચી કાઢે તો આશા બેસે. આ હુમલો ગંભીર ગણાય.'

'બા ભાનમાં હતી ?'

'પૂરેપૂરા.'

'કંઈ બોલતી હતી ?'

'તમને યાદ કરતાં હતાં. તમે લોનાવાલાં જવાનાં હતાં તેની એમને ખબર હતી.'

'એને બોલવાની છૂટ ખરી ?'

'જેટલું ઓછું બોલે તેટલું સારું. તમે બોલો ને તેઓ સાંભળે અને હા કે ના કહે તે સારું રહેશે.'

'હું થોડીક વાતો કરું ?'

'હું જ તમને લઈ જાઉં, આવો.'

નર્સ અને આસ્થા બા પાસે આવ્યાં.'

'બા, આ તમારી દીકરી આવી ગઈ, વાત કરો.' નર્સે કહ્યું.

'બા, હું હવે આવી ગઈ છું.' આસ્થાએ કહ્યું.

'મહાત્માને મળી ?'

'હા, બા. એમને મળીને ખૂબ જ આનંદ થયો. યાસ્મિન પણ મારી સાથે હતી. ઘણી વાતો થઈ. મહાત્મા ખૂબ સારા લાગ્યા. તું સારી થઈ જાય પછી હું તને લઈ જઈશ. તને ખૂબ શાંતિ મળશે. લોનાવાલા પણ સુંદર જગ્યા છે. આપણે ત્યાં રહેવા જઈશું.'

'એમનું નામ ?'

'સ્વામી સત્યાનંદ.'

'હવે હું નહીં બચું.'

'બા, તું મારી ચિંતા નહીં કરે ને ! સતત મનમાં ૐનો જાપ કર્યા કર. હમણાં મને યાદ કરીશ નહીં. મારામાંથી પણ તારું ચિત્ત હટાવી લે. બને તેટલું ભગવાનમાં જ તારું ચિત્ત સ્થિર કર. આ દેહને ઘડપણ અને મૃત્યુ છે; પણ બધા જ જ્ઞાની પુરુષો કહે છે કે આત્મા અમર છે. કાલે સવારથી હું અહીં બેસીને ગીતાપાઠ કરવાની છું. તને ગમશે ને ?'

'બહુ સારું, બેટા.'

'તારી કોઈ ખાસ ઇચ્છા ખરી ?'

'હા, બેટા. તારા પિતાની છબી મરતી વખતે મારી આંખ સામે રહે એ રીતે ગોઠવ.'

'કાલે ઘરે જઈ જરૂર પિતાજીની છબી લેતી આવીશ અને સાથે ગીતા પણ લેતી આવીશ.'

'સારું.'

'બા, એક વાત કરું ?'

'બોલ.'

'તું બાપુજીની છબી એક વાર ધરાઈને જોઈ લેજે. પછી ધીરે ધીરે માત્ર ભગવાનમાં જ ચિત્ત પરોવી લે. આ દુનિયાના બધા સંબંધોમાંથી ચિત્ત હટાવી લે, આત્માનો કોણ પિતા અને કોણ પતિ ? આ દુનિયાની બધી માયા છોડીને માત્ર વિશ્વપિતામાં ચિત્ત પરોવવાનો પ્રયત્ન કરીશ ને ! તું બચી જાય એ શક્ય છે. ડૉક્ટરો બધા જ પ્રયત્ન કરી રહ્યા છે. બચી જવાય તોય આ વૃત્તિમાં મનને હમણાં સ્થિર કર.'

'હું તૈયાર છું.'

'બા, હું પણ થોડાંક વર્ષોમાં ભગવાનમાં મારું ચિત્ત પરોવવાની તૈયારી કરવાની છું. થોડાંક વર્ષોમાં જ કદાચ હું એની દાસી બની રહેવાની છું. તારા આશીર્વાદ મને મળશે ને !'

'તારા બાપુજી આજે હોત તો !'

'બા, હવે બધી ચિંતા છોડી દે.'

'ખરી વાત છે પણ...'

'મારી ચિંતા હવે છોડ. મને પૈસાની ખોટ નથી પડવાની. મારી જરૂરિયાતો એટલી ઓછી કે વાંધો નહીં આવે. માણસને જીવવા માટે કેટલા પૈસા જોઈએ ? નખરાં કરનારને જ પૈસાની ખોટ લાગ્યા કરે.'

'નિર્દોષને જોવાની ઇચ્છા થયા કરે છે.'

'બા, હું પ્રયત્ન કરીશ; પણ તને ફરીથી કહું છું કે મારામાંથી, પિતાજીમાંથી, નિર્દોષમાંથી તારું ચિત્ત હઠાવી લે. ગીતામાં કહ્યું છે તેમ મનુષ્ય જૂનાં વસ્ત્રો ત્યજીને નવાં ધારણ કરે એમ દેહધારી આત્મા જૂના શરીર ત્યજીને નવાં પામે છે. વળી આગળ કહે છે કે આત્મા છેદી શકાતો નથી. બાળી શકાતો નથી. ભીંજવી શકાતો નથી ને સૂકવી શકાતો નથી. એ તો નિત્ય છે, સર્વવ્યાપી છે અને સનાતન છે.'

'તારી વાતો મને ગમે છે.'

'બા, આપણા ચિત્તમાં છેલ્લી ઘડીએ શું છે તે વાત ખૂબ મહત્ત્વની ગણાય. છેલ્લી ઘડીએ ભગવાનનું નામ લેનારા પાપીની પણ સદ્‌ગતિ થાય છે. તેં તો જીવનમાં પાપ શું છે તે જાણ્યું પણ નથી. જો માત્ર છેલ્લી ઘડી સચવાઈ જાય તો તારું જીવન પણ સાર્થક થાય અને તારું મૃત્યુ પણ.'

'તારા પિતા કૃષ્ણના ભક્ત હતા અને હું પણ.'

'હવે હું તારી પાસે આવી ગઈ છું. મને પણ ભૂલી જા. માત્ર કૃષ્ણને, લાલાને યાદ કર અને કૃષ્ણમય બની જા !'

'હું.'

'એ કૃષ્ણને શરણે જા. એક દીવાની જ્યોત સૂર્યને શરણે જાય એ રીતે તું એને શરણે જા. આ આખું જગત કૃષ્ણની જ રાસલીલા છે. કૃષ્ણ સિવાય બીજી કોઈ વાતમાં મન ચોંટાડીશ નહીં.'

આસ્થાએ જોયું કે બાને હળવું ઝોકું આવી ગયું હતું. નર્સ વારંવાર નાડીના ધબકારા માપ્યા કરતી હતી.

ધબકારા નોર્મલ હતા.

બ્લડ-પ્રેશર નોર્મલથી થોડુંક નીચું હતું.

વચ્ચે વચ્ચે ડૉક્ટર પણ આંટો મારી જતા હતા.

આખી રાત એણે બેઠાંબેઠાં જ ખેંચી કાઢી. સવારે દસ વાગ્યે એ તાતા હૉસ્પિટલ પર જવાની હતી; પરંતુ એ હવે અશક્ય હતું. સવારે ફોન કરીશ એમ માની એણે મન વાળ્યું.

આખી રાત બાની સ્થિતિ હતી તેવી જ રહી.

સવારના સાડાછ વાગ્યે એણે યાસ્મિનને ફોન જોડ્યો :

'યાસ્મિન, બાને કાલે બીજો ઍટેક આવ્યો. આજે ત્યાં મારાથી દસ વાગ્યે નહીં અવાય. તું જ નિર્દોષને ઘરે ટૅક્સીમાં લઈ જજે.'

'હું ત્યાં દસ વાગ્યે જરૂર આવું છું, આસ્થા. નિર્દોષભાઈને ઘરે મૂકવાની વ્યવસ્થા હું કરીશ. બીજું કંઈ લાવવા-કરવાનું હોય તો કહે. રાત્રે તારો સંદેશો નિર્દોષભાઈને આપવાનું તો ભૂલી જ ગઈ ! બા અંગે એમને શું જણાવું ?'

'બધું સાચું જણાવજે. એને કહેજે કે કદાચ કાલે પણ ન અવાય. બા કદાચ ન બચે. એની તબિયત પર બધો આધાર છે.'

'આસ્થા, હું આવીશ ત્યારે એમનો સંદેશો લેતી આવીશ, તું હિંમત રાખજે.'

'નિર્દોષના ઑપરેશનનો નિર્ણય થયો ?'

'ના, હજી થોડા દિવસ નીકળી જશે. ત્યાં સુધી તેઓ ઘરે જ રહેશે.'

'તું બધું સંભાળી લેજે.'

'તું જરા પણ ચિંતા ન કરતી. આસ્થા ! તું ટેલિફોન ચાલુ રાખ. હું નિર્દોષભાઈને ફોન પર બોલાવું છું.'

'યસ, યસ. આઈ હોલ્ડ ઓન.'

નિર્દોષ ફોન પર આવ્યો.

'હલો, આસ્થા !'

'નિર્દોષ, બા હવે કદાચ નહીં બચે. હુમલો ગંભીર છે.'

'આસ્થા, હું તને હિંમત રાખવાની સલાહ આપવા જેટલો બહાદુર નથી. મારામાં આશ્વાસન પામવાની ત્રેવડ છે. આપવાની નથી. હજી નક્કી નથી. દસપંદર દિવસ નીકળી પણ જાય. હું ડૉક્ટર નાગરને પૂછી જોઈશ. થોડાક દિવસ એ પાછળ પણ ઠેલી શકાય.'

'એવું શા માટે ?'

'હું જીવવા માગું છું; પણ મરવું જ પડે તો તારી હાજરીમાં મરવા માગું છું, આસ્થા !'

'હું બે-ત્રણ દિવસ ન આવી શકું તો...'

'ડોન્ચ યૂ વરી, આસ્થા. હું યાસ્મિન જોડે ચિઠ્ઠી લખું છું, તું બાને સંભાળ. મને તારી ચિંતા થાય છે એ ખરું પણ સાથે વળી તારી સ્વસ્થતામાં પણ એટલી જ શ્રદ્ધા છે. બા ભાનમાં છે ?'

'હા, પૂરેપૂરી ભાનમાં છે. રાત્રે બાની સાથે ઠીકઠીક વાતો થઈ. બ્લડપ્રેશર કાબૂમાં છે અને પલ્સ નોર્મલ છે.'

'ભગવાનની ઇચ્છા હશે તો બા બચી જશે.'

'તને એણે કાલે રાત્રે યાદ કર્યો હતો.'

'એમ તો હું છેક ફેંકી દેવા જેવો માણસ નથી ને !'

'તદ્દન સાચું.'

'બસ ત્યારે, ટેઈક કેર ઑફ યોર સેલ્ફ.'

'એકલા એકલા ચિંતા કરવાની નહીં, હં કે !'

'તારી આજ્ઞા વગર હું ચિંતા પણ નહીં કરું, બસ !'

'બાય.'

ફોન મૂકીને આસ્થા બા પાસે ગઈ.

પૂરા પાંચ દિવસ વીતી ગયા.

રોજ ગીતાપાઠ થતો રહ્યો.

આસ્થા અને બાની વાતો થતી રહી.

એક વાર રાત્રે અગિયાર વાગ્યે બાની પલ્સ ઘટવા માંડી. બ્લડપ્રેશર એકદમ ઘટી ગયું. બધા ડૉક્ટરો ભેગા થઈને મથી રહ્યા હતા.

એક સિનિયર ડૉક્ટરે આસ્થાને યુનિટની બહાર લઈ જઈને ખૂબ જ દબાતા સાદે કહ્યું :

'મિસ આસ્થા, હવે બા માંડ થોડી ઘડીઓનાં મહેમાન છે.'

'આઈ કેન સી ધેટ, ડૉક્ટર.' આસ્થાએ આંખો લૂછતાં કહ્યું.

'માત્ર ચમત્કાર જ હવે એમને બચાવી શકે. અમે પ્રયત્નો તો કરીએ છીએ. કોઈ ખાસ સ્વજનો હોય તો બોલાવી શકો છો. બચવાની શક્યતા ઓછી છે.'

આસ્થાએ હિંમત એકઠી કરી રાખી હતી તોય આ ઘડીએ તે ઢીલી થઈ ગઈ. આખું જીવન એણે માત્ર બા સાથે જ વિતાવ્યું હતું. બા જ એનું સર્વસ્વ હતી. આંસુઓને ખાળવાના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા. એ જાણે પોતાના મન સાથે વાત કરી રહી હતી.

'હજી બા છે અને સામે છે. થોડી જ વારમાં એ અહીં આ દુનિયા પર નહીં હોય. મૃત્યુનો ભેદ કોઈ પામશે ખરું ! થોડા જ કલાકોમાં આ બા ક્યાંય શોધી નહીં જડે ! શું આખા જીવનની આવી જ સમાપ્તિ !'

થોડી જ વારમાં આસ્થાને કેટલાક વિચારો આવી ગયા.

ફરી પાછી ડૉક્ટરોની ગુફ્તેગો.

ફરી નર્સોની દોડધામ.

ફરી પાછો ઑક્સિજનનો બાટલો.

આસ્થા બાના માથા પાસે બેસીને ૐનો જાપ કરતી જ રહી.

બા જાણે સાંભળતી હોય એ રીતે એ ૐ, ૐ બોલ્યે જતી હતી.

એ બોલતી જ રહી અને એક પળ એવી આવી જ્યારે એ બોલતી રહી અને બાએ સાંભળવાનું બંધ કરી દીધું.

બા આત્મસ્થ બની ચૂક્યાં હતાં.

આસ્થાએ પોતાની પાસે હોય એટલી બધી જ સ્વસ્થતા એકઠી કરી લીધી.

બાને સફેદ ચાદર ઓઢાડીને એણે ગીતાપાઠ કર્યો.

ચારપાંચ સ્વજનોને સંદેશા પાઠવ્યા.

છેક છેવટે એણે યાસ્મિનને ફોન જોડ્યો.

'યાસ્મિન ! બા ઈઝ નો મોર.'

આટલું કહીને એણે ટેલિફોન મૂકી દીધો.

❑

૧૪

ક્ષણોના જંગલમાં

આજે નિર્દોષને હૉસ્પિટલમાંથી રજા મળી ગઈ હતી. દસેક વાગ્યે આસ્થા આવે પછી ઘરે જવું એમ વિચારીને એ પરવારી ગયો હતો અને છાપું વાંચતો હતો.

ત્યાં યાસ્મિને આવીને બાના સમાચાર આપ્યા.

'યાસ્મિન, શું કરીશું ?' નિર્દોષે દુઃખી સ્વરે પૂછ્યું.

'એવું કરીએ ? મારી ડ્યૂટી પૂરી થવા આવી છે. ટૅક્સીમાં હૉસ્પિટલ જઈએ અને પછી તમારે ઘરે હું તમને પહોંચાડી દઈશ.'

'હું હૉસ્પિટલથી એકલો ઘરે ચાલ્યો જઈશ.'

'ના, આ સ્થિતિમાં હું તમને એકલા નહીં જવા દઉં.'

'ઠીક છે.'

'બંને હૉસ્પિટલ પર પહોંચ્યાં.

'બાના માથા પાસે બેસીને આસ્થા ગીતાપાઠ કરી રહી હતી. એ સ્વસ્થ હતી.

બાને શબવાહિનીમાં લઈ ગયા ત્યારેય આસ્થા ૐનો જાપ કરી રહી હતી; પરંતુ હવે એ આંસુ ખાળી ન શકી. યાસ્મિનને ખભે માથું ઢાળીને એણે રડી લીધું.

નિર્દોષ આસ્થાને જોતો રહ્યો.

બધું આટોપીને આસ્થા, નિર્દોષ, યાસ્મિન અને આસ્થાનાં દૂરનાં માસી આસ્થાને ઘરે ગયાં.

સૌએ અડધો કલાક સુધી પ્રાર્થના કરી.

'યાસ્મિન, તું નિર્દોષને ઘરે મૂકીને પછી ઘરે જજે. રાતનો ઉજાગરો અને દિવસની દોડધામથી તું થાકી હશે.' આસ્થાએ કહ્યું.

'તું અમારી ફિકર ન કર. તારે આરામની ખરી જરૂર છે; તારી આંખો તો જો !'

'નિર્દોષ, આપણે કાલે નહીં મળી શકીએ; પરંતુ કદાચ પરમ દિવસે બપોર પછી હું નીકળી શકીશ.'

'તું પરવારે પછી નિરાંતે આવજે.'

'ઑપરેશનની તારીખ નક્કી થઈ ?'

'હજી નક્કી નથી.' નિર્દોષે કહ્યું.

'હું કાલે જાણતી આવીશ.' યાસ્મિને કહ્યું.

'એ તો ધારીએ તો પાછી ઠેલી શકાશે.' નિર્દોષ બોલ્યો.

'ના, ના. હું ત્યાં સુધીમાં તો અહીંના કામકાજથી પરવારી જઈશ. હવે મારે એક જ મોરચે લડવાનું છે.' આસ્થા આટલું બોલતાં તો રડી પડી.

યાસ્મિને એને પાણી પાયું.

'નિર્દોષ, બા વગરનું ઘર આ હું પહેલીવાર જોઈ રહી છું. એ મારા વગર ઘરમાં રહી હશે; પરંતુ હું એના વગર ક્યારેય ઘરમાં રહી નથી.'

'સાચું છે, આસ્થા.'

'હજી બા નથી એ વાત મન સ્વીકારી શકતું નથી.'

'મને એક વાતનો સંતોષ રહે છે. તેં બા સાથે ઠીક ઠીક વાતો કરી લીધી. તેઓ શાંતિથી ગયાં.' નિર્દોષે કહ્યું.

'એ પ્રતાપ સ્વામી સત્યાનંદનો. હું થોડીક ક્ષણોમાંય એમની પાસે ઘણું પામી. એમની વાતો ખરે વખતે કામ આવી ગઈ. આજે મારા મનમાં વસવસો નથી.' આસ્થાએ કહ્યું.

'તારી સ્વસ્થતા પણ જબરી છે. હું તો આવી સ્થિતિમાં ટકી જ ન શકું.' યાસ્મિને કહ્યું.

'હું કાલે તારી રાહ જોઈશ, યાસ્મિન.' આસ્થાએ કહ્યું.

'કાલે કેટલા વાગે આવું ?'

'તને ગમે ત્યારે.'

"તો પણ !'

'બપોર પછી આવ ને ! ત્યારે અવરજવર નહીં હોય.'

'ચોક્કસ. કંઈ સાથે લાવવા-કરવાનું ?'

'એક ચીજ લેતી આવજે.'

'શું ?'

'તારું વહાલ.'

'અને બીજું કંઈ ?'

'નિર્દોષને મળીને આવજે એટલે મને નિરાંત થાય.'

'મને શું છે ? આસ્થા, યાદ રાખજે કે ખોટું ખોવાય નહીં.' નિર્દોષે વિનોદ કર્યો.

'હવે મને વધારે દુઃખી કરવી છે કે શું ?' આસ્થા બોલી.

'તું કહે તો હું કાલે અહીં એક વાર આવી જાઉં.' નિર્દોષે કહ્યું.

'કેમ એક દિવસ પણ મારા વગર નહીં ચાલે ?' આસ્થાએ થોડીક હળવાશ બતાવી.

'એક ક્ષણ પણ નહીં; પછી દિવસનો પ્રશ્ન જ ક્યાં છે !' નિર્દોષે આસ્થાની વાતને સરસ રીતે વાળી લીધી.

'હવે તમે બંને આરામ કરો.' આસ્થાએ બંનેને વિદાય આપી.

બંને ગયાં પછી માસી અને આસ્થા ઘરમાં એકલાં પડ્યાં. આસ્થા પોતાની રૂમમાં ગઈ અને નિર્દોષના હસ્તાક્ષરવાળી ચોપડી લઈને જે પાનું નીકળ્યું તે વાંચવાની શરૂઆત કરી :

ક્ષણોના જંગલમાં માનવી ભટકતો રહે છે.

ત્યાં ટ્રાફિક લાઈટ નથી હોતી; ત્યાં તો પ્રત્યેક માણસે હાથમાં ટોર્ચ લઈને એક એક ડગલું માંડવું પડે છે.

કોઈ નિયત કરેલો રસ્તો આગળથી તૈયાર નથી હોતો.

પ્રત્યેક ક્ષણે નવા વળાંકો;

પ્રત્યેક ક્ષણે નવા અંતરાયો;

પ્રત્યેક ક્ષણે નવા પરિચયો

અને

પ્રત્યેક ક્ષણે નવી નિરાશાઓ !

એક ક્ષણ, તમારી યાત્રાનું સુકાન એવું મરડે

કે તમે ક્યાંના ક્યાં પહોંચી જાઓ
અથવા તો ક્યાંયના ન રહો !
ક્ષણોના જંગલમાં અટવાતો આદમી
બીજા એ જ રીતે અટવાતા આદમીઓને મળે છે.
આવા પરિચયોની જુદી જુદી માત્રાઓ હોય છે.
કેટલાક આપણા જીવનમાં સુખદુઃખના ઉઝરડા પાડી જાય છે.
આવા એકાદ પરિચયનું ખાટું કે મીઠું સંભારણું
પોતાની ઝોળીમાં લઈને આદમી ચાલતો રહે છે.
જરૂર પડે કોઈ મીઠા સંભારણાંને ઝોળીમાંથી કાઢીને
ચ્યુઈંગમની માફક મમળાવતો રહે છે.
કેટલાક પરિચય હૃદયને વીંધીને આરપાર ચાલી જાય છે.
ઓળખાણ હોવી એક વાત છે;
સંપર્ક હોવો બીજી વાત છે; અને
પરિચય હોવો એક તદ્દન જુદી જ બાબત છે.

*　　*　　*

નવલકથા બાજુએ મૂકીને આસ્થા ખાટલામાં આડી પડી. છેલ્લા વીસ-બાવીસ દિવસમાં એને ત્રણ જણાં મળ્યાં હતાં :

એક હતો નિર્દોષ.

બીજી હતી યાસ્મિન.

ત્રીજા હતા સ્વામી સત્યાનંદ.

નિર્દોષ એના જિગરનો ટુકડો હતો.

યાસ્મિન એના સુખદુઃખની સાક્ષી હતી.

સ્વામી સત્યાનંદ તો એને ક્ષણોના જંગલમાં જાણે ટોર્ચ આપી રહ્યા હતા !

બાએ એને જીવનભર હૂંફ આપી હતી.

આ ઘરમાં હવે એ બા ન હતી.

આખો દિવસ આવા વિચારોની અને કેટલાક સ્નેહીજનોની અવરજવરમાં વીતી ગયો.

રાતે માસી સાથે બા અંગે થોડી વાતો કરીને આસ્થાએ સૂવાની તૈયારી કરી.

એટલામાં કૉલબેલ રણક્યો.

દરવાજો ખોલ્યો ત્યારે આસ્થાની સામે પ્રતીક્ષા અને એક યુવાન ઊભાં હતાં.

આસ્થાએ અનુમાન કરી લીધું કે એ અતીત મજમુદાર હોવો જોઈએ. એવું જ બન્યું. પ્રતીક્ષાએ અતીતનો પરિચય કરાવ્યો.

બંને અડધો કલાક બેઠાં.

જતી વખતે પ્રતીક્ષાએ કહ્યું :

'આસ્થાબહેન, હવેથી હું રોજ આવીશ. આ અતીત મને છોડતો ન હતો. હવે કાલથી એની પરીક્ષા શરૂ થાય છે એટલે મારી સામેય નહીં જુએ.'

'ડોન્ચ્યુ વરી, પ્રતીક્ષા.'

આખી રાત આસ્થાએ ધ્યાનમાં અને બાના વિચારોમાં ગાળી.

* * *

નિર્દોષ આજે હૉસ્પિટલમાં તપાસ માટે આવ્યો હતો.

આજે બુધવાર હોવાથી યાસ્મિન નહોતી આવી.

આજે એને 'ઑફ-ડે' કે પછી 'જૉસેફ-ડે' હતો.

ડૉક્ટર નાગર આવ્યા ત્યારે નિર્દોષ છાપું વાંચી રહ્યો હતો.

'મિસ્ટર ઉપાધ્યાય, ઑપરેશનની તારીખ હવે નક્કી છે.'

'કઈ તારીખે ?'

'આવતા મહિનાની પચ્ચીસમી એપ્રિલે, એટલે કે બુધવારે સવારે.'

'ડૉક્ટર, હું તો તૈયાર જ છું. એક વાર તમારા લોકોની અડફેટે માણસ ચઢે પછી એણે આખો ચકરાવો પૂરો કર્યે જ છૂટકો !'

'કયા ચકરાવાની વાત કરો છો, તમે ?'

'મુંબઈમાં કેટલાક ડૉક્ટરો દરદીને ધક્કે ચડાવે છે.'

'એ વાત તદ્દન જુદી છે અને અમારા વ્યવસાયનું એ કલંક છે. પણ મિસ્ટર ઉપાધ્યાય ! અમે અત્યારે તમને જે તકલીફ આપી રહ્યા છીએ એ એક જુદી જ બાબત છે. આ હૉસ્પિટલ દુનિયા પરના ઉમદા તત્ત્વનું એક સ્મારક છે. અહીં સૌને આવકાર છે.'

'હું એ નજરે જોઈ રહ્યો છું. મારી સારવાર એ ઉમદા તત્ત્વનો જ એક નમૂનો છે.'

'તમે આ સમજી શકો છો એનો મને આનંદ છે.'

'ડૉક્ટર ! મારું ઑપરેશન મેજર ગણાય ને ?'

'હા. પરંતુ એ હવે ખૂબ જ કોમન બની ગયું છે. તમે હિંમત રાખશો. અમે તમને છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક સારવાર આપી રહ્યા છીએ એની ખાતરી રાખશો.'

'અરે ! આઈ એમ રેડી ટુ ડાઈ ઑન ધ ઑપરેશન ટેબલ વિધાઉટ એ વર્ડ ઑફ કમ્પ્લેઈંટ.'

'નો સર ! યુ મસ્ટ બી રેડી ટુ લિવ ફોર વન હંડ્રેડ ઈયર્સ ! ખૂબ જીવો અને ખૂબ લખો.' ડૉક્ટર નાગરે નિર્દોષનો ખભો થાબડીને કહ્યું.

'ડૉક્ટર, તમને તમારો આ વ્યવસાય ગમે છે ?'

'ખૂબ જ.'

'કારણ ?'

'દરદી લાચાર થઈને અમારી સામે જુએ ત્યારે એની નજરમાં અમે લગભગ ભગવાન હોઈએ છીએ. હવે જો અમે શેતાન ન હોઈએ તો દરદીને માટે ઘણું કરી શકીએ. ખરી વાત એ છે કે દરદી બચી જાય તો એને બચાવે છે ભગવાન; પરંતુ જશ અમને મળે છે; દરદી મરી જાય તો એને મારે છે ભગવાન પરંતુ અમને અપજશ જવલ્લે જ મળે છે !'

'પણ ડૉક્ટર ! દરદીઓની આવી શ્રદ્ધાનો લાભ ઉઠાવનારા ડૉક્ટરો પણ હોય છે ને !'

'સાધુઓમાં ક્યારેક શેતાનના પ્રતિનિધિઓ નથી હોતા ?'

'બસ ત્યારે; હું જાઉં ?'

'વિશ યૂ ઓલ ધ બેસ્ટ. હવે ઑપરેશનના બે દિવસ પહેલાં આવી જશો. સોમવારે સવારથી બધી તૈયારી ચાલશે.'

'થેન્ક્યુ ડૉક્ટર.'

'યુ આર વેલકમ. આજે મિસ આસ્થા નથી આવ્યાં ?'

'જી, એના મધર ગઈકાલે જ ગુજરી ગયાં.'

'આઈ એમ સૉરી. શું હતું એમને ?'

'હૃદયરોગ હતો.'

'ઉંમર ?'

'સાઠની અંદર હશે.'

'તમે સારા થઈ જાઓ પછી કૅન્સર પર જ એક નવલકથા લખજો.'

'માત્ર એક જ નવલકથા ? હું અત્યારે નવલકથા જીવી રહ્યો છું. મારા દર્દને હું ક્યારેક જરૂર વાચા આપીશ. મૃત્યુ સાથે પરિચય થઈ રહ્યો છે – અત્યારે.'

'લો, તમે તો જાણે શરૂ કરી દીધી – નવલકથા !'

'નવલકથામાંથી જીવન બાદ કરો તો શું રહે, ડૉક્ટર !'

'પરીકથા.'

'ડૉક્ટર, તમે આટલાં કામોમાંથી પણ પરીને યાદ કરી શક્યાં એ આનંદની વાત છે.' નિર્દોષે મજાક કરી.

'નર્સ સાથે કામ કરીને અમે એ શબ્દ છેક જ ભૂલી જઈએ એમ ઇચ્છો છો ?'

'માણસ આવા કેટલાક શબ્દો પર તો જીવે છે.'

'એક વાત કહું ?'

'સ્યોર.'

'મારી પત્ની પર હું ખૂબ ખુશ થઈ જઉં ત્યારે એને "મૅટ્રન" કહીને ખીજવું છું.'

'ધેટ્સ ગ્રેટ, ડૉક્ટર !'

'ચાલો, હવે હું જઈશ. આજે સાંજે એક ઑપરેશન છે, બાય !'

'બાય.'

નિર્દોષ ઘરે આવ્યો.

આસ્થાના વિચારોમાં જ એણે ચા પીધી અને આડો પડ્યો. આસ્થા વિશે વિચારી રહ્યો ત્યાં યાસ્મિનને વિચારે ચઢી ગયો. યાસ્મિન વિશે વિચારી રહ્યો ત્યાં વાઘેચાને વિચારે ચઢ્યો. બધુંય વિચારીને થાક્યો ત્યારે મનમાં એક જ વાત પડઘાયા કરતી હતી :

ઑપરેશન...ઑપરેશન...ઑપરેશન... !

બાયૉપ્સી...બાયૉપ્સી...બાયૉપ્સી... !

કૅન્સર...કૅન્સર...કૅન્સર !

પચ્ચીશમી એપ્રિલ...બુધવાર !
મંગળવાર...મંગળવાર...મંગળવાર !
પચ્ચીશમી...પચ્ચીશમી...પચ્ચીશમી !
ડૉક્ટરો છાતી ખોલશે અને ગાંઠનો ટુકડો કાઢશે.
પછી ?
પછી ગાંઢની તપાસ કરશે.
પછી ?
એ તપાસ પરથી કૅન્સરનું નામ પાડશે.
પછી ?
એ નામ નક્કી કરશે કે મારે જીવવાનું છે કે મરવાનું છે.
પછી ?
નાગણ સૌ વિલાપ કરે છે...
મથુરાનગરીમાં લઈ જશે ને...
નાગનું શિશ કાપશે...
પછી ?

નિર્દોષ પથારીમાં જ ઢગલો થઈને બેસી ગયો.

થોડી વાર થઈ હશે ને દરવાજાની ઘંટડી વાગી.

નિર્દોષ ઊઠ્યો. મોઢું ધોઈને વાળ સરખા કર્યા પછી એણે દરવાજો ખોલ્યો.

સામે ઊભો હતો એક દાઢીવાળો માણસ.

તમારું નામ ?' નિર્દોષે પૂછ્યું.

'મારું નામ દાઉદ.'

❑

૧૫

શમણાં દળવાની ઘંટી

દાઉદ તદ્દન સીધોસાદો અને અતિશય નમ્ર માણસ હતો.

એ યાસ્મિનની તપાસ કરવા આવ્યો હતો.

બુધવારે સવારે પણ એ ઘેર ગઈ ન હતી. હૉસ્પિટલમાં તપાસ કરવા ગયો ત્યારે દાઉદને કોઈએ નિર્દોષનું સરનામું આપ્યું અને એ આધારે તે અહીં આવી પહોંચ્યો હતો.

નિર્દોષ વિચારમાં પડ્યો.

દાઉદને જોસેફની વાત પણ શી રીતે કરવી !

યાસ્મિન ક્યાં ગઈ હશે ?

'દાઉદભાઈ, કદાચ એ આસ્થા પાસે ગઈ હોય. આસ્થાનાં બા ગુજરી ગયાં તેથી ત્યાં વધારે રોકાઈ ગઈ હશે. હું અહીં આવશે તો જરૂર તમારો સંદેશો આપીશ. કંઈ ખાસ કામ છે ?'

'ના જી ! અમ્માજાનને ચિંતા થઈ એટલે હું આવ્યો.'

'હું સમજું છું.'

'તકલીફ માફ કરશો.'

દાઉદ ગયો. નિર્દોષ ક્યાંય સુધી વિચારતો જ રહ્યો :

'ક્યાં દાઉદ અને ક્યાં યાસ્મિન !'

'અને છતાં દાઉદનું સૌજન્ય એને સ્પર્શી ગયું. એને દાઉદ પ્રત્યે પણ સહાનુભૂતિની લાગણી થઈ આવી.

'દાઉદ અને યાસ્મિન ભેગાં મળે ત્યારે શું વાત કરતાં હશે ?' નિર્દોષ વિચારી રહ્યો હતો.

એણે ઓચિંતા જ જૂહુને દરિયે જવાનો નિર્ણય લીધો. એના મનમાં યાસ્મિનના વિચારો જ ચકરાવા લઈ રહ્યા હતા. આવતીકાલે આસ્થા આવવાની હતી. એને મળાતું ન હતું. એ જ નિર્દોષની બેચેનીનું મૂળ કારણ હતું. એ ઓછું હોય તેમ દાઉદને મળવાનું થયું.

આજનો સૂર્યાસ્ત બરાબર જામ્યો ન હતો. વાદળોમાં એ એવો તો ઢંકાયો હતો કે અસ્ત ક્યારે થયો તેની જ ખબર ન પડે.

નિર્દોષ જ્યારે પણ સૂર્યાસ્ત જોતો ત્યારે એને પોતાનું બાળપણ યાદ આવી જતું. બાપુજી રોજ સંધ્યા કરતા અને ઘરમાં રોજ ગીતાપાઠ થતો. વાઘેચામાં તાપીને કિનારેથી આથમતો સૂર્ય જોતી વખતે ઉપનિષદનો મંત્ર એના મોંમાંથી આપોઆપ નીકળી પડતો :

હિરણ્મયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખં
તત્ત્વં પુષન્નપાવૃણુ સત્યધર્માય દૃષ્ટયે ।

કઠોપનિષદમાં આવતી નચિકેતાની વાર્તા પણ બાપુજીએ એને કહેલી તે હજી એ ભૂલ્યો ન હતો.

'ઑપરેશન પહેલાં વાઘેચા જઈ આવું તો ! આસ્થા તૈયાર થશે ?' નિર્દોષ મનોમન પોતાને જ પ્રશ્ન પૂછી રહ્યો હતો.

જૂહુના આછા અંધારામાં એની વિચારયાત્રા તો ચાલી જ રહી હતી :

– 'મૃત્યુ પછી મારું વિસર્જન થાય તોય મારી વ્યક્તિગત જાગરૂકતા (Individual awarenes) જેવું કંઈક રહેશે ખરું ?'

– 'એવી જાગરૂકતા દ્વારા પછી પણ "હું" આસ્થાને દૂરથી જોઈ શકીશ ખરો ?'

– 'સ્થૂળ "હું" મટે પછી મારો સૂક્ષ્મ "હું" રહેશે ખરો ?'

'એક માછલી મરી જાય ત્યારે દરિયાને શી ખલેલ પહોંચે ? એક કોડિયું બુઝાઈ જાય ત્યારે સૂર્યને શું ?'

– 'આસ્થાનાં બા અત્યારે ક્યાં હશે ?'

– 'શું ભગવાન જેવું કંઈક હશે, કે પછી બધાં ગપ્પાં !'

– 'શું વિવેકાનંદ કે રામકૃષ્ણ ગપ્પીદાસ હતા ?'

– 'દેવું કરીનેય ઘી પીવું, એમ કહેનારો ચાર્વાક સાચો કે વિવેકાનંદ ?'

જૂહુને કિનારે એના મનમાં તો આવા કંઈક તરંગો ઊઠી રહ્યા હતા.

જીવન જાણે શમણાં દળવાની ઘંટી હોય એવું એને લાગવા માંડ્યું હતું. મુંબઈ એ આવી લાખો ઘંટીઓથી ઊભરાતું મહાનગર હતું.

ઘરે આવીને એણે સવારે વાંચી લીધેલું છાપું ફરીથી વાંચવા માંડ્યું.

દરવાજા પર ત્રણ હળવા ટકોરા થયા.

પ્રતીક્ષા આવી હતી.

'આવ. આજે એકલી આવી છે કે કૉલેજિયનોની ફોજ લઈને આવી છે ?'

'એકલી આવી છું. અતીત સાથે આવવાનો પ્રોગ્રામ હતો પણ એ છેલ્લી ઘડીએ ફસકી ગયો.'

'બોલ, શી વાત છે ?'

'તમારા ઈન્ટરવ્યૂ પરથી રાઈટ-અપ તૈયાર કર્યો છે. તમે નજર નાખી જાઓ એટલે એને છાપવા આપી શકું. તમે જોઈ લો પછી મને નિરાંત રહે. તમારા વિચારો એટલા તો ક્રાંતિકારી છે કે એકાદ ભૂલ અનર્થકારી બની રહે. તમને સમય તો છે ને ?'

'મારા જેવો નવરો માણસ અત્યારે તને દુનિયામાં નહીં જડે, પ્રતીક્ષા !'

'એ તમારી મોટાઈ છે.'

'મોટાઈ નહીં, મજબૂરી છે એમ કહેવું જોઈએ.'

'મારા જેવી સેંકડો યુવતીઓ તમારી ફૅન હશે. તેઓને માંદગીની ખબર પડે તો જરૂર દોડી આવે અને તમને મારી જેમ વાતો કરવા માટે મજબૂર કરે.'

'કૅન્સર સાથેની મારી આ જબરી લડાઈ છે. હું કદાચ બચી પણ જાઉં. અત્યારે તો મારું જીવન એક સસ્પેન્સ છે.'

'આસ્થાબહેનને મળવા હું અને અતીત ગયાં હતાં. તેઓ કાલે ગમે ત્યારે અહીં આવશે એવું કહેતાં હતાં. તૈયાર રહેજો.'

'આસ્થા કાલે આવશે જ; પરંતુ આજે યાસ્મિન આવવાની હતી તે પણ નથી આવી. હું હમણાં જ જૂહુને દરિયે જઈ આવ્યો.'

'મારે લાયક કાંઈ કામકાજ ?'

'તારા જેવી ચબરાક છોકરીને સોંપવા લાયક કોઈ જ કામકાજ અત્યારે તો મારી પાસે નથી.'

'નિર્દોષભાઈ, તમારી પ્રશંસા માટે હું આભાર નહીં માનું. હું અત્યારે તમારે માટે શું કરી શકું એટલું જ મારે તો જાણવું હતું. કાર નીચે પડી છે. હું ડ્રાઈવ કરું છું. કંઈ પણ કામ હોય તો ફરમાવો.'

'પ્રતીક્ષા, મારું કૅન્સર મારો બોજ બની ગયું છે. આ એક એવો બોજ છે કે જે ઉપાડવા માટે મારે સ્વાશ્રયી જ બનવું પડે.'

'હું પણ કાલે કે પરમ દિવસે પાછી આવી જઈશ. કામ તૈયાર રાખજો. કદાચ આસ્થાબહેનને લઈને પણ સાથે આવું. તમને વાંધો તો નથી ને !'

'જરાય નહીં. ઊલટું મને તો ગમશે.'

'થૅન્ક્સ.'

'પ્રતીક્ષા, હું નસીબદાર છું. મારે લોહીની સગાઈ વગરનાં અસંખ્ય સ્વજનો છે. હું લેખક ન હોઉં તો આસ્થા કે પ્રતીક્ષા મને મળવા આવે ખરાં ?'

'હરગિજ નહીં.'

'હું હજી જીવવા માગું છું; ખૂબ જીવવા માગું છું; ઘણું બધું લખવા માગું છું અને એ દ્વારા અનેકના હૃદયમાં ઊઠતી મારી છબી જોવા માગું છું.'

'તમને જીવવાનો હક્ક છે. હજારો ચાહકો તમને મરવા નહીં જ દે.'

'લાવો, હું રાઈટઅપ જોઈ લઉં.'

'મારે તમારા હસ્તાક્ષર જોઈએ છે.'

'હું એ વિનામૂલ્યે આપવા તૈયાર છું.'

'તમારી નવલકથા પર એ કરી આપશોને ?'

'જરૂર.'

'આ પુસ્તકનું મૂલ્ય તમારા હસ્તાક્ષરથી ઘણું વધી જાય છે.'

'પ્રતીક્ષા, મારા અને આસ્થાના પરિચયની શરૂઆત આમ હસ્તાક્ષર આપવાથી થયેલી.'

'રીઅલી ?'

'આ હસ્તાક્ષર તો કરી આપ્યા. આ પુસ્તકની હરાજી થાય તો કેટલા રૂપિયા ઊપજે ?'

'એવું કદી નહીં થાય – સમજ્યા ?'

'હું બચી જાઉં તો તમારે એક કામ કરવું પડશે.'

'હસ્તાક્ષરની નીચે કશુંક લખી આપો – પછી કામ શું તે જરૂર કહો.'

'યૂ આર સ્માર્ટ, પ્રતીક્ષા.'

નિર્દોષે હસ્તાક્ષર નીચે લખ્યું :

"જીવન એટલે
બીજું કાંઈ નહીં;
જીવન એટલે તો શમણાં દળવાની ઘંટી."

'બોલો, હવે મારે શું કરવાનું છે ? માત્ર હુકમ કરો.'

'તું જ્યાં હો ત્યાંથી દર બેસતાં વર્ષે એક પત્ર લખવાનું રાખશે ?'

'હુકમ પ્રમાણે જરૂર થશે.'

'લગ્ન પછી પણ ?'

'Why not ?'

'પછી પતિદેવને કદાચ ન ગમે.'

'એવા ગામડિયાને પરણું એવી ભોળી હું નથી.'

'લેટ અસ સી.'

'તમારી નવલકથા વાંચ્યા પછી પણ હું પરણવાની તો છું જ. તમે જાણો છો કે મારા વિવાહ થઈ ગયા છે. અતીત આવો ગામડિયો નથી.'

'હું એને ઓળખતો નથી એટલે શું કહું ?'

'હું તો શરત મૂકવાની છું.'

'જીવન ગીરવે મૂક્યા પછી શરત મૂકવાનો શો અર્થ ?'

'જીવન ગીરવે મૂકું અને હું ? Yon don't know me, then.'

'શું શરત મૂકશો ?'

'એ જ કે હું મારા મિત્રોને પત્ર લખીશ અને તેઓ પણ મને લખશે જ.'

'બેસ્ટ લક, પ્રતીક્ષા.'

'હવે હું જાઉં ?'

'બાય ઑલ મિન્સ.'

'ગુડ નાઈટ !'

'ગુડનાઈટ, પ્રતીક્ષા.'

પ્રતીક્ષા ગઈ. નિર્દોષને થોડી ઊંઘ ચડી હતી. સાડા નવ થવા આવ્યા હતા.

એ ખાટલામાં પડ્યો પડ્યો પોતાની નવલકથા 'શમણાંના ઉપવનમાં' વાંચવા માંડ્યો. ક્યારેક પોતાનાં લખાણો વાંચવાની અને અમુક સમય પછી પણ એ કેવા લાગે છે તે ચકાસી જોવાની એને ટેવ હતી.

એને ઊંઘ આવતી નહોતી.

શું એ યાસ્મિનની રાહ જોઈ રહ્યો હતો ?

શું દાઉદને કારણે એ અપસેટ હતો ?

એ અપસેટ જરૂર હતો; પરંતુ એના કારણની એને ખબર ન હતી. એ ક્યાંય સુધી ખાટલામાં પડ્યો પડ્યો વાંચતો રહ્યો.

વાંચતી વખતેય એના કાન તો દરવાજે મંડાયેલા હતા. એ જાણતો હતો કે યાસ્મિન હવે નહીં આવે.

અને છતાંય એ રાહ જોતો રહ્યો.

એને યાસ્મિનના પગરવની પ્રતીક્ષા હતી.

દાદર પર પગલાનો અવાજ થાય અને એને થતું હતું કે યાસ્મિન આવી. આ રીતે એ દસેક વખત છેતરાઈ ચૂક્યો હતો.

અને તોય એણે હજી આશા છોડી નહોતી.

રાતની શાંતિ અંધકારને સઘન બનાવી રહી હતી. આવા સઘન અંધકારને ઘડિયાળના ટકોરા થોડીથોડી વારે પજવી રહ્યા હતા.

એ જ ટકોરા નિર્દોષને પણ પજવી રહ્યા હતા.

એ બેચેન હતો.

એની બેચેની યાસ્મિન જ દૂર કરી શકે તેમ હતી.

લગભગ સવા અગિયાર વાગ્યે યાસ્મિન આવી.

'હું તારી રાહ જ જોતો હતો, યાસ્મિન !'

યાસ્મિન એની સાથે ખાટલા સુધી આવી અને બોલી :

'સાડા અગિયાર થવા આવ્યા તોય તમે હજી જાગતા હતા ?' યાસ્મિને નિર્દોષની આંખોમાં આંખ પરોવીને પૂછ્યું.

'એ માટે આટલી રાહ જોવડાવનાર જવાબદાર છે.' નિર્દોષે ખાટલા સાથે ઊભેલી યાસ્મિનને જોરથી ધબ્બો મારીને કહ્યું.

'મોડું તો થયું; પણ અહીં રહેવું હોય તો તેમ કર્યા વગર છૂટકો ન હતો.'

'તું જો અહીં રોકાઈ જવાની હોય તો મોડા આવવા બદલ તને ક્ષમા આપતાં મને આનંદ થશે.' આમ કહીને નિર્દોષે યાસ્મિનને પોતાનામાં હતું એટલું જોર કરી ઊંચકી જ લીધી.

'હા, હું આજે તમારી પાસે જ રોકાવાની છું.'

'યાસ્મિન, દાઉદ તને મળ્યો ?'

'ના, કેમ એ અહીં આવ્યા હતા ?'

'હા. હૉસ્પિટલ પરથી કોઈએ એને આ સરનામું આપ્યું. તું સવારની ઘરે જ નહોતી ગઈ એટલે અમ્માજાનને ચિંતા થતી હતી એવું કહ્યું. માણસ સરળ અને નમ્ર લાગ્યો.'

'એ અંગે તો કશું જ કહેવાપણું નથી. મારું કહ્યું પણ એ કદી નહીં ઉથાપે. ખાટલે મોડી ખોડ પેલી જ છે.'

'પણ તું હતી ક્યાં ?'

'હું હૉસ્પિટલથી ડ્રેસ બદલીને સીધી જૉસેફની ઑફિસે ગઈ. બેસ્ટનાં બેત્રણ મુખ્ય સ્થળોએ એને ખૂબ શોધ્યો. છેલ્લા બે મહિનાથી આવું જ ચાલે છે. લોનાવાલા આસ્થા સાથે હું ગઈ અને અમને એ વિક્ટોરિયા ટરમિનસ પર મળેલો તે જ.'

'કામ આવી પડ્યું હશે.'

'પણ તે બે મહિના ચાલે ?'

'હું, પછી ?'

'પછી છેક બાર વાગ્યે હું આસ્થાને ત્યાં ગઈ.'

'પછી ?'

'ચાર વાગ્યા સુધી રોકાઈને મારે ઘરે ગઈ. ત્યાં તેઓ ન હતા. હું અત્યારે સીધી ઘેરથી આવું છું; ઑફ કોર્સ હૉસ્પિટલનું બહાનું કાઢીને.'

'દાઉદને શક તો નહીં જાય ને ?'

'એ ચિંતા મારે કરવાની છે. એમને એવું કાંઈ નથી.'

'તો હવે સવારે તું હૉસ્પિટલ જશે ?'

'હા, પણ તે ઘરે જઈને છેક સાંજે કે રાત્રે.'

'એમ કેમ ?'

'કાલથી ડ્યૂટી અવર્સ બદલાશે અને આજે ઑફ ડે હતો.'

'ઑફ ડે કે જૉસેફ-ડે ?'

'જે કહો તે. આજે તો હું તમારી મહેમાન છું. અને તમારી ગુલામ છું. જૉસેફ પર હું ખૂબ ગુસ્સે છું.'

'યાસ્મિન, તું બહાદુર તો ખરી જ !'

'બહાદુર નહીં બિંદાસ કહો. હવે હું ડરતી નથી. સમાજે મને શું આપ્યું તે હું એનાથી ડરું ?'

'મને દાઉદ થોડોક ગૂંચવાયેલો લાગ્યો.'

'તેઓને જ્યારે જુઓ ત્યારે એવા જ દેખાશે.'

'માણસ ભલો લાગ્યો.'

'મારે એમની સાથે કોઈ ઝઘડો નથી. હું તો તેઓ ઝઘડો કરવા જેટલું પુરુષાતન બતાવે તો ગુલામ થઈને રહું પણ એ શક્ય નથી. હું અહીં રહું તેમાં તમને તો વાંધો નથી ને ?'

'અરે ! યુ આર મોસ્ટ વેલકમ !"

'તો હવે હું સવાર સુધી અહીંથી નહીં જાઉં.'

'થેન્ક્સ.'

'થેન્ક્સ કહેવાનું હવે છોડશો ? ક્યાં સુધી મને પારકી ગણવી છે ?'

'હું હાર કબૂલી લઉં છું.'

'પુરુષોને સ્ત્રીઓ આગળ હારનો દેખાવ કરવો ગમે છે.'

'પણ હું તો જીતી ગયો છું ને ?'

'શું ?'

'તારું મુલાયમ હૃદય.'

'આજે ખૂબ વાતો કરીશું.'

'માત્ર વાતો ?'

'હા માત્ર વાતો.'

'પચ્ચીશમી પછી તો વાતોય બંધ !'

'ના, ના. પછી તો વળી ખૂબ વાતો...ખૂબ...'

'કંઈ કહેવાય નહીં.'

'ખુદા પર ભરોસો રાખો.'

'મને ખુદા કરતાં યાસ્મિન પર વધારે ભરોસો છે, સમજી ?'

'તમે મને એક વાક્યથી હરાવી દો છો.' યાસ્મિને નિર્દોષના ગાલ પર બે હથેળીઓ જોરથી દબાવતાં કહ્યું.

'આઈ લાઈક યુ, યાસ્મિન !'

'ચાલો, હવે ઊંઘી જઈએ.'

'ગુલામને આજ્ઞા વગર ઊંઘી જવાનો અધિકાર નથી.'

'હું સવારે વહેલી જઈશ. હવે તમે આરામ કરો.'

'આજે બરડો દુઃખે છે. પથારીમાં પડી રહેવાનું હવે જાય તો સારું.'

'વિક્સ ઘસી આપું છું, સાહેબ !'

'એ માટે રોજ બરડો દુખાડવા તૈયાર છું.'

'હું રોજ વિક્સ ઘસી આપવા તૈયાર છું; પણ એક શરતે.'

'શી શરત છે ?'

'ખૂબ લાંબું જીવવું પડે.'

'અહીં મરવું જ છે કોને, ડાર્લિંગ !'

'બસ, ત્યારે હવે શાંતિથી આરામ કરો. નહીં તો આસ્થાને કહી દઈશ.'

'શું કહી દઈશ ?'

'એ જ કે મારી પાસે ખાલીખાલી વિક્સ ઘસાવો છો !'

'હવે તારે વારંવાર મારે ત્યાં મારો બરડો ન દુઃખતો હોય તોય વિક્સ ઘસવા આવવું પડશે. મંજૂર છે ?'

'મંજૂર છે પણ...'

હું આસ્થાને યોગ્ય સમયે બધું જ કહેવાનો છું. એનાથી છુપાવીને કશુંય નથી કરવું.'

'તો મને કશું મંજૂર નથી.'

'તો કરવું શું ?'

'મને તે જ નથી સમજાતું.'

'હું સાચું કહું છું. આસ્થાને તું ઓળખતી નથી.'

'તમે સ્ત્રીના હૃદયને નથી ઓળખતા, નિર્દોષભાઈ !' યાસ્મિને નિર્દોષના ખોળામાં માથું ઢાળી દઈને કહ્યું.

'તું એ વાત મારા પર છોડી દે ખરી ?'

'છૂટકો નથી.'

'તું મને ગમે છે. આઈ લાઈક યુ એન્ડ આઈ લવ આસ્થા.'

'આસ્થા મારે માટે શું ધારશે ?'

'એ બધું હું સંભાળી લઈશ, બસ ?'

'હું વિક્સ તમને ઘસું છું અને ઝાળ મને બળે છે.'

'હવે એ વાત બંધ.'

ઘરમાં અંધારું હતું. રાતનું ચાંદરણું બારીની બહાર શાંતિથી પડી રહ્યું હતું.

યાસ્મિને વિકસ ઘસવા માંડ્યું અને નિર્દોષ ઊંઘી ગયો ત્યારે જ ઊઠી.

બાથરૂમ જઈ આવીને એ નિર્દોષની પાસે જ આવીને સૂઈ ગઈ.

બહારનું ચાંદરણું હવે ઘરમાં આવી પહોંચ્યું હતું.

બંને જણાં ઘણા સમય સુધી પડી રહ્યાં.

મળસ્કે યાસ્મિન વહેલી ઊઠી. પરવારીને એ તૈયાર થઈને નિર્દોષ પાસે જવાનો વિચાર કરતી હતી ત્યાં કૉલબેલ વાગ્યો.

દૂધવાળો કે પેપરવાળો હશે એમ માનીને યાસ્મિને બારણું ખોલ્યું.

સામે દાઉદ ઊભો હતો.

યાસ્મિને લાંબો વિચાર કર્યા વગર બહાર નીકળીને બારણું વાસી દીધું અને ચાલવા જ માંડ્યું.

બંને ગયાં ત્યારે અજવાળું થવાને હજી વાર હતી.

નિર્દોષ જાગ્યો હતો; પણ એ ક્યાંય સુધી પથારીમાં જ પડી રહ્યો.

દિવસનું સ્વાગત કરવા માટે હજી એ તૈયાર ન હતો.

❑

૧૬

અંતરમનના મહાસાગરને તળિયે

યાસ્મિનના ગયા પછી નિર્દોષ ઘણી વારે ઊઠ્યો. ઊઠીને એણે ચા બનાવી અને ચા પીતાં પીતાં છાપું વાંચવા માંડ્યું.

યાસ્મિનને ન જોઈ એટલે એણે માની લીધું કે પોતાને ખલેલ પહોંચે એ ટાળવાના હેતુથી યાસ્મિન છાનીમાની ચાલી ગઈ હશે.

આજે ગમે ત્યારે આસ્થા આવવાની હતી. છેલ્લા થોડાક દિવસોથી એ આસ્થાને નિરાંતે મળ્યો ન હતો. એ પોતાની રીતે આસ્થાને આશ્વાસન પણ આપી શક્યો ન હતો. આસ્થા આવવાની હતી તેથી એ ખુશ હતો. આજે હૉસ્પિટલ પર પણ જવાનું ન હતું.

એ છેલ્લા ત્રણચાર દિવસોમાં યાસ્મિનની વધારે પડતો નજીક આવ્યો હતો. સવારે ઊઠ્યો ત્યારથી એ યાસ્મિનની વાત પર વિચારી રહ્યો હતો. આસ્થાને ખબર પડે તો શું થાય !

આસ્થાને બધું જ કહી દેવાનો એણે નિશ્ચય કર્યો.

માત્ર યોગ્ય તકની જ રાહ જોવાની હતી. અત્યારે બાના અવસાનના કારણે આસ્થાને આ વાત કહેવાનું એને યોગ્ય નહીં લાગ્યું. એટલું ખરું કે અત્યારે આ જ વાત એના મનમાં રમતી હતી.

દસેક વાગ્યા હશે ત્યાં ઘંટડી રણકી.

આસ્થા જ હશે એમ માનીને એણે હોંશભેર દરવાજો ખોલ્યો.

સામે યાસ્મિન ઊભી હતી. યાસ્મિનને તેણે આટલી ઉદાસ ક્યારેય જોઈ ન હતી. કંઈપણ બોલ્યા વગર નિર્દોષના હાથમાં એણે એક પત્ર મૂક્યો અને બેડરૂમમાં ચાલી ગઈ. નિર્દોષે પત્ર વાંચવા માંડ્યો :

'યાસ્મિન ડાર્લિંગ,

આ પત્ર વાંચીને તને ઘણું દુઃખ થશે પણ લાચાર છું.

હું તારે સહારે જીવી રહ્યો હતો. જેટલો વખત તારી સાથે રહેતો તેટલો જ વખત મને લાઈફ જેવું કંઈક લાગતું હતું. ઘરે જાઉં એટલે કંકાસ શરૂ થઈ જતો.

વાઈફ બાળબચ્ચાંની હાજરીમાં મારી સાથે રોજરોજ લડે એથી હું થાકી ગયો હતો. હું તને જ્યારે પણ મળતો ત્યારે મારો થાક ઊતરી જતો; મને જીવવાની હોંશ રહેતી.

ગઈ કાલે ઘરે મોટો ઝઘડો થયો. હું ઘર છોડી પહેરેલ કપડે નીકળી ગયો. હું તારી આખરી વિદાય છાનોમાનો લેવા માગતો હતો.

પણ તું ન મળી. ફોન પણ ન લાગ્યો.

આ કાગળ લખું છું ત્યારે ઝેરની શીશી મારી સામે જ પડી છે. જીવનભર પત્ની સાથે એટલે કે ઝેરની શીશી સાથે હું રહ્યો.

તારી યાદ મારા દિલમાં લઈને મરી રહ્યો છું. આકાશના પિતાની ઈચ્છા હશે તો બીજી કોઈ દુનિયામાં મળીશું.

તેં મને શું નથી આપ્યું ? આપણા સંબંધો પણ મારી વાઈફના ધ્યાનમાં આવી ગયા હતા.

તેથી જ છેલ્લા બે મહિનાઓમાં આપણે બરાબર મળી નહોતાં શક્યાં.

ગયે બુધવારે જ જામી પડી. તને મળવા આવવાનું તો દૂર રહ્યું, હું ઝેર લેવા પણ જઈ ન શક્યો.

બીજો કોઈ રસ્તો દેખાતો નથી. ડાર્લિંગ મને માફ કરશે ને !

હું જ્યાં પણ હોઈશ, તને ઝંખતો રહીશ.

તારો જ,
જોસેફ.'

નિર્દોષ ચિઠ્ઠી વાંચીને યાસ્મિન પાસે ગયો.

યાસ્મિન એના ખોળામાં માથું મૂકીને ખૂબ રડી.

'યાસ્મિન, તું ધરાઈને રડી લે. તારી પર આફત તૂટી પડી છે ; પરંતુ એ આફત એવી છે કે તું બીજે ક્યાંય રડી પણ ન શકે. મેં તો જોસેફને માંડ એક વાર દૂરથી જોયો હતો તે જ. આસ્થા એનાં

વખાણ કરતી હતી. યાસ્મિન ! આ જ આપણી દુનિયા છે. આ પત્ર જ ન મળ્યો હોત તો !' નિર્દોષે યાસ્મિનની પીઠ પર હાથ ફેરવતાં કહ્યું.

'મને એક વાર મળ્યો હોત તો !' આટલું કહેતાં યાસ્મિન ફરી રડી પડી.

નિર્દોષ એની પીઠ પર હાથ ફેરવતો જ રહ્યો.

'છેલ્લા દોઢબે મહિનાથી બધું ખોરવાયું હતું. અમે લોનાવાલાથી આવ્યાં ત્યારે એ સ્ટેશન પર નહોતો આવ્યો. કહ્યું હોય ને ન આવે એવું પહેલાં કદી બન્યું જ નહોતું. હવે બધો ખ્યાલ આવે છે.' યાસ્મિન રડતાં રડતાં બોલી.

નિર્દોષે યાસ્મિનને શાંત પાડી. બંને જણે ચા પીધી.

'યાસ્મિન, તને આ પત્ર ક્યાંથી મળ્યો ?'

'ઘરે આવ્યો હતો.'

'ટપાલમાં ?'

'ના, કોઈ માણસ આપી ગયો.'

'તને કોણે આપ્યો ?'

'આજે સવારે અહીં આવીને તેઓ આપી ગયા.'

'દાઉદ ?'

'હા.'

'દાઉદ સવારે અહીં આવેલો ?'

'હા.'

'અરે ! આ તો ભારે કહેવાય. મને તો ખબર જ ન પડી. મારા મનમાં કે તું મને ખલેલ ન પહોંચે તે માટે કહ્યા વગર ચાલી ગઈ હશે.'

'અમે સાથે જ ચાલી ગયાં.'

'યાસ્મિન ! હું તો શમણાનાં ઉપવનમાં ઘૂમું છું પણ તારે સાચવવું પડશે; ક્યાંક ઉપવનના કાંટા ન વાગી જાય.'

'હું સમજી નહીં.'

'દાઉદ આ બીજી વખત આવ્યો. તારા પર એને શક પડ્યો હોય એમ લાગે છે. એ આખરે પતિ છે અને લગ્ન બીજું શું આપે

છે ? પતિ-પત્નીને એકબીજાં પર શક કરવાનું સ્વાતંત્ર્ય ! મારે લીધે કે આપણા સંબંધોને કારણે તારું કંઈ બગડે નહીં તે જોજે. હું તો ફક્કડ ગિરધારી છું; મારે કશુંય ગુમાવવાનું નથી; સિવાય કે વિષાદ. સમજી !'

'એમની ચિંતા મારા પર છોડી દો.'

'તું જાણે છે યાસ્મિન; હું તને છેતરવા નથી માંગતો.'

યાસ્મિન ફરી રડી પડી.

સ્ત્રી ગુસ્સે થાય ત્યારે એના ચહેરા પર આવી જતા લોહીને કારણે એ અધિક મનોહર દેખાય છે. ક્યારેક ઉદાસી પણ સ્ત્રીના સૌંદર્યમાં વધારો કરે છે. સ્ત્રીની ઉદાસીમાં પુરુષની સહાનુભૂતિની સરવાણી વહેતી કરવાની અજબ તાકાત રહેલી છે. નિર્દોષ અત્યારે આવી સહાનુભૂતિ બતાવી રહ્યો હતો.

એના ચેતન મનમાં આસ્થા માટે ભારોભાર પ્રેમ હતો. આસ્થાનો પરિચય જેમ વધતો ગયો તેમ એ પ્રેમ વધુ ઊંડો અને વ્યાપક બનતો ગયો.

પરંતુ એના અચેતન મનમાં યાસ્મિન પ્રત્યેનું આકર્ષણ રોજ ધીમી ગતિએ વધતા છોડની માફક વધી રહ્યું હતું. એ યાસ્મિન પ્રત્યે ચોક્કસ ગતિએ ખેંચાયે જતો હતો. યાસ્મિન સાથે હૉસ્પિટલમાં લીધેલી નાનીમોટી છૂટછાટો એને વારંવાર યાદ આવતી હતી. ક્યારેક એ દિવાસ્વપ્નોમાંય રાચતો હતો. આવી મીઠી સ્વપ્નયાત્રાને એ વારંવાર વાગોળતો હતો.

યાસ્મિનની પણ લગભગ આ જ દશા હતી. જીવનની નાજુક બાબતો પર વૈચારિક ગોઠડી કરવાની એની ત્રેવડ ન હતી; પરંતુ એ નિર્દોષની છેડછાડથી ખુશ હતી.

બંને પક્ષે શબ્દોની આપ-લે વગરનું મીંઢું આકર્ષણ ધીમે ધીમે વધી રહ્યું હતું અને એ નહીં વધે એ માટે બેમાંથી કોઈ ઉત્સુક ન હતું.

છેલ્લા કેટલાય દિવસોમાં આ આકર્ષણ ઊંડા આશ્લેષમાં પરિણમ્યું હતું.

આજે યાસ્મિન બધી રીતે હારીને નિર્દોષને શરણે આવી હતી. આ શરણાગતિમાં લાચારી ન હતી; પરંતુ ભારોભાર વ્યથા સાથે ભળેલી અત્યંત સૂક્ષ્મ અને પ્રબળ એવી ઝંખના હતી.

નિર્દોષે એને ઊભી કરી. એનાં આંસુ લૂછતાં લૂછતાં પોતે એની પડખે છે એવું આશ્વાસન આપ્યું.

થોડીક ક્ષણો માટે યાસ્મિન નિર્દોષના સમગ્ર 'બીઈંગ'માં ઓગળી ગઈ.

બંને ક્યાંય સુધી એકબીજાંના ગાઢ આશ્લેષમાં રહ્યાં.

આવો આશ્લેષ ખૂબ જ ઓછાબોલો હોય છે.

'હવે હું જાઉં ?' યાસ્મિને નિર્દોષના બાહુપાશમાંથી છૂટતાં કહ્યું.

'થોડું રોકાઈ જા. હમણાં આસ્થા આવવી જોઈએ. એને મળીને જ જાય તો સારું.'

થોડીકવાર પછી ઘંટડી વાગી. યાસ્મિને દરવાજો ખોલ્યો. આસ્થા અને પ્રતીક્ષા આવ્યાં હતાં.

નિર્દોષે આસ્થાને જોસેફનો પત્ર વાંચવા આપ્યો. પ્રતીક્ષાને કશી જ ખબર ન હતી તેથી એને ખાસ કશી સમજ ન પડી.

પત્ર વાંચી રહ્યા પછી આસ્થાએ આંસુ ખાળવાનો વ્યર્થ પ્રયત્ન કરતી યાસ્મિનને ખભે હાથ મૂકીને કહ્યું :

'આ આખું જીવન ખાટામીઠા બનાવોનું બનેલું છે. નિર્દોષ એને "શમણાંનું ઉપવન" કહે છે. આ ઉપવનમાં આપણાં જેવાં વૃક્ષોનો ધર્મ એક જ અને તે એ કે આપણું વૃક્ષત્વ જાળવી રાખવાનો. આંબો એનું આંબાપણું જાળવે અને લીમડો લીમડાપણું. વૃક્ષો તો નાશવંત જ હોય ને ! કોઈ કાળક્રમે મરી જાય, કોઈ માણસને હાથે કપાઈ મરે; કોઈ દવ લાગે ને બળી જાય. યાસ્મિન, હું તો હવે "મૃત્યુ" નામના શબ્દથી ટેવાતી જાઉં છું."

'આસ્થા ! અમે એક વાર મળી શક્યાં હોત તો !' – એટલું કહેતાં યાસ્મિન રડી પડી.

'યાસ્મિન, બાનાં મૃત્યુએ અને નિર્દોષની માંદગીએ તો મને કઠણ ચિચોડા જેવી બનાવી મૂકી છે.'

'આસ્થા, મેં તો જૉસેફને બરાબર જોયો પણ નહોતો.' નિર્દોષે કહ્યું.

'નિર્દોષ, આ જૉસેફ ખીલેલા ગલગોટા જેવો યુવાન હતો મેં એને લોનાવાલા જતી વખતે વિક્ટોરિયા ટરમિનસ પર, એ યાસ્મિનને વળાવવા આવ્યો ત્યારે જોયો હતો. યાસ્મિનના વેરાન જીવનમાં એ એકલકડા વૃક્ષની માફક ઊભો હતો.' આસ્થાએ ચા પીતાં પીતાં કહ્યું.

'એણે તમારી નવલકથા વાંચી હતી. મેં જ એને એ વાંચવા આપી હતી. એ તમને મળવા માંગતો હતો; પણ એને થોડી શરમ આવતી હતી.' યાસ્મિને સ્વસ્થ થઈને કહ્યું.

કપ-રકાબી લઈને પ્રતીક્ષા રસોડામાં ગઈ. એને હવે પ્રસંગની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો હતો.

યાસ્મિન જવા તૈયાર થઈ.

'યાસ્મિન ! હું ય જાઉં જ છું. તું કહેશે ત્યાં મૂકી દઈશ.'

'થેન્ક્સ.'

પ્રતીક્ષા અને યાસ્મિનનો આ પહેલો પરિચય હતો.

જતાં જતાં પ્રતીક્ષાએ કહ્યું : 'નિર્દોષભાઈ, આવતા રવિવારે, એટલે કે બરાબર પાંચ દિવસ પછી આપણે સૌ અહીં ભેગાં મળીએ તો કેમ ?'

'મને વાંધો નથી. કંઈ ખાસ વાત છે ?' નિર્દોષે કહ્યું.

'ના, એમ જ અમસ્તુ !' પ્રતીક્ષાએ કહ્યું.

'આસ્થા અને યાસ્મિન હા પાડે તો મને મંજૂર છે.' નિર્દોષ છૂટી પડ્યો.

'અમને એક શરતે મંજૂર છે.' આસ્થાએ હળવાશથી કહ્યું.

'શી શરત છે ?'

'પછી કોઈપણ એક દિવસે આપણે ચારે જણ લોનાવાલા જઈ આવીએ.' આસ્થાએ વાત મૂકી.

'મને વાંધો નથી.' નિર્દોષે કહ્યું.

'કાર અને સાથે એક ભણેલી ગણેલી ડ્રાઈવર સૌની સેવામાં હાજર રહેશે. જરૂર જઈશું.' પ્રતીક્ષાએ કહ્યું.

'અતીત આવશે ?' આસ્થાએ પૂછ્યું.

'ના. એ હમણાં નકશા દોરવામાં પડ્યો છે.'

'શાના નકશા ?'

'મકાનના સ્તો ! તમે શું એ જીવનના નકશા દોરે છે એવું સમજતાં હતાં ?' પ્રતીક્ષાએ વાતાવરણ હળવું બનાવી દેતાં કહ્યું.

'નકશા દોરવામાં જે મજા છે તે નકશા પ્રમાણે ચાલવામાં નથી, પ્રતીક્ષા !' નિર્દોષે કટાક્ષ કર્યો.

'નિર્દોષભાઈ, મને એક વાર પરણી જવા દો પછી વાત છે.' પ્રતીક્ષાએ કટાક્ષને ચગાવ્યો.

યાસ્મિન અને પ્રતીક્ષા ગયાં.

આસ્થા છેક નીચે સુધી જઈને બંનેને વળાવી આવી.

'આસ્થા ! ઘણે વખતે આપણે મળ્યાં.' નિર્દોષે શરૂઆત કરી.

'ઘણાં વખત સુધી મળતાં રહીએ એવું ઈચ્છું છું.'

'સ્વામી સત્યાનંદ કેવા લાગ્યા ?'

'મને તેઓ ખૂબ જ સારા લાગ્યા. મને તો ખાતરી છે કે તને પણ સારા જ લાગશે.'

'એ આશા વધારે પડતી છે.'

'જોઈએ. જઈશું ત્યારે ખબર પડશે.'

'તું ભક્ત બનીને મને છોડી તો નહીં દે ને ?'

'મારે તારા વગર મોક્ષ પણ નથી જોઈતો. તું રજા આપે તો આવતા ઉનાળાના વેકેશનમાં બધા દિવસો હું સ્વામીજી સાથે ગાળવા ઈચ્છું છું.'

'રજા આપવા માટે હું જીવતો હોઉં તો જરૂર આપીશ.'

'મારી શ્રદ્ધા અફર છે.'

'મને તારામાં શ્રદ્ધા છે.'

'નિર્દોષ આ કટોકટીના દિવસોમાં સ્વામીજી તરફથી મળેલી થોડીક પ્રેરણા ખૂબ કામ લાગી; બાનું મૃત્યુ શાંતિમય બની શક્યું અને હું ઠીકઠીક સ્વસ્થ રહી શકી. હું કંઈક એવું પ્રાપ્ત કરવા ઝંખું છે કે આવી શાંતિ સ્થાયી ભાવ બની જાય. આપણા નિર્વેદની માફક આપણી સ્વસ્થતા પણ જાણે સંજોગને આધારે ટકી રહેતી હોય એવું લાગે છે.'

'તારી વાત તદ્દન સાચી છે; પરંતુ એવી સ્વસ્થતા મુંબઈમાં રહ્યે શું ન જ કેળવાય ?'

'કોઈકને માટે એ શક્ય હશે. મને એ શક્ય લાગતું નથી. જે માણસ સાથે થોડીક ક્ષણો ગાળવાથી શાંતિ પ્રાપ્ત થાય એ સ્વયં અંદરથી કેટલો શાંત હશે ?'

'એ ખરું હોઈ શકે.'

'લોનાવાલા ગઈ ત્યારે જાણે શાંતિની વહેતી સરિતામાંથી મેં એક ગાગર ભરી લીધી. એ ગાગર મને ખરે વખતે કામ લાગી ગઈ. નિર્દોષ ! શું આ જીવનમાં મારામાં પણ શાંતિનું એક ઝરણું નહીં ફૂટે ?'

'આસ્થા, એ અશક્ય નથી જણાતું; પણ મારી પાસે એ અંગે કોઈ દલીલ નથી. મને તો એક જ વાત સમજાય છે. હું તને પ્રેમ કરું છું. એમાં થોડી આસક્તિ જરૂર હશે. દુનિયાની દૃષ્ટિએ મારો તારા પર શો અધિકાર ગણાય ? આવી કોઈ જ બહારની પળોજણ વગરનો પ્રેમ એ જ તો આપણી અમીરાત છે ને ! પ્રેમ અને માલિકીને બારમો ચંદ્રમા હોય છે. હું એટલું જ કહીશ કે તું ઉતાવળે કશો જ નિર્ણય ન લઈશ.'

'નિર્દોષ ! તારી વાત સાચી છે. હું પણ અંદર ડોકિયું કરું ત્યારે મને મારામાં સાપની માફક સળવળતી કામવૃત્તિ સૂતેલી દેખાય છે. આટલા દિવસોમાં શોકમય વાતાવરણમાં પણ મને તારો સ્પર્શ ન મળ્યો તેની ખોટ મને લાગી; હજી મને એક યુવતીને હોય એવાં અરમાનો છે.'

'ધેટ્સ કરેક્ટ.'

'લગ્ન ન કરવાં એ એક વાત છે અને પ્રેમ ન કરવો એ બીજી વાત છે.'

'હું તને સાચી વાત કહું, આસ્થા !'

'હું સાંભળું જ છું.'

'તું આવી તે પહેલાં જ યાસ્મિનને આશ્વાસન આપી રહ્યો હતો ત્યારે પણ મારા મનમાં એના પ્રત્યે આકર્ષણનો છૂપો ભાવ હતો. આ

ભાવ ગાઢ આશ્લેષમાં ફેરવાયો. આ વાત કદાચ હું જ કરી શકું અને તે આસ્થા જ સાંભળી શકે.'

'હું સમજું છું. આમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? તારી જગ્યાએ હું હોત તો મારું પણ એમ જ થાત. આખી દુનિયા વર્તે છે આ પ્રમાણે અને વાતો જુદી કરે છે. આપણે આવી વાતો કરીને જાતને અનાવૃત્ત કરી દઈએ છીએ એટલું જ.'

'આપણે એકબીજાને છેતરીએ નહીં, એ જ મોટી વાત છે.'

'છેતરાવાનું હું સહન ન કરું.'

'હૉસ્પિટલમાં પણ ક્યારેક યાસ્મિન રાતે મારી પાસે આવતી અને...'

'મને વિગતોમાં રસ નથી, નિર્દોષ. આ જ આપણા સમાન વિચારોનો પાયો છે ને !'

'આ વાત હું થોડો વહેલો કહેવાનો હતો; પણ...'

'માઈ ડિયર નિર્દોષ ! એ મારા ખ્યાલમાં જ હતી.'

'તો તું સાચું કહેજે. તને આ બાબતનું જરાય દુઃખ નથી ?'

'જો તું આવું બધું છાનું રાખત તો દુઃખ થાત.'

'આસ્થા, સોગંદપૂર્વક કહે. સ્વામીજી પાસે જવાની ઉત્કટતાને આ બાબત સાથે જરાય સંબંધ નથી ?'

'સોગંદપૂર્વક કહું છું કે નથી.'

'ખરેખર ?'

'હું તો ત્યાંય તું રજા આપે તો જ જઈશ.'

'તું મને આવડો મોટો અધિકાર આપી રહી છે એ તારી ઉદારતા છે. મને ખબર નથી કે હું આવા અધિકારને પાત્ર છું કે કેમ.' નિર્દોષ આટલું બોલતાં ગળગળો થઈ ગયો.

'નિર્દોષ, એક વાતની ખાતરી રાખજે. હું સાધ્વી થાઉં તોય તારાથી સંપૂર્ણપણે મુક્ત થઈ ન શકું. તું પાસે હોય કે ન હોય; મારું ચિત્ત તને નહીં ભૂલી શકે.' આસ્થાએ નિર્દોષને એક ગાઢ ચુંબન કરતાં કહ્યું.

'તો પછી મને એ અધિકાર વાપરવા દેશે ?'

'હા, જરૂર.'

'સાંભળ. તું ત્યાં જાય અને રહે તેની છૂટ, પરંતુ હું ઈચ્છું ત્યારે ત્યાં આવી શકું અને તારી સાથે રહી શકું એટલી સ્વતંત્રતા આપી રાખજે.'

'હું કંઈ દીક્ષા લેવાની નથી કે જેથી મારે જડ નિયમો પાળવા પડે. હું કોઈની શિષ્યા પણ થવાની નથી. હું તો મથામણ કરવા માટેનું એકાંત પામવા ત્યાં જઈશ અને તે પણ તારી મંજૂરી હશે તો !'

'થૅન્ક્સ આસ્થા. મારો ભાર હળવો થઈ ગયો.'

'હવે ઑપરેશન પછી બાકીનો ભાર પણ ઊતરી જશે.'

'પછી કદાચ ભાર રાખવાનો પ્રશ્ન જ નહીં રહે.'

'જો પાછો ! કહ્યું ને કે મારી મંજૂરી વગર મરવાનું નથી.'

'અરે ! તું તો મને પત્નીની માફક દબડાવી રહી છે !'

'તે તું પતિની માફક એ વેઠી નથી રહ્યો. ?'

'આસ્થા, ચાલ પરણી જઈએ.'

'ઇમ્પોસિબલ.'

'વરઘોડો કાઢીએ !'

'છટ્.'

'વાજાં વગડાવીએ.'

'માર ખાવાનો થયો ?'

'અગ્નિની ફરતે મંગળફેરા ફરીએ ?'

'હું ભાગી જઈશ, હવે બકવાસ બંધ કરીશ ?'

'પછી હનીમૂન કરવા માથેરાનની રૂબી હોટલમાં જઈશું ?'

'તે હજી કશુંક બાકી છે ?'

'પરણ્યા વગર વળી હનીમૂન થાય ?'

'તે હનીમૂન થયા પછી વળી પરણાય ?'

'હું માથે ફેંટો બાંધીને, મોંમાં પાનનો ડૂચો ઘાલીને, ફૂલોથી સજાવેલા ઘોડા પર તારે માંડવે આવું તો કેમ ?'

'હું તને હવે મારીશ હો !'

'તું ઘરેણાંથી લદાઈને સામે બેસે અને આપણી વચ્ચે અંતરપટ હોય અને પાસે ગોરમહારાજ ઊભા હોય અને...'

'બકવાસ બંધ.'

'એક શરતે.'

'બોલ, બાપા બોલ !'
'ઑપરેશન પહેલાં આપણે વાઘેચા જઈએ.'
'અરે, આ તો મારા દિલની વાત તેં કરી દીધી.'
'તો થઈ જાય પ્રોગ્રામ.'
'જરૂર.'
'ક્યારે ?'
'હું બે દિવસ ભાવનગર જઈ આવું પછી.'
'મંજૂર.'
રાત ક્યારે પડી તેની કોઈને ખબર પણ ન પડી.
બેડરૂમમાં સંપૂર્ણ મૌન છવાઈ ગયું.
માત્ર ઘડિયાળની ટક્ ટક્ ચાલુ હતી.

❑

૧૭

રવિવારનું આનંદમિલન

જૂના નાગરદાસ રોડ પર આવેલા 'મેઘધનુ'ને ચોથે માળે બેંતાળીશ નંબરના ઍપાર્ટમેન્ટમાં આવ-જા કરતા પવનનો મિજાજ આજે કંઈ ઓર હતો.

આસ્થા ઊઠી ત્યારે નિર્દોષ ઘસઘસાટ ઊંઘતો હતો. મોડી રાત સુધી બંનેએ ખૂબ વાતો કરી.

વાતો ખૂટતી જ નહોતી. વાતો ખૂટે નહીં ત્યારે ખબર પડે કે પૃથ્વી પરના બે જીવ વચ્ચે કોઈ અલૌકિક મૈત્રી સ્થપાઈ ચૂકી છે.

લગભગ મહિના પહેલાં આસ્થા આ જ ઘરે નિર્દોષને મળવા આવી હતી. ત્યારપછી નિર્દોષને ઘરે આજે બીજી વાર આવી હતી અને રાતે રહી ગઈ હતી.

આ એક મહિનામાં શું શું બની ગયું હતું ?

બાનો દેહવિલય થયો હતો.

નિર્દોષ આકરી કસોટીએ ચઢ્યો હતો.

યાસ્મિન અને પ્રતીક્ષા જેવાં મિત્રો જીવનમાં પ્રવેશ્યાં હતાં.

સ્વામી સત્યાનંદ દૂર રહ્યા રહ્યા રસ્તો બતાવી રહ્યા હતા.

જોસેફે આપઘાત કર્યો હતો.

આસ્થાને ઘણા વિચારો આવી ગયા. કૉલેજમાં નિર્દોષના પ્રવચન પછી આસ્થાએ જ્યારે હસ્તાક્ષર માગ્યા ત્યારે એને સ્વપ્નેય ખ્યાલ નહીં હોય કે હસ્તાક્ષર આપનારો નિર્દોષ બદલામાં એનું હૃદય લઈ લેવાનો છે ! 'પ્રેમ જીવનની સૌથી મહાન શક્તિ છે', એવું વાક્ય નિર્દોષે લખ્યું ત્યારે એને પણ ક્યાં ખ્યાલ હતો કે એ વાક્યનો

એકએક અક્ષર થોડા જ દિવસોમાં કસોટીની આગમાં તપીતપીને સુવર્ણમય બની રહેવાનો છે !

નિર્દોષે પોતાના પ્રવચનની શરૂઆતમાં શ્રોતાઓનાં હૃદયમાં સોંસરા ઊતરી જાય એવાં વાક્યો ઉચ્ચારેલાં તે આસ્થાને આજેય યાદ હતા. એણે કહેલું :

'તમે મને નજીકથી જોયો હોત તો મને ચિંતકમાં ખપાવવાની હિંમત જ ન કરત. દૂરથી ડુંગરા રળિયામણા જ લાગે. કારણ કે કાળમીંઢ પથ્થરો અને ઊંટના ઢેકા જેવા ઢંગધડા વગરના ખડકો નજરે નથી પડતા...ખેર, તમારા ભ્રમની માલિકી મારી નથી. આવો ભ્રમ ઘણા લેખકોને આખા ને આખા ગળી જાય છે.'

આવા શબ્દોએ તો આસ્થાને ઘેલી કરી હતી. નિર્દોષનું વ્યક્તિત્વ આરપાર જોઈ શકાય એટલું પારદર્શક હતું. વળી એ સાથે ત્રિપાર્શ્વ કાચમાંથી પસાર થયેલા પ્રકાશની રંગછટા પણ એના વ્યક્તિત્વનું એક આગવું કામણ હતું.

આ જ ઘરમાં એ પ્રથમ વાર આવી ત્યારે બોલાયેલા નિર્દોષના થોડાક શબ્દો આસ્થાના હૃદયને આજે જાણે અત્યંત મનોહર પ્રતિઘોષ વડે ભરી દેતા હતા :

'આપણે ઘરે જઈએ. મને એક કપ ચા મળશે અને...આખો ઓરડો ભરીને તમારું સ્મિત મળશે.'

અને પછી જે કાંઈ બન્યું તેને કારણે પોતાના જીવનમાં સ્મિતનો કેવો દુકાળ પડ્યો હતો ? દુકાળગ્રસ્ત આદમી રોટલાને જે ભાવથી ઝાલી રાખે તેવી જ લાગણીથી આસ્થા આજની સુખદ પળોને સાચવી રાખવા માગતી હતી.

આસ્થાને મન આજની સવાર માત્ર આનંદમય જ નહીં, પ્રાર્થનામય પણ હતી. એને આનંદના મોટા પોટલાની આકાંક્ષા ન હતી. જે કાંઈ છે, તે છીનવાઈ ન જાય એ પ્રાર્થના એના હૃદયમાં પડઘાયા કરતી હતી.

આસ્થાના એક ફેફસામાં ચિંતા હતી અને બીજા ફેફસામાં ભક્તિભાવ હતો.

પ્રત્યેક સવાર માણસો માટે જુદા જુદા ભાવનો થાળ ભરીને ચાલી આવે છે. ઊઠીને જલદી જલદી તૈયાર થઈને દોડવા માંડતા મુંબઈગરા માટે એ રઘવાટ પેગામ લેતી આવે છે. વૈભવથી ઊભરાતા ફ્લૅટમાં કામ કરતી ઘાટણ માટે એ નર્યું વૈતરું લેતી આવે છે. નિવૃત્ત ઑફિસર માટે એ ઢગલાબંધ નવરાશ લેતી આવે છે. અને પ્રેમી માટે છાનીછપની પ્રતીક્ષાની મૂંગી બેચેની લેતી આવે છે. બાળકો માટે એ જ સવાર તાજગીનાં વૅગન ઠાલવતી જાય છે અને પ્રોષિતભર્તૃકા માટે વિરહની વેદનાનું શૂળ લેતી આવે છે.

નિર્દોષ માટે આજની સવાર બેહોશીના જામ ભરીને આવી પહોંચી હતી. એના અંતરંગમાં એક જ આરઝૂ ચકરાવા લઈ રહી હતી :

મનને મલકવા દો
હૈયું છલકવા દો
ઉદાસી છો જતી
કોઈ રોકશો મા
બેહોશી છો રહી
કોઈ ટોકશો મા.

નિર્દોષ જાગ્યો ત્યારે આસ્થા ચા બનાવી રહી હતી. બંને જણ ડાઈનિંગ ટેબલ પર ચા પીવા બેઠાં :

'નિર્દોષ, આપણા સંબંધની શરૂઆત આ જ ડાઈનિંગ ટેબલ પર ચા પીતાં પીતાં થયેલી, યાદ છે ને !'

'મને એ યાદ છે અને તે સાથે એ પણ યાદ છે કે મેં કહેલું કે પહેલીવાર કોઈકનું આગમન આટલું આનંદપ્રદ લાગ્યું છે.'

'તેં એમ પણ કહેલું કે જેને ભ્રમ ગણીએ તે જ ક્યારેક વાસ્તવિકતા હોય છે.'

'એ યાદ નથી આવતું.'

'મહાશય, આવાં વાક્યો બોલીને કે લખીને જ લેખકો સામેની વ્યક્તિનું સંમોહન કરીને એને લગભગ નિરુપાય બનાવી દે છે.'

'હવે સમજાયું ને કે અમારું અસલી સ્વરૂપ કેવું બેડોળ હોય છે ?'

'સમજાય તો છે; પરંતુ હવે બેડોળ પણ પોતીકું લાગવા માંડ્યું છે એટલે શું થાય !'

'આસ્થા ! કેવી વિચિત્ર વાત છે ! બેડોળ વ્યક્તિ પણ પોતીકી બની જાય એટલે વહાલી લાગે !'

'સાચું છે.'

'આવું ન હોત તો કદરૂપી વ્યક્તિઓએ અરીસા તોડવાનું આંદોલન શરૂ કર્યું હોત.'

'ફરી પાછા શબ્દો રમતા કર્યા કે ?' આસ્થાએ જૂનું વાક્ય ફરી બોલી બતાવ્યું.

'આસ્થા, કોઈકને પોતીકો લાગું એટલું સત્ત્વ મારા "બીઈંગ"માં છે એ વાતનો મને ઊંડો પરિતોષ છે. આવો પરિતોષ મારું જીવન છે. "મારી ગરજ કોઈને નથી" એવું જ્યારે આદમીને લાગે ત્યારે જ તે આપઘાત કરતો હશે ને !"

'નિર્દોષ, તું ઘણા લોકોને પોતીકો લાગે છે.'

'મારું એ સદ્‌ભાગ્ય છે. ખરું પૂછો તો મારાં લખાણો દ્વારા હું વ્યાપવા માગું છું. આ રીતે કેટલાંય હૈયાઓમાં પરવાનગી લીધા વગર પ્રવેશવા માગું છું. આવું એક મહાન હૈયું મારી સામે બેઠું છે.' નિર્દોષે આંખ મીંચકારી ઉમેર્યું.

'મને આવાં બીજાં અનેક હૈયાંઓની અદેખાઈ નથી. જે હૈયાં મારા નિર્દોષને પ્રેમથી આવકારે છે તે મનેય આવકારી રહ્યાં હોય એવું લાગે છે.'

'આસ્થા, આ જ તારી મહાનતા છે. ઘણાખરા કલાકારોના કે લોકપ્રિય ફિલ્મ-અદાકારોના ઘરમાં કેમ તકરાર પેસે છે તે ખબર છે ?'

'ના.'

'પત્ની પોતાના પતિને, એટલે કે કલાકારને બીજા અનેક હૈયામાં પ્રવેશ પામતો જોઈ શકતી નથી.'

'અને પત્ની કલાકાર હોય તો !'

'પતિ એ સહન કરી શકતો નથી.'

'નિર્દોષ, હું અને તું જુદાં છીએ જ ક્યાં ?'

'તો પછી લોનાવાલા જવા માટેની આતુરતા ઓછી કરીશ ને !'

'શું કરું ! મને સ્વામી સત્યાનંદ પાસે જવાનું ખૂબ મન થાય છે. હું ભગવાનને રોજ પ્રાર્થના કરું છું : "હે પ્રભુ ! મારા નિર્દોષને બચાવી લે. હું બને તેટલી જલદી બાકીનું જીવન તારી ભક્તિમાં વિતાવવા ઇચ્છું છું." ભગવાન મારી પ્રાર્થના સાંભળે છે, એવો ભ્રમ હું ઈંડાની માફક સેવવા માગું છું.'

નિર્દોષ શાંત હતો. આસ્થા ગંભીર હતી. ચાના બે કપ ડાઇનિંગ ટેબલ પર પડેલા હતા.

થોડી વારે તાજી કુમળી કળી જેવી પ્રતીક્ષા આવી. પ્રતીક્ષાના આગમનમાં જ ઘરને ચેતનવંતુ બનાવી દેવાની તાકાત હતી.

'હું સૌને માટે ગરમગરમ નાસ્તો લાવી છું. હજી યાસ્મિન નથી આવી ?' પ્રતીક્ષાએ શરૂઆત કરી.

'આવવાની તૈયારીમાં જ છે.' પ્રતીક્ષાને વહાલથી બાથમાં લેતાં આસ્થાએ કહ્યું.

'નિર્દોષભાઈ, ઘર ગમ્યું પણ એક ખામી છે.'

'શી ?'

'નાનું પડે.'

'આ ઘરની વસ્તી વધે એવો સંભવ નથી. આજે અહીં જેટલાં લોકો એકઠાં થવાનાં છે તે એક વિક્રમ હશે.'

'ખરેખર ?' પ્રતીક્ષાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'આથી મોટી જગ્યા મુંબઈમાં લેખકને શી રીતે પોસાય ?'

નાસ્તો તૈયાર હતો; પરંતુ સૌ યાસ્મિનની રાહ જોતાં હતાં.

'પ્રતીક્ષા, આજનો પ્રોગ્રામ શું છે ?' નિર્દોષે પૂછ્યું.

'બપોરે એક હોટલમાં લંચ લઈશું અને સાંજે જૂહુ જઈશું. ભોજનમાં તમને ગમતા કાશ્મીરી પુલાવ, વેજિટેબલ કરી અને ગુલાબજાંબુ કે બીજી કોઈ સ્વીટ રહેશે. એની સજેશન ?' પ્રતીક્ષાએ જુબાની લેતી હોય એ રીતે પૂછ્યું.

'મને કાશ્મીરી પુલાવ ભાવે છે, એવું કોણે કહ્યું ?'

'તમારી નવલકથા વાંચીને એટલું હું સમજી ગઈ.'

'અરે, વાહ !' નિર્દોષે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'સાંજના ડિનરની શી વ્યવસ્થા છે ?' આસ્થાએ પૂછ્યું.

'સન એન્ડ સૅન્ડ'માં ડિનર લઈ આવીશું !' પ્રતીક્ષાએ જણાવ્યું.

'ના, ભાઈ ના. ત્યાં તો ઠંડો પાઈનેપલ જ્યૂસ પણ કિંમતને કારણે દાઝે છે. આપણે કોઈ નાની હોટેલમાં કશુંક લાઈટ લઈ લેશું.' આસ્થાએ કહ્યું.

'હું આજે મારી વર્ષગાંઠ ઊજવી રહી છું. મેં તમારા સૂચન માંગ્યા, તે કાર્યક્રમને વધારે આનંદમય બનાવવા માટે માંગ્યાં હતાં. Today you are all my guests.' પ્રતીક્ષાએ ફોડ પાડ્યો.

વાતો ચાલતી હતી ત્યાં કાળી મૅક્સીમાં સજ્જ થયેલી યાસ્મિન આવી પહોંચી.

'યાસ્મિન, નાસ્તો તૈયાર છે. અમે તારી જ રાહ જોતાં હતાં. Please join us.' આસ્થાએ કહ્યું.

આજે નિર્દોષ જાણે પૂરી માત્રામાં જીવી રહ્યો હતો. આસ્થાની ઊંડા હૃદયની પ્રાર્થના, યાસ્મિનની મીઠી લાગણીઓ અને પ્રતીક્ષાનો આક્રમક આદર એ એકસાથે ભરપેટે પામી રહ્યો હતો. એના સૂના ઘરમાં આજે જીવનનો ધબકાર હતો.

ઘરની બહાર ખીલેલી વસંત આજે ઘરમાં આવી પહોંચી હતી.

આજે એ ચારે જણાં ઘણા દિવસોની ઉદાસી સામે જાણે વેર લઈ રહ્યાં હતાં. કૅન્સર હૉસ્પિટલના વાતાવરણમાંથી તેઓ માંડ થોડા દિવસો માટે છૂટ્યાં હતાં. નાહીધોઈને ખાદીનો સફેદ ઝભ્ભો-પાયજામો પહેરીને બેઠેલો નિર્દોષ આજે ખરેખર ફૂટડો લાગતો હતો. એ થોડો નબળો પડી ગયો હતો તોય આજે એના મોં પર ચમક હતી. માંદગીની પણ એક મનોવૈજ્ઞાનિક વેદના હોય છે. માણસ અમથો મનથી જ ઢીલો થઈ જાય છે. 'અમુક જાતનું કૅન્સર સો ટકા મટી શકે છે' એવા ડૉક્ટર નાગરના આઠ શબ્દોએ કેવો જાદુ કર્યો હતો ! થોડાક જુદા શબ્દો બોલાયા હોત તો નિર્દોષની અને એના પર ઓળઘોળ થઈ જતી આ યુવતીઓની શી દશા થાત ! શબ્દો જીવનમાં શું નથી કરતા !'

આજે ખરો વટ યાસ્મિનનો હતો. એનો દેહ ભરાવદાર છતાંય સપ્રમાણ હતો. એની ઊંચાઈ એની શરીરની જાડાઈને પણ આકર્ષક બનાવી મૂકતી હતી. એના કાળા વાળ ટૂંકા હોવા છતાં શરીરનું સૌંદર્ય

વધે એ રીતે ઓળાયેલા હતા. એ આજે બનીઠનીને આવી ન હતી અને ખાસ મેઈક-અપ વગર પણ એનો ઠસ્સો લશ્કરના કોઈ મોટા ઑફિસરની પત્ની જેવો હતો.

સૌએ યાસ્મિનને ઘણુંખરું નર્સના સફેદ ગણવેશમાં જ જોઈ હતી. એ ગણવેશમાં પણ એનું સૌંદર્ય નીખરી આવતું હતું; પણ આજે એ એના અસલ મિજાજમાં ન હતી. આજે એનામાં અખાત્રીજની ભરતી વખતે દરિયામાં ઊછળતાં મોજાનો ઉન્માદ ન હતો. એના ઠસ્સામાં નિરાશાની ઝાંય દેખાઈ આવતી હતી.

યાસ્મિનને મન નિર્દોષ હવે એક દરદી કરતાં કંઈક વિશેષ હતો. એ લેખક હતો અને ખૂબ જ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતો એક પુરુષ હતો. એ યાસ્મિનની ચાકરી ઉપરાંત પણ કંઈક પામ્યો હતો. નિર્દોષને મન પણ યાસ્મિન એક નર્સ કરતાં કંઈક વિશેષ હતી. એ લાગણીશીલ અને દેખાવડી સ્ત્રી હતી અને એની મૈત્રી નિર્દોષ પામ્યો હતો.

યાસ્મિન આજે થોડીક ઉદાસ હતી; પરંતુ એની ઉદાસી પણ એના સૌંદર્યને એક જુદું જ પરિમાણ આપી રહી હતી. નિર્દોષની વિચારક્રાંતિ ઝીલવા જેટલી બૌદ્ધિકક્ષમતા યાસ્મિન પાસે નહોતી. પરંતુ એની પાસે મુલાયમ, માખણ જેવું હૃદય હતું અને અમીથી ભરેલી આંખો હતી. એને ભૂખ કરતાં તરસ વધારે હતી. એનું શરીર સૌષ્ઠવ એના અંતરંગના સૌંદર્ય પર ચાર ચાંદ લગાવી મૂકતું હતું.

નિર્દોષના હૃદયના એક ખૂણામાં યાસ્મિનનું વ્યક્તિત્વ અડ્ડો જમાવીને બેસી ગયું હતું.

પ્રતીક્ષા નિર્દોષનો આદર કરતી હતી; પણ એના આદરમાં આંધળી શરણાગતિ ન હતી. નિર્દોષના કેટલાક ઉદ્દામ વિચારો સાથે એ અસંમત હતી અને છતાંય નિર્દોષની આવા વિચારો માટેની નીડરતા પર એ ખુશ હતી. પોતાના વિચારોના સમર્થનમાં તર્કયુક્ત દલીલો રજૂ કરવાની શૈલી એને પ્રભાવિત કરતી હતી. એ ઉપરાંત નિર્દોષની નિર્દંભ નિખાલસતા પણ એને લગભગ નિઃશસ્ત્ર કરી મૂકતી હતી.

પૈસાદાર ઘરની છોકરીને મળે એવાં તમામ લાડ એ પામી હતી. આવા લાડને કારણે જે મિજાજ જન્મે તે મિજાજ પણ એને મળ્યો હતો. એની ધારદાર દલીલશક્તિ અને કોઈનાથીય અંજાયા વગર નિર્ણય લેવાની તાકાત એનામાં સામાન્ય કહી શકાય એવા સૌંદર્યમાં ખાસ્સો વધારો કરતી હતી. એની આંખો મારકણી હતી અને એમાં ભારોભાર આક્રમકતા હતી. નિર્દોષની સાથે એ બાખડતી ત્યારે વિચારોનું દ્વન્દ્વયુદ્ધ જોવાની મજા બીજાંઓને મળતી.

આસ્થા પાસે યાસ્મિનનો ઠસ્સો ન હતો અને પ્રતીક્ષાની મારકણી આંખો ન હતી. એનામાં જાણે આ બંને વ્યક્તિત્વનો સપ્રમાણ સમન્વય હતો. એ જાજરમાન ન હતી; પણ નમણી હતી. એનું રૂપ પણ આક્રમક ન હતું. એનું અનાક્રમક અસ્તિત્વ ઝાઝો અવાજ કર્યા વગર અને સામા માણસને ઘાયલ કર્યા વગર સીધું હૃદયમાં પ્રવેશી જાય એવું હતું. એ દલીલબાજ હતી; પણ એમાં સામા માણસને સમજવાની તત્પરતા જણાઈ આવતી. એમાં સામા માણસ પર વિજય પામવાનો આશય ન હતો. એની દલીલોમાં એક ઠંડી તાકાત હતી.

એ નિર્દોષને પોતાનું સર્વસ્વ આપી ચૂકી હતી. એને મન નિર્દોષ એક વ્યક્તિ નહીં પણ વિભૂતિ હતો. એ પણ નિર્દોષ નામના એક વ્યક્તિવિશેષના નહીં, પરંતુ નિર્દોષ નામની એક ઘટનાના પ્રેમમાં હતી. એના પ્રેમમાં મહાસાગરની વિશાળતા જ નહીં, પણ મહાસાગરનું ઊંડાણ પણ હતું. એ નિર્દોષની મિત્ર જ નહીં; નિર્દોષનું જીવન હતી. એને સથવારે જ નિર્દોષ આ આકરી તાવણીમાં હજી ટકી રહ્યો હતો.

લંચ લઈને આવ્યા પછી આસ્થા અને યાસ્મિન બેડરૂમમાં જઈ આડાં પડ્યાં. આસ્થા રાત્રે ઝાઝું ઊંઘવા પામી ન હતી અને વળી વહેલી ઊઠી ગઈ હતી.

નિર્દોષને પથારીમાં પડી રહેવાનો થાક લાગ્યો હતો. પોતાનું દરદીપણું એ થોડા સમય માટે ભૂલવા માગતો હતો.

'પ્રતીક્ષા, આપણી સ્ત્રીઓ રસોડામાંથી ક્યારે છૂટશે ?' નિર્દોષે ખાટ પર તકિયે અઢેલીને બેસતાં કહ્યું.

'આઈ સિમ્પલી હેઈટ ઈટ. મારી બાની જાગૃત અવસ્થાનો ત્રીજો ભાગ રસોડામાં વીતે છે; રસોઈયા અને નોકરો છે છતાં.' પ્રતીક્ષાએ વાતને પકડી લીધી.

'હોટેલમાં કે જાહેર રસોડે જમવું એ ઉપાય નથી. પરણીને કે પરણ્યા વગર સ્ત્રી પુરુષ સાથે રહેતાં હોય તોય ઘરે સાથે જમે એ પણ મહત્ત્વનું છે.'

'તો પછી સ્ત્રીઓ રસોડામાંથી નહીં છૂટે.'

'મહોલ્લાને નાકે તૈયાર કઢી કે દાળ મળે એવી ગોઠવણ થવી જોઈએ. પંજાબમાં આ રીતે તંદુરી રોટી મળે છે. વલ્લભવિદ્યાનગરમાં એક મહારાજ આશ્રમમાં વિદ્યાર્થીઓને રાખતા અને દાળ તૈયાર આપતા. બીજી રસોઈ વિદ્યાર્થીઓ પોતપોતાના રૂમમાં બનાવી લેતા.'

'અમદાવાદમાં "ચેતના"ની દાળ ઘરે લઈ જનારા લોકો છે, એવું મેં સાંભળ્યું છે.' પ્રતીક્ષાએ કહ્યું.

'સ્ત્રીઓને ઘરકામમાંથી મુક્ત કરવામાં મને રસ નથી. ખરી વાત એ છે કે પુરુષોએ કામમાં મદદ કરવી જ જોઈએ. ક્યુબામાં તો આ અંગે કાયદો છે. પરદેશમાં પુરુષો ઘરકામ કરે છે. ભારતમાં ઘણા પતિદેવો મદદ કરે છે પણ તે છાનામાના !'

'This is absurd.'

'હું તો કહું છું કે આ લગ્નપ્રથા નહીં જાય ત્યાં સુધી સ્ત્રી મુક્ત નહીં જ થાય.'

'તર્કની દૃષ્ટિએ તે સાચું હશે; પણ એની મનોવૈજ્ઞાનિક બાજુ પણ જોવી જોઈએ.'

'સાચું છે. સ્ત્રીના આંતરમનમાં ઊંડેઊંડે પોતાનો પુરુષ પોતાનો જ બની રહે એવી ભાવના પડેલી હોય એમ બને. પુરુષોથી પણ પોતાની પ્રિયતમામાં કોઈ બીજો ભાગ પડાવે એ સહન નહીં થતું હોય. સ્ત્રીઓ પછાત છે એટલે પુરુષો એમને અવગણીનેય પોતાનો પ્રમાણિક શોખ પૂરો કરી શકે છે; પરંતુ એ જ પુરુષો સ્ત્રીઓની હરકતો ખસૂસ નહીં સ્વીકારે. વાત માલિકી પર જ આવીને અટકી જાય છે.'

'નિર્દોષભાઈ, હું સીતા હોત તો રામને ખબર પાડી દેત.' પ્રતીક્ષાએ વાતને ચગાવી.

'તું શું કરત ?' નિર્દોષે એને ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો.

'રાવણને ત્યાંથી સીતા છૂટી પછી રામે એને ખૂબ મહેણાં મારેલાં. પછી વળી અગ્નિપરીક્ષા પણ કરાવેલી. પછી જ્યારે પેલા ધોબીએ મહેણું માર્યું ત્યારે સગર્ભા પત્નીને એકલી વનમાં મોકલી દીધી હતી.'

'તું રામને ખબર પાડી દેવાની વાત કરતી હતી.'

'હું રામ પર એક આક્ષેપ મૂકત.'

'શું ?'

'એ જ કે શબરી નામની એક આદિવાસી સ્ત્રી તમારા પર ખુશ હતી. એનાં એઠાં બોર પણ તમે ખાધાં હતાં. કોઈ સ્ત્રીનું અને તેય વળી આદિવાસી સ્ત્રીનું, એઠું પુરુષ અને તેય વળી એક રાજવી, ક્યારે ખાઈ શકે ? આમ હું રામને આખા અયોધ્યામાં ફજેત ફજેત કરી મૂકત.'

નિર્દોષ જોરથી હસી પડ્યો.

'પ્રતીક્ષા, હું તારી વાત સ્વીકારતો નથી. મારી સ્ત્રી ભણી કોઈ બીજો નજર ઉઠાવે તો હું તકરાર કરું એવી ભાવનાથી મારી સ્ત્રીને રક્ષણ મળે છે; પરંતુ પતિ દ્વારા આ રીતે મળતું રક્ષણ માલિક દ્વારા કારને મળે તેવું રક્ષણ છે. અહીં સ્ત્રી એક ચીજ (કોમોડિટી) બની રહે છે. એ ચીજ બને પછી એની ચેતના ખતમ થાય છે, એનું બીઈંગ નષ્ટ થાય છે. એ ખતમ થયા પછી પેલું મનોવિજ્ઞાન ક્યાંયનું નથી રહેતું.'

નિર્દોષ અને પ્રતીક્ષાની વાતો કલાકો સુધી ચાલતી રહી.

સાંજે ફિયાટમાં બેસીને સૌ જૂહુ ગયાં.

ડૂબતા સૂરજનાં કિરણોને અડધી મીંચેલી આંખો વડે નિર્દોષ જાણે પી રહ્યો હતો.

શું એ પ્રાર્થના કરી રહ્યો હતો ?

ના, પ્રાર્થના એને રૂંવેરૂંવેથી ફૂટતી હતી.

સૂર્યની માફક એના અંતરમાંય શબ્દો આથમી ગયા હતા અને માત્ર પ્રાર્થના જ રહી હતી.

બચી જવાય તો શેષ જીવનની ક્ષણોને નિચોવીને આનંદ લૂંટવાનો એનો સંકલ્પ એ મનોમન યાદ કરી રહ્યો હતો ત્યારેય એના મનમાં ચિંતા તો હતી જ !

રવિવારનું આનંદમિલન પૂરું થયું.

જૂહુના દરિયાકિનારે જ રેતીમાં બેઠાંબેઠાં સૌએ એક અગત્યનો નિર્ણય લીધો.

સૌ લોનાવાલા જવા માટે સંમત થયાં. દિવસ નક્કી થયો.

ત્રણત્રણ રમણીઓ આગળ હા પાડ્યા સિવાય નિર્દોષને છૂટકો ન હતો. એ પણ લોનાવાલા જવા માંગતો હતો, પણ તે બીજા હેતુ માટે.

કાર્યક્રમની વિગતો નક્કી કરી સૌ છૂટાં પડ્યાં ત્યારે જૂહુના આકાશમાં તારાઓનું ટોળું ઊતરી પડ્યું હતું.

❑

૧૮

વિચારોની મિજબાની

વહેલી સવારે કોઈ નમણી રમણી જેવી ફિયાટમાં ચાર જણાં લોનાવાલા જવા નીકળી પડ્યાં.

પ્રતીક્ષા ગાડી ચલાવી રહી હતી. આજે એણે ઘેરા જાંબલી રંગની સાડી પહેરી હતી. ઊંચી એડીનાં સેન્ડલ એની ઊંચાઈમાં ખાસ્સો વધારો કરતાં હતાં. એની પાસે આગલી સીટ પર યાસ્મિન બેઠી હતી. એણે પણ આજે સાડી પહેરી હતી. સ્વામીદાદા પાસે જતી વખતે આમે ઝાઝો ભપકો કરવાથી એ દૂર રહેતી. જોસેફ વગર આજે બીજીવાર એ સ્વામીદાદા પાસે જઈ રહી હતી. જોસેફ અંગે એણે સ્વામીદાદાને પત્ર લખ્યો ન હતો.

પાછલી સીટ પર નિર્દોષ અને આસ્થા બેઠાં હતાં. બંને ખુશ હતાં. આસ્થાએ સફેદ રંગની સાડી પહેરી હતી. નિર્દોષ એના કાયમના પોશાકમાં હતો. એણે ખાદીનો ઝભ્ભો અને પાયજામો પહેર્યો હતો.

'પ્રતીક્ષા, તારાં લગ્ન ક્યારે નક્કી થશે ?' નિર્દોષે વાત શરૂ કરી.

'હવે બાકી શું છે ! ગમે તે દિવસે વિધિ થશે.'

'અતીત શું કરે છે ?'

'આર્કિટેક્ચરની છેલ્લી પરીક્ષા આપશે.'

'કઈ નાત ?'

'કાયસ્થ છે.'

'ક્યાં રહેવાનું ?'

'પાર્લા વેસ્ટમાં.'

'અંધેરીની નજીક આવી રહી છે ને !'

'હા.'

'આસ્થા, તને હવે સમજાય છે ને કે વચ્ચે પ્રતીક્ષા લગભગ અદૃશ્ય કેમ થઈ ગઈ હતી ! બહેનજી અલકમલકની વાતો કરતાં હતાં.' નિર્દોષે મજાક કરી.

'નિર્દોષભાઈ, હું ફરીથી કહું છું કે લગ્ન સિવાય જીવવામાં મજા નથી.' પ્રતીક્ષાએ આક્રમણની શરૂઆત કરી.

'પ્રતીક્ષા, અત્યારે જે મજા માણી રહ્યાં છો તે લગ્ન નથી થયાં તેને કારણે છે. અત્યારે મળો ત્યારે કલાકો બહુ ઝડપથી પસાર થઈ જતાં હોય એમ લાગે છે ને ! અત્યારે ક્ષણો તમને બંનેને હળવી ફૂલ જેવી લાગતી હશે, એકબીજાની રાહ જોવામાં બેચેનીનો અનુભવ થતો હશે.'

નિર્દોષે લગ્નવિરોધી ઝુંબેશનો આરંભ કરી દીધો.

'યસ, ઑફ કોર્સ !' પ્રતીક્ષાએ ગાડીનું સ્ટિયરિંગ ફેરવતાં કહ્યું.

'હવે લગ્ન થાય પછી જોજો. પછી ક્ષણો બોજલ બની જશે. પછી બેચેની એકબીજાની ગેરહાજરીમાં નહીં; પણ હાજરીમાં શરૂ થશે. આવી બેચેનીમાં તમે ઓચિંતા જ ક્યારે મા-બાપ બની જશો. પછી...' નિર્દોષે ચલાવ્યું.

'મને એક વાર પરણવા દો. પછી હું તમને ખાતરીપૂર્વક અનુભવને આધારે કશુંક કહી શકીશ. તમે પિતૃત્વનો અનુભવ નથી પામ્યા. હું માતૃત્વનો અનુભવ પામીને ત્યારે "કશુંક" બોલતી હોઈશ. પ્રતીક્ષાએ તલવારને પાણી પાવાનું જાણે શરૂ કરી દીધું.

'આ વિચાર સારો છે. પછી અનુભવ અને બિનઅનુભવ વચ્ચે મુકાબલો થઈ જાય. હું અને યાસ્મિન જોતાં રહીશું.' આસ્થાએ વચ્ચે મમરો મૂક્યો.

'નિર્દોષભાઈ, આ લોકો આપણે ભોગે મનોરંજન ઈચ્છે છે.' પ્રતીક્ષાએ સ્ટિયરિંગ રમાડતાં કહ્યું.

'મને વાંધો નથી. તારું ડ્રાઈવિંગ સારું, છે પ્રતીક્ષા !' નિર્દોષે કહ્યું.

'હું ગાડી તો ડ્રાઈવ કરું છું. હવે અતીતને બરાબર ડ્રાઈવ કરું છું કે નહીં તે જોવાનું છે.' પ્રતીક્ષાએ ડાબા હાથે યાસ્મિનને એક ઘબ્બો મારતાં કહ્યું.

ખંડાલા આવવાને હજી વાર હતી. ખપોલી આગળ કાર ઊભી રાખીને સૌએ 'રમાકાંત વડાં' ખાધાં. આસ્થા થર્મોસમાં કોલ્ડ-કૉફી લાવી હતી.

સૌ પિકનિકનાં મિજાજમાં હતાં અને છતાંય એ મિજાજમાં વિષાદની ઝાંય છુપાયેલી હતી.

મુંબઈનો ઘોંઘાટ પાછળ રહી ગયો હતો.

સૌ લોનાવાલા પહોંચ્યાં ત્યારે દસ વાગ્યા હતા.

સ્વામી સત્યાનંદે બારણું ખોલ્યું અને સૌએ એમને ભાવથી પ્રણામ કર્યા. આસ્થાએ જૉસેફની વાત કરી અને નિર્દોષનો પરિચય કરાવ્યો.

'સ્વામીદાદા, તબિયત કંઈક નબળી લાગે છે ?' યાસ્મિને પૂછ્યું.

'છેલ્લા ત્રણ દિવસથી શરીરમાં કસર છે. કાલે ટેમ્પરેચર હતું; આજે નથી. હું અઢેલીને બેસીશ અને વાતો કરીશ, ચાલશે ને ?' સ્વામીજીએ કહ્યું.

'જરૂર. તમે આરામથી બેસો.' આસ્થાએ કહ્યું.

'નિર્દોષભાઈ, તમારે વિશે સાંભળતો ખૂબ હતો; પરંતુ મળવાનું આજે જ બન્યું. આજે તો સંસારીને ત્યાં હોય એટલી વસ્તી મારે ત્યાં જણાય છે. તમે સૌ આવ્યાં એ ગમ્યું. ક્યારેક અમને લોકોનેય આવો ચેઈન્જ ગમે છે. હવે ગરમ ચા કોણ પાય છે એ સવાલ છે.' સ્વામીજીએ વિવેક સાથે વિનોદ કર્યો.

'સ્વામીજી, અમે સૌ દુઃખી છીએ. જૉસેફ ગયો અને તમારે ત્યાંથી ગયાંને ચોથે દિવસે મારાં બા પણ ગયાં.' આસ્થાએ કહ્યું.

'શું કહે છે તું ?' સ્વામીજીએ ટટાર થઈ જતાં પૂછ્યું.

'હા. પણ તેઓ ખૂબ શાંતિથી ગયાં.' આસ્થા બોલી.

'એમની તો સદ્‌ગતિ જ હોય.' ગંભીર બનીને સ્વામીજીએ કહ્યું.

'તે દિવસે આપને મળી તેથી બાની અંતિમ પળો પ્રભુમય બને તેવા પ્રયત્નો કરવામાં ઠીકઠીક સફળતા મળી. મેં એને સમજાવી કે પતિ કે પુત્રીમાંથી ચિત્ત હટાવીને પ્રભુમાં ચિત્ત પરોવજે. એ પ્રભુસ્મરણ કરતી કરતી ગઈ.' આસ્થાએ સંતોષ વ્યક્ત કર્યો.

'જેની અંતિમ પળો જળવાઈ ગઈ એનું જીવન જળવાઈ ગયું.' સ્વામીજી પ્રાર્થનામય મુદ્રામાં બેઠાં બેઠાં જ બોલ્યા. આટલું બોલતી વખતે એમની આંખો બંધ હતી.

લગભગ બેત્રણ મિનિટ કોઈ ન બોલ્યું. છેવટે નિર્દોષે શરૂઆત કરી.

'સ્વામીજી, આ મૃત્યુ આખરે શું છે ?'

'મૃત્યુને સમજતાં પહેલાં જીવન વિશે સમજી લેવું પડે.'

'તો પછી જીવન શું છે ?'

'મનેય પૂરું ક્યાં સમજાયું છે ! એમ લાગે છે કે જીવનમાં સ્થૂળ અને સૂક્ષ્મનો ખેલ ચાલ્યા કરે છે. સ્થૂળ ખેલ આપણને દેખાય છે અને સૂક્ષ્મની ભાળ મળતી નથી. જીવનમાં સ્થૂળ તરફથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ તરફની ગતિ રહેવી જોઈએ.' સ્વામીજીએ ગંભીર ચહેરે કહ્યું.

'આ સૂક્ષ્મ શું છે, આખરે ?' નિર્દોષે પૂછ્યું.

'આંબા પર કેરી લટકે તે દેખાય છે. એ સ્થૂળ કેરી આવી ક્યાંથી ? આંબો જમીનમાંથી મૂળ દ્વારા કંઈક એવી ચીજ ખેંચતો રહે છે જેને આપણે કેરીપણું (mangoness) કહી શકીએ. આંબાના થડને છેદો તોય તમને આ કેરીપણું નહીં જડે. થડમાંથી એ સતત વહેતું રહે છે એ ચોક્કસ. પાંદડાં વચ્ચે લટકતી કેરી એનો પુરાવો છે. કેરી સ્થૂળ છે; જોઈ શકાય છે, સૂંઘી શકાય છે, સ્પર્શી શકાય છે અને ચાખી શકાય છે. કેરીપણું અદૃશ્ય, અસ્પર્શ્ય, અસ્વાદ્ય અને સૂક્ષ્મ છે. આ આંબામાંથી કશુંક સૂક્ષ્મ વહેતું બંધ થઈ જાય ત્યારે એની ડાળી નર્યું લાકડું બની જાય છે. આંબો મૃત્યુ પામે છે પણ આમ્રપણું જીવે છે. જીવન સૂક્ષ્મની આવી એક લીલા છે એવું મને તો લાગે છે.' સ્વામીજીએ કહ્યું.

'આ સૂક્ષ્મ એ જ ભગવાન એવું તમે કહી શકશો ?' નિર્દોષને સ્વામીજીની વાતમાં રસ પડ્યો હતો.

'એને જે કહેવું હોય તે કહો. મને એવું લાગે છે કે ભગવાન એ કેવળ તર્કનો વિષય નથી; પણ થોડે સુધી તર્ક પહોંચાડી જોઈએ. આજના યુવાનોને શ્રદ્ધા પ્રત્યે થોડી સૂગ છે; પણ તર્ક પ્રત્યે પૂરો પ્રેમ નથી. તર્ક પ્રત્યે પ્રેમ હોત તો એ બસને આગ શી રીતે લગાડત ? બસ ક્યાં સૂક્ષ્મ છે કે શ્રદ્ધાનો વિષય છે ? હવે મૂળ વાત પર આવીએ.

'આપણાં શાસ્ત્રોમાં એક મજાનું સૂત્ર આપવામાં આવ્યું છે : "યથા પિંડે તથા બ્રહ્માંડે." આપણને આંખ છે માટે બ્રહ્માંડમાં ક્યાંય સૂર્ય હોવો જોઈએ. સૂર્ય વગર આંખ શા કામની ? મારે શ્વાસ લેવો પડે છે માટે બ્રહ્માંડમાં ક્યાંક વાયુ હોવો જોઈએ. મારે કાન છે પણ તેનો ઉપયોગ શક્ય બને તે માટે ક્યાંક ધ્વનિ અને ધ્વનિ સાંભળી શકાય તે માટે દિશાઓ હોવી જોઈએ. માણસના વાળ એ પૃથ્વી પરના તૃણની પ્રતિકૃતિ છે. માણસના દાંત એ પૃથ્વીનું ખડક તત્ત્વ છે. માણસમાં મહાસાગરનું મીઠું પણ છે અને પૃથ્વીનાં તમામ ખનિજ તત્ત્વો પણ છે.

'શરીરનાં બધાં અંગો અને તત્ત્વો હાજર હોય તોય કોઈક અદૃશ્ય તત્ત્વ ચાલી જાય પછી આંખ જોતી નથી, કાન સાંભળતા નથી, નાક શ્વસતું નથી અને જીભ વદતી નથી કે સ્વાદ માણતી નથી. આ સૂક્ષ્મ અદૃશ્ય તત્ત્વને "જિવાત્મા", "રૂહ" કે "સોલ" કહો આ આત્મતત્ત્વ જ આપણા "Ego" નું, અહંનું અધિષ્ઠાન છે. આ વિશ્વનું જ પ્રતિબિંબ આપણી વ્યક્તિગત ચેતનામાં પડતું હોય તો આપણા આત્મતત્ત્વને સમાંતર એવું કોઈ પરમાત્મતત્ત્વ હોવું જ જોઈએ. આને તમે વૈશ્વિક ચેતના કહી શકો. આમ અનુભવ પરથી ઠેકડો મારીએ તો પરમાત્મતત્ત્વનું અનુમાન થઈ શકે. સમગ્ર બ્રહ્માંડનું અધિષ્ઠાન આવું કોઈ પરમાત્મતત્ત્વ હોવું જોઈએ. આવું અનુમાન છેક વાહિયાત (absurd) નથી જણાતું. આ છે આસ્તિકતા.' સ્વામીજી એકધારા અવાજે શાંતિથી બોલી રહ્યા હતા. નિર્દોષ એમને ખૂબ ધ્યાનથી સાંભળી રહ્યો હતો. પ્રતીક્ષા તો ઊંડા વિચારોમાં ડૂબી ગઈ હતી. આસ્થા અને યાસ્મિનની પણ એ જ સ્થિતિ હતી. સ્વામીજી આજે

બરાબર ખીલ્યા હતા. સૌ શાંત હતાં ત્યાં સહજ રીતે સ્વામીજીના મોઢેથી એક શેર નીકળી પડ્યો.

"ખુદી કો બુલંદ ઈતના કર કિ હર તકદીર સે પહેલે,
ખુદા બન્દે સે ખુદ પૂછે બતા તેરી રજા ક્યા હૈ."

પછી તેઓએ આગળ કહ્યું :

'હે માણસ ! તું તારી જાતને એટલી ઊંચાઈ પર લઈ જા કે તારું ભવિષ્ય લખતાં પહેલાં ખુદાને ખુદ તને પૂછવું પડે કે, તારી શી ઈચ્છા છે !' ખુદમાંથી ખુદા બનવાની આ વાત છે. આપણા ઋષિમુનિઓએ, ઓલિયા-ફકીરોઓએ અને પયગંબરોએ કરેલી આ વાત છે. તેઓ જૂઠું બોલે તેવા ન હતા એ આપણી શ્રદ્ધા છે.'

'શ્રદ્ધા ઠગારી ન હોઈ શકે ?' નિર્દોષે પ્રશ્ન કર્યો.

'હોઈ શકે – પણ તે સિવાય બીજો કોઈ ઉપાય પણ નથી. તમે અત્યારે અહીં બેઠા છો. તમે કદીય કોઈનું ખૂન નહીં જ કરો એવી મારી શ્રદ્ધા છે. આ શ્રદ્ધા સહજ છે તેથી અત્યારે વાતો કરતી વખતે મારા મનમાં કોઈ શંકા નથી ઊઠતી. આ શ્રદ્ધા ઠગારી હોઈ શકે છે પણ તે ન રાખીને હું જીવી શકું ખરો ? આપણો ઘણોખરો વ્યવહાર શ્રદ્ધા પર ચાલે છે. અશ્રદ્ધાવાન જીવી નહીં શકે. વિમાનમાં મુસાફરી કરતી વખતે તમે પાયલોટ પર અખૂટ શ્રદ્ધા રાખો છો; સોની ચલણી નોટ સ્વીકારતી વખતે તમે સરકાર પર શ્રદ્ધા રાખો છો; ઑપરેશન કરાવતી વખતે તમે ડૉક્ટર પર શ્રદ્ધા રાખો છો. તમને હૉસ્પિટલના સર્જન (surgeon) પર શ્રદ્ધા હોય એવી શ્રદ્ધા સર્જનહાર પર હોવી જોઈએ. નાસ્તિકને પણ ઈશ્વર નથી એ વાત પર શ્રદ્ધા જ હોય છે. શ્રદ્ધા વગર નાસ્તિક પણ જીવી નહીં શકે. આ શ્રદ્ધા અંધ ન બને તે માટે વિવેકની જરૂર પડે.' સ્વામીજી આટલું બોલી અટકી ગયા. એમને આજે બોલવામાં શ્રમ પડતો હતો.

'સ્વામીજી, ધર્મને નામે યુદ્ધો થયાં છે અને લાખો માણસોની કતલ થઈ છે. આ તે કેવી શ્રદ્ધા ?' પ્રતીક્ષાએ પૂછ્યું.

'બેટા, આ દેશમાં નદીઓને પવિત્ર ગણવામાં આવે છે. અહીં કેટલાક પર્વતો પવિત્ર છે; કેટલાંક મકાનો (મંદિરો, મસ્જિદો, ગિરિજાઘરો) પવિત્ર છે; કેટલાંક વૃક્ષો પવિત્ર ગણાય છે અને કેટલાક

પથ્થરો પણ પવિત્ર ગણાય છે. અહીં ગાય પવિત્ર ગણાય છે. આમ ઘણીબધી જડ ચેતન બાબતોને પવિત્ર ગણનારા આ દેશમાં માણસની પવિત્રતા હજી સ્થપાઈ નથી. લગભગ આખી દુનિયાની આ સ્થિતિ છે. આ દેશમાં હજી માણસો અસ્પૃશ્ય ગણાય છે. હું માનું છું કે સંસ્થાગત ધર્મ (institutionalized religion) ના દિવસો હવે પૂરા થયા છે. હવે આધ્યાત્મિકતા ટકશે; ધર્મ નહીં ટકે. પછી ધર્મને નામે યુદ્ધ નહીં થાય.'

'સ્વામીજી, આ વાતને જરા વિસ્તારથી સમજાવો.' આસ્થાને આ વાતમાં ખૂબ રસ પડ્યો.

'જરા વિચારીએ. ઈસુ આજના ખ્રિસ્તીઓ સમજે એટલા સાંકડા અર્થમાં "ખ્રિસ્તી" હતા શું ? મહંમદ સાહેબ આજના મુસ્લિમો સમજે એ અર્થમાં "મુસ્લિમ " હતા શું ? ગાંધી કોઈ હિંદુ પોતાને જે અર્થમાં "હિંદુ" કહેવડાવે છે તે અર્થમાં "હિંદુ" હતા એમ કહી શકાશે ખરું ? મહાવીર શું એ અર્થમાં "જૈન" હતા ? ગૌતમ એ અર્થમાં "બુદ્ધિસ્ટ" હતા શું ?

'કહેવાતા ધર્મોએ માણસની ઉપેક્ષા કરી છે. કોઈ ધર્મ તલવારથી ફેલાય શી રીતે ? કોઈ ધર્મ લાલચથી પ્રસરે શી રીતે ? માણસો ધર્મને નામે અંદરોઅંદર લડી શી રીતે શકે ? ધર્મ માણસોને ભેગા કરે કે લડાવે !

'આવા ધર્મો હવે ધીરેધીરે ખરી પડશે. મહાવીરને જૈનોએ સૌથી વધારે નિરાશ કર્યા હોય એમ બને. કર્મકાંડી બ્રાહ્મણોએ હિંદુ ધર્મને નુકસાન પહોંચાડ્યું એટલું બીજા કોઈ વર્ણોએ નહીં પહોંચાડ્યું હોય. મહંમદનો આત્મા પોતાના કહેવાતા અનુયાયીઓની તલવારબાજીથી જ્યાં હશે ત્યાં કોચવાયા હશે. ઈસુએ પ્રેમનો સંદેશો આપેલો; લાલચનો નહોતો આપ્યો. પ્રેમ અને લાલચને શો સંબંધ !' સ્વામીજીએ સ્પષ્ટતા કરી.

જમવાનો સમય થયો હતો. ચારે જણ પાસેની એક હોટેલમાં ગયાં અને જમ્યાં. રાત્રે સૂવાની વ્યવસ્થા પણ ત્યાં જ થઈ ગઈ.

જમતી વખતે વાતો ચાલી અને બધી વાતોનું કેન્દ્ર હતું સ્વામી સત્યાનંદ.

'નિર્દોષ, તને સ્વામીજી કેવા લાગ્યા ?' આસ્થાએ પૂછ્યું.

'મને સ્વામીજીને મળીને ખૂબ આનંદ થયો.' તેમણે ખૂબ વિચાર્યું છે અને બીજું એ કે એમની વાતોમાં દંભ નથી. વારંવાર મળવાનું ગમે એવું આ વ્યક્તિત્વ છે.' નિર્દોષે એકરાર કર્યો.

'પ્રતીક્ષા, તારે શું કહેવાનું છે ?'

'સુપર્બ. હવે જ્યારે કહો ત્યારે લોનાવાલા આવવા હું તૈયાર રહીશ.' પ્રતીક્ષાએ કહ્યું.

'હું તો ખૂબ જ પ્રસન્ન છું. મન જાણે શાંત થયું.' આસ્થાએ પોતાની વાત કરી.

'આસ્થા, કાલે સવારે આપણે સ્વામીને મળીએ ત્યારે હું લગ્ન વિશે ચર્ચા ઉપાડીશ. તને શું લાગે છે ?' નિર્દોષે પ્રસ્તાવ મૂક્યો.

'હું તો તમને એ સજેશન કરવાની જ હતી.' યાસ્મિને ટેકો આપ્યો.

'કાલે બરાબરનું યુદ્ધ જામવાનું.' પ્રતીક્ષાએ કહ્યું.

'પ્રતીક્ષા, કાલે હું પ્રતિસ્પર્ધી તરીકે વાત નથી કરવાનો. હું સાચી વાત એમની પાસેથી સમજવા માટેની નમ્રતા લઈને એમની પાસે જવા ઇચ્છું છું.' નિર્દોષે કહ્યું.

સાંજે સૌ એક મજાની જગ્યાએ ગયાં. સામે ખીણ હતી અને ખીણમાં આછાં વાદળોથી ચળાઈને ઠલવાતો કહ્યાગરો તડકો હતો.

આસપાસ-ચોપાસ શાંતિનું સામ્રાજ્ય અને એ શાંતિના શણગાર સમું અઢળક સૃષ્ટિસૌંદર્ય વેરાયેલું પડ્યું હતું.

'સૂર્ય ડૂબી રહ્યો હતો. નિર્દોષના મોંમાંથી મુણ્ડકોપનિષદનો મંત્ર સરી પડ્યો :

'ન તત્ર સૂર્યો ભાતિ ન ચંદ્રતારકમ્
નેમા વિદ્યુતો ભાન્તિ કુતોઽયમગ્નિઃ
તમેવ ભાન્તમનુભાતિ સર્વં
તસ્ય ભાસા સર્વમિદં વિભાતિ.'

બીજે દિવસે સવારે વહેલાં પરવારીને ચારે જણાં સ્વામીજી પાસે પહોંચી ગયાં. સ્વામીજી ખાટ પર સૂતાં હતાં. એમની તબિયત નરમ હતી અને થોડોક તાવ પણ હતો.

'યાસ્મિન, આજે આદું અને તુલસી નાખીને ચા બનાવીશ ?'

'જરૂર સ્વામીદાદા.'

'આજે મારે વાત કરતી વખતે આમ પડી રહેવું પડશે.'

'કશો વાંધો નથી. તમે કહો તો વાતચીત પણ ન કરીએ.' નિર્દોષે કહ્યું.

'ના, ના. ઘણા દિવસના મૌન પછી આટલો ફેરફાર મને ગમે છે. મૌનનો આનંદ હોય છે એ ખરું; પણ એકધારો આનંદ પણ કંટાળાજનક બની જાય છે. સ્વામીજીએ કહ્યું.

ચા આવી એટલે નિર્દોષે વાતની શરૂઆત કરી.

'સ્વામીજી, લગ્નસંસ્થા પવિત્ર છે કે અનિવાર્ય છે એવું મને નથી લાગતું. આપ શું વિચારો છો તે જણાવશો ?'

'કેટલીક પાયાની વાતો સમજી લઈએ. જગતમાં કેટલુંક પ્રભુ સર્જિત એટલે કે પ્રકૃતિ સર્જિત છે. જ્યારે કેટલુંક મનુષ્યનું ઊભું કરેલું છે. આ બે વચ્ચેનો ભેદ પાડીને વાત કરવી જોઈએ.

'સેક્સ' એ પ્રકૃતિનું નિર્માણ છે જ્યારે લગ્ન એ માણસે સર્જ્યાં છે. આમ લગ્ન અંગે સ્થળ અને કાળ પ્રમાણે ફેરફાર થતા જ રહ્યા છે.' સ્વામીજીએ કહ્યું.

'તો પછી લગ્ન સંસ્થા અનિવાર્ય ખરી ?'

'મેં કહ્યું તેમ સેક્સ અને લગ્ન જુદી જુદી બાબતો છે. લગ્ન અનિવાર્ય ન ગણાય.' સ્વામીજી તોળીતોળીને શબ્દો બોલતા હતા.

'તો પછી લગ્ન વગર સ્ત્રી અને પુરુષ સેક્સ ભોગવે એ અધાર્મિક ગણાય એવું શા માટે ?' નિર્દોષે પ્રશ્ન પૂછ્યો.

'સેક્સ અધાર્મિક ન હોઈ શકે; અસામાજિક હોઈ શકે. પુરુષ અને સ્ત્રી એકબીજાની સંપૂર્ણ સહમતી સાથે સેક્સ ભોગવે તેમાં પ્રકૃતિનું કશુંય ન બગડે. સમાજ એ સહન ન કરે એ જુદી વાત છે. કાલે ઊઠીને સમાજ એ સહન કરે પણ ખરો.' સ્વામીજીએ પોતાના વિચારો જણાવ્યા.

'મને તો લગ્ન એક અત્યંત અપ્રાકૃતિક ઘટના જણાય છે. 'માનવેતર પ્રાણીઓ પરણતા નથી; એક પત્નીવ્રત એટલે કે એક

'માદાવ્રત' પાળતાં નથી. પ્રકૃતિની યોજનામાં લગ્ન ક્યાંય બેસતાં નથી.' નિર્દોષે નવો મુદ્દો ઊભો કર્યો.

'લગ્ન એ માણસે નિર્મેલી સંસ્થા છે – એમાં પ્રકૃતિ વચ્ચે પડતી નથી.' સ્વામીજીએ ટૂંકમાં પતાવ્યું.

'તો પછી લગ્નને આટલી બધી પ્રતિષ્ઠા શા માટે ?' નિર્દોષે વાતનો દોર આગળ ચલાવ્યો.

'સમાજ પ્રતિષ્ઠા આપે છે; પ્રકૃતિને એ સાથે કોઈ લેવાદેવા નથી.' સ્વામીજીએ ફરીથી વાતને દોહરાવી.

'તો પછી લગ્નની વિરુદ્ધ ઝુંબેશ કેમ ન ઉપાડવી ?' નિર્દોષે છેવટનું પગલું સૂચવ્યું.

'કોઈ લગ્નની તરફેણમાં ઝુંબેશ ઉપાડે છે કે એની વિરુદ્ધમાં ઉપાડવી પડે ?' સ્વામીજીએ સોંસરો સવાલ પૂછ્યો.

'તો પછી એના આક્રમણથી બચવાનો ઉપાય શો ?'

'જેને એ નકામી ચીજ લાગે તે ન પરણે.'

'પરંતુ નહીં પરણનારા બ્રહ્મચારી જ રહે એવું ખરું ?'

'પરણ્યા વગર સાથે રહેનારાં યુગલોને કોણ રોકે છે ? બહુ બહુ તો લોકો વાતો કરે. બંને વચ્ચે સંપૂર્ણ સહમતી હોવી જોઈએ. પરદેશમાં તો કોઈ આ અંગે પરવા પણ નથી કરતું.' સ્વામીજીએ સ્પષ્ટ વાત કરી.

'લગ્ન કર્યા પછી પતિ-પત્ની ત્રીજી કોઈ વ્યક્તિ સાથે સેક્સ ભોગવે તેમાં કશું અધાર્મિક ખરું ?' નિર્દોષે કહ્યું.

'દાબદબાણ વગર, એકબીજાને અંધારામાં રાખ્યા વગર અને સમજણપૂર્વક બંને એવું કરે એમ ભાગ્યે જ બને. વળી પતિ છૂટ ભોગવે અને પત્ની પાસે વફાદારીની અપેક્ષા રાખે તેવું ન થવું જોઈએ. લગ્ન સંસ્થા બંને જણને એક પ્રકારની સલામતીની, વફાદારીની અને જવાબદારીની ભાવના પૂરી પાડે છે.' સ્વામીજીએ કહ્યું.

'શું એટલા ખાતર માણસે જીવનભરની સ્વતંત્રતા ખોઈ નાખવી ?'

'સ્વતંત્રતા એટલે શું ? રસ્તા પર ગમેતેમ ચાલવા માટે તમે સ્વતંત્ર નથી. લાલ લાઈટ થાય એટલે તમારે વાહન થંભાવી દેવું પડે છે. તમે પરણો કે નહીં પરણો પણ જે બાળકો થાય તેમને ઉછેરવાની

જવાબદારી તમારી ખરી કે નહીં ? પ્રાણીઓ પણ એ જવાબદારી તો નભાવે જ છે ને.' સ્વામીજી થોડાક આક્રમક બન્યા હોય એમ લાગ્યું.

'પણ સેક્સ હોય એટલે પ્રજોત્પત્તિ હોય જ એવું ખરું ?' નિર્દોષે પણ વાતનો વળ મૂક્યો નહીં.

'આજે એ સહેલાઈથી શક્ય છે. એનો અર્થ એ નથી કે જેને તમે પ્રિયતમા ગણી હોય તે બીજા કોઈ પુરુષ સાથે બધી છૂટ લે તોય તમને જરા પણ અદેખાઈ ન જ થાય...કહેવાતા મોર્ડન માણસો પણ પોતે છૂટ બધી લે છે; પરંતુ પોતાની પત્નીને આવી કશી છૂટ આપતા નથી. એમની પત્નીઓને શું દુઃખ નહીં થતું હોય !' સ્વામીજીએ નવી વાત કરી.

'આ અદેખાઈવાળી વાત મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારવી જોઈએ એ હું સ્વીકારું છું.'

નિર્દોષ થોડોક ઢીલો પડ્યો.

'નિર્દોષ, આ વાત ગંભીર વિચાર માંગે છે.' આસ્થાએ કહ્યું.

'નિર્દોષભાઈ, હું બધી રીતે મોર્ડન છું અને હજી તો મારાં લગ્ન નથી થયાં તોય અતીતને બીજી છોકરી સાથે ફરતો જોઉં તો...' પ્રતીક્ષાએ ખરે ટાણે બૉમ્બ ફોડ્યો.

'આવી અદેખાઈ અને અદેખાઈને કારણે થતી લડાઈ પ્રાણીઓમાં પણ જોવા મળે છે.' સ્વામીજીએ કહ્યું.

'તો પછી એનો ઉપાય શો ? લગ્ન ?' નિર્દોષે પૂછ્યું.

'ના. સ્ત્રી અને પુરુષ લગ્ન વગર સાથે રહે કે લગ્ન કરી સાથે રહે એ અલગ વાત છે. મૂળ વાત એ છે કે તેઓ સાથે રહે. હવે સાથે રહે પછી ક્યાં તો એકબીજાનાં સેક્સની દૃષ્ટિએ વફાદાર રહેવાનું નક્કી કરે કે પછી છૂટ લેવાનું નક્કી કરે. તેઓ રાજીખુશીથી, મળી-સમજીને જે નક્કી કરે તે પ્રમાણે ભલે રહે. એવાં ઘણાં યુગલો હશે કે જેઓ પરસ્પરની જાણ સાથે આવી છૂટછાટ લેતાં હશે. આમાં છેતરપિંડી ન હોવી જોઈએ.' સ્વામીજીએ કહ્યું.

'છૂટાછેડા અંગે આપ શું સૂચવો છો ?' નિર્દોષે પૂછ્યું.

'છૂટાછેડા સરળ બનવા જોઈએ; પરંતુ બાળકો હોય તો એમના ઉછેરની પૂરી વ્યવસ્થા થાય પછી જ એનો અમલ થવો જોઈએ. બે જણાં વચ્ચે ન જ બનતું હોય ત્યારે એમને ભેગાં રાખવાં એ પણ એક

પાપ છે. બાળકો ન હોય તેવાં કિસ્સાઓમાં છૂટાછેડા સરળ હોવાં જોઈએ. લગ્ન પછી પતિ-પત્નીએ કે પછી લગ્ન વગર સાથે રહેનારા યુગલોએ બે-ત્રણ વર્ષ બાળકો ન થાય એની સાવચેતી રાખવી જોઈએ. એકબીજાં સાથે ફાવશે કે નહીં તે સમજી લેવા માટે આ ગાળો પ્રમાણમાં પૂરતો છે.' સ્વામીજીએ વાતને ટૂંકમાં પતાવી. તેઓને બોલતાં થાક લાગતો હતો.

'સ્વામીજી, છૂટાછેડા તો લગ્ન કરે તે લોકો લે. જે લોકો કોન્ટ્રેક્ટ મેરેજ કરે કે એમ જ સાથે રહે તેમને માટે તો આ પ્રશ્ન જ ઊભો નથી થતો.' નિર્દોષે ફરી પાછો લગ્નનો છેદ ઉડાડવાનો પ્રયત્ન કર્યો.

'તેમને માટે પણ આ પ્રશ્ન ઊભો થાય છે. પરણ્યા વગર સાથે રહેવાની છૂટ સ્ત્રી-પુરુષને મળે એટલે પરણ્યા વગર બચ્ચાં પેદા કરવાની છૂટ પણ આપવી જ પડે ને ? આવાં લોકોએ પણ બાળકોની જવાબદારી લેવી જ રહી. એ જવાબદારી માતા પર જ આવી પડે તે નહીં ચાલે. કુંવારી માતા જ નહીં. કુંવારો બાપ પણ હોઈ શકે છે. બાપા છટકી જાય અને માતા ફસાઈ જાય તે ન ચાલે. આવી અરાજકતા ન ચલાવી લેવાય. કારણ કે એમાં સ્ત્રીઓને જ વધારે શોષવું પડે છે.' સ્વામીજીએ કહ્યું.

'બાળકોની સમસ્યાઓ જ આ પ્રશ્નને ગૂંચવે છે એવું નથી લાગતું ?' નિર્દોષે પૂછ્યું.

'પણ એનો કોઈ ઉપાય બતાવો ને !' સ્વામીજી બોલ્યા.

'એ મુદ્દો મહત્ત્વનો છે.' નિર્દોષે કબૂલ્યું.

'શું બાળકોને છતે માતાપિતાએ અનાથાશ્રમમાં મૂકવાં ?'

'ના, એ તો ઈચ્છનીય નથી જ.' આસ્થા બોલી.

'એટલું સમજી લો કે આ પુરુષપ્રધાન સંસ્કૃતિમાં ઇતિહાસ પુરુષોએ લખ્યા, કાયદા પુરુષોએ ઘડ્યા, શાસ્ત્રો પુરુષોએ રચ્યાં; વળી કહેવાતી આધુનિકતાનો લાભ પણ મોટેભાગે પુરુષો જ લે છે. યાદ રહે કે માત્ર સ્ત્રીઓ જ અદેખી નથી હોતી; પુરુષો પણ એટલા જ અદેખા હોય છે; પરંતુ સ્ત્રીઓને જ વધારે સહન કરવું પડ્યું છે. પશ્ચિમના દેશોમાં એક જમાનામાં સ્ત્રીઓને આત્મા છે કે નહીં તેની

ચર્ચા ચાલેલી. મુંબઈ યુનિવર્સિટી સન ૧૮૫૭માં સ્થપાઈ. પછી કેટલાંય વર્ષો સુધી એમાં છોકરીઓને દાખલ કરવામાં આવતી ન હતી. યુનિવર્સિટીના નિયમોમાં "વિદ્યાર્થી" માટે "He"નો ઉપયોગ થતો. તેથી "She"ને માટે પ્રવેશ શક્ય ન હતો. એક ટપાલીએ પોતાની દીકરીને પ્રવેશ આપવા માટે જોરદાર લડત આપવી પડેલી. ત્યારપછી યુનિવર્સિટીના નિયમો બદલાયા હતા.' સ્વામીજી એવા ખીલ્યા હતા કે એ માંદા છે એ વાત ગૌણ બની ગઈ હતી.

'સ્વામીજી, સ્ત્રીઓને જરા પણ અન્યાય થાય તે હું પણ ન ઇચ્છું. બાળકોને જન્મ આપવાની કુદરતી વ્યવસ્થામાં સ્ત્રીઓને શોષાવું પડે છે એ હું સ્વીકારી છું.' નિર્દોષે કહ્યું.

'સ્ત્રીઓનાં પ્રજનન-અંગોની રચના એવી છે કે એના પર બળાત્કાર થઈ શકે.' પુરુષને એ ભય નથી.' સ્વામીજીએ કહ્યું.

'હું સંપૂર્ણ સંમત છું.' નિર્દોષે કહ્યું.

'હું માનું છું કે સ્ત્રી માતા બને એ પ્રકૃતિનું નિર્માણ છે.' માતૃત્વ પ્રાપ્ત કરે ત્યારે જ એક અર્થમાં સ્ત્રી પૂર્ણત્વ પ્રાપ્ત કરે છે.' સ્વામીજીએ કહ્યું.

'આ વાતમાં હું નથી માનતો.' નિર્દોષે કહ્યું.

'તમે ન માનો તેથી શું ? પૂછો આ યાસ્મિનને.' સ્વામીજીએ ઘડાકો કર્યો.

'સાચી વાત છે. મને સતત લાગે છે કે બાળક વગર મારા જીવનમાં કશુંક ખૂટે છે.' યાસ્મિને સ્વામીજીની વાતમાં સૂર પુરાવ્યો.

'હું કોઈને કોઠું નથી આપતો; બાકી સંતાનપ્રાપ્તિ માટે ઝંખતાં યુગલોની અહીં લાઈન લાગી જાય.' સ્વામીજીએ કહ્યું.

'તો તો પછી બાળકો જોઈએ તે માટે લગ્ન અને લગ્ન થયાં એટલે ગુલામી નક્કી જ !' નિર્દોષથી ન રહેવાયું.

'"લગ્ન એટલે ગુલામી" એવું સમીકરણ તમે ક્યાંથી શીખ્યા ?' સ્વામીજીએ સોંસરો સવાલ પૂછ્યો.

'હું રોજ આસપાસ આ જ સ્થિતિ જોઉં છું.' નિર્દોષે કહ્યું.

'જુઓ, લગ્ન જે રીતે ગોઠવાય છે તેનું એ પરિણામ છે. નાતજાત, ધર્મ, આર્થિક સ્થિતિ, દહેજ, માબાપની દરમિયાનગીરી, જન્માક્ષર અને જ્યોતિષશાસ્ત્રની અડચણો જેવી બાબતોને કારણે

પાર્ટનરની પસંદગી તદ્દન સીમિત અને અસહજ બને છે. તમે સમાજમાં જે કજોડાં જુઓ છો તેની પાછળ તદ્દન અકુદરતી અને વિઘાતક એવી પસંદગીની પ્રક્રિયા છે. પરસ્પરના રસ-ઐક્યનો એમાં લગભગ અભાવ હોય છે. ખાટલે મોડી ખોડ આ છે. બાકી લગ્નજીવન સુખી થઈ શકે એવી શક્યતા જરૂર વધારી શકાય. આવી લગ્ન સંસ્થાનું આવું જડ ચોકઠું તમે જરૂર તોડો; પરંતુ એને જડમૂળમાંથી ઉખેડી કાઢવામાં બહુ લાભ નહીં થાય. તંદુરસ્ત બાળઉછેર અને તંદુરસ્ત સમાજજીવન માટે એ પ્રથા કદાચ ઉપકારક પણ બની રહે.

અત્યારે સાચું પૂછો તો દર સો લગ્ને એક લગ્ન પણ સહજ નથી હોતું. પશ્ચિમના દેશોમાં યુવાનો હવે કન્યા અક્ષત (Virgin) હોય એવી અપેક્ષા જ નથી રાખતા. યુવતી પણ એ યુવાનના જીવનમાં આવેલી પ્રથમ યુવતી પોતે છે એવા ભ્રમમાં નથી હોતી. તેઓ પરણે છે અને પછીય નાનીમોટી છૂટછાટો ભોગવે છે અને ન ફાવે તો છૂટાછેડા લે છે.'

'ટૂંકમાં સાથીની પસંદગીના પાયામાં પરસ્પરનું આકર્ષણ, પરિચય અને રસ-ઐક્ય હોય તો અડધી લડાઈ જીતી ગયા એમ જાણવું.' સ્વામીજીએ જાણે પ્રવચનની સમાપ્તિ કરતા હોય એ ઢબે કહ્યું.

'સ્વામીજી, તમારી વાત મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ મને ખૂબ સાચી લાગે છે. મનોવિજ્ઞાન એ મારો વિષય છે. નિર્દોષભાઈ નવલકથામાં ભલે ને ગમે તે લખે; વાસ્તવિકતા જરા જુદી છે. માનવસ્વભાવ હૂંફ, સલામતી, સાતત્ય અને પ્રેમ ઝંખે છે. આ જો સાચું હોય તો લગ્નપ્રથા સુધારા જરૂર માંગે છે; પરંતુ નિરર્થક બનતી નથી.' પ્રતીક્ષાએ પોતાની જુબાની આપી.

'લગ્નપ્રથા નિરર્થક નથી બનતી એ ખરું અને છતાં આજની પરિસ્થિતિમાં એ પૂરી સાર્થક પણ નથી બનતી.' સ્વામીજીએ સમન્વય કર્યો.

'સ્વામીજી, અમેરિકામાં છૂટાછેડાનું પ્રમાણ ખાસ્સું વધ્યું છે. આજે દર ત્રણ લગ્ને એક છૂટાછેડા સુધી વાત પહોંચી છે.' પ્રતીક્ષાએ કહ્યું.

'તો પછી આ સમસ્યાનો ઉકેલ શો ?' નિર્દોષે પૂછ્યું.

'આ પૃથ્વી સમસ્યા વગરની થઈ શકે નહીં. મને બેત્રણ વાતો સૂઝે છે :

પહેલી વાત એ કે લગ્ન, ન કરવાં એ લગ્ન કરવા જેટલું સહજ ગણાવું જોઈએ.

–જેટલાં સહજ લગ્ન, એટલા સહજ છૂટાછેડા હોવા જોઈએ.

–છૂટાછેડા બાળકો ન હોય તો પ્રમાણમાં સરળ; પરંતુ બાળકો હોય તો પૂરતી ગોઠવણ પછી જ મળી શકે તેવી વ્યવસ્થા. વળી શરૂઆતનાં બેત્રણ વર્ષો દરમિયાન યુગલો બાળકો પેદા કરવાનું ટાળે, જેથી છૂટા પડવાનું થાય જ, તો તે સરળ બને.' સ્વામીજીએ વાત આટોપતાં હોય એ રીતે કહ્યું.

'અને લગ્ન પછી સેક્સની બીજાઓ સાથેની છૂટનું શું ?'

'પરસ્પરની સંમતિથી જે કાંઈ થાય તે મંજૂર; પણ છેતરપિંડી નામંજૂર. બોલો હવે આ સાધુ પાસે વધારે શું બોલાવવા માંગો છો ?' સ્વામીજીએ રોકડો પ્રશ્ન પૂછ્યો.

'મેં તો આટલી અપેક્ષા પણ નહોતી રાખી.' નિર્દોષે કહ્યું.

'ચાલો, હવે તો ચા પીવી જ પડશે.' સ્વામીજી થાક્યા હતા.

યાસ્મિન અને આસ્થા ચા બનાવવા ઊઠ્યાં.

'સ્વામીજી, તમારો અભિગમ બુદ્ધિગમ્ય છે. તમારી કેટલીક વાતોમાં હું સંમત ન હોઉં તેમ બને; પરંતુ તમારું ચિંતન દાદ માગી લે તેવું છે.' નિર્દોષે કહ્યું.

'બેટા, એક વાત યાદ રાખવી. જીવનમાં કેવળ તર્કથી પેટ ભરાતું નથી. ઘર એ ધર્મક્ષેત્ર છે; પરંતુ લોકો એને કુરુક્ષેત્ર બનાવી મૂકે છે. બાકી માતા કેવળ તર્કમાં માનતી હોત તો કોઈ બાળક મોટું થાત કે કેમ એ પ્રશ્ન છે.

'તમારી અને આસ્થા વચ્ચે આકર્ષણ છે. હવે આ આકર્ષણને માત્ર તર્ક દ્વારા શી રીતે સમજી શકાય ? તમે બે મળ્યાં એ એક અકસ્માત કે સુયોગ નથી શું ? જીવનમાં તો આવા ઘણા બનાવો બનતા રહે છે. બાકી આસ્થા સાથે તમારે શી લેવાદેવા ? જીવન માનીએ એટલું સ્પષ્ટ નથી; એ સંકુલ છે.' સ્વામીજીએ વાત પૂરી કરી.

સૌ જવા તૈયાર થયાં. વારાફરતી સ્વામીજીને સૌએ વાંકા વળીને પ્રણામ કર્યા.

'નિર્દોષભાઈ, આ આસ્થાને દુઃખ થાય એવું કશુંય ન કરશો. બંને માત્ર તર્કથી નહીં; પણ પ્રેમથી રહેજો. સૌને પ્રભુના આશીર્વાદ છે.' સ્વામીજીએ વાંકા વળેલા નિર્દોષને માથે હાથ મૂકતાં કહ્યું.

સ્વામીજીની ચરણરજ લઈને નિર્દોષ ઊભો થયો ત્યારે એની આંખમાં આંસુ હતાં.

❑

૧૯

સંઘર્ષ

લોનાવાલાથી આવ્યા પછી આસ્થાના જીવનમાં શાંત કોલાહલની શરૂઆત થઈ ગઈ. એ બે દિવસ ભાવનગર જઈ આવી. ભાવનગર એ નાની હતી ત્યારે વર્ષે-બે વર્ષે ત્યાં મોસાળમાં રહેવા જતી.

ભાવનગરથી આવીને એણે નિશાળે જવાનું શરૂ કર્યું હતું. રજા હજી પૂરી નહોતી થઈ; પરંતુ નિર્દોષના ઑપરેશન પછી જરૂર પડે તો કામ લાગે એમ વિચારીને એણે કેટલીક રજાઓ રદ કરાવીને નિશાળે જવાનું શરૂ કર્યું હતું.

લોનાવાલાની આ બીજી મુલાકાત આસ્થાના મન પર એક ચિરંજીવ છાપ અંકિત કરી ગઈ હતી. સ્વામી સત્યાનંદને સાંભળ્યા પછી જીવન અંગે એ એક જુદા જ દૃષ્ટિકોણથી વિચારતી થઈ હતી. જીવનની નશ્વરતા અને માનવ સંબંધોની ભુલભુલામણી અંગેના વિચારો એને પજવતા હતા. નિશાળમાં ભણાવતી વખતે એ મગ્ન રહેતી; પરંતુ જેવી નવરી પડે કે તરત આ જ વિચારો એના મન પર સવાર થતા.

સ્વામી સત્યાનંદ સાથે શાસ્ત્રાર્થ કર્યા પછી નિર્દોષના વિચારો પણ હચમચી ઊઠ્યા હતા. સ્વામી સત્યાનંદ સાધુ હતા એ ખરું, પરંતુ લગ્ન જેવા વિષય અંગે પણ એમનું ચિંતન અત્યંત પારદર્શી હતું. એના વિચારોમાં મૌલિકતા હતી અને તર્કગમ્યતા પણ હતી. સ્વામીજીની કેટલીક દલીલોના જવાબ નિર્દોષ પાસે ન હતા. લગ્નના વિરોધમાં એણે ઘણું વિચાર્યું હતું; પરંતુ લગ્ન સંસ્થા ઉપકારક પણ

હોઈ શકે છે એ અંગેની દલીલો કરનાર અને એ દલીલોના સમર્થનમાં વિચારો રજૂ કરનાર આવા વિદ્વાન નિર્દોષને આવા સાધુ પ્રથમ વાર મળ્યા હતા. એક સાધુ પાસે નિર્દોષે આવા ખુલ્લા મનની, આવી દલીલોની અને આટલી વૈજ્ઞાનિકતાની આશા નહોતી રાખી.

આમ છતાં નિર્દોષની તર્ક સૃષ્ટિ અકબંધ હતી. એની અસ્તિત્વવાદી વિચારધારામાં કોઈ ખાસ પરિવર્તન નહોતું આવ્યું. હૉસ્પિટલમાં અને ઘરમાં આમ તો એ મૃત્યુની શક્યતાની લગોલગ જીવી રહ્યો હતો. આ સ્થિતિમાં એને એટલું તો સમજાયું હતું કે માણસ કેવળ તર્કને આધારે જીવી શકે નહીં. તર્કને પેલે પાર એવી એક અંતઃસ્ફુરણાત્મક સૃષ્ટિ પણ માણસના વર્તનને આકાર આપતી રહે છે. એવી પ્રતીતિ એને આસ્થા સાથેના અને યાસ્મિન સાથેના સંબંધોમાં થયા કરતી હતી. સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધોમાં આ સૃષ્ટિ ક્યારે તર્કને હડસેલો મારીને દાખલ થઈ જાય છે એની ભાગ્યે જ કોઈને ખબર પડે છે. આકર્ષણ તર્કની સીમા વટાવીને મનમાં પેસી જાય છે એ યાસ્મિન સાથેના સંબંધોએ સાબિત કરી દીધું હતું.

આસ્થાના મનમાં એક પ્રકારનો વૈરાગ્ય પ્રગટ્યો હતો; પરંતુ એ વૈરાગ્ય સો ટચના સોના જેવો પરિશુદ્ધ ન હતો. એ વૈરાગ્યની સાથે સાથે નિર્દોષ પ્રત્યેનો અનુરાગ આસન જમાવીને બેઠો હતો. શું આ આકર્ષણ માત્ર વિચારોને કારણે હતું ? શું એ માત્ર લખાણોને કારણે હતું ? શું એમાં આવેગો અને વિજાતીય આકર્ષણનો કોઈ ફાળો ન હતો ?

આસ્થા પોતાનું નિરીક્ષણ કરતી ત્યારે તેને એક વસ્તુ સ્પષ્ટ દેખાતી હતી. એનો વૈરાગ્ય હજી કાચા કેળા જેવો હતો; એ હજી પૂરો પાક્યો ન હતો. પાકટ વૈરાગ્ય વગર ઉતાવળે કોઈ આત્યંતિક પગલું ન લેવા જેટલું ડહાપણ આસ્થામાં હતું.

નિર્દોષ અને આસ્થા વાઘેચા જવા માટે ખૂબ આતુર હતાં. ઑપરેશન પહેલાં ત્યાં જઈ આવવાનો વિચાર પાકો હતો; પરંતુ શનિ-રવિ સાથે એકાદ રજા જોડીને જઈ અવાય એવો ઘાટ બેસતો ન હતો. નિર્દોષે એક નવી નવલકથા શરૂ કરી હતી. પ્રકરણ લખાઈ રહે એટલે

સૌ પ્રથમ આસ્થા તે વાંચી જતી. આસ્થા સાથે રહેતી હતી તેથી નિર્દોષની આકરી એકલતા હવે તેને સતાવતી ન હતી.

લોનાવાલાથી આવ્યા પછી આસ્થા એનાથી થોડીક અળગી થઈ હોય એવું એને ક્યારેક લાગતું હતું.

શું એ સ્વામીજીના પ્રભાવમાંથી પ્રગટેલા વૈરાગ્યની અસર હતી ?

શું એ અતિપરિચયમાંથી જન્મેલી અવજ્ઞા હતી ?

શું યાસ્મિન સાથેની છૂટછાટનું એ પરિણામ હતું ?

શું પોતે પણ એનાથી થોડોક અળગો નહોતો થયો ?

આસ્થા સાથે એ ઘણી વાતો કરતો. એ વાતોમાં આસ્થા હંમેશાં જીવનની નશ્વરતા પર જ ભાર મૂકતી. એની વાતો કાયમ એક જ મુદ્દા પર આવીને અટકી જતી : 'બધું બરાબર; પણ આખરે આ બધું શાને માટે ?' આ પ્રશ્નનો કોઈ જવાબ ન હતો.

જૉસેફના મૃત્યુ પછી યાસ્મિન વધારે ઝડપથી નિર્દોષની પાસે આવી રહી હતી. જૉસેફના મૃત્યુને કારણે યાસ્મિનના જીવનમાં એક મોટો શૂન્યાવકાશ સર્જાયો હતો. એ નિર્દોષને વારંવાર મળતી હતી. શરૂઆતમાં નિર્દોષ એની સાથે થોડીક છૂટછાટ લેતો હતો; પરંતુ છેલ્લા થોડાક દિવસોથી એ છૂટછાટની માત્રા બંનેની સંપૂર્ણ મરજીથી વેગીલી બની ગઈ હતી. બંને જણ આ અંગે પાપની લાગણી કે બીજાં સામાજિક ધોરણોથી લગભગ મુક્ત હતાં. આસ્થા બા અંગે રોકાયેલી રહી એ દિવસોમાં યાસ્મિન અને નિર્દોષ એકબીજાની ખૂબ જ નજીક આવી ગયાં હતાં. જૉસેફના મૃત્યુએ એ સામીપ્યને સાયુજ્યમાં પલટી નાખ્યું હતું.

નિર્દોષ પણ એક સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યો હતો. આસ્થા લગભગ એનું જીવન સર્વસ્વ બની ગઈ હતી અને છતાંય યાસ્મિન પ્રત્યેનું આકર્ષણ અવચેતન મનના દરવાજા વટાવીને ચેતનના પ્રદેશમાં આવી ચૂક્યું હતું. યાસ્મિન વારંવાર ઘરે આવે એ નિર્દોષને ગમતું હતું; આસ્થા નિશાળે ગઈ હોય ત્યારે આવે એ વધારે ગમતું હતું. ક્યારેક તો એ યાસ્મિનની રાહ જોયા કરતો. કૉલબેલ વાગે પછી દરવાજો ખોલવા જતી વખતે એના મનમાં 'યાસ્મિન' આવી હશે એવી

ઊંડી ઇચ્છા રહેતી હતી. યાસ્મિનનું દેહસૌષ્ઠવ નિર્દોષના મનમાં વસી ગયું હતું. માણસના મનમાં એક વાર કોઈ વાત વસી જાય પછી એ 'અઠે દ્વારકા' કહીને મુકામ કરતી હોય છે. લગભગ માલિક બની ગયેલા ભાડૂતની માફક પછી એ મનનો કબજો છોડતી નથી.

હૉસ્પિટલમાં રહી આવ્યા પછી નિર્દોષની તબિયત થોડીક સારી જણાતી હતી. થોડા દિવસોના સંપૂર્ણ આરામ અને અનેક પ્રકારની શક્તિની દવાઓને કારણે એના ચહેરા પર થોડું તેજ આવ્યું હતું. આસ્થા, યાસ્મિન અને પ્રતીક્ષા જેવી યુવતીઓના સથવારાના કારણે એને એક પ્રકારનો પરિતોષ પ્રાપ્ત થયો હતો. સોનાની થાળીમાં લોઢાની મેખ એક જ હતી અને એ હતી કૅન્સરનો વહેમ.

એક દિવસ આસ્થા નિશાળેથી પાછી ફરી ત્યારે તેની નજર 'મેઘધનુ'નાં પગથિયાં ઊતરીને જૂના નાગરદાસ રોડ પરના બસસ્ટોપ તરફ જતી યાસ્મિન પર પડી. એણે યાસ્મિનને જોઈ; પરંતુ યાસ્મિને એને નહોતી જોઈ. યાસ્મિનની નજર બીજી તરફ હતી.

આજે યાસ્મિનને સામે ચાલીને બોલાવવાનું આસ્થાએ ટાળ્યું. એક મનોવૈજ્ઞાનિક ઝંઝાવાત એના મનમાં શરૂ થઈ ગયો હતો.

દાદરનાં પગથિયાં સડસડાટ ચઢતી વખતે એના મનમાં કેટલાય વિચારો આવી ગયા.

'યાસ્મિન કયારની આવી હશે ?'

'એ રીતે ઘણી વાર આવતી હશે ?'

'નિર્દોષ એ વાત પોતાને નહીં કરતો હોય એમ ન બને ?'

'આજે પણ યાસ્મિન આવી હતી એવી વાત એ મને કરશે ખરો ?'

'જો આજે આ વાત નિર્દોષ ન કરે તો એનો અર્થ શું કરવો ?'

આસ્થાના મનમાં યુદ્ધની શરૂઆત થઈ ગઈ હતી. લગભગ ભાન વગર જ માત્ર ટેવને આધારે એણે કૉલબેલ દબાવ્યો.

થોડી વાર સુધી બારણું ન ખૂલ્યું.

એણે ફરીથી કૉલબેલ દાબ્યો.

થોડી વારે નિર્દોષે બારણું ખોલ્યું. આસ્થા સીધી બાથરૂમમાં ચાલી ગઈ. એના મનનો ઝંઝાવાત હજી શમ્યો ન હતો. એ થોડીક ક્ષણો માટે એકલી રહેવા માગતી હતી.

બાથરૂમમાં પણ એ નિર્દોષ અને યાસ્મિન અંગે જ વિચારતી રહી.

નિર્દોષ સાથે તેણે સ્ત્રી-પુરુષ એકબીજાંને માલિકીની ભાવનાથી જુએ એની વિરુદ્ધ ઘણી ચર્ચાઓ કરી હતી. નિર્દોષના આ મુદ્દા પરના ક્રાંતિકારી વિચારોને કારણે તો એ એના પ્રત્યે આકર્ષાઈ હતી. નિર્દોષની નિખાલસતાએ તો એને માટે ચુંબકની ગરજ સારી હતી.

અને છતાં આજે એ નિર્દોષ પર નારાજ હતી.

આવું કેમ બન્યું ?

શું નિર્દોષ પોતાના સિવાય બીજી કોઈ સ્ત્રી તરફ નજર ન કરે એવું એ ઈચ્છતી હતી ? શું નિર્દોષ પોતાનાથી છાનું કશુંય ન કરે એવી એની અપેક્ષા હતી ? શું એના હૃદયમાં યાસ્મિન પ્રત્યે પ્રેમ ન હતો ! શું યાસ્મિન નિર્દોષને પોતાનાથી દૂર લઈ જવાનું નિમિત્ત બની શકે એવો ભય એ સેવતી હતી ? શું નિર્દોષ આ વાત આજે એને નહીં કરે ? જો નિર્દોષ પોતે જ આ વાત કરે તો પોતે એને મનોમન માફ કરી દેશે ખરી ? જો નિર્દોષ આ વાત છુપાવે તો પોતે શું કરી શકે ? જો નિર્દોષ પોતાની નિખાલસતા પણ ગુમાવે તો એને પ્રેમ કરવા માટેનું બીજું ઉપસ્થાન કયું ? એ નિર્દોષ વિના રહી શકશે ખરી ? શું આવા વિષાદ વખતે એ અધ્યાત્મ તરફ વળે એ યોગ્ય ખરું ? શું નિર્દોષ આ વાત છુપાવે પછી એને સાચી વાત કહીને શરમથી નીચું જોવડાવવું યોગ્ય ગણાય ? યાસ્મિન સાથે પણ આ અંગે ચોખ્ખેચોખ્ખી વાતો કરી શકાય ખરી ? કે પછી સ્ત્રી-પુરુષના આવા સંબંધોની વાસ્તવિકતા ઉદારતાથી સહી લેવી ? આવી ઉદારતા પોતાની પાસે છે ખરી ? નિર્દોષ માફી માગીને છૂટી પડે તો ? પોતે અત્યારે એક સામાન્ય સ્ત્રીની નબળાઈ નથી અનુભવી રહી શું ? આ સ્ત્રીસહજ અદેખાઈ નહીં તો બીજું શું ? નિર્દોષ પ્રત્યેના આકર્ષણના પાયામાં લગ્ન સંસ્થાના વિરોધ સિવાય બીજો કોઈ જ મુદ્દો ન હતો ? પોતે નિર્દોષની પત્ની નહોતી છતાંય આવી માલિકીની ભાવના એ કયાં જોરે સેવી રહી હતી ?

આસ્થા ઠંડા પાણીના શાવર નીચે ઊભી રહી છતાંય એના મનમાં શીતળતા ન હતી. અત્યંત ક્ષુલ્લક વિચારો એને આજે જાણે

ચટકા ભરી રહ્યા હતા. વિચારો પણ ક્યારેક કેવા ડંખ મારતા હોય છે !

આસ્થા બાથરૂમમાંથી નીકળી ત્યારે નિર્દોષ ચાના બે કપ ડાઈનિંગ ટેબલ પર ગોઠવીને એની રાહ જોતો બેઠો હતો.

આસ્થા એની સામે ખુરશી પર બેસી ગઈ; પરંતુ એકે શબ્દ બોલી નહીં.

'આજે ખૂબ થાકી લાગે છે.' નિર્દોષે કહ્યું.

'ના, રે.'

'આજે નવમું પ્રકરણ પૂરું થયું.'

'સરસ.'

'તને એ ચોક્કસ ગમશે એમ મને લાગે છે.'

'એથી શું ફરક પડે ?'

'ન ગમે તો બદલવાની સમજ પડે.'

'યાસ્મિને એ વાંચ્યું ?'

'આજે તો હજી એ લખ્યું. એ બેત્રણ દિવસથી દેખાઈ નથી. કાલે ઘણુંખરું આવવી જોઈએ.'

'આજે તો આવશે જ એવું મેં ધાર્યું હતું.' આસ્થાએ નિર્દોષ સામે નજર માંડીને કહ્યું.

'મને પણ એવું લાગતું તો હતું પણ...'

આસ્થાએ જલદી જલદી ચા પી લીધી. હવે એનો વહેમ પાકો થયો. માથું દુઃખે છે એમ કહી એ બેડરૂમમાં જઈને સૂઈ ગઈ.

નિર્દોષે નવમું પ્રકરણ ફરીથી વાંચવા માંડ્યું.

બેડરૂમમાં આસ્થા વિચારતી જ રહી. એનું મન રડી ઊઠ્યું. નિર્દોષના બધા ગુનાઓ એ માફ કરવા તૈયાર હતી; પરંતુ નિર્દોષ પોતાને છેતરે એ સહન કરવા તૈયાર ન હતી. આજે એના મર્મસ્થાન પર નિર્દોષે ઘા કર્યો હતો – જાણે કલાપીના પેલા પંખીની ઉપર પથરો ફેંકતા ફેંકાઈ ચૂક્યો હતો !

એ રડી પડી. ક્યાંય સુધી રડી લીધા પછી એ મોં ધોઈને બહાર આવી. એણે મનોમન નિર્ણય કરી લીધો હતો. નિર્દોષને આ અંગે કશું જ કહેવું નહીં. એની સારવારમાં આંચ આવે એવી કોઈ

વાત એને કરવી નહીં અને ઑપરેશન પછી જ જે કાંઈ કરવું હોય તે કરવું. જો ઑપરેશન સફળ થાય તો ધીરે ધીરે લોનાવાલા જવાનું વધારતા રહેવું.

જો ઑપરેશન સફળ ન થાય તો !

આસ્થા ફરીથી રડી પડી.

થોડી વારે નિર્દોષ બેડરૂમમાં આવ્યો.

'હવે માથું કેમ છે ?'

'સારું છે.'

'પ્રકરણ વાંચવા આપું ?'

'ના, કાલે વાંચીશ.'

'આજે મૂડમાં નથી લાગતી.'

'મૂડ કાં તો હોય અને કાં તો ન હોય, એને બીજો ધંધો શો છે ?'

'આજે સ્કૂલમાં તો કંઈ બન્યું નથી ને ?'

'જીવન છે એટલે કશુંક બન્યા તો કરવાનું જ.'

'તો પછી હવે મૂડ આવી જાય એવું બનવું જોઈએ.'

'મૂડનો આવ્યા વગર છૂટકો નથી.'

'આજે બહાર ખાવા જઈશું ?'

'ના.'

'અહીં શું બનાવીશું ?'

'હું ખાવાની નથી.'

'એમ જ. આઈ એમ નોટ ફીલિંગ વેલ.'

'તો પછી હુંય સેન્ડવીચ ખાઈ લઈશ.'

'હું કશુંક બનાવી દઈશ.'

'ના, ના. એવી જરૂર નથી. તું આરામ કર.'

'ઓ.કે.'

'પિક્ચરમાં જવું છે ?'

'અં...હ.'

'દરિયે જવું છે ?'

'નો પ્લીઝ ! આજે થાકી છું.'

'ઓલ રાઈટ. તું આરામ જ કર. હું બને તો દસમું પ્રકરણ શરૂ કરું છું.'

'બરાબર છે !'

આખી રાત આસ્થા જાગતી જ પડી રહી.

'વારંવાર એ પાસે સૂતેલા નિર્દોષના ચહેરાને જોતી રહી. નાઈટલેમ્પના આછા અજવાળામાંય એ ચહેરો સ્પષ્ટ દેખાતો હતો. આવો સુંદર ચહેરો અંદરથી આટલો અસુંદર હોઈ શકે ખરો ?

નિર્દોષને જગાડીને થોડીક સ્પષ્ટ વાતો કરી લેવાનું એને મન થયું; પણ એ ખામોશ રહી.

સવાર પડી ત્યારે એનો થાક જરાય ઘટ્યો ન હતો. રિવાજ મુજબ એ નિશાળે ગઈ. ત્યાં કોઈ જ કામમાં એનું ચિત્ત ન હતું. જોરથી ઝડપભેર ચાલી જતી મોટર ઓચિંતી જ કોઈ રસ્તાના 'dead end' પર આવી જાય અને ઊભી રહી જાય એ રીતે એનું જીવન ઘડીભર થંભી ગયું હતું. એના પગ નીચેથી ધરતી ખસી રહી હતી. એનું મન નિર્વેદથી ભરાઈ ગયું હતું. એ મનોમન રડી રહી હતી. એની બેચેની નિઃશબ્દ હતી.

આવા મનોમંથનમાં જ બીજો દિવસ પણ વીતી ગયો. આસ્થા થોડી શાંત પડી હતી; પરંતુ પેલી વાત એના મનમાંથી ખસતી ન હતી.

પછીની સવારે એ રસોઈની તૈયારી કરી રહી હતી ત્યાં કૉલબેલ રણક્યો. નિર્દોષ બાથરૂમમાં હતો એટલે આસ્થાએ જ બારણું ખોલ્યું.

સામે સ્મિત રેલાવતી યાસ્મિન ઊભી હતી. આસ્થા મનોમન સમસમી રહી હતી. એણે અણગમો છુપાવીને યાસ્મિનને પૂછ્યું :

'ઘણે દિવસે દર્શન થયાં.'

'મારી હમણાં દિવસની ડ્યૂટી ચાલે છે. પરમ દિવસે સાંજે લગભગ પાંચ વાગ્યે હું આવી હતી. કૉલબેલ દબાવીને થાકી પણ કોઈએ બારણું ન ખોલ્યું. હું પૂરી ત્રણ મિનિટ સુધી ઊભી રહી અને પછી ગઈ. નિરાંતે બેસવાનું કરીને આવી હતી. પ્રકરણો વાંચવાની પણ ઇચ્છા હતી. ગઈ ત્યારે વિચારેલું કે રાત્રે પાછી આવીશ; પણ પછી આળસી ગઈ. આજે તો નક્કી જ કર્યું હતું કે કોઈ ન મળે તો દાદર પર બેસી રહીશ; પણ મળ્યા વગર નહીં જાઉં.' યાસ્મિને કહ્યું.

આસ્થા યાસ્મિન સામે જોતી રહી. એના ચહેરાને એ ધારી ધારીને જોઈ રહી હતી. એ જેટલો સુંદર હતો તેટલો જ માસૂમ જણાયો.

નિર્દોષ બાથરૂમમાંથી નાહીને બહાર આવ્યો અને સીધો યાસ્મિન પાસે ગયો અને એની પીઠ પર જોરથી ધબ્બો મારીને બોલ્યો : 'આટલા દિવસ ક્યાં હતી ?'

'મુંબઈમાં જ.'

'તો પછી આવતાં શું થયું ?'

'આસ્થા, હવે તું જ વાત કર. હું મંગળવારે સાંજે આવી હતી; પણ તમે બંને ન હતાં.'

'અમે ક્યાંય ગયાં ન હતાં; બહાના ન કાઢ. હું તે દિવસે બહાર પડેલું છાપું લેવા પણ ઉંબરો ઓળંગીને ગયો નથી. આસ્થા તો એવી થાકી ગઈ હતી કે આવી તેવી પથારીમાં પડી. મેં તે દિવસે દશમું પ્રકરણ શરૂ કર્યું અને આજે તે પૂરું પણ કર્યું.' નિર્દોષ ઝડપભેર બોલી ગયો.

'તો પછી આવું કેમ બન્યું ? મેં પોતે પણ અંદર વાગતી ઘંટડીનો અવાજ સાંભળેલો.' યાસ્મિને કહ્યું.

'નિર્દોષ, તે દિવસે હું આવી ત્યારે પણ બારણું ખોલતાં તને ખૂબ વાર લાગેલી.' આસ્થા બોલી.

'તું આવી ત્યારે તો હું બાથરૂમમાંથી માંડ નીકળ્યો હતો.' નિર્દોષે કહ્યું.

'હવે બાથરૂમમાં ઘંટડી મુકાવો.' યાસ્મિને કહ્યું.

'નહીં. બાથરૂમમાં જતી વખતે દરવાજે એક સૂચના મૂકવી જોઈએ : બાથરૂમમાં ઘંટડી સંભળાશે નહીં માટે થોડી વાર થોભશો.'

આસ્થાએ જમી લીધું અને સ્કૂલે જવા તૈયાર થઈ. યાસ્મિને પણ એની સાથે જ જવાની તૈયારી કરી.

'યાસ્મિન, તું ઉતાવળમાં છે ?' નિર્દોષે પૂછ્યું.

'ના, મારે તો બાર વાગ્યે હૉસ્પિટલ જવું છે; પરંતુ તે પહેલાં બજારમાં થોડું કામ છે.' યાસ્મિને કહ્યું.

'ખરીદી સાંજે કરજે.' નિર્દોષે સૂચન કર્યું.

'ના, ના. હું ફરી આવીશ. આજે એક ઑપરેશન છે તેથી મોડા જવાનું પાલવે તેમ નથી.' યાસ્મિને લાચારી બતાવી.

'મોડા જવાનું તને કોણ કહે છે ?' નિર્દોષે છેલ્લો પ્રયત્ન કરી જોયો.

'ના, પણ આજે મને જવા દો. આસ્થા, આપણે દાદર સુધી તો બસમાં સાથે છીએ.' યાસ્મિને કહ્યું.

'યાસ્મિન, નિર્દોષ કહે છે તો રોકાઈ જા ને !' આસ્થાએ આગ્રહ કર્યો.

'નો, આસ્થા પ્લીઝ.' યાસ્મિને ફરી લાચારી દર્શાવી.

'યાસ્મિન, હું જાઉં છું. તું દસમું પ્રકરણ વાંચીને જ જજે, ફૅન્ટાસ્ટિક છે.' એટલું કહીને આસ્થા બારણું બંધ કરીને દાદરનાં પગથિયાં ઊતરી ગઈ.

❑

૨૦

ઝેર તો પીધાં માણીમાણી

નિર્દોષનું કૅન્સર-યુદ્ધ હજી પૂરું થયું ન હતું. માત્ર યુદ્ધવિરામ વખતે હોય તેવી તાણથી ભરેલી શાંતિ એ ભોગવી રહ્યો હતો. મૃત્યુની શક્યતા એને જાણે જીવનનો પરિચય કરાવી રહી હતી !

થોડાક દિવસો માટે તો હૉસ્પિટલ એનું ઘર બની ગઈ હતી.

હવે એને ઘર પણ હૉસ્પિટલ જેવું લાગવા માંડ્યું હતું. પોતે અસ્તિત્વવાદી હોવાને કારણે એ પોતાના અસ્તિત્વનો અને અસ્તિત્વ માત્રનો આશક હતો. બ્રાહ્મણ કુટુંબની પંડિત પરંપરામાં એ જન્મ્યો હતો તેથી તેનો અસ્તિત્વવાદ પણ થોડોક ભારતીય રંગ પામ્યો હતો.

"વ્યક્તિ સત્ય છે અને ટોળું અસત્ય છે. જીવનનું ધ્યેય તો પરમાત્મા છે પણ પરમાત્મા અપ્રાપ્ય છે. જીવન વાહિયાત (absurd) છે."

સોરેન કીકગાર્ડનું આ જાણીતું વાક્ય એણે બહુવાર વાંચ્યું હતું; પણ તેમ છતાં એ જીવનને વાહિયાત નહોતો માનતો.

જે જીવનમાં આસ્થા જેવી પ્રેયસી હોય, યાસ્મિન જેવી સુંદર મુગ્ધા હોય અને પ્રતીક્ષા જેવી સ્માર્ટ પ્રશંસક હોય તે જીવનને વાહિયાત શી રીતે કહેવું !

જીવનને વાહિયાત ગણનારે આપઘાતને આનંદનું દ્વાર જ ગણવું પડે.

નિર્દોષને ગળે આ વાત નહોતી ઊતરતી. મૃત્યુની સભાનતા સાથે જિવાતું જીવન જ અર્થપૂર્ણ હોઈ શકે એ મતલબની હાઈડેગરની વાત પણ એને સ્વીકાર્ય ન હતી.

અને છતાંય છેલ્લા કેટલાક દિવસોથી એ સતત મૃત્યુની સભાનતામાં જીવી રહ્યો હતો.

સમુદ્ર પાસે નદીનો પટ ખૂબ વિશાળ હોય છે; પણ નદીના બે કાંઠા બીજી કોઈક જગ્યાએ એટલા તો નજીક આવી જાય છે કે ઠેકડો મારીને સામે કાંઠે પહોંચી જવાય.

જીવન અને મૃત્યુના બે કાંઠા નિર્દોષના જીવનમાં અત્યારે ખૂબ જ નજીક આવી ગયા હતા; પરંતુ નિર્દોષની ઠેકડો મારવાની તૈયારી ન હતી.

એના લગ્નવિહીન સમાજ અંગેના વિચારોનાં મૂળ અસ્તિત્વવાદની સમજણમાં હતાં એ ખરું; પણ તોય એના ઘણાખરા વિચારો મૌલિક હતા.

માર્સેલની 'હેવિંગ એન્ડ બીઈંગ'ની સંકલ્પના એને ઝટ ગળે ઊતરતી હતી. કોઈ કહે કે 'આ મારી પત્ની છે' ત્યારે એમાં 'હેવિંગ'ની ગંધ આવે છે. એક માનવી બીજા માનવીનો માલિક શી રીતે હોઈ શકે ? એ જ પત્ની માંદી પડે અને એની સારવાર પતિ કરે ત્યારે પત્નીના અસ્તિત્વમાં એ પોતાનું અસ્તિત્વ ઝબોળે છે. એ જ રીતે પતિ જો લેખક હોય અને પત્ની બીજી અનેક બાબતોમાં રસપૂર્વક મદદરૂપ થતી હોય તો એ લેખકના 'બીઈંગ'માં પોતાનું 'બીઈંગ' ઉમેરે છે.

લગ્નની સામે નિર્દોષને મોટામાં મોટો વાંધો એ હતો કે એ 'હેવિંગ'ને જ ઘૂંટ્યા કરવાનું કામ કરે છે. જીવનભર લગ્ન દ્વારા પેદા થતો માલિકીભાવ પોષાયા કરે છે.

નિત્શેએ તો ઈશ્વરને મરેલો જાહેર કર્યો હતો; પરંતુ નિર્દોષને કોઈ પરમ અસ્તિત્વમાં ઊંડા શ્રદ્ધા હતી. એ શ્રદ્ધા સુષુપ્ત હતી એ ખરું પણ મૃત્યુ પામી ન હતી. સાંખ્યદર્શનની પ્રકૃતિ અને પુરુષ એમ બે મૂળભૂત તત્ત્વો હોવાની વાત એને ગળે ઊતરતી હતી. કર્મના સિદ્ધાંત (Law of Karma) અને એનાં પરિણામોની અનિવાર્યતાની બાબતમાં સાંખ્ય અને સાર્ત્ર ખાસ્સાં નજીક આવે છે એવું એને ઊંડે ઊંડે લાગતું હતું. સેક્સ અંગેના એના વિચારો પશ્ચિમના મુક્ત સાહચર્યના પવનથી રંગાયા ન હતા. એ સેક્સને 'હેવિંગ'ની પકડમાંથી

છોડાવીને 'બીઈંગ'ના પ્રદેશમાં લઈ જવા માંગતો હતો. લગ્ન એમ કરવામાં મોટા અંતરાયરૂપ બને છે એમ એ માનતો હતો. આખી લગ્નસંસ્થા એને 'હેવિંગ'ના એટલે કે માલિકીના પાયા ઉપર ઊભેલી જણાતી હતી. આવી માલિકીભાવના પરસ્પર હોય તેથી એ સહ્ય બની જાય એવું એ માનતો ન હતો.

એ માનતો કે વૃક્ષ સાથે સાચ્ચો (genuine) સંબંધ બાંધવો હોય તો 'એ વૃક્ષ મારું છે' એ સૌ પ્રથમ ભૂલવું પડે. વૃક્ષની માલિકી વૃક્ષ સાથેના સંબંધને કે પરિચયને અત્યંત ક્ષુલ્લક અને છીછરો બનાવી મૂકે છે. આપણા અને વૃક્ષના અસ્તિત્વનો મેળાપ થાય ત્યારે જ પરિચય થઈ શકે. અપરિચય એ આજના યુગની સૌથી મોટી સમસ્યા છે એવી અસ્તિત્વવાદી માન્યતા સાથે એ સંપૂર્ણ સંમત હતો. લગ્ન પણ આ સંદર્ભમાં જગતને સતાવી રહેલા અપરિચયને જ પોષે છે એવું એ વારંવાર જાહેર કરતો. એ મજાકમાં કહેતો પણ ખરો કે, 'એટલું સારું છે કે કોઈ વૃક્ષ સાથે લગ્ન નથી કરતું !' આ એનું પ્રિય વાક્ય હતું; પણ આવું કહીને એ અચૂક ઉમેરતો કે વૃક્ષ મારું છે એમ માનવું અને એનાં ફળો મારાં છે એમ સમજવું એ પણ એક પ્રકારનું લગ્ન જ ગણાય.

વિચારો...વિચારો...અને વિચારો.

નિર્દોષ બસ વિચારોની નદીમાં તરતો હતો અને ક્યારેક તણાતો પણ હતો. આ દિવસો દરમિયાન એ વિચારોમાં જાગતો હતો; વિચારોમાં ઊંઘતો હતો અને વિચારોમાં જ ખોવાઈ જતો હતો.

આસ્થા, યાસ્મિન અને પ્રતીક્ષા ક્યારેક એની વહેતી વિચારસરિતામાં ડૂબકી મારી લેતાં હતાં અને નિર્દોષના જીવન પ્રત્યેના પ્રેમને સંકોર્યા કરતાં હતાં.

એક અનોખી સૃષ્ટિ એના નાના અમથા ઘરમાં રચાઈ ગઈ હતી. એ સૃષ્ટિમાં જીવન અને મૃત્યુ અડખેપડખે પડેલાં હતાં.

એમાં જિજીવિષા અને મોતની શક્યતા વચ્ચે કશમકશ ચાલી રહી હતી.

આવી કશમકશ વચ્ચેય ચાર જીવોએ એક નાનકડું સ્વર્ગ ઊભું કર્યું હતું.

પ્રશ્ન એટલો જ હતો કે એ સ્વર્ગનું આયુષ્ય કેટલું ?

ઑપરેશન પછી શું ?

પછીનો રસ્તો ખૂબ જ ધૂંધળો હતો.

કોઈને એ રસ્તાની ભાળ ન હતી. ડૉક્ટરો પણ અત્યારે તો જાણે ધુમ્મસને જોખવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

નિર્દોષ જ નહીં, એનાં ત્રણે મિત્રો એક અશુભ શક્યતાનું ઝેર ઘૂંટડેઘૂંટડે પી રહ્યાં હતાં અને પ્રત્યેક ઘૂંટડે જાણે એ ઝેર માણી રહ્યાં હોય એવો નિષ્ફળ દેખાવ કરી રહ્યાં હતાં.

અંદરથી સૌ ચિંતિત હતા.

એ સૌનો આનંદ ખૂબ બોલકો હતો; પરંતુ અંતરમાં સતત સળવળતી ચિંતા બિલકુલ મૂંગી હતી. એ સૌની આંખો હસતી હતી; પરંતુ સૌનું હૈયું ચોમાસામાં દેશી નળિયાનું છાપરું ચૂવે એમ આંસુ સાર્યા કરતું હતું.

નિર્દોષની સ્થિતિ અંદરથી સળગી ગયેલા અને છતાંય ટટ્ટાર ઊભેલા વાંસ જેવી હતી.

આસ્થાની સ્વસ્થતા પણ અંદરથી તો હાલી ચૂકી હતી. યાસ્મિન પણ આસ્થાની કહેવાતી સ્વસ્થતાને સહારે માંડ ટકી રહી હતી.

પ્રતીક્ષા જેટલી ચબરાક અને બોલકણી હતી તેટલી જ અંદરથી ઢીલી હતી. એની તીખી પ્રજ્ઞા નિર્દોષનું દર્દ જોઈ શકે એટલી પાકટ નહોતી.

'કૅન્સર' શબ્દનો પ્રહાર સાજો માણસ પણ ભાગ્યે જ ઝીલી શકે છે. કૅન્સર માણસને મોત પહેલાં મારી શકે છે. દાક્તરી જગતની આ સૌથી અળખામણી ગાળ જેને કાને પડે તે આદમી કામે લાગી જાય છે. પછી એ નિરાંતે સૂઈ તો ન જ શકે; પરંતુ નિરાંતે જાગીય ન શકે.

નિર્દોષના મનમાં ધરતીકંપો સર્જાતા રહેતા હતા, જ્વાળામુખીઓ ફાટતા રહેતા હતા અને લાવારસ ઊછળતો રહેતો હતો. છતાંય ધરતીકંપો અને જ્વાળામુખીઓ પણ સ્થૂળ જગતથી પર એવા એના ચિદાકાશમાં સર્જાતા મેઘધનુષને અભડાવી શકતા ન

હતા. ધરતીકંપથી પર એવા આકાશમાં એ ઉડ્ડયન કરતો ત્યાં સુધી સ્વસ્થ રહી શકતો હતો; પણ જેવું ધરતી પર ઊતરાણ કરતો કે તરત પેલી પીડા શરૂ થઈ જતી.

કોઈ માણસ તલવારને બદલે મ્યાનથી ડરે એમ કૅન્સર કરતાંય કૅન્સરનો ભય નિર્દોષને વધારે સતાવતો હતો. કૅન્સરના દરદીઓના આખરી દિવસોની પીડા વિશે એણે સાંભળ્યું હતું. એ પોતાના મોતને અકથ્ય પીડાથી અભડાવવા માંગતો ન હતો અને છતાંય એ તો બધી રીતે લાચાર હતો. મૃત્યુની મક્કમતા આગળ બિચારું જીવન કેવું લાચાર બની શકે છે !

આવી ઘનીભૂત લાચારીનું ભવ્ય સ્મારક એટલે હૉસ્પિટલ ! હૉસ્પિટલની સ્વચ્છતા અને રોનક પણ ક્યારેક મૃત્યુનો જ ચળકાટ વધારનારી બને છે. ક્યારેક દરદીના ખાટલા પર મૃત્યુ બેઠેલું હોય છે. દરદીને અને દરદીના નિરુપાય સ્વજનોને એ અદૃશ્ય રહીને જોતું રહે છે. ગઈ કાલે જ નિર્દોષે એની નવલકથામાં લખ્યું હતું.

'સ્ટ્રેચર ક્યારેક નનામી બનીને ઑપરેશન થિયેટરમાંથી બહાર નીકળી પડે છે. દરદીની નાડીના ધબકારા બંધ પડી જાય તોય એ નાડીની પડોશમાં જ બેઠેલી કાંડા ઘડિયાળ ધબકતી રહે છે. આંખ ખુલ્લી હોય તોય કશું જોતી નથી; કાન ઘોંઘાટ જ નહીં, રામનામ ઝીલવાનોય ઇન્કાર કરે છે અને નાક દ્વારા ચાલતી શ્વાસની અવરજવર બંધ પડી જાય છે.'

'કફનની એક ખૂબી હોય છે. એમાં ઘણુંખરું માંકડો નથી હોતા. અને હોય તો એ માંકડો ચટકા નથી ભરતા.'

'આ દિવસો દરમિયાન આસ્થા અને નિર્દોષના 'બીઈંગ' એકબીજામાં ઓતપ્રોત રહ્યાં.

પાસે ઊભી હોય તોય કટોકટીની પળોમાં માણસને ઘરપત રહે એવો યાસ્મિનનો રુઆબ હતો. પોતાની નાનીમોટી ચિંતાઓ વહેંચવાની યાસ્મિનને ટેવ ન હતી. એ પોતાની ખુશીને સાર્વજનિક બનાવી દેતી અને ચિંતાને પોતાના કબજામાં જ રાખી મૂકતી. એને ચિંતા નહીં પણ ઝંખના સતાવ્યા કરતી હતી. એની અતૃપ્ત ઝંખના

એના મનમાં ક્યારેક શૂળ ઊભાં કરતી હતી જેનો કોઈ ઉપાય ન હતો.

આસ્થા અને પ્રતીક્ષા તો એકબીજાને હૉસ્પિટલમાં જ મળ્યાં હતાં; પણ બંનેને સારું ફાવી ગયું હતું. આસ્થાની સ્વસ્થ ઠાવકાઈમાં પ્રતીક્ષાની ચબરાકી ભળતી ત્યારે વાતચીતમાં એક નવું રસાયણ નીપજતું. બંનેની વચ્ચે વાતો ખૂટતી જ ન હતી.

પ્રતીક્ષાએ ગરીબી કે યાતના જોઈ ન હતી. એ ટૅક્સીમાં ભાગ્યે બેસતી અને બેસતી ત્યારે મીટર સામે જોવાની એને ટેવ ન હતી. ડ્રાઈવર કહે તેટલા પૈસા ચૂકવીને બાકીનું પરચૂરણ પાછું લીધા વગર જ એ ચાલવા માંડતી. ઓબેરોય, સન ઍન્ડ સૅન્ડ કે સેન્ટોર જેવી પંચતારક હોટેલોમાં એ જ્યારે મિત્રો સાથે ડિનર લેવા જતી ત્યારે મેનુ જોતી; પરંતુ વાનગીની સામે આપેલા કિંમતના આંકડા જોવાની એને ટેવ ન હતી. બેરર બિલ લાવે ત્યારે એ તો માત્ર સરવાળાનો છેલ્લો ટોટલ જ જોઈ લેતી અને સો સો રૂપિયાની નોટ જ ડિશમાં મૂકી દેતી.

એણે કદી જીવનમાં પરચૂરણ ગણ્યું ન હતું. એને ગણીગણીને કશુંક કહેવાનું કે કરવાનું ફાવતું જ ન હતું.

જગતમાં ગણવાની ટેવ ગરીબ અને ધનવાન બંનેને હોય છે. ધનવાન પોતાની પાસે કેટલું વધારે ધન છે તેની ગણતરી કરે છે; જ્યારે ગરીબ કેટલા રૂપિયાની તૂટ પડી તેની ગણતરી માંડે છે. ગણતરી એ ધનવાન અને ગરીબને જોડતી એક મજબૂત કડી છે. બંનેને ધન પ્રત્યે જબરી આસક્તિ હોય છે; એક પાસે ધન છે તે અંગેની આસક્તિ છે જ્યારે બીજા પાસે ધનના અભાવમાંથી જન્મતી આસક્તિ હોય છે.

પ્રતીક્ષાની વાત જુદી હતી. એના પક્ષે ધન પ્રત્યે બેમાંથી કોઈ જાતની આસક્તિ ન હતી. એને તો ધન પ્રત્યે એક ખાસ પ્રકારની બેદરકારી હતી. પિતાજી ખૂબ કમાતા હતા તેથી એ બેદરકારી એને ક્યારેય નડી ન હતી.

આસ્થા હરદ્વાર પાસે એકધારી વહેતી ગંગા જેવી હતી; જ્યારે પ્રતીક્ષા પર્વત પરથી ઊછળકૂદ કરીને વેગથી વહેતા ઝરણા જેવી હતી. આસ્થાના ખોળામાં માથું મૂકીને નિર્દોષ રડી શકતો હતો. જ્યારે

પ્રતીક્ષાની હાજરીમાં ઉદાસ મોં રાખીને બેસવાની પણ એનામાં હિંમત ન હતી. યાસ્મિનના સ્નેહની ભીનાશ અને પોતાને માટેનો આદર નિર્દોષના દર્દને ઘડીભર તો અભરાઈએ ચઢાવી મૂકતાં. યાસ્મિન દૂર જાય પછી જ એ દર્દ નીચે ઊતરી શકતું. યાસ્મિનનું એક સ્મિત અને સ્મિતને ફૂટતી કુમળી કૂંપળ જેવું ચુંબન નિર્દોષના ભીનાભીના અસ્તિત્વને અદમ્ય જિજીવિષાથી તરબોળ કરી દેવા માટે પૂરતું હતું.

માંદગીના આ દિવસો કેટલા ભારે હતા ! સમયને વજન નથી હોતું એવું સૌ જાણે છે છતાંય કેટલીક ક્ષણો કેટલી વજનદાર બની રહે છે ! તો વળી કેટલીક ક્ષણો કેટલી બધી હળવી હોય છે !

સમયના કાટમાળમાં માણસ ક્યારેક દટાઈ મરે છે. ફરી ક્યારેક સમયને ટહુકા પણ ફૂટે છે. અને ખતમ થઈ ગયેલો માણસ ટહુકાની સંગાથે ઊડવા માંડે છે !

સાંજ પડવા આવી હતી.

આસ્થા બાનાં અસ્થિ લઈને ભાવનગર ગઈ હતી.

પ્રતીક્ષા લગ્નની ધમાલમાં પડી હતી એટલે ઝાઝું આવી શકતી ન હતી.

નિર્દોષ આરામ કરી રહ્યો ત્યાં ટપાલીએ બારણા નીચેથી એક પરબીડિયું સરકાવી દીધું.

નિર્દોષે એ ખોલ્યું અને અંદરનો પત્ર વાંચવની શરૂઆત કરી :

નિર્દોષભાઈ,

હું મા બનવાની છું. વધુ મળીશું ત્યારે.

લિ.

યાસ્મિન

હવે શું ?

પરમ દિવસે તો એ આસ્થા જોડે વાઘેચા જવાનો હતો.

યાસ્મિનનું શું ? એ યાસ્મિનને મળ્યા વગર જવા માગતો ન હતો; પણ એ હવે શક્ય ન હતું.

વજનદાર ટેન્શનનું પોટલું લઈને જ એણે ગામ જવું પડ્યું. પ્રશ્ન એક જ હતો : આસ્થા, આ બાબતમાં શું વિચારશે ?'

❑

૨૧

વહી રહી અહીં રમ્યઘોષા

પાંદડેપાંદડું પરિચિત હોય એવા પોતાના જ ગામમાં નિર્દોષ આજે એક પરદેશીની માફક પ્રવેશી રહ્યો હતો. સાથે આસ્થા પણ હતી.

નિર્દોષે વાઘેચાની અનેક વાતો આસ્થાને કરી હતી. ગામની પાસેથી વહી જતી તાપી નદીનાં દર્શન માટે આસ્થા ખૂબ જ આતુર હતી.

તાપીના પાણીમાં પગ બોળીને કલાકો સુધી સાથે બેસી રહેવાનાં શમણાં બંનેએ સેવ્યાં હતાં. આજે બંનેનાં આનંદની કોઈ સીમા ન હતી.

ઘરની સાફસૂફી બંને આવે એ પહેલાં જ થઈ ચૂકી હતી. નિર્દોષે આગળથી પત્ર લખીને ઘર ખોલાવી રાખવાની વ્યવસ્થા કરી રાખી હતી. ત્રણચાર દિવસ માટે જમવાની ગોઠવણ દૂરના એક પિતરાઈ કાકાને ઘરે થઈ ગઈ હતી.

નાના ગામમાં ઘણે સમયે શહેરથી થોડા દિવસ માટે રહેવા આવનારો સામાન્ય માણસ પણ થોડોક મોટો બની જાય છે. ગામલોકો નિર્દોષનાં લખાણોથી ઝાઝાં પરિચિત ન હતાં. એ ચોપડીઓ લખે છે એવી વાતો લોકોએ સાંભળી હતી. આવી સાંભળવામાં આવતી અનેક વાતોનું નાના ગામમાં ભારે મહત્ત્વ હોય છે. નિર્દોષનું ઘર ગુજરાતનાં ગામોમાં ઘરોની રચના સામાન્ય રીતે જોવા મળે તે પ્રકારનું હતું.

મજાનો ઓટલો અને ઓટલા પર છજું; ઘરમાં દાખલ થાઓ એટલે આગલી પરસાળ; પછી વચલી પરસાળ અને પછી રસોડું.

વચલી પરસાળમાં આગલા-પાછલા બારણામાંથી દાખલ થતો પ્રકાશનો એક સીધો પટો અને બાજુએ થોડુંક અંધારું. કુટુંબમાં સુવાવડનો પ્રસંગ આવે એટલે વચલી પરસાળને અંધારિયે ખૂણે ખાટલો ગોઠવાય એવી જગ્યા. વચલી પરસાળમાં કે પછી આગલી પરસાળમાં એક હીંચકો હતો જેના પર નિર્દોષના બાપુજી કલાકો સુધી બેસી રહેતા. આગલી પરસાળમાં એક ચોરો હતો અને ચોરા પર એક મોટોમસ પટારો પણ હતો. ઘરમાં પાટીના એકબે ખાટલા હતા અને આગલી પરસાળમાં દાખલ થતાં સામેની ભીંત પર ગાંધીજી, પંડિત નેહરુ અને તલવાર લઈને ઊભેલા સુભાષબાબુના ફોટાઓ લટકતા હતા. છાપરા પર દેશી નળિયાં હતાં.

સાંજ પડવાને હજી થોડી વાર હતી. નિર્દોષ અને આસ્થા થોડોક આરામ લઈને ફરવા નીકળી પડ્યાં. બંને કોઈ વિચિત્ર પ્રાણીઓ હોય એ રીતે સામે મળનારા લોકો એમને ક્યાંય સુધી જોયા કરતા. નિર્દોષને ગામલોકોની આ લાક્ષણિકતાનો ખ્યાલ હતો; પરંતુ આસ્થા થોડીક અકળાતી હતી. ગામડામાં પતિ-પત્ની પણ આ રીતે ફરતાં નથી હોતાં. ક્યારેક પતિ-પત્ની બસ સ્ટેન્ડ સુધી સાથે જાય ખરાં; પરંતુ તે વખતેય પત્ની દસ ડગલાં પાછળ ચાલે.

પારકાં માણસોમાં રસ લેવાની ગામલોકોની શક્તિ અદ્‌ભુત હોય છે. તેઓ પાડોશીઓ માટે ઘસાઈ શકે છે એ સાથે જ એમને અંગેની નાનીમોટી પંચાત કે નિંદાકૂથલીમાં પણ પડી શકે છે. ગામમાં કશુંય ખાનગી નથી હોતું. નિર્દોષ કોઈ સ્ત્રી સાથે આવ્યો છે એ વાત આખાય ગામમાં પહોંચી ગઈ હતી.

તાપી વહી રહી હતી. ચોમાસામાં જ એણે પ્રાપ્ત કરેલી શક્તિનો પ્રભાવ એના એકધારા અવાજમાં વરતાતો હતો. ચારેબાજુએ પથરાયેલા નાનામોટા ખડકો સાથે અફળાઈને હળવું થઈ ગયેલું પાણી શરદઋતુની હળવી શીતળતાને ઝડપભેર વહી જતું હતું. થોડેક દૂર વળાંક આગળની એક ટેકરી પર મંદિર અને મંદિર પર ફરકતી ધજા દેખાતાં હતાં. નિર્દોષે આવી નાની નાની વિગતો વાતવાતમાં આસ્થાને કહી હતી. આસ્થા આજે આવી વાતોનો તાળો મેળવી રહી હતી.

રમ્યઘોષા તાપીને જોઈને આસ્થા આનંદવિભોર બની ગઈ. ખડકો વટાવતાં વટાવતાં બંને જણ ખાસ્સાં દૂર નીકળી ગયાં. આસપાસના એકાદ ચોરસ માઈલના વિસ્તારમાં વસતી નહીં હોય એવું એકાંત મુંબઈમાં તો પક્ષીઓને પણ મળતું નથી હોતું.

નિર્દોષના ઉમંગનો પાર નહોતો. એ તાપી સાથેની પોતાની જૂની ઓળખાણ તાજી કરી રહ્યો હતો અને પોતાના શૈશવને જાણે ફરીથી જીવી રહ્યો હતો. આસ્થા પોતાના ચિત્તમાં નિર્દોષની વાતોને આધારે અંકિત થયેલા એક કલ્પનને વાગોળી રહી હતી.

આખું વાતાવરણ સ્ફૂર્તિથી ઊભરાતું હતું. આસપાસ-ચોપાસ ફેલાયેલું એકાંત પણ ભર્યું ભર્યું લાગતું હતું. નિર્દોષ અને આસ્થા વચ્ચે પવન સાંભળી ન જાય એવા ધીમા સાદે ગુફ્તેગો ચાલી રહી હતી. તો વળી તાપી પણ છેક શાંત ક્યાં હતી ! શરદના પવનમાં જ થોડો જાદુ હોય છે. બાવાને પણ ઈશ્કનાં અરમાન જાગે એવી આ ઋતુમાં નિર્દોષ અને આસ્થા આસપાસના ખડકો જેવા નિર્મમ શી રીતે રહી શકે ?

બંને આ પરમ આનંદની ક્ષણો માણી રહ્યાં હતાં. આસ્થા પોતાની સાડીને ઘૂંટણ સુધી ઊંચી કરીને પાણીમાં પગ ઝબોળીને બેઠી હતી. નિર્દોષ એની પડખે લગોલગ બેઠો હતો અને ખોબામાં પાણી ભરી ભરીને સૂરજ સામે ઉછાળી રહ્યો હતો.

જળના આવા મુદ્દુલ સ્પર્શમાં મળેલાં હૈયાંઓ વચ્ચે એક અવર્ણનીય ખેંચાણનો સેતુ રચી આપવાની તાકાત રહેલી છે. સૂરજ આથમી ગયા પછીના અધકચરા અંધારામાં નિર્દોષ અને આસ્થા ક્યાંય સુધી બેસી રહ્યાં.

હજી વાતો ન ખૂટે એવી તાજગી એમના પ્રેમમાં હતી.

'નિર્દોષ મારે તારી માફી માગવાની છે. તું મને માફ કરીશ ?' આસ્થાએ કહ્યું.

'કઈ ભૂલ બદલ ?' નિર્દોષે અચંબો વ્યક્ત કર્યો.

'મેં તને એક મોટો અન્યાય કર્યો છે.'

'અન્યાય ?'

'હા, અન્યાય.'

'કંઈ સમજ પડે એવું બોલીશ, હવે ?'

'તને યાદ છે ? એક દિવસ કૉલબેલ દબાવ્યો અને કોઈએ બારણું ન ખોલ્યું એટલે યાસ્મિનને પાછા જવું પડેલું !'

'હા, પણ તેનું શું છે ? હું બાથરૂમમાં હતો એટલે મેં ઘંટડીનો અવાજ નહીં સાંભળ્યો હોય.'

'એ સાચું; પણ હું તે જ વખતે સ્કૂલેથી પાછી આવી રહી હતી અને મેં યાસ્મિનને "મેઘધનુ"નાં પગથિયાં ઊતરીને રસ્તા પર જતી જોઈ હતી પણ ખરી. એને મેં બોલાવી નહીં અને ઉપર આવી. એણે મને જોયેલી નહીં. મારે જાણવું હતું કે એ આવી હતી એની વાત તું મને કરે છે કે નહીં. મારા મનમાં પાપ હતું. તેં થોડીકવાર રહીને બારણું ખોલ્યું. યાસ્મિન ઘરમાં આવી ન હતી એટલે તું કહે પણ શું ? મેં માની લીધું કે તું એ મારાથી છુપાવે છે.' આસ્થાએ વાત પૂરી કરી.

'તેથી તું મૂડ બગાડીને બેડરૂમમાં પડી રહી હતી ?'

'હા, નિર્દોષ.'

'ઓહ માઈ ગૉડ !' નિર્દોષે અચંબો વ્યક્ત કર્યો.

'મને માફ કરીશ ને !'

'એમાં વળી કયો ગુનો થઈ ગયો કે તને માફ કરવી પડે ?'

'તું તો મને માફ કરી દઈશ; પણ હું મારી જાતને માફ કરીશ કે કેમ તે પ્રશ્ન છે.'

'આસ્થા, તું આ વાત હવે મનમાંથી કાઢી નાખ. એક વાત યાદ રાખજે, હું તને ક્યારેય છેતરીશ નહીં. અસ્તિત્વવાદની કે મારી વિચારધારામાં ક્યાંય છેતરવાનું આવતું નથી.'

'મને તો ખાતરી છે જ; પરંતુ તો પછી આવું બન્યું જ કેમ ?'

'આસ્થા, સ્વામી સત્યાનંદની વાતો પર હજી હું ખુલ્લા મને વિચાર કર્યા કરું છું. મારું મન સાફ છે. મેં કોઈ વિચાર અંગે ગાંઠ વાળી નથી. એક વાત ચોક્કસ કે આવો વહેમ તને પડ્યો એ બતાવે છે કે આપણી વચ્ચેના પ્રેમની તાજગી ઘટી છે.'

'એવું ખરું ?'

'તું જ કહે. આપણે "મેઘધનુ"માં પહેલીવાર મળ્યાં ત્યારે હતી એટલી ઉત્કટતા કે તીવ્રતા આજે છે ખરી ? મારી જ વાત કરું તો

સાફ કહું કે જવાબ "ના" છે. આ સહજ છે. અતિપરિચયે અવજ્ઞા, એમ કહે છે તે સાચું છે.'

'નિર્દોષ, સ્વામીજીની વાતો સાંભળીને તો ઘડીભર મને થયેલું કે પરણી જઈએ.'

'મને એવું નથી થતું. હું માનું છું કે લગ્ન કરનારે દુન્વયી અર્થમાં પત્નીને વફાદાર રહેવું જોઈએ. લગ્નનો અર્થ જ એ છે. કોઈ સ્ત્રી પત્ની બને એટલે શું ? મારો લગ્ન સામેનો વાંધો હજી કાયમ છે. જો હું દુન્વયી અર્થમાં આસ્થાને વફાદાર રહી શકું એમ ન હોય તો મારે લગ્ન ન કરવાં જોઈએ.'

'નિર્દોષ, હું આવી વફાદારી ઈચ્છતી નથી પણ...'

'તું મારી પત્ની બને તો એવી ઈચ્છા રાખવાનો તને હક્ક છે.'

'વાત સાચી છે પણ...'

'તું વિચાર કર. પ્રેયસી પર કાવ્યો લખાયાં છે તેનાથી દસમા ભાગનાંય પત્ની પર નથી લખાયાં. લગ્ન એ કરાર છે અને કરાર કદી કાવ્યનો વિષય ન જ બની શકે. કાવ્યનો કે શાયરીનો સંબંધ કરાર સાથે નહીં બેકરાર સાથે છે. કાવ્ય અને કોન્ટ્રાક્ટને તે શો સંબંધ ?'

'વાત ખરી છે નિર્દોષ, પ્રેયસી પણ પત્નીની જેમ જ માલિકીભાવનાથી ન પીડાય એની ખાતરી શી ?'

'બની શકે છે – અને તારી વાત જ એની સાબિતી છે.'

'આઈ ઍડમિટ, નિર્દોષ.'

'નો, નો. ધેટ ઈઝ નૉટ ધ પોઈન્ટ. અહીં જ સ્વામીજીની વાતો વિચાર માગી લે છે એ વાત હું કહેવા માંગતો હતો.'

'તે દિવસે સાચી વાત સમજાઈ ગઈ પછી હું ખૂબ દુઃખી થઈ.'

'એ વાત ભૂલી જા. મને ચર્ચામાં વધારે રસ છે. માની લે કે હું યાસ્મિન પ્રત્યે આકર્ષણ ધરાવું છું. શું એ ગુનો ખરો ?'

'નહીં જ.'

'આસ્થા, મને યાસ્મિન ગમે છે; ખૂબ ગમે છે; પણ તેથી શું ?'

'હું એ જાણતી હતી. તું એ વાત છુપાવે તો હું દુઃખી થાઉં; પરંતુ તું એ છુપાવતો જ ન હતો. બાકી તેં તે દિવસે યાસ્મિન આવી

હતી એવું કહ્યું હોત તો મને દુઃખ ન થાત. પણ એ આવી હોય તો તું કહે ને !'

'આસ્થા, તું માને એટલી આ વાત સાદી નથી. તેં પગથિયાં ઊતરીને યાસ્મિનને જતી જોઈ છતાંય ન બોલાવી એ વાતમાં જ બધું આવી ગયું.'

'એ વાત સ્વીકારવી જ રહી, નિર્દોષ.' આસ્થાની આંખમાં આંસુ ઊભરાયાં.

'મેં યાસ્મિન સાથે શી શી છૂટ લીધી છે તે તારે જાણવી છે ?' નિર્દોષે આસ્થાની સામે જોઈને પૂછ્યું.

'ના, મારે તે જાણવું નથી. આવી છૂટ લેવાનો તને સંપૂર્ણ હક્ક છે અને પત્ની બન્યા વગર આ અંગે જુબાની લેવાનો મને જરાય હક્ક નથી, આ બાબતમાં તારા વિચારોથી આખું ગુજરાત પરિચિત છે. મને આનંદ એ વાતનો છે કે તેં મને છેતરી નથી અને ભવિષ્યમાં મને કે કોઈને તું છેતરવાનોય નથી. આ વાત જ અગત્યની છે, બાકી બધું ગૌણ છે. હું તો ખરેખર યાસ્મિનની પણ ગુનેગાર ગણાઉં.' આસ્થાએ ગંભીરતાથી કહ્યું.

'આસ્થા, જે આદમી કોઈને છેતરે નહીં, તેને પ્રેમ કરવાનું થોડુંક મુશ્કેલ છે. તેં તો ઠીકઠીક ધીરજ રાખી.'

'જે માણસ કોઈનેય છેતરી ન શકે તેને સાધુ બનવાની તકલીફ લેવાની પણ જરૂર નથી.' આસ્થા બોલી.

'એવું તો હું નહીં કહું. સ્વામી સત્યાનંદ મને ગમ્યા તેનું ખરું કારણ એમની નિખાલસતા ગણાય. તેઓ એવા પ્રથમ સાધુ છે જે મને ગમ્યા હોય. એમની ઋજુતા, નિખાલસતા અને વાતને રોકડી રીતે કહી દેવાની ટેવ ગમી ગઈ. તેઓ ત્રણ સ્ત્રીઓના પતિ હોત કે ચાર સ્ત્રીઓને પ્રેમ કરતા હોત તોય હું એમને નમન કરું. કોઈ દંભી સાધુ આગળ હું માથું નથી નમાવતો.'

'નિર્દોષ, યાસ્મિનની માફી શી રીતે માગવી ?'

'એ જરૂરી નથી. એમ કરવાથી પછી એ તારી ગેરહાજરીમાં મારી પાસે આવશે નહીં. હું ઈચ્છું છું કે એ મને મળતી રહે.'

'નિર્દોષ, આઈ લવ યુ. પ્લીઝ ગો અહેડ. આઈ વોન્ટ કમ ઈન યોર વે.'

'આસ્થા, એટલું યાદ રાખજે કે હું તને ગુમાવીને યાસ્મિનની સાથે છૂટ લેવા ઈચ્છતો નથી.'

'થેન્ક્સ ડાર્લિંગ ! આઈ એડમાયર એ રીઅલ મેન ઈન યૂ.' આસ્થાએ નિર્દોષને પ્રેમથી ભેટતાં કહ્યું.

'આઈ ટૂ લવ યૂ સો મચ, આસ્થા !'

'રાતનું અંધારું મૂંગું હતું; પરંતુ બંનેની વાતચીતમાં વિક્ષેપ પડે એવો તાપીનો આશય નહોતો.

બંને ઊઠ્યાં. એક ખડક પરથી બીજા ખડક પર ઠેકડો મારીને આસ્થાનો હાથ પકડીને નિર્દોષે એને પોતાના તરફ ખેંચી અને ક્યાંય સુધી જકડી રાખી.

રાતના અંધારામાંય તાપીનું ફિણાઈ ફિણાઈને હળવું બની ગયેલું પાણી ચળકતું હતું.

'નિર્દોષ, તું એક મિનિટ થોભી જા. મારે તાપી માતાને એક નાની ચીજ અર્પણ કરવાની છે.'

'અરે, તું આવી વાતોમાં માનતી ક્યારે થઈ ? શી વાત છે ?'

'તું નહીં સમજે.'

આસ્થાએ પોતાની સાડીના છેડા સાથે બાંધી રાખેલી પોટલી છોડીને નદીમાં વહેતી મૂકી દીધી. એમાં બાનાં અસ્થિ હતાં.

નિર્દોષ અને આસ્થા ક્યાંય સુધી બોલ્યાં નહીં.

બંને જણાં ઘરે પાછાં ફર્યાં ત્યારે આકાશના તારાઓ પણ અંદરઅંદર વાતો કરવાનું ભૂલીને મરક મરક હસી રહ્યા હતા.

'આસ્થા ! મારે તને એક ગંભીર વાત કહેવાની છે.'

'શી ?'

'તું સ્વસ્થ રહી શકશે ?'

'પરીક્ષા કરી જો ને !'

'કહું ?'

'કહી દે. કૅન્સરના ભય આગળ બીજા બધા ભય વામણા જ લાગશે.'

'આસ્થા, યાસ્મિનને મહિના જાય છે.'

'શું કહે છે તું ?' આસ્થાએ ચોંકીને પૂછ્યું.

'સાચું કહું છું, આસ્થા !' આટલું કહીને નિર્દોષે આસ્થાના હાથમાં યાસ્મિનનું પરબીડિયું મૂકી દીધું.

તાપીનો એકધારો સ્વર દૂર સુધી સંભળાતો હતો.

બંનેનું એકધારું મૌન એ સ્વરને છેક ગામ સુધી તાણી ગયું.

❑

૨૨

વીરભૂમિની સુગંધ

આસ્થા સવારે ખૂબ વહેલી ઊઠી ગઈ. નિર્દોષ ઊંઘતો હતો. પરવારીને આસ્થાએ નદી ભણી ચાલવા માંડ્યું.

પૂર્વાકાશમાં સૂરજ ઊગે એની તૈયારીઓ ચાલી રહી હતી. આવી તૈયારીઓ પછી નિર્ધારિત સમયે સૂરજની સવારી સમ્રાટના દમામથી આવી પહોંચી.

આસ્થા એક ખડક પર આસન લગાવી બેસી ગઈ. ધ્યાન કરવા માટે બધી રીતે અનુકૂળ એવા વાતાવરણમાં એ મૌન બેઠી હતી. આસપાસનું પર્યાવરણ જ એવું હતું કે સૂરજ તરફ નજર રાખીને બેસવાથી સહજ ધ્યાનમાં ઊતરી જવાય. એ આમ ક્યાં સુધી બેસી રહે તેની એને પોતાને ખબર ન પડી. એનું મન કોઈ અલૌકિક ભાવથી ઊભરાતું હતું.

એ પાછી આવી ત્યારે નિર્દોષ ખાટલામાં જ જાગતો પડ્યો હતો.

'નિર્દોષ, યાસ્મિન અંગેની ચિંતા તારે નથી કરવાની.'

'એ ચિંતા આપણે સાથે તો કરવાની રહેશે ને !'

'ના.'

'તો પછી ?'

'એ આખી વાત તારે મારા પર છોડી દેવાની છે.'

'એ શી રીતે બને ? ગુનાનો માલિક હું છું, જો એ ગુનો ગણાય તો.'

'લીવ ઈટ ટુ મી, નિર્દોષ.'

'મારા મન પર ગુનાનો ભાર ન હતો પણ...'

'પણ શું ?'

'તું શું વિચારશે એનો ભાર હતો.'

'મેં તો તને કહ્યું હતું કે કૅન્સરની આગળ બીજું બધું વામણું ગણાય.'

'એ તારી મોટાઈ ગણાય.'

'ના, એમ નથી. તારે માટે કૅન્સર મોરચો પૂરતો છે. યાસ્મિન – મોરચો હું સંભાળી લઈશ.'

'આસ્થા સાચું કહે, તને દુઃખ નથી થયું ?'

'આ વાત બીજેથી મળી હોત તો જરૂર થાત.'

'હવે કરીશું શું ?'

'લીવ ઈટ ટુ મી, કહ્યું ને !'

'ઓ.કે. ડાર્લિંગ, બેસ્ટ લક, બીજું શું !'

'હવે બીજી વાત કર.' આસ્થાએ કહ્યું.

'ચા તૈયાર થઈ ગઈ.'

'આસ્થા, તેં મુનશીની "તપસ્વિની" વાંચી છે ?' નિર્દોષે પૂછ્યું.

'ના કેમ ? તેં વાંચી છે ?'

'હા.'

'સારી છે ?'

'એમાં બારડોલી સત્યાગ્રહ વખતનું વાતાવરણ ઝિલાયું છે. આ ભૂમિ સરદારની વીરભૂમિ છે. અહીં સન ૧૯૨૮માં પ્રજાએ બ્રિટિશ સલ્તનતને સરદારના નેતૃત્વ હેઠળ પડકારી. આ આખો તાલુકો સરદારના શબ્દો પર ગમે તે કુરબાની આપવા માટે તૈયાર હતો.'

'મેં બારડોલી સત્યાગ્રહ વિશે સાંભળેલું ઘણું; પણ એ વિશે કશુંય વાંચ્યું નથી.'

'આ સત્યાગ્રહે જ વલ્લભભાઈને "સરદાર" બનાવ્યા. એ દિવસોમાં ઘેરઘેર રેંટિયાનો ગુંજારવ થતો. અહીંની સ્ત્રીઓ જપ્તી, જડતી અને જુલમની સામે ક્ષત્રિયાણીઓ બનીને ઊભી રહી ગયેલી. મોળા પડતા ઘણીને એ પાનો ચઢાવતી. સરદારની શિસ્ત લોખંડી હતી. એમના બોલાવ્યા વગર ગાંધીજીએ પણ બારડોલી આવવાનું

ટાળ્યું હતું. અન્યાયી મહેસૂલ વધારા સામે પ્રજાએ લડત આપી અને પ્રજાનો વિજય થયો. આ વખતે સરદારનાં જે ભાષણો થયાં તેણે એક ઈતિહાસ સર્જ્યો. ગુજરાતી ભાષાનું જોમ પ્રગટ કરનારી એ વાણી હતી. એમની વાણીમાં એક ઘા અને બે કટકા જેવી વાતો ઉપરાંત સણસણતા ચાબખા અને હૃદયની આરપાર નીકળી જાય એવો વ્યંગ જોવા મળતો. એમની તળપદી ભાષામાં હળવા હાસ્યની લહેરખી પણ જોવા મળતી.'

'"તપસ્વિની" મુંબઈ જઈને વાંચવી પડશે.'

'એમાં મુનશીએ એ દિવસોના મિજાજને વણી લઈને ઘટનાતત્ત્વને આબાદ ચગાવ્યું છે.'

'આપણે બારડોલી થઈને આવ્યાં અને જતી વખતે પણ ત્યાં થઈને જ જઈશું ને ?'

'હા, જતી વખતે થોડું રોકાઈને સરદારે જ્યાંથી આ લડત ચલાવી તે સ્વરાજ્ય આશ્રમ પણ જોતાં જઈશું.'

'જરૂર.'

'થોડાંક વર્ષો પર મીંઢોળા નદીના આ પ્રદેશમાં રવિશંકર મહારાજની પદયાત્રા ચાલી રહી હતી. મહારાજ સરદારના જમણા હાથ સમા હતા.'

'મેં મહારાજને જોયા છે. તેઓ અમારી નિશાળમાં આવ્યા હતા અને ભાષણ પણ કર્યું હતું.'

'મેઘાણીએ "માણસાઈના દીવા" લખીને ગુજરાતના યુવાનોને મહારાજની વાતો પહોંચાડી."

'મેં એ ચોપડી વાંચી છે.'

'મહારાજ અહીં પગપાળા ફરતા હતા ત્યારે કોઈકે એમને પૂછ્યું : "આ ગામડાં આજે જોઈએ ત્યારે બારડોલી સત્યાગ્રહ વખતે લોકોએ આવું પરાક્રમ કર્યું હશે તે વાત પણ માન્યામાં નથી આવતી." આ સાંભળીને મહારાજે પાસે વહેતી મીંઢોળા નદી બતાવીને કહેલું : "આ મીંઢોળા જો. અત્યારે એ કેવી ડાહીડમરી દેખાય છે ! એ જ મીંઢોળામાં પૂર આવે ત્યારે જોઈ લ્યો ! સરદારે પ્રજાને એવો તો પાનો ચઢાવેલો કે ઉત્સાહનું પૂર આવ્યું હતું."'

'આપણે આશ્રમ જોવા જરૂર જઈશું.'

'અહીંના રાનીપરજ લોકો માટે ઘણી સેવા સંસ્થાઓ કામ કરે છે. અહીંની આશ્રમશાળા પણ જોવા જેવી છે.'

'મારે એ જોવી જ છે.'

'બપોરે જઈશું.'

'જરૂર.'

'આસ્થા, મુંબઈમાં ઊછરેલી વ્યક્તિને ગામડું એટલે શું એનો ખ્યાલ જ ન આવે. આપણે સૌ ત્યાં એવી રીતે રહીએ છીએ જાણે દેશમાં ગામડાં છે જ નહીં !'

'યૂ આર રાઈટ.'

'મારી નવલકથાઓમાં પણ શહેરની જ વાતો હોય છે. ક્યારેક થાય છે કે આ વિસ્તારનાં ગામડાંને ધ્યાનમાં રાખીને એક લઘુનવલ લખું.'

'એ વિચાર સારો છે.'

'એ માટે અહીં થોડાક દિવસો રહેવું પડે. હું પણ મુંબઈ રહી રહીને આ વિસ્તારથી જાણે અળગો થઈ ગયો છું. નવલકથાને જીવંત બનાવવી હોય તો અહીંના વાતાવરણને પૂરેપૂરું સૂંઘી લેવું પડે.'

'સાચી વાત છે.'

'અહીંના પાટીદારો દુનિયાના ખૂણેખૂણે પહોંચ્યા છે. અમેરિકામાં ઠેરઠેર એ લોકોની મોટેલો ચાલે છે. ત્યાં તો "પટેલ" અને "મોટેલ" એ બે શબ્દો એકબીજાના પર્યાય બનતા જાય છે. અહીંની પ્રજા ખૂબ પૈસા રળે છે; પણ તોય અહીંના હળપતિઓ અને આદિવાસીઓ ખાસ ઊંચે નથી આવ્યા.'

'નવલકથા માટે આવો મસાલો ખોટો નહીં પડે.'

'બીજી પણ એક વાત છે.'

'શી ?'

'અહીં ઘણાં કુટુંબો એવાં છે જેમાં પિતાશ્રી, સત્યાગ્રહના જમાનાથી ખાદીધારી હોય; કેટલાંક મૂલ્યો એમણે જીવનભર સેવ્યાં હોય. દીકરા પરદેશ જઈને કમાય છે અને બાપ સોનાના ટુકડા જેવી

જમીનમાં મબલખ પાક ઉતારે છે. આ બે પેઢીઓ વચ્ચે ક્યારેક વિચાર-સંઘર્ષ પણ થાય.'

'આ બાબતને વણી લઈને આ ભૂમિનાં સત્ત્વશીલને પ્રગટ કરતી એક નવલકથા તારે લખવી જ જોઈએ.'

'પણ તું થોડા દિવસો સુધી અહીં મારી સાથે આવે તો જ બને.'

'એ શક્ય નથી.'

'કેમ ?'

'આવતા ઉનાળુ વેકશનમાં મારો કાર્યક્રમ નક્કી છે.'

'શું ?'

'હું લોનાવાલા જઈને રહેવાની છું.'

'મને વહેમ તો હતો જ.'

'આજે સવારે એ અંગે મેં પાકો સંકલ્પ કરી લીધો છે.'

'ઊગતા સૂરજની સાખે ?'

'હા.'

'વિચાર ખોટો નથી.'

'થેન્ક્સ.'

'હું તે ગાળામાં શું કરીશ ?'

'વાઘેચા આવીને નવલકથા લખવાનું કામ કરવાનું.'

'ના, એ ન બને.'

'કેમ ?'

'હવે મને એક ટેવ પડી ગઈ છે.'

'શેની ?'

'દરેક પ્રકરણને અંતે તારો પ્રતિભાવ જાણવાની.'

'તું ગમે તે ચાલાકી કરે તોય હું લોનાવાલા જઈશ.'

'ઠીક છે.'

'ભવિષ્યમાં કેવું જીવન ગોઠવવું છે તેની ઝલક આ રીતે મારે મેળવી લેવી છે.'

'આસ્થાદેવી ! તમને પ્રણામ !'

'મશ્કરી કરીશ તેથી હું કાંઈ સુધરવાની નથી.'

'હું સાથે આવી શકું ખરો ?'

'ના, ના, ના.'

'કેમ ?'

'મારે એકાંત જોઈએ છે.'

'રહેવાની વ્યવસ્થા ?'

'ત્યાં ગોઠવણ થઈ જશે.'

'પછી સ્વામીજીનું માથું રોજ ખાશે, એમ ને ?'

'મારું માથું સુધારવા માટે બીજો ઉપાય નથી.'

'આસ્થા, પછી તું સાધ્વી થઈને મને ભૂલી તો નહીં જાય ને ?'

'હું તને ભૂલી શકીશ ખરી ? અને હું સાધ્વી થઈ શકું એવું તને લાગે છે ? મને સાધ્વી થવા કરતાં સ્વસ્થ થવામાં વધારે રસ છે.'

'તારી સ્વસ્થતાનો એકાદ અંશ આ અદના આશકને આપશે ને ?'

'હવે મશકરી કરી છે તો આ સાણસી છુટ્ટી મારીશ.'

'બંદા, આપની માફી માગે છે.'

'હું લોનાવાલા જઈશ અને તારે વાઘેચા આવીને નોવેલ લખવાની. આ મારો હુકમ છે.'

'મંજૂર છે પણ...'

'પણ બણ, કશું નહીં ચાલે.'

'પણ મારે એ પહેલા કૅન્સરને કેન્દ્રમાં રાખીને એક નવલકથા લખવી છે તેનું શું ?'

'એ માટેય પરવાનગી આપવામાં આવે છે.'

'આસ્થા, એ માટેય ઑપરેશન પછી જીવવું પડે.' નિર્દોષ આટલું બોલતાં ગળગળો થઈ ગયો.

બંને જમવાની તૈયારી કરતા હતા ત્યાં ટપાલીએ આવીને નિર્દોષના હાથમાં બે પત્રો મૂક્યા.

બંને મુંબઈથી હતા.

એક તો પ્રતીક્ષાનાં અતીત સાથેનાં લગ્નની કંકોતરી હતી. કંકોતરી સાથે એક નાની ચિઠ્ઠીમાં લખ્યું હતું :

મુ. નિર્દોષભાઈ, આસ્થાબહેન,

જેનો તમે લોકો કાયમ વિરોધ કરો છો તે કામ હું કરી રહી છું. આવતા શુક્રવારે હું અને અતીત પરણીએ છીએ. તમારે આવવાનું જ છે. એક ભેટ આપવાની છે. આપશોને ? જો આપી શકો તો મને ખૂબ જ આનંદ થશે. કહો શું હશે એ ?

કહું ? તમારા બંનેની હાજરી !

મંજૂર ?

યાસ્મિન પરમ દિવસે મળી હતી. થોડીક અપસેટ લાગી. એ પણ આવવાની છે. તમે પણ આવી પહોંચશો. હું મારા નામ પ્રમાણે તમારી પ્રતીક્ષા કરીશ.

લિ.

પ્રતીક્ષા.

તા.ક. અભિનંદન, નિર્દોષભાઈ ! આજના છાપામાં તમારી નવલકથા 'શમણાંના ઉપવનમાં' માટે તમને સાહિત્ય એકેડેમીનો એવૉર્ડ મળ્યો છે એવા સમાચાર હતા. congrats !

બીજો પત્ર યાસ્મિનનો હતો. એમાં છાપાનું કટિંગ બીડ્યું હતું. સાથે લખ્યું હતું :

'તમારા લોકો વગર મુંબઈમાં ગમતું નથી. પ્રતીક્ષાની શાદી આવતા શુક્રવારે છે. તે પણ તમને પત્ર લખવાની છે. આ સાથે એક કાપલી મોકલું છું અને એવૉર્ડ મળ્યો તે બદલ અભિનંદન પાઠવું છું. પરવરદિગાર આપશ્રીને હજી મોટી સફળતા અપાવે એવી એને અરજ કરું છું. ક્યારે આવો છો ? આસ્થાને પ્યાર.

લિ.

યાસ્મિનના સલામ.

પત્રો વાંચીને આસ્થા અને નિર્દોષ એકદમ આનંદમાં આવી ગયા.

બંને ક્યાંય સુધી આ અંગે વાતો કરતાં રહ્યાં.

તે જ દિવસે સામાન તૈયાર કરીને બંને મુંબઈ જવાં રવાના થયાં.

મુંબઈ જતી ગાડી બંનેને એકદમ ધીરી જણાતી હતી.

'નિર્દોષ આ ઍવૉર્ડ માટે તું જરૂર ગૌરવ લઈ શકે.' આસ્થાએ કહ્યું.

'આસ્થા, હવે તો એ ઍવૉર્ડનું ગૌરવ પણ મારા એકલાનું ન ગણાય.'

'એટલે ?'

'એમાં હવે તુંય ભાગીદાર.'

'મારે મુગલ ને ફુલાય પિંજારા, ખરું ને ?'

'ના. પણ એક વાત છે.'

'શી ?' આસ્થાએ પૂછ્યું.

'હજી કૅન્સર અંગેનો ઍવૉર્ડ બાકી છે.' નિર્દોષ આટલું વાક્ય જેમતેમ બોલી શક્યો.

❑

૨૩

દાઉદે મોં ખોલ્યું

કૅન્સર અંગેનો ઍવૉર્ડ આવે તે પહેલાં સાહિત્ય ઍકેડમીનો ઍવૉર્ડ આવ્યો હતો; પરંતુ એ ઍવૉર્ડ મળે તે પહેલાં તો યાસ્મિનના પ્રશ્નનો નિવેડો લાવવાનો હતો.

પોતાને ઘરે જઈ આવવાનું બહાનું કાઢીને આસ્થા નિર્દોષ સાથે અંધેરી ઊતરવાને બદલે મુંબઈ સેન્ટ્રલ પહોંચી. ત્યાંથી એ સીધી ટૅક્સી કરીને કૅન્સર હૉસ્પિટલ પર પહોંચી.

યાસ્મિન ત્યાં ન હતી.

સરનામું લઈને એ ટૅક્સી લઈને સીધી યાસ્મિનને ત્યાં પહોંચી ગઈ.

યાસ્મિન નીકળવાની જ તૈયારી કરી રહી હતી. આસ્થાને જોઈને એને આશ્ચર્ય થયું; પણ મનમાં એ આસ્થાના આગમનનું કારણ સમજી ગઈ.

બંને તરત જ બહાર નીકળી ગયાં.

'યાસ્મિન, મને નિર્દોષે બધી જ વાત કરી છે.'

'આસ્થા, મને માફ કર.' યાસ્મિન ચાલુ ટૅક્સીમાં જ આસ્થાના ખોળામાં માથું મૂકીને રડી પડી.' એ આસ્થાની સામે જોવાનું ટાળતી હતી.

'યાસ્મિન, મેં નિર્દોષને કહ્યું છે કે આ અંગે કાંઈ જ ચિંતા કરવાની નથી. આ અંગે શું કરવું એનો વિચાર આપણે કરવાનો છે.'

બંને જણ આસ્થાને ઘરે ગયાં. ઘરમાં માત્ર બે જ હતાં એટલે નિરાંતે વાતો કરવાની સગવડ હતી.

'યાસ્મિન, એક વાર તું તારા મનની વાત કરી દે એટલે સમજ પડે. એટલું યાદ રાખજે કે હું તારી મોટી બહેન છું.' આસ્થાએ વાતની માંડણી કરી.

'આસ્થા, તારી જગ્યાએ બીજું કોઈ હોય તો મારી સામે પણ ન જુએ. હું તારી ગુનેગાર છું.' યાસ્મિન ગળગળી થઈને બોલી.'

'અત્યારે એ વાત કરવા આપણે નથી મળ્યાં.

'મને પણ કંઈ સમજાતું નથી.'

'દાઉદ જાણે છે ?'

'હા.'

'કંઈ વાત થઈ ?'

'આવું છે એટલી વાત થઈ પણ એ કશું જ બોલતાં નથી.'

'યાસ્મિન, તું થોડીક કાળજી રાખત તો આ મુસીબત ટાળી શકાઈ હોત.'

'હું એને મુસીબત ગણતી હોત તો ટાળી શકત પણ...'

'તો પછી ગર્ભપાતનો વિચાર પણ...'

'હું ગર્ભપાત કરાવીશ નહીં. એમ કરવું મારા જેવી નર્સ માટે જરાય મુશ્કેલ નહોતું; પણ એ હું કોઈપણ હિસાબે નહીં થવા દઉં.'

'આઈ એગ્રી, પણ પછી કરવું શું ?'

'જે થવાનું હોય તે થાય.'

'તોય આપણે કોઈ માર્ગ તો કાઢવો પડશે ને ?'

'તું કહે તે કરવા તૈયાર છું.'

'આ સંતાન કોનું ? તારા મનમાં કોઈ શંકા છે ?'

'જોસેફનો સવાલ જ નથી. આ સંતાન નિર્દોષભાઈનું છે એટલું હું સોગંદપૂર્વક કહી શકું. મને માફ કરી દે, આસ્થા !' યાસ્મિન ફરી રડી પડી.

'બસ, મારે એટલું જ જાણવું હતું.'

'હવે શું ?'

'મને એક ઉપાય સૂઝે છે.'

'શું ?'

'દાઉદને એક વાર નિર્દોષની સાથે બેસાડીને સાચી વાત સમજાવીએ તો કેમ ?'

'તેઓ જાણે તો છે, પણ સમાજથી ડરે એવી મને બીક છે.'

'એ ન સમજે તો ?'

'તો હું આ બાળક સાથે ઘર છોડીને જુદી રહેવા પણ તૈયાર છું.'

'આપણે એક વાર દાઉદને મળવું તો જોઈએ જ.'

'મને વાંધો નથી. હું બધી તૈયારી રાખીને બેઠી છું. એવું ન હોત તો દુનિયાને આ વાતની ગંધ આવે તે પહેલાં તો મેં ગર્ભપાત કરાવી લીધો હોત.'

'આ કેટલામો મહિનો જાય છે ?'

'બીજો.'

'હજી થોડો સમય તો છે પણ...'

'નિર્દોષભાઈ શું કહે છે ?'

'એને તું ક્યાં નથી જાણતી ? એ તો આવી બાબતને ગુનો જ નથી ગણતો અને માત્ર તને મુશ્કેલી ન પડે એની જ ચિંતા કરે છે. એ જવાબદારીમાંથી છૂટવા નથી માંગતો એટલું ચોક્કસ.'

'તેઓ મહાન માણસ છે.'

'તું એક કામ કરે ?'

'બોલ.'

'કાલે કે પરમ દિવસે દાઉદને લઈને નિર્દોષને ત્યાં આવી શકે ?'

'કોશિશ કરું.'

'દાઉદે નિર્દોષને જોયો છે ?'

'હા. એ બે વાર ત્યાં આવેલા.'

'ખરેખર ?'

'હા.'

'કારણ ?'

'મને જોસેફની ચિઠ્ઠી આપવા પણ એ જ આવેલા.'

'એને વહેમ હતો ખરો ?'

'એને મારી થોડીથોડી વાતોની ખબર હતી. જૉસેફને મળ્યા ન હતા; પણ કંઈક અફેર ચાલ્યા કરે છે તે તેઓ જાણતા અને આંખ આડા કાન કરી લેતા.

'તને શું લાગે છે ? દાઉદ સાથે વાત કરવામાં બાજી બગડે તો નહીં ને ?'

'બીજો ઉપાય પણ ક્યાં છે ?' વળી તમે લોકો જો મારી પડખે રહેવાના હો તો હું કોઈ વાતથી ડરતી નથી. હું ખરેખર તો તારાથી ડરતી હતી. હવે મારે દાઉદ સિવાય બીજા કોનાથી ડરવાનું ?'

'યાસ્મિન, અમે સૌ તારી સાથે છીએ.'

'શુક્રિયા, આસ્થા.'

'બહેનનો આભાર માનવાનો હોય ?'

'હું એમને વાત કરી જોઉં ?'

'જરૂર. પછી શું કહે છે તે મને જણાવજે.'

'ઓ.કે.'

બંને છૂટાં પડ્યાં.

* * *

આસ્થા આવી ત્યારે નિર્દોષ નવલકથાના અગિયારમા પ્રકરણની કાચી નોંધ તૈયાર કરી રહ્યો હતો. કશુંક બરાબર જામતું ન હતું એટલે એ મૂંઝાતો હતો.

આસ્થાના મન પર બોજો હતો; પરંતુ એ નિર્દોષને તદ્દન અલિપ્ત રાખવા માગતી હતી. દાઉદને નિર્દોષને મળવા બોલાવ્યો હતો. કારણ કે બીજો કોઈ ઉપાય ન હતો.

રાતના બંને અડખેપડખે સૂતાં હતાં પરંતુ આસ્થાના મનમાં તો યાસ્મિન અને દાઉદ જ રમી રહ્યાં હતાં.

છેલ્લા કેટલાક સમયથી બનતું હતું એવું કે આસ્થા એક આપત્તિ વટાવે ત્યાં બીજી ઊભી જ હોય. નિર્દોષને સાહિત્ય ઍકેડેમીનો ઍવૉર્ડ મળ્યો તેનાથી એ ખુશ હતી; પરંતુ એ ખુશી હમણાં લગભગ બાજુએ હડસેલાઈ ગઈ હતી.

આખી રાત આસ્થાએ ચિંતામાં વટાવી. યાસ્મિન ગર્ભપાત ન કરાવવા અંગે ખૂબ મક્કમ હતી. એ દાઉદને છોડવા તૈયાર હતી પણ સંતાન ગુમાવવા તૈયાર ન હતી. આસ્થાને લાગતું હતું કે કદાચ નિર્દોષ પણ પ્રતિષ્ઠા ગુમાવવાનું પસંદ કરે; પણ ગર્ભપાત પસંદ ન કરે. આ પ્રશ્નની ઊંડી ચર્ચા એ નિર્દોષ સાથે કરવા નહોતી માગતી.

દાઉદ આડો ફાટે તો ?

આ 'તો' તોત્તેર મણનો હતો અને એ જ ખરી સમસ્યા હતી. આસ્થાને અનેક શક્યતાઓ અંગે વિચારો આવી ગયા.

દાઉદ માની જાય અને બાળકને સ્વીકારે તો કોઈ જ પ્રશ્ન ન રહે. દાઉદ ન માને તો યાસ્મિન જુદી રહે અને બાળકને સાથે રાખે. દાઉદ છૂટાછેડા લે ખરો ? એ છૂટાછેડા લે અને બાળક પર હક કરે તો ? નિર્દોષ બાળક પોતાનું છે અને પોતે બધી જવાબદારી સ્વીકારે છે એવી હઠ પકડે તો ! આમ થાય પછી નિર્દોષ ન બચ્યો તો શું દાઉદ પોતાની પ્રતિષ્ઠાનો વિચાર કર્યા વગર આડો ફાટી શકે ? એ યાસ્મિનની મજબૂરી નહીં સમજે ? એણે યાસ્મિન પ્રત્યે આમે ઉદારતા નથી બતાવી શું ? યાસ્મિનનું દાઉદ પર કેટલું વજન પડે ? દાઉદ ઈમ્પોટન્ટ (નપુંસક) છે એવું ઘર સિવાયના બીજા લોકો જાણે છે ખરા ? દાઉદ સંસાર ખતમ કરીને ઈમ્પોટન્ટ તરીકે સમાજમાં બદનામ થવા જેટલી હિંમત કરે ખરો ?

કોઈ પ્રશ્નનો આસ્થાને જવાબ નહોતો મળતો. એ અંધારામાં બાથોડિયાં ભરતી હોય એ રીતે અવનવી શક્યતાઓ વિચાર્યા કરતી હતી. વધુ વિચારે તેમ એ વધારે ગૂંચાતી જતી હતી. પ્રશ્ન એટલો સંકુલ હતો કે તર્ક, બુદ્ધિ કે કલ્પના બહુ મદદરૂપ નહોતાં થયાં.

એ ઊઠી ત્યારે નિર્દોષે ચા બનાવી દીધી હતી. બંને રિવાજ મુજબ ચા પીવા બેઠાં ત્યાં કોઈએ કૉલબેલ દબાવ્યો.

આસ્થાએ બારણું ખોલ્યું.

સામે દાઉદ અને યાસ્મિન ઊભાં હતાં.

નિર્દોષ બંનેને જોઈ ભારે અચંબામાં પડી ગયો.

બંનેને આવકાર આપીને આસ્થા બીજા બે કપ ચા બનાવી લાવી.

સૌ ગોઠવાયાં પણ વાત શરૂ થાય નહીં.

છેવટે આસ્થાએ મૌન તોડ્યું :

'યાસ્મિન, તેં દાઉદભાઈને વાત કરી ?'

'જી.' યાસ્મિને નીચું જોઈને જવાબ વાળ્યો.

'મેં નિર્દોષને વાત કરી છે.' આસ્થાએ કહ્યું.

'દાઉદભાઈ, હું તમારાથી કશું જ છુપાવવા માગતો નથી. જે કાંઈ થયું છે તેની બધી જવાબદારી મારી છે.' નિર્દોષે કહ્યું.

'આસ્થા, હું પણ જવાબદાર છું.' યાસ્મિને કહ્યું.

'આપણે સાથે મળીને કોઈ ઉપાય વિચારવો રહ્યો.' આસ્થાએ હજી સ્પષ્ટ થવાનું ટાળવાનું યોગ્ય ધાર્યું.

'હું ગર્ભપાત સિવાય કોઈપણ ઉપાય માટે તૈયાર છું.' યાસ્મિને સ્પષ્ટતા કરી.

'એ વાત આપણી વચ્ચે કાલે થઈ હતી.' આસ્થાએ કહ્યું.

'મેં એમને પણ કહ્યું છે. હું માતા બનવા ઝંખતી હતી અને હજીય ઝંખું છું. આકાશ તૂટી પડે તોય હું પેલો માર્ગ નહીં લઉં. એ માર્ગે જો જવું હોત તો કોઈ મુશ્કેલી જ ન હતી. હું નિઃસંતાન રહેવા કરતાં મુશ્કેલી સાથે જીવવાનું વધારે પસંદ કરું છું. મારા સંતાન માટે હું કોઈપણ બલિદાન આપવા તૈયાર છું.' યાસ્મિને પોતાની વાત સ્પષ્ટ શબ્દોમાં જણાવી.

'હું પણ ગર્ભપાત સિવાયના કોઈપણ ઉપાય માટે તૈયાર છું. ગમે તે કિંમત ચૂકવવા તૈયાર છું પણ...' નિર્દોષે કહ્યું.

'એ વાત થઈ ગઈ છે.' આસ્થાએ નિર્દોષને બોલતાં રોકીને કહ્યું.

'તો પછી હવે ઉપાય શું વિચાર્યો ?' નિર્દોષે સીધો પ્રશ્ન પૂછ્યો.

'દાઉદભાઈ શું કહે છે તે સાંભળ્યા પછી જ આગળ વિચાર થઈ શકે.' આસ્થાએ દાઉદ કંઈક બોલે એ આશાએ કહ્યું.

સૌ મૌન થઈ ગયાં.

'દાઉદભાઈ, મનમાં જે હોય તે કહો. બધો આધાર તમારા નિર્ણય પર છે.' આસ્થાએ સ્પષ્ટતા કરી.

ફરી પાછાં સૌ શાંત થઈ ગયાં. દાઉદ શું કહે છે તે જાણવા સૌ આતુર હતાં. દાઉદ કશુંક કહેતાં શરમાતો હોય એમ આસ્થાને લાગ્યું.

'દાઉદભાઈ, તમે યાસ્મિનનો વિચાર કરો. એની જગ્યાએ કોઈ પણ બીજી સ્ત્રી શું કરે ? તમે એની મજબૂરી સમજો છો ને ?' આસ્થાએ દાઉદ તરફ જોઈને કહ્યું.

'હું બધું સમજું છું.' ખૂબ નીચા અવાજે દાઉદે કહ્યું.

'તમે બાળકને સ્વીકારશો ખરા ?' આસ્થાએ પૂછ્યું.

'હા.' દાઉદે સૌ સાંભળે એ પ્રમાણે ટૂંકો જવાબ આપ્યો.

'યાસ્મિનને અને બાળકને તમારે ત્યાં રાખશો ને ?' આસ્થાને આ રીતે જવાબ કઢાવવાનું યોગ્ય લાગ્યું.

'હા, મને વાંધો નથી.' દાઉદ બોલ્યો.

'ઘરમાં કોઈને વાંધો ખરો ?' આસ્થાએ સીધો સવાલ પૂછ્યો.

'આ વાત કોઈ જાણતું નથી અને જાણશે પણ નહીં.' દાઉદે જવાબ આપ્યો.

'તમારી ખામી અંગે લોકોને ખબર છે ?' નિર્દોષે પૂછ્યું.

'ના, સાહેબ.' દાઉદે કહ્યું.

'તો પછી તમે પાછળથી કોઈ મુશ્કેલી ઊભી કરી યાસ્મિનને દુઃખી નહીં કરો ને ?' આસ્થાએ દાઉદને સીધું જ પૂછ્યું.

'મને કોઈ મુશ્કેલી નહીં પડે.' યાસ્મિને દાઉદને બદલે જવાબ વાળ્યો.

'દાઉદભાઈ, આજે ઘણાં મા-બાપ પારકાં બાળકોને દત્તક લે છે. તમે એનાથીય મોટું કામ કરી રહ્યા છો. જરૂર પડ્યે હુંય તમારી પડખે રહીશ; પણ યાસ્મિનને કે બાળકને મારી ભૂલની સજા કરશો નહીં.' નિર્દોષે દાઉદનો હાથ પકડીને પ્રેમપૂર્વક કહ્યું.

'સાહેબ ! મેં તમારી ચોપડી વાંચી છે.' દાઉદે આટલું બોલીને સૌને આશ્ચર્યમાં નાખી દીધા.

'શું કહો છો ! એ તમે ક્યાંથી લાવ્યા ?' આસ્થાએ કહ્યું.

'યાસ્મિન લાવી હશે અને એકબે દિવસ એ ઘરે જ પડેલી હતી. મેં તે વાંચવા માંડી.' દાઉદે કહ્યું.

'તમને ગમી ?' આસ્થાએ પૂછ્યું.

'હા.' દાઉદે ટૂંકમાં જ પતાવ્યું.

'તમે તે દિવસે સવારે આવ્યા ત્યારે હું તો...' નિર્દોષે કહ્યું.

'તમને મળવા જ આવેલો.' દાઉદે કહ્યું.

'કંઈ કામ હતું ?' નિર્દોષે પૂછ્યું.

'ના, એમ જ.' દાઉદ બોલ્યો.

'તો પછી યાસ્મિન, હવે તું રડ્યા કરવાનું બંધ કર. દાઉદભાઈ આટલા ઉદાર હશે એનો મને ખ્યાલ ન હતો.' આસ્થા બોલી.

હું પણ ઈન્સાન છું અને યાસ્મિન પણ ઈન્સાન છે.' દાઉદે કહ્યું.

'યાસ્મિન, તું અને દાઉદ હવે સુખેથી રહો.' આસ્થાએ વાત પૂરી કરવાને ઈરાદે કહ્યું.

'સાહેબ, મારી એક અરજ યાસ્મિનને છે.' દાઉદે ફરી પાછાં સૌને આશ્ચર્યમાં મૂકી દીધાં.

'શી અરજ છે ? મને કહો, હું તમારા હુકમ માટે તૈયાર છું.' યાસ્મિન બોલી.

'બાળક થાય પછી...' દાઉદ અચકાતો હતો.

'પછી શું ?' યાસ્મિને અધીરાઈ બતાવીને પૂછ્યું.

'પછી.' દાઉદ આગળ ન બોલી શક્યો.

'હું સમજી ગઈ.' યાસ્મિન બોલી.

'શું ?' આસ્થાએ નવાઈ પામીને પૂછ્યું.

'બાળક થાય પછી મારે બાળકને અને એમને વફાદાર રહેવાનું, કેમ ખરું ને ?' યાસ્મિને દાઉદ તરફ જોઈને પૂછ્યું

'હા.' દાઉદે નીચું જોઈને કહ્યું.

'મને મંજૂર છે.' યાસ્મિને મક્કમતાપૂર્વક કહ્યું.

'પછી નોકરી તો થાય ને ?' આસ્થાએ પૂછ્યું.

'તેઓ કહે તો હું નોકરી પણ છોડી દઈશ. પછી હું ઘરની બહાર જઈશ તોય આ પ્રોમિસ પાળીશ. અહીં તમને પણ મળવા આવીશ; પણ ત્યારે ક્યાં તો મારું બાળક કે તેઓ મારી સાથે હશે.

આ પ્રોમિસ હું મારી ખુશીથી આપું છું અને એ કોઈપણ ભોગે પાળીશ.' યાસ્મિને જણાવ્યું.

યાસ્મિન અને દાઉદ ગયાં.

ક્યાંય સુધી આસ્થા અને નિર્દોષ શાંત બેસી રહ્યાં.

'આસ્થા ! તેં મારો મોટો ભાર આજે હળવો કર્યો.' નિર્દોષે આસ્થાને પોતાના ભણી ખેંચતા કહ્યું.

'નિર્દોષ, આભાર માનવા માટે જુદાપણું જરૂરી છે. હું અને તું એક છીએ.'

'આઈ લવ યુ આસ્થા !"

'એક વાત કહું ? હું તને કદીય સંતાનની ભેટ નહીં આપી શકું.'

'કેમ ?'

'પછી હું લોનાવાલા શી રીતે જઈ શકું ?'

'હટ લુચ્ચી !'

'હે મારા ભોળાનાથ ! નિર્દોષ હોવાનો ઢોંગ ક્યાં સુધી ચાલુ રાખવા માંગો છો ?'

'બુધવાર તારીખ પચ્ચીશમી એપ્રિલ સુધી.'

'પછી ?'

'પછી "દોષ" અને "નિર્દોષ" બંને મટી જાય એમ બને.'

'નિર્દોષ ! તેં ગર્ભપાતનો વિરોધ કર્યો એ ગમ્યું.'

'લગ્ન વગરના સમાજમાં વેશ્યાગૃહો ન હોય તેમ ગર્ભપાત પણ ન હોય.'

'તો પછી એ સમાજમાં શું હોય ?'

'આસ્થા જેવી મિત્ર અને નિર્દોષ જેવો દરદી !'

'વળી પાછી શબ્દોની રમત !' આસ્થાએ નિર્દોષને ધબ્બો માર્યો. રાત પડી ગઈ હતી.

અંધારામાં ચાર આંખો જાગતી હતી.

એ આંખોમાં ઘેન હતું પણ ઊંઘ નહોતી !

❑

૨૪

અતીત મજમુદાર

પ્રતીક્ષાનાં લગ્ન ભારે ધામધૂમથી પતી ગયાં.

આજે બંને નિર્દોષને ત્યાં જમવા આવી રહ્યાં હતાં. વાઘેચાથી આવ્યા પછી નિર્દોષનો ઘણો સમય અભિનંદનના પત્રોના જવાબ આપવામાં જતો હતો. આસ્થા પણ એમાં મદદ કરતી હતી.

ઑપરેશનને હવે માંડ આઠ-દસ દિવસની વાર હતી. આસ્થાનું સમગ્ર ચિત્ત હવે બુધવાર તારીખ પચ્ચીશમી પર મંડાયું હતું. યાસ્મિનવાળો પ્રશ્ન ધાર્યા કરતાં સરળતાથી ઊકલી ગયો તેથી એને થોડીક નિરાંત થઈ હતી.

એના મનમાં એક વાત રમ્યા કરતી હતી. નિર્દોષ બચી જાય પછી વેકેશનમાં લોનાવાલા જઈને રહેવા એ ઉત્સુક હતી. યાસ્મિન સાથેના નિર્દોષના સંબંધ અંગે એના મનમાં રોષ ન હતો; પરંતુ એ જાણ્યા પછી માનવસંબંધોની સંકુલ સમસ્યાઓ વિશે એ વિચારતી થઈ હતી. નિર્દોષ નિખાલસ હતો એ વાત જુદી હતી. એથી કાંઈ માણસના મનને તળિયે રમતી વૃત્તિઓ મટી નથી જતી. આસ્થા આ વૃત્તિઓને, ઈરણોને અને એષણાઓને સ્વસ્થ ચિત્તે સાક્ષીભાવે જોઈ શકવાની ક્ષમતા પ્રાપ્ત કરવા માગતી હતી. લોનાવાલા જઈ શું પ્રાપ્ત કરવું છે તે અંગે એ સ્પષ્ટ હતી; કઈ રીતે એ દિશામાં આગળ વધવાનું છે તેની જાણ એને ન હતી. આ દુનિયાની નાનીમોટી સમસ્યાઓ માણસને, એક ખેલાડી પાસેથી બીજા પાસે ઊછળીને પહોંચતાં વૉલીબોલની માફક સદા ફંગોળ્યે રાખે છે. આસ્થા હવે આ

રીતે ફંગોળાવા નહોતી માગતી. સ્વામી સત્યાનંદના માર્ગદર્શન હેઠળ એ સ્વસ્થ, વધારે સ્વસ્થ અને ખૂબ જ સ્વસ્થ થવા માગતી હતી.

યાસ્મિન સમય કરતાં થોડીક વહેલી આવી. એના મનમાં હવે આસ્થાની એક નવી જ છબી ઊગી હતી. આસ્થાએ જે રીતે પોતાના પ્રશ્નમાં રસ લીધો તે જોયા પછી આસ્થા માટેનો એનો આદર હતો તેટલો જ રહ્યો હતો; પરંતુ એનું ઊંડાણ વધી ગયું હતું.

જરૂર પડે હવે એ આસ્થા માટે મરવા પણ તૈયાર હતી.

યાસ્મિન આવી ત્યારે આસ્થા રસોડામાં હતી અને નિર્દોષ બેડરૂમમાં બેઠો બેઠો પત્રોના જવાબો લખી રહ્યો હતો.

યાસ્મિન સીધી રસોડામાં ગઈ અને બોલી :

'આસ્થા, તને મદદ કરવા માટે વહેલી આવી છું.'

'એકલી જ ?' આસ્થાએ આંખ મીંચકારી પૂછ્યું.

'તેઓને અહીં મજા નહીં પડે.'

'હું દાઉદની વાત નથી કરતી.'

'તો પછી ?'

'હવે તું એકલી નથી. હવે તારે માટે તો દ્વિવચનમાં જ વાત કરવી પડે.'

'સમજી.'

'હવે તારે તબિયત સાચવવી પડશે.'

'હું નર્સ છું તે ભૂલી ગઈ ? મેંય સુવાવડ કરાવી તો છે ને !'

'હવે તને ચિંતા કરવાની મનાઈ છે.'

'તારો ઉપકાર નહીં ભૂલું, આસ્થા !'

'ગાંડી છે ?'

'બોલ, શી મદદ કરું ?'

'બધું જ તૈયાર છે, હવે માત્ર કઢી કરવાની છે તે સૌ આવી જાય પછી કરીશ.' આસ્થાએ હાથ લૂછતાં કહ્યું.

'તો હું નકામી વહેલી આવી.' યાસ્મિને કહ્યું.

'યાસ્મિન, મારી દશા તો જો ! હું તો સરકારી ઑફિસનો અવલ કારકુન બની ગયો હોઉં એમ લાગે છે.' નિર્દોષે બેડરૂમમાં બેઠાં બેઠાં સંભળાવ્યું.

'એવૉર્ડ લેવો છે અને બે વાત કરવી છે ?' યાસ્મિને રસોડામાંથી જ જવાબ આપ્યો.

'યાસ્મિન, સારું થયું કે હું હજી મર્યો નથી, નહીં તો આ એવૉર્ડ મરણોત્તર માન બની જાત.' નિર્દોષે કહ્યું.

'ફરી પાછી મરણની વાત !' યાસ્મિને કહ્યું.

'યાસ્મિન, આ અસ્તિત્વવાદીઓ જીવન કરતાંય મૃત્યુની વાત વધારે કરે છે. આપઘાતને એ લોકો જેટલું માન કોઈ નથી આપતું.' આસ્થાએ નિર્દોષને સંભળાવ્યું.

'અરે, હવે મારે તો લખવાનું ઓછું કરવું પડશે.' નિર્દોષ બોલ્યો.

'કેમ ?' આસ્થાએ પૂછ્યું.

'હવે લોકો મારી પાસે અમુક કક્ષાની અપેક્ષા રાખશે. હવે મારે આ એવૉર્ડની ઈજ્જત સાચવવી પડવાની.' નિર્દોષ બોલ્યો.

'હૃષીકેશ મુખરજી કે સત્યજિત ગમે તેવી ફિલ્મ ઉતારી ન શકે એવું તમારું થવાનું.' આસ્થાએ રસોડામાંથી બહાર આવતાં કહ્યું.

'થોડુંક એવું ખરું.' નિર્દોષે કહ્યું.

'આસ્થા, હવે ભૂખ લાગી છે.' યાસ્મિને કહ્યું.

'પ્રતીક્ષા અને અતીત આવે એટલી વાર છે. હવે આવવામાં જ હશે.' આસ્થા બોલી.

'યાસ્મિન, ઘરે સૌ મજામાં ?' નિર્દોષે પૂછ્યું.

'જી.' યાસ્મિને કહ્યું.

ઘંટડી વાગી અને આસ્થાએ દરવાજો ખોલ્યો.

'વેલ્કમ...વેલ્કમ...વેલ્કમ. નવાં પરણેલાં છોકરાં-છોકરી મોડાં પડે એ ગુનો માફ કરવામાં પણ એક જાતનો આનંદ આવે છે.' આસ્થાએ મજાક કરી.

'આ અતીતે તૈયાર થવામાં વાર લગાડી.' પ્રતીક્ષાએ તોફાનની શરૂઆત કરી દીધી.

'આવા હેન્ડસમ છોકરાને વળી તૈયાર શું થવાનું ? એ વાળ ઓળે તોય સારો લાગે અને ન ઓળે તોય એ સ્ટાઈલમાં ખપે !' આસ્થાએ તોફાનને આગળ ચલાવ્યું.

'આસ્થાબહેન, તમે જ કહો. મેઈક-અપ મેં કર્યો છે કે પ્રતીક્ષાએ ? તમે નિષ્પક્ષ બની શકો છો એમ માનીને આવું પૂછું છું.' અતીતે તોફાનને ચગાવ્યું.

'પ્રતીક્ષા, એટલું તો કહેવું પડશે કે તું સાડી પહેરે ત્યારે થોડીક ઠરેલ લાગે છે.' નિર્દોષે તોફાનને વળાંક આપ્યો.

'આ અતીત આગળ મારું મરચું વાટવા બેઠા છો ? હું શું ઠરેલ નથી ?' પ્રતીક્ષાએ નિર્દોષને જોરથી ચીમટી ભરતાં કહ્યું.

'ઠરેલ હોવાને હું મોટો સદ્‌ગુણ નથી ગણતો.' નિર્દોષે કહ્યું.

'તો પછી આ અતીતનું ઠરેલપણું ઓછું કરી આપો.' પ્રતીક્ષા બોલી.

'કેમ, એણે એવું તે શું કર્યું કે...' નિર્દોષ વાક્ય પૂરું કરે તે પહેલાં તો પ્રતીક્ષા બોલી :

'હનીમૂન માટે ભાઈસાહેબને ભારતની કોઈ જગ્યા પસંદ નથી.' પ્રતીક્ષાએ સ્પષ્ટતા કરી.

'તે વાત સાચી છે. આ સતી અને જતિના દેશમાં વળી હનીમૂન કેવું ? અહીં તો હનુમાનની આણ પ્રવર્તે છે અને લક્ષ્મણ પણ સીતાના પગનાં જ ઘરેણાં ઓળખી શકે છે.' નિર્દોષે કહ્યું.

'તો પછી પરદેશ જઈ આવો.' આસ્થા બોલી.

'શ્રીલંકા સિવાય ગમે ત્યાં જવા.' નિર્દોષ બોલ્યો.

'કેમ ?' પ્રતીક્ષાએ પૂછ્યું.

'ત્યાં પણ હનુમાન ગયા હતા. તને ખબર છે ? હનુમાનને એક દીકરો હતો.' નિર્દોષે બૉમ્બ ફેંક્યો.

'અરે શું બકવાસ કરે છે ? એ તો બ્રહ્મચારી હતા.' આસ્થાથી રહેવાયું નહીં.

'બ્રહ્મચારી હતા પણ નિઃસંતાન ન હતા. એમના પરસેવામાંથી એક બાળક ઉત્પન્ન થયો હતો.' નિર્દોષે કહ્યું.

'સાચું કહે છે કે પછી આ પણ લગ્ન વિરુદ્ધની જેહાદનો જ એક ભાગ છે ?' આસ્થા થોડી ગુસ્સામાં હતી.

'આવી વાત છે અને તેં મેં નથી લખી.' નિર્દોષે બચાવ કર્યો.

'ગપ્પાં, ગપ્પાં, ગપ્પાં.' આસ્થાએ જોરથી ભારપૂર્વક કહ્યું.

'આપણને ગપ્પાંય મનગમતાં હોય તો જ ગમે છે.' નિર્દોષે કહ્યું.

'યાસ્મિન, હવે જમવાની તૈયારી કરીએ – નહીં તો એ આ નિર્દોષ નવપરિણીત યુગલ સમક્ષ લગ્નનાં અનિષ્ટો ગણાવવા માંડશે.' આસ્થાએ કહ્યું.

'પ્રતીક્ષા એમને પહોંચી વળે તેવી છે અને હવે એ એકલી નથી. અતીત એને મદદ કરશે.' યાસ્મિને કહ્યું.

સૌ ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયાં. ગપસપ ચાલતી રહી.

'આજે નિર્દોષભાઈનું પ્રિય મેનુ છે, ખરું ને ?' અતીત બોલ્યો.

'અરે ! આ વાત તમને કોણે કહી ?' નિર્દોષે પૂછ્યું.

'પ્રતીક્ષાએ મને બધું જ કહ્યું છે. તમારી માંદગી, તમારી નવલકથાઓ, તમારા વિચારો – એ બધાં વિશે એણે મને વાત કરી છે.' અતીત બોલ્યો.

'પ્રતીક્ષા, તેં મારી બદનક્ષી કરી.' નિર્દોષે કહ્યું.

'નો, સર ! એણે તમારી નવલકથાઓ આપી હતી; પણ મેં હજી એક પણ વાંચી નથી. હવે પરીક્ષા પછી વાંચીશ.' અતીતે કહ્યું.

'હું થોડો બોલ્ડ છું. દંભી સમાજમાં હું મારા મનની સહેજ વાતો કરું તેય બોલ્ડનેસમાં ખપે છે. બાકી બોલ્ડનેસ તો બતાવી મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ. એમનું આત્મવૃત્તાંત વાંચીએ ત્યારે સમજાય કે એ માણસે કશું જ છુપાવ્યું નથી. પોતાની સેક્સલાઈફ અંગે એમણે નિર્ભયતાથી લખ્યું છે.' નિર્દોષે કહ્યું.

'બર્માના ભૂતપૂર્વ વડાપ્રધાન ઉ નુની આત્મકથા પણ એટલી જ બોલ્ડ છે.' અતીતે કહ્યું.

'નિર્દોષની નવલકથાઓ યુવાનોને સ્પર્શી જાય છે તેનું એક જ કારણ છે; એમાં દંભનો પડદો ચિરાઈ જાય છે.' આસ્થા બોલી.

'અને વિચારોનું ઊંડાણ હોવા છતાં એનો ભાર નથી જણાતો.' પ્રતીક્ષાએ કહ્યું.

'તો પછી હનીમૂન અંગે શું ફેંસલો આવ્યો ?' યાસ્મિને અસલ વાત ફરી શરૂ કરી.

'મોરેશિયસ રાખીએ ?' પ્રતીક્ષાએ પૂછ્યું.

'ના, રે ના.' અતીતે ઠંડું પાણી રેડ્યું.

'લંડન ?'

'ના. આ પ્રશ્ન જ અસ્થાને છે.'

'પેરિસ ? જીનીવા ? ખટમંડુ...' પ્રતીક્ષાએ યાદી રજૂ કરી.

'ના, ના, ના.' અતીતે નન્નો સુણાવ્યો.

'તો પછી તારી પસંદગી જણાવી દે ને, અતીત !' યાસ્મિને કહ્યું.

'યાસ્મિનબહેન, તમે મોટાં છો એટલે કહેતાં શરમાઉં છું. એને પૂછી તો જુઓ કે હનીમૂન કરવામાં લગ્ન પહેલાં અમે શું બાકી રાખ્યું હતું !' અતીતે ઘડીભર સૌને ચૂપ કરી દીધા.

'યસ સર ! વાત ખરી છે પણ તેથી ક્યાંય જવું નહીં ?' પ્રતીક્ષાએ કહ્યું.

'આઈ ડોન્ટ માઈન્ડ, પણ મારે હજી બે પેપર્સ બાકી છે. ત્યાં સુધી હું ક્યાંય જઈ ન શકું. મેની પાંચમી પછી ગમે ત્યાં જવા તૈયાર છું; પણ તેય દેશની બહાર તો નહીં જ.' અતીતે સ્પષ્ટતા કરી.

'મિયાંબીબીની વાતમાં માથું મારવાનો આપણને શું હક્ક છે ?' નિર્દોષે પ્રશ્ન ઉઠાવ્યો.

'તમે માથું નથી માર્યું, મને મદદ કરી છે અને તેય માગ્યા પછી.' પ્રતીક્ષાએ કહ્યું.

'લગ્ન છે એટલે હનીમૂન છે. લગ્નની માફક હનીમૂન પણ એક વિધિ જ ને !' નિર્દોષે કહ્યું.

'એ વિધિ કેટલી આનંદપ્રદ છે !' પ્રતીક્ષાએ કહ્યું.

'આવા આનંદ માટે લગ્નના સિક્કાની જરૂર ખરી ?' નિર્દોષે પૂછ્યું.

'એવા સિક્કા વગર કોઈનું ક્યાં કશુંય અટકે છે ?' પ્રતીક્ષાએ દલીલ કરી.

'જો અટકતું જ ન હોય તો સિક્કાની આટલી બધી પ્રતિષ્ઠા શા માટે ?'

'બંને જણ જીવનભર સાથે રહે તે માટે.' પ્રતીક્ષા બોલી.

'યેનકેન પ્રકારેણ સાથે રહેવાનું જરૂરી ખરું ?' નિર્દોષે પૂછ્યું.

'બી.એ. થયેલો વિદ્યાર્થી સર્ટિફિકેટ ન મળે તોય જે જાણે છે તે જાણે જ છે. એનાથી કશો જ ફેર પડતો નથી ને છતાં વ્યવહારમાં સર્ટિફિકેટ જરૂરી બને છે. લગ્નના સિક્કાનું પણ એવું જ.' પ્રતીક્ષાએ કહ્યું.

'હવે લગ્નમીમાંસા બંધ કરવામાં આવે છે. ઓર્ડર, ઓર્ડર ! આસ્થાએ ચર્ચા પર ઠંડું પાણી રેડ્યું.

ભોજન કરવા પછી સૌ આરામ કરતાં બેઠાં હતાં. કૉલબેલ વાગ્યો એટલે આસ્થા ઊભી થઈ.

બે યુવાનો નિર્દોષને મળવા આવ્યા હતા. ગુજરાતી સાહિત્ય વર્તુળ તરફથી નિર્દોષનું બહુમાન કરવાનો નિર્ણય લેવાયો હતો. યુવાનો તે માટેની તારીખ પાકી કરવા આવ્યા હતા. નિર્દોષની સંમતિ મેળવીને એ લોકો ગયા.

'કઈ તારીખ આપી ?' આસ્થાએ પૂછ્યું.

'તારીખ ૨૨મી.' નિર્દોષે કહ્યું.

'સમારંભ ક્યાં ગોઠવાયો છે ?' આસ્થાએ પૂછ્યું.

'પાટકર હૉલમાં.' નિર્દોષે કહ્યું.

'૨૫મીએ બુધવારે ઑપરેશન છે.' આસ્થાએ કહ્યું.

'૨૩મીએ હૉસ્પિટલ પહોંચી જવાનું છે.' નિર્દોષે કહ્યું.

'સમય ઓછો પડવાનો.' આસ્થા બોલી.

'બધી જ તૈયારી થઈ ગઈ છે. માત્ર મારી સંમતિ બાકી હતી.' નિર્દોષે જણાવ્યું.

'અમે સૌ આમંત્રણ ન મળે તોય આવીશું.' પ્રતીક્ષા બોલી.

'સન્માનવિધિ પછી ઑપરેશન વિધિ પછી સ્મશાનવિધિ.' નિર્દોષે કટાક્ષ કર્યો.

'અમારી લાગણીને ખાતર તો મૂંગા રહો !' યાસ્મિન બોલી.

'સમારંભમાં અમે સૌ તમારી સાથે બેસીશું.' આસ્થાએ કહ્યું.

'ડૉક્ટર નાગરને આમંત્રણ મળે તેવું કરવું પડશે.' નિર્દોષે કહ્યું.

'અને હું એક કાર્ડ સ્વામીદાદાને મોકલીશ.' યાસ્મિન બોલી.

'તેઓ ભલે ન આવે પણ કાર્ડ જરૂર મોકલી શકાય.' નિર્દોષે યાસ્મિનની વાતને આવકારી.

'સ્વામીદાદા કોણ ?' અતીતે પૂછ્યું.

'સ્વામી સત્યાનંદજી કરીને એક સંત લોનાવાલા રહે છે. અમે સૌ ત્યાં થોડાક દિવસો પર ગયાં હતાં.' આસ્થાએ કહ્યું.

'ક્યારે ?' અતીતે પૂછ્યું.

'માંડ દસબાર દિવસ થયા હશે.' પ્રતીક્ષા બોલી.

'ગજબની વ્યક્તિ છે એ તો.' અતીતે કહ્યું.

'તું એમને ઓળખે છે ?' પ્રતીક્ષાએ આશ્ચર્ય બતાવ્યું.

'તેઓ અમારા કુટુંબના વડીલ છે. થોડાંક વર્ષો પર તેઓ મુંબઈ આવેલા ત્યારે અમારે ત્યાં જ ઊતરેલા. મારા પિતાજીને એમના પર ખૂબ શ્રદ્ધા છે. મને પણ એમને માટે ઘણું માન છે. મેં તો માંડ પંદર મિનિટ એમની સાથે ગાળી હશે; પરંતુ એટલામાં તો તેઓ મને ખૂબ ગમી ગયા." અતીતે નવી જ વાત કરી.

'હવે તો લોનાવાલા જતી વખતે ફિયાટ નહીં ચાલે, એમ્બેસડર ગાડી જોઈએ.' આસ્થા બોલી.

'આપણે તમે કહો ત્યારે તૈયાર છીએ.' અતીત બોલ્યો.

'અતીત, પેલાં બે પેપર્સ હજી બાકી છે તેનું શું !' પ્રતીક્ષાએ તીર છોડ્યું.

'પેપર્સ જાય ચૂલામાં. હું આવીશ આસ્થાબહેન !' અતીતે કહ્યું.

'જરૂર, જરૂર.' પ્રતીક્ષાએ ખુશી વ્યક્ત કરી.

થોડી વાર કોઈ કંઈ ન બોલ્યું.

નિર્દોષ યાસ્મિનનો વિચાર કરતો હતો.

યાસ્મિન દાઉદ અંગે વિચારી રહી હતી.

પ્રતીક્ષા અતીતે આપેલા સુખદ આશ્ચર્યમાંથી બહાર નહોતી આવી.

આસ્થા સ્વામીજીના વિચારમાં મગ્ન હતી.

ત્યાં કૉલબેલ રણક્યો.

નિર્દોષે ઊઠીને બારણું ઉઘાડ્યું.

સામે ઊભા હતા સ્વામી સત્યાનંદ !

❑

૨૫

સ્વામી સત્યાનંદ અને સાર્ત્ર

સ્વામી સત્યાનંદ માત્ર દસ મિનિટ માટે રોકાયા અને પાછા લોનાવાલા ચાલ્યા ગયા. એક ભક્તના ખાસ આગ્રહથી તેઓ એક-બે કલાક માટે જ મુંબઈ આવ્યા હતા. નિર્દોષને ઍવૉર્ડ મળ્યો એવું જાણવા મળ્યું એટલે અભિનંદન આપવા ઓચિંતા જ આવી પડ્યા હતા.

દસ મિનિટમાં તો એમણે નિર્દોષના ઘરને જાણે જીવનથી ભરી દીધું. નિર્દોષને ભાવપૂર્વક અભિનંદન આપીને એમણે આસ્થાને કહ્યું :

'બેટા, આ સંસારનો ખેલ ચાલ્યા કરે છે. એક દિવસ કૅન્સર કૅન્સરનો ખેલ તો બીજે દિવસે ઍવૉર્ડ ઍવૉર્ડનો ખેલ. આવા ખેલ વખતે ઘણાખરા લોકો ખેલાડી બનીને રમવા લાગે છે; જ્યારે બહુ ઓછા અમ્પાયર બની શકે છે. આ ખેલને સાક્ષીભાવે જોવાની પણ એક મજા છે. માયાથી છૂટવાની પણ આ એક રીત છે.'

સ્વામીજીના ઓચિંતા આગમનને કારણે નિર્દોષ એકદમ ભાવવિભોર બની ગયો હતો. એ જાણે મૃત્યુ નામના પ્રદેશની સરહદ પર ઊભો હતો. સ્વામીજીના એકેએક શબ્દનું એ જાણે આચમન કરી રહ્યો હતો. સાધુ અંગેના એના બધા ખ્યાલો સ્વામીજી ખોટા પાડી રહ્યા હતા.

એણે બારણું ખોલ્યું ત્યારે કોઈનેય સ્વપ્નેય ખ્યાલ ન હતો કે સ્વામી સત્યાનંદ સામે ઊભા હશે. સૌ તેમને વિશે તો વાત કરી રહ્યાં હતાં. આવું પરમ સુખદ આશ્ચર્ય ઘરમાં આનંદની લહેરખી લેતું આવ્યું.

સ્વામીજી ગયા પણ એક ઊંડી છાપ મૂકતા ગયા. આસ્થાનું ચાલત તો એમની સાથે કારમાં જ બેસી જઈ લોનાવાલા પહોંચી જાત. પ્રતીક્ષા અને અતીતે તો એક સાથે નમન કરીને એમના આશીર્વાદ લઈ લીધા.

યાસ્મિને સ્વામીજીના આશીર્વાદ લીધા ત્યારે એના મનમાં જુદો જ ભાવ રમી રહ્યો હતો.

શનિવારે સાંજે છ વાગ્યે પાટકર હૉલ પર સમારંભમાં જ મળવાનું નક્કી કરીને સૌ છૂટાં પડ્યાં.

*　　*　　*

લગભગ આખો હૉલ ભરાઈ ગયો હતો. જાણીતા સાહિત્યકારો, પત્રકારો, અધ્યાપકો અને અન્ય પ્રતિષ્ઠિત નાગરિકોની હાજરી સમારંભના ગૌરવમાં વધારો કરતી હતી. નિર્દોષના કેટલાક ખાસ ચાહકો પણ આવ્યા હતા. તેઓ તેને જોવા અને સાંભળવા આવ્યા હતા.

પ્રાસંગિક પ્રવચનો થયાં.

સન્માનવિધિ થઈ અને સન્માનના જવાબરૂપે નિર્દોષ બોલવા ઊભો થયો.

આખા હૉલમાં શાંતિ પથરાઈ ગઈ. સફેદ ખાદીના પોશાકમાં નિર્દોષની વિચારક તરીકેની મુદ્રા સરસ રીતે ઊપસી આવતી હતી. બિલકુલ સામેની બેઠકોમાં આસ્થા, પ્રતીક્ષા, અતીત, યાસ્મિન, દાઉદ અને ડૉક્ટર નાગર બેઠાં હતાં.

નિર્દોષે પ્રવચન શરૂ કર્યું :

'આજે ઝાઝું બોલવાની ત્રેવડ મારી પાસે નથી. મૃત્યુની સમીપ રહેવાનું બન્યું ત્યારે જીવન અંગે જે કાંઈ વિચાર્યું તેને પરિણામે સાહિત્ય અંગે પણ હું નવેસરથી વિચારતો થયો છું. હજી મૃત્યુની સામે જ ઊભો રહ્યો હોઉં એમ લાગે છે.

કિર્કગાર્ડે એક વાર કહેલું કે "Truth is subjectivity." આ વિશ્વમાં સત્યની ખોજ સતત ચાલી રહી છે. સાર્ત્ર પોતે નાસ્તિક; પરંતુ અસ્તિત્વ અને તેમાંય માનવમાં એની શ્રદ્ધા અપાર ગણાય. એણે સન

૧૯૪૫માં પેરિસમાં એક ભાષણ કરેલું અને કહેલું કે જો ભગવાન ન હોય તો છેવટે એક અસ્તિત્વ તો એવું છે જ – અને તે માનવ પોતે.

માણસ પોતે પોતાનામાંથી જે નિપજાવે તે જ છે. આને આત્મલક્ષીતા કે સબ્જેક્ટિવિટી ભલે ગણવામાં આવે. અસ્તિત્વવાદીઓમાં કેટલાક નાસ્તિક છે; જ્યારે કેટલાક આસ્તિક પણ હોય છે. એ લોકોમાં સામ્યવાદીઓ પણ છે અને લોકશાહીના પુરસ્કર્તાઓ પણ છે. આ જમાતમાં આશાવાદીઓ અને નિરાશાવાદીઓ એમ બંને પ્રકારના લોકો જોવા મળે છે. મને, અહીં સાર્ત્રે કહેલી એક વાર્તા યાદ આવે છે. એક હતો અબ્રાહમ. એક દિવસ દેવદૂતે આવીને અબ્રાહમને આજ્ઞા કરી કે તારા દીકરાનું બલિદાન જોઈએ છે. આ એક એવી આજ્ઞા હતી જેનો અનાદર થઈ શકે એ શક્ય નહોતું.

પ્રશ્ન એટલો જ હતો કે એવી આજ્ઞા કરનાર દેવદૂત હતો ખરો? બીજો પ્રશ્ન એ પણ હતો કે આજ્ઞા મેળવનાર શું સાચે જ અબ્રાહમ હતો ? સાબિતી શી ?

એક સ્ત્રી વિભ્રમ (hallucination)થી પીડાતી હતી. એની ફરિયાદ એ હતી કે લોકો ટેલિફોન પર એને અમુક કરવા માટે આજ્ઞા કરતા હતા. ડૉક્ટરે એને પૂછ્યું : 'પણ તમને ટેલિફોન પર આજ્ઞા કરનારા છે કોણ ?' પેલી સ્ત્રી કહે છે : 'તે કહે છે કે પોતે ભગવાન છે !'

આમ હું કોઈ કામ કરવાનું નક્કી કરું તો માત્ર હું જ કહી શકું કે એ સારું છે કે ખરાબ. પ્રશ્ન એટલો જ કે હું પોતે અબ્રાહમ છું જ એની ખાતરી શી ? દોસ્તોવસ્કીએ એક વાર લખેલું કે જો ભગવાન ન હોત તો બધી છૂટ મળી ગઈ હોત. કદાચ આ જ અસ્તિત્વવાદનું આરંભબિંદુ છે.

મારી નવલકથા 'શમણાંના ઉપવનમાં' આવા એક આરંભબિંદુને બહેલાવવાનો મારો નમ્ર પ્રયત્ન ગણાય. લોકોને એ ગમી એને હું એક અકસ્માત ગણું છું. સાહિત્ય અકેડમીએ એને પસંદ કરી એ વળી બીજો અકસ્માત ગણાય.

આવાં પુસ્તકો લખીને હું વાચકો સુધી પહોંચતો રહું છું. આ સિવાયની બીજી વાતો મિથ્યા છે. બાકી હું વિવેચકોથી ડરતો રહું છું; પણ એ ડર લખવાનું બંધ કરાવે એટલો મોટો નથી.

હું જે લખું તે ભય વગર લખું છું. મારું ગામ વાઘેચા બારડોલી તાલુકામાં આવેલું છે. બારડોલી એ વીરભૂમિ છે અને એ ભૂમિમાં સરદારના શબ્દો વેરાયેલા પડ્યા છે. હિંમત એ મારો સ્વભાવ છે તેથી જ લખાણોમાં આક્રમક બનવાનું મને પોસાય છે; પરંતુ મારે એક કબૂલાત કરી લેવી જોઈએ. તાતા કૅન્સર હૉસ્પિટલમાં મૃત્યુ જાણે મારે ઓશીકે બેઠું હતું. એ દિવસોમાં હું હચમચી ગયો હતો અને આજેય મૃત્યુનો ભય મને સતાવી રહ્યો છે. ત્રણેક દિવસોમાં જ મારું ઑપરેશન થશે. મને સાફ શબ્દોમાં કહેવા દો કે મારે જીવવું છે અને અસ્તિત્વના રંગો માણવા છે.

જો ચારિત્ર્ય માત્ર સેક્સ સાથે જ જોડાવાનું હોય તો મારે કહી દેવું જોઈએ કે હું "ચારિત્ર્યહીન" છું. આપણા દંભી સમાજમાં લુચ્ચો, બદમાશ, શોષણખોર અને અપ્રમાણિક માણસ પણ આ અર્થમાં "ચારિત્ર્યવાન" હોઈ શકે છે. આજની નવી પેઢી આવાં જરીપુરાણાં મૂલ્યો બદલીને જ રહેવાની છે. આ અર્થમાં હું "નરક એટલે બીજો માણસ" એવી અસ્તિત્વવાદી ટકોરને સ્વીકારું છું.

મારા આ એકના એક લાડકા જીવનમાં મારે તમારા પ્રેમ સિવાય બીજી કોઈ ચીજની ગરજ નથી. આવો પ્રેમ મને મળ્યો છે અને તેથી જ તો હું હજી જીવવા માગું છું.

હું પૂરી નિર્ભયતાથી લખી શકું, બોલી શકું અને જીવી શકું એ માટે તમારો પ્રેમ માગું છું. એવો પ્રેમ ન મળે તો જ મારે દંભ શરૂ કરવાની ધમકી તમને આપવી પડે.

આવી ધમકી હવે સમાજને કોઠે પડી ગઈ છે. આભાર.

*　　*　　*

પ્રેક્ષકોએ પ્રવચનને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.

સૌ વીખરાયાં.

પ્રતીક્ષા અને અતીત, નિર્દોષ તથા આસ્થાને ઘર સુધી મૂકી ગયાં.

આસ્થા નિર્દોષ સાથેના સંબંધને બે ભાષણો વચ્ચેના ગાળાને આધારે જોઈ રહી હતી. એનો સંબંધ નિર્દોષના પ્રથમ ભાષણથી શરૂ થયો હતો. શું એ ભાષણ પછી પૂરો તો નહીં થાય ને !

આસ્થાને ઑપરેશનના પરિણામની ચિંતા હતી.

આજે એ પ્રથમ પ્રવચન વખતે હતી તેવી મુગ્ધ ન હતી. હવે તો નિર્દોષ પોતાનો બની ચૂક્યો હતો. આજે એ મનોમન ફુલાઈ રહી હતી.

નિર્દોષના જીવનની આ ધન્ય ઘડી હતી. મૃત્યુ સામે યુદ્ધે ચડતી વખતે હૃદયને પ્રસન્નતાથી ભરી દેનારી આ પળોમાં એ ઊંડા વિચારે ચઢી ગયો હતો.

ઘરે પહોંચી ગયા પછીય એ લગભગ મૌન જ રહ્યો.

આસ્થાએ ખૂબ જ વહાલથી ચુંબન કરીને એને સુંદર પ્રવચન બદલ અભિનંદન આપ્યાં ત્યારે એ બોલ્યો : 'આસ્થા, તું જીવનમાં ખૂબ જ ઊંચે ચડે એમ હું ઈચ્છું છું છતાંય મારાથી અળગી થઈ જાય એટલી ઊંચે પહોંચી જાય એ પણ મને ન ગમે.'

'હું તને છેતરવામાં સફળ થઈ લાગું છું.' આસ્થાએ કહ્યું.

'સમજ્યો નહીં.'

'મારી નબળાઈઓ હું તારાથી છુપાવી શકી છું એટલે તું છેતરાય છે. મારે હજી તો ઘણી મજલ કાપવાની છે.'

'મને ભય છે કે કદાચ તું સદાને માટે મને છોડીને દૂર જતી રહે તો !'

'એ ભય તો મને હોવો જોઈએ તારે માટે. મારી અંદર હજી તો કંઈ કેટલાયે ઉકરડા પડ્યા છે.'

'મને તારી અંદર પડેલી પ્રબળ ઈચ્છાશક્તિની ખબર છે.'

'તેથી જ કહું છું કે હું તને છેતરવામાં સફળ થઈ છું.'

'આસ્થા, હું તારી સાથે નહીં ચાલી શકું; પરંતુ તારી પાછળ તો જરૂર હોઈશ.'

'કોને ખબર, તું મારાથીય આગળ નીકળી જાય !"

'હું આગળ નીકળવા નથી ઈચ્છતી, ઊંચે જવા મથું છું અને તેય તારી સાથે જ.'

'એ કેવી રીતે બનવાનું ? હું લોનાવાલા આવીને શું કરું ?'

'નિર્દોષ, એક ઘરમાં સાથે રહીએ તો જ સાથે રહ્યાં એમ કહેવાય !'

'તારા મનમાં શું છે ?'

'એક ઘરમાં રહીને, મનથી માઈલો દૂર રહેનારાં પતિ-પત્ની તેં નથી જોયાં ?'

'ઘણાં જોયાં છે.'

'આપણે દૂર રહીને પણ એકબીજાંની પાસે જ હોઈશું.'

'મને વાંધો નથી પણ...'

'એક વાત કહું. મને એક વાર લોનાવાલા જવા દે ! એવું ન બને કે બેત્રણ વર્ષમાં તને પણ ત્યાં આવવાનું ગમે અથવા હું અહીં ચાલી આવું.'

'એ અશક્ય નથી.'

'હું લોનાવાલા એક પ્રયોગ કરવાની મનોવૃત્તિથી જાઉં છું. પ્રથમ દોઢ મહિનો અને પછી ફાવી જાય તો હમેશ માટે. ન ફાવે તો પાછા ફરતાં મને સંકોચ નહીં થાય. એ અર્થમાં હું કદી સાધ્વી થવાની નથી.'

'આ આશ્વાસન મોટું છે.'

'પણ તારે એક કામ કરવાનું છે.'

'બોલ.'

'બારડોલી સત્યાગ્રહના વાતાવરણને જીવતું કરતી અને બે પેઢીઓ વચ્ચેના મૂલ્ય સંઘર્ષને વાચા આપતી એક નવલકથા તારે હું દોઢ મહિનો લોનાવાલા જાઉં ત્યારે લખવાની છે.'

'હું માત્ર ક્લિક વાગે તેની રાહ જોઉં છું. એક વાર ગાડ બેસી જાય એટલે શરૂ. ત્યાં સુધી હું પેન નથી પકડતો.'

'આઈ અન્ડરસ્ટેન્ડ.'

'કદાચ તું પાછી આવે ત્યારે તારા હાથમાં બધાં પ્રકરણો મૂકી પણ દઉં.'

'ગામડે ગયા વગર એ બને જ નહીં ને !'

'હું ત્યાં જ ઊછર્યો છું એટલે મારી સ્મૃતિમાં બધું હજી સંઘરાઈ રહ્યું છે. વળી સંદર્ભ સાહિત્ય પણ ખાસ્સું એકઠું થયું છે. એક વાર

પ્લૉટ મનમાં ઊગે એટલી વાર. પછી તો કલમ આજ્ઞાંકિત બનીને રસળવા માંડે.'

'હું દર અઠવાડિયે પત્ર લખતી રહીશ.'

'સાધનામાં વિક્ષેપ નહીં પડે ?'

'નહીં લખું તો જરૂર પડે.'

'મને એ ગમશે.'

'સાધના અને સાહજિકતા વચ્ચે વિરોધ જ હોય એ પણ એક ગ્રંથિ જ ગણાય ને !'

'હું એમાં બહુ નહીં સમજું !'

'ગ્રંથ અને ગ્રંથિથી મુક્ત થવાનું છે ને !'

'તોય હું ગ્રંથ લખ્યે જાઉં છું તો !'

'લોકોને ગ્રંથિમુક્ત કરવા માટેય ગ્રંથની મદદ લઈ રહ્યો છે તું.'

'આશ્વાસન સારું છે.'

'નિર્દોષ, બા આજે જીવતી હોત તો !'

'સમારંભ જોયા પછી મારા ભાવ વધી જાત.'

'અરે, એ તો ખૂબ ખુશ થાત.'

'સાચું કહેજે : પ્રવચન કેવું હતું ?'

'ખરેખર સુંદર.'

'સાચું ?'

'ત્રણ બાબતોને કારણે તું મેદાન મારી જાય છે. એક વૈચારિક ઊંડાણ, બીજી તારી નિરપવાદ નિખાલસતા અને ત્રીજી તારી વાતને મૂકવાની શૈલી.'

'અસ્તિત્વવાદની વિચારધારા થોડી ગહન છે અને એ લોકો સમક્ષ મૂકવા માટે આલ્બેર કામૂની માફક નવલકથા લખવી પડે.'

'મેં એની કોઈ ચોપડી વાંચી નથી.'

'એની "ધ ફોલ" નવલકથા વાંચવા જેવી છે. એમાં ક્લેમન્સ એક જગ્યાએ કહે છે કે વર્ચસ્વ ભોગવ્યા વિના કે ગુલામ બન્યા વિના છૂટકો નથી. દરેક વ્યક્તિને ગુલામીની જરૂર છે. પછી વળી બીજી જગ્યાએ એ કહે છે કે : પાપ ઊભાં કરવાં કે શિક્ષા કરવા ભગવાનની જરૂર નથી. આપણા મિત્રો પૂરતા છે.'

'નિર્દોષ અસ્તિત્વવાદનો ખરો પુરસ્કર્તા સાર્ત્ર જ ગણાય ને ?'

'એવું ખરું. સાર્ત્રની એક વાત મને ગમે છે. એ કહે છે કે મૂલ્યોનો આધાર માણસ છે. અને માણસને કોઈ આધાર નથી.'

'સાર્ત્ર ભગવાનમાં નથી માનતો ને ?' આસ્થાએ રસ બતાવ્યો.

'સાર્ત્રનો અસ્તિત્વવાદ નિરીશ્વરવાદી છે. એ આત્મપ્રપંચની વાત કરે છે અને કહે છે : માણસ ઍબ્સર્ડથી બચવાના પ્રયત્નરૂપે રાજકીય, ધાર્મિક અને સાહિત્યિક આત્મપ્રપંચમાં પડે છે. એના એક નાટકમાં કોઈ પાત્ર બોલે છે : નર્ક ! નર્ક એટલે બીજા લોકો !'

'કામૂ અંગે તારો શો ખ્યાલ છે ?'

'કામૂ માને છે કે વ્યક્તિનું જીવન સ્વયંસાધ્ય છે. જો તેને સમાજના ઐતિહાસિક વિકાસનો એક ભાગ ગણવામાં આવે તો પછી બધાં ખૂન ઉચિત ગણવા પડે. ક્રાંતિને નામે હત્યાકાંડ કરનારા સ્વાર્થી ચળવળિયાઓની કામૂએ કડક ટીકા કરી છે.'

'હું સમજી નહીં.'

'કામૂ પૂછે છે : ક્રાંતિ પછી શું ? એ તો કહે છે કે ક્રાંતિ અન્યાય સામે જ થઈ શકે અને ક્રાંતિ સ્વયં ન્યાયી હોવી જોઈએ. સાર્ત્ર આ વાત સ્વીકારે છે; પરંતુ માને છે કે જૂથના સંચલન 'dynamics'માં વ્યક્તિના જીવનનું કોઈ મૂલ્ય નથી. કામૂ એક જગ્યાએ કહે છે : ગંભીર કહી શકાય એવી તત્ત્વજ્ઞાનની એક જ સમસ્યા છે – આપઘાત.'

'નિર્દોષ, આ ઍબ્સર્ડ એટલે શું ?'

'ચીલાચાલુ જીવનમાં સોમ, મંગળ, બુધની ઘટમાળ સાથે ફેક્ટરી, ઑફિસ, દુકાન આ બધું શા માટે ? ક્યારેક આવો પ્રશ્ન ઊભો થાય છે. અહીં આપણને ઍબ્સર્ડની અનુભૂતિ થાય છે. કાળજીર્ણતામાં પણ એવી અનુભૂતિ થાય છે. પચ્ચીશ વર્ષ...પચાસ વર્ષ...હવે શું ? બેત્રણ દાયકા પછી મૃત્યુ ? અચાનક જ કાળના મહાસાગરમાં ઓગળી રહ્યાનું ભાન એક વિશિષ્ટ અનુભૂતિ પ્રેરે છે. જેને ઍબ્સર્ડની અનુભૂતિ કહી શકાય. વળી જગતની બાબતોને માણસોને કાટલે

તોલવાને બદલે નિરપેક્ષ ભાવે જોઈએ તોય ઍબ્સર્ડની અનુભૂતિ થાય. મૃત્યુ આગળ તર્ક ખરી પડે છે.'

'નિર્દોષ, અસ્તિત્વવાદ વ્યભિચારને ઉત્તેજન આપે છે ખરો ?'

'ના, એવું નથી. કામૂની નવલકથામાં ક્લેમન્સ પ્રેમ અને પવિત્રતાથી નિરાશ થઈને વ્યભિચારી બને છે. એ કહે છે કે સાચો વ્યભિચાર મુક્તિદાતા છે.'

'વાત તો મૌલિક લાગે છે.'

'ક્લેમન્સ બીજી જગ્યાએ કહે છે : ભવિષ્યના ઈતિહાસકારો આપણે માટે શું કહેશે ? આજના માણસ માટે એક જ વાક્ય બસ છે કે કુંવારી છોકરી સાથે સંભોગ કર્યો અને છાપાં વાંચ્યાં. અહીં ક્લેમન્સ ગુનો કબૂલ કરવામાં પણ અભિમાન લે છે. પોતાના પર દોષારોપણ કરવામાં પણ એક પ્રકારનો આનંદ અને ચઢિયાતાપણું અનુભવે છે. કામૂએ આ સરસ રીતે દર્શાવ્યું છે.'

'આ તારા અસ્તિત્વવાદ કરતાં મારા સ્વામી સત્યાનંદ સારા. કંઈક સમજ પડે એવું તો બોલે છે ને ?'

'તો મુકાબલો સાર્ત્ર અને સત્યાનંદ વચ્ચે છે – ખરું ને ?'

'હા.'

'એક કામ કરીએ ?' નિર્દોષે મમરો મૂક્યો.

'બોલ.'

'તું સાર્ત્રને સમજવાની કોશિશ કર. અને હું સત્યાનંદજીને સમજવાનો પ્રયત્ન કરું. કેવો લાગે છે આ વિચાર ?'

'બંને રવડી જઈશું.' આસ્થાએ ઠંડું પાણી રેડ્યું.

'એય સાચું છે.'

'હવે આજે ઊંઘવું છે ક્યારે ?' આસ્થાએ નિર્દોષનો ખભો હલાવી પૂછ્યું.

'કાલથી તો તાતા કૅન્સર હૉસ્પિટલમાં ધામા છે.'

'શું થાય ?'

'આસ્થા, લોનાવાલા મુંબઈ કરતાં વધારે ઍબ્સર્ડ છે, એવું નહીં ?'

'બે એબ્સર્ડ વચ્ચે જ પસંદગી હોય તો હું લોનાવાલા જ પસંદ કરું.'

'સાર્ત્ર એને જ આત્મપ્રપંચ કહે છે ને !'

'મૂઓ તારો સાર્ત્ર ! એની ફિલસૂફીમાં આપઘાતનીય પ્રતિષ્ઠા છે.' આસ્થા હવે કંટાળી હતી.

'હેમાળો ગાળવાનું કે સંથારો કરવાનું આપણે ત્યાં છે તે સાર્ત્રે શરૂ નહોતું કર્યું હું કે !' નિર્દોષે દલીલ કરી.

'એ વાત જુદી છે.'

'આય આત્મપ્રપંચ.'

'ચાલ, હવે છાનોમાનો સૂઈ જા. હવે બોલવાનું બંધ.'

'જી, સરકાર.' નિર્દોષ આટલું બોલીને પડખું ફેરવીને સૂઈ ગયો.

બંનેની વાતો પૂરી થઈ ત્યારે અંધેરી સ્ટેશનના પાટા ઉપર વહેલી સવારે ટ્રેનોની અવરજવર શરૂ થઈ ગઈ હતી.

બંનેના મનમાં એક જ વાત રમતી હતી :

બુધવાર, તારીખ પચ્ચીશમી એપ્રિલ ઑપરેશન.

ઑપરેશન, ઑપરેશન...ઑપરેશન.

પછી ? પછી ? પછી ?

એબ્સર્ડ ! એબ્સર્ડ ! એબ્સર્ડ ! બધું જ એબ્સર્ડ !

❑

૨૬

મંગળવાર

આસ્થા અને નિર્દોષ આગલે દિવસે સાંજે જ હૉસ્પિટલ પર આવી ગયાં હતાં. આ વખતે જુદો રૂમ મળ્યો હતો.

આખી રાત બંને જણે ખૂબ વાતો કરી હતી અને છતાં નિર્દોષ આજે ખૂબ જ વહેલો ઊઠી ગયો.

યાસ્મિનની દિવસની ડ્યૂટી હતી તેથી એ સવારે આવવાની હતી અને સાથે જ પ્રતીક્ષા પણ આવવાની હતી.

આવતીકાલે સવારે ઑપરેશન થવાનું હતું. આજે સાંજ પછી ભૂખ્યા રહેવાનું હતું અને બીજી અનેક તૈયારી કરવાની હતી.

ઑપરેશન પહેલાં દરદીએ એક નિવેદન પર સહી કરવાની હોય છે, જેમાં ઑપરેશનના સંભવિત અશુભ પરિણામની જવાબદારી અંગે બીજી કોઈ ગૂંચ ઊભી ન થાય તે મતલબનું લખાણ હોય છે.

નિર્દોષ અત્યારે એ નિવેદન વાંચી રહ્યો હતો. આ નિવેદન આમ તો એક ઔપચારિકતા હોય છે; પરંતુ આવું નિવેદન વાંચીને દરદી એક વાર તો વિચારમાં પડી જાય છે.

નિર્દોષે સહી તો કરી દીધી.

આસ્થા હજી ઊંઘમાં હતી.

નિર્દોષે છાપું વાંચવાનું શરૂ કર્યું; પણ બધા સમાચારો ફિક્કા લાગ્યા.

કંઈ ન સૂઝ્યું ત્યારે એણે પ્રાર્થના કરવા માંડી. એ પ્રાર્થના ન હતી પણ ભગવાન સાથેનો મોનોલોગ હતો. એણે મનોમન ભગવાનને કહ્યું :

હે પ્રભુ !
તું છે કે નથી તેની જ મને તો ખબર નથી.
પરંતુ
તું જો હોય તો એટલું જ કહીશ
કે મારે હજી જીવવું છે.
જો તું મને મારવા ઈચ્છતો હોય તો
મને કાલે ઑપરેશન દરમિયાન જ ઉપાડી લે.
ધીમેધીમે રોજ મારવા કરતાં એ સારું રહેશે.
મારા વેરાન જીવનમાં
આ આસ્થા,
આ યાસ્મિન અને પ્રતીક્ષા
હજી તો હમણાં હમણાં જ આવી પહોંચ્યાં છે.
ખરી મહેફિલ જામી હતી ત્યારે જ
આ કમબખ્ત કૅન્સર વચમાં ટપકી પડ્યું.
હું આ ભરી મહેફિલમાંથી ઊઠીને ચાલ્યો જવા
તૈયાર નથી, પરંતુ લાચાર છું.
મને લઈ લેવો હોય તો લઈ લે
પણ
આમ હપ્તે હપ્તે મરવાનું ગમતું નથી.
હું
મૃત્યુમય જીવન કરતાં
જીવનમય મૃત્યુ વધારે પસંદ કરું છું.
હું જો બચી ગયો તો
જીવનની ક્ષણેક્ષણ નિચોવીને જીવવાનો મારો સંકલ્પ હશે
પછી
પ્રાર્થના કરીનેય તને ખલેલ નહીં પહોંચાડું.
તને પ્રાર્થના ગમે છે એવું ભક્તો માને છે.
હું નથી માનતો.
આ મારો 'હું' મને વહાલો છે, ખૂબ વહાલો છે.
એ મારો 'હું' મૃત્યુ પછીય ન મરે તો મને ગમે.

મારા આ વ્યક્તિગત 'હું' પર
સમાજ જે જે આક્રમણો કરે તે બને ત્યાં સુધી
મેં ખાળ્યાં છે.
હવે એ નાનકડાં 'હું' પર કૅન્સર તૂટી પડ્યું છે.
એ 'હું' પર તારા તરફથી જ પ્રહાર થયો છે.
એ પ્રહારથી હું હારી ગયો છું.
અને
ગજેન્દ્રમોક્ષ જેવો છુટકારો ઈચ્છું છું.
ઓમ, શાંતિ, શાંતિ, શાંતિ.

* * *

આસ્થા જાગી ત્યારે નિર્દોષ પૂરી સ્વસ્થતાથી ખાટલા પર બેઠો હતો. થોડી જ વારમાં યાસ્મિન અને પ્રતીક્ષા આવી પહોંચ્યાં.

'પંચવટીમાં કોઈ શિલા પર બેઠેલા રામચંદ્રજીની માફક ખાટલા પર બેઠેલા નિર્દોષભાઈ શોભી રહ્યા છે.' પ્રતીક્ષાએ આવતાંની સાથે જ એક તોફાની વાક્ય વહેતું મૂક્યું.

'રામચંદ્રજી સાથે મને સરખાવવામાં મને મારી પ્રતિભાનું અપમાન થતું હોય એમ લાગે છે.' નિર્દોષે પ્રાર્થનાની ગંભીરતાને હડસેલો મારી દેતાં કહ્યું.

'એવું કેમ ?' પ્રતીક્ષાથી ન રહેવાયું.

'રામચંદ્રજી લગ્નમાં અને વળી એકપત્નીવ્રતમાં માનતા હતા.' નિર્દોષે ચોખવટ કરી.

'અને તમે ?' પ્રતીક્ષાને મુદ્દો ચગાવવામાં રસ હતો. એણે અને યાસ્મિને રસ્તે જ નિર્દોષને લાઈટ મૂડમાં લાવવાનું કાવતરું કર્યું હતું.

'હું મૂળે પત્નીત્વમાં જ માનતો નથી – અને જો કદાચ એ આપત્તિ વહોરવાની જ હોય તો મને રામના પપ્પાની સ્થિતિ ગમે.' નિર્દોષે ચર્ચાને એક નવો વળાંક આપ્યો.

'એટલે કે તમને ત્રણ પત્ની ચાલે !' પ્રતીક્ષાએ ફોડ પાડ્યો.

'ચાલે તો નહીં, ચલાવી લઉં. બાકી મહંમદ સાહેબને ચાર હતી અને કૃષ્ણને તો...'

'સોળ હજારને તમારો આદર્શ બનાવી શકો.' પ્રતીક્ષાએ નિર્દોષનું વાક્ય પૂરું થાય ત્યાં ઉમેરો કર્યો.

'એ શક્ય નથી કારણ કે સોળ હજારને તો હું બરાબર "હેલો" પણ નહીં કહી શકું. પછી તો જેને માત્ર "હેલો" કહું તેને પણ પત્ની ગણવી પડે !'

'એમાં ખોટું શું ?' પ્રતીક્ષાએ કાવતરું આગળ વધાર્યું.

'મારા આનંદની લહાણી હું આવી સસ્તી રીતે ન કરી શકું.'

'પણ તમે સામેથી આનંદ મેળવો પણ છો ને !'

'ભૂલ છે. આનંદની આવી આપ-લે માટે ઊંડા પરિચયની અને નિર્વ્યાજ મૈત્રીની જરૂર પડે. આવું સોળ હજાર સાથે શી રીતે બને ? એ માટે તો સોળ પણ વધારે ગણાય.'

'એવો પરિચય અને મૈત્રી મળે તો તમે સોળનો સ્વીકાર કરો ખરા ?'

'બેશક. હું એક પત્નીને નહીં સ્વીકારું પણ સોળ "આવી" બહેનપણીઓ જરૂર સ્વીકારું." નિર્દોષ ખીલ્યો હતો.

'સ્વીકારું એટલે શું ?' પ્રતીક્ષાએ ગંભીર બની પૂછ્યું.

'સ્વીકારું એટલે કે કોઈ રોકટોક વગર એમની સાથે આનંદની વહેંચણી કરું; આનંદ પામું અને આપું.'

'તો પછી તમે વેશ્યાગૃહોનો વિરોધ શા માટે કરો છો ?' પ્રતીક્ષાએ નવી દલીલ કરી.

'વેશ્યાગૃહોમાં વળી પરિચય અને મૈત્રી ક્યાં હોય છે ? બે થાંભલા એકબીજાને અડીને ઊભા રહે તેને કોઈ સંવનન કહે છે ? વેશ્યાગૃહોમાં સંવનન નથી થતું, માત્ર સહશયન થાય છે.'

'તમે સંવનનની શી વ્યાખ્યા કરો છો ?" પ્રતીક્ષા પ્રભાવિત થઈને પૂછી રહી હતી.

'પુરુષ અને સ્ત્રી એકબીજામાં પોતાનું સમગ્ર અસ્તિત્વ ભેળવી દેવાની ઉત્કટ આકાંક્ષા સાથે મળે તેને હું સંવનન કહું છું. આવું સંવનન એટલે માત્ર સંભોગ નહીં. આજની રુગ્ણતા એ છે કે "સંભોગ" અને "સંવનન" શબ્દો એકબીજાના પર્યાય બની ગયા છે. "સંભોગ" કરતાં "સંવનન" ઘણી વિશાળ બાબત છે. સંવનન એટલે

સામી વ્યક્તિને પ્રેમપૂર્વક જીતી લેવાની પ્રક્રિયા. અહીં એકની જીત એ બીજી વ્યક્તિની હાર નથી. બંને જીતે છે અને બંને એકબીજા આગળ હારી જાય છે. આ હાર ઊર્ધ્વમૂલ છે. મારાં બધાં સ્ત્રીમિત્રો સાથે હું "સંભોગ" કરું એ અનિવાર્ય નથી; બધા સાથે "સંવનન" જરૂર કરું.'

'તો પછી આવા સંવનનમાં પત્નીત્વ ક્યાં નડ્યું ?'

'લગ્ન સંવનનને ફરજિયાત બનાવે છે તે સામે મારો વાંધો છે. સંભોગમાં ફરજિયાતપણું દાખલ થાય તેને બળાત્કાર કહીને લોકો વગોવે છે. બળાત્કાર એટલે શું ? સંભોગના બે ભાગીદારોમાંથી એકને પક્ષે લાચારી અને બીજાને પક્ષે આક્રમકતા. આવી લાચારીને વેશ્યાગૃહોમાં બજારુ અને કાયદેસર બનાવવામાં આવે છે. વેશ્યા પાસે લાચારીનું લાઈસન્સ પણ હોય છે.' નિર્દોષે કહ્યું.

'તો પછી સંવનનમાં લાચારી ન હોઈ શકે ?'

'સંવનનમાં લાચારી, બજારુપણું કે કાયદો દાખલ થાય એટલે એ સંવનન મટી જાય. સંવનનનું ખૂબ જ મહત્ત્વનું લક્ષણ છે તાજગી. આવી તાજગી પરસ્પરની સંમતિ જ નહીં; પણ ઉત્કટ આકાંક્ષા અને રસઐક્ય વગર ટકી જ ન શકે.'

'તમારી વાત માનવી પડે તેમ છે.' પ્રતીક્ષા પૂરેપૂરી પ્રભાવિત થઈ ગઈ હતી.

'સાચી વાત સ્વીકારવાની નમ્રતા બતાવવા બદલ આભાર નહીં માનું. હું કહું છું કે પુરુષ અને સ્ત્રી વચ્ચે આવું સહજ સંવનન થયા કરે એવી, કુદરતની રહસ્યમય છતાંય પામી શકાય તેવી સ્પષ્ટ યોજના છે. પ્રાણીઓને પણ કશું શીખવવું નથી પડતું.'

'લગ્ન પછી પતિ-પત્ની આવું સંવનન કરે તેમાં કોણ વચ્ચે આવવા નવરું છે ?' પ્રતીક્ષાએ ફરી દલીલ કરી.

'આવું પૂછતી વખતે માની જ લેવામાં આવે છે કે પતિ પોતાની પત્ની પર બળાત્કાર નહીં કરે. હું કહું છું કે પતિ-પત્ની વચ્ચે પણ બળાત્કાર શક્ય છે. વળી બળાત્કાર કેવળ પુરુષો તરફથી જ થાય છે એ વાત સર્વાંશે સાચી નથી. નોકરોને પોતાની સાથે સંભોગ કરવા ફરજ પાડનારી શેઠાણીઓ પણ હોય છે. હું પતિ-પત્ની વચ્ચે સંવનન શક્ય નથી એવું નથી કહેતો. આવાં પતિ-પત્નીને જ "યુગલ" કહી

શકાય. બે કેદીઓ સાથે રહે અને તેઓ "બે" હોય તેથી "યુગલ" નથી બની જતાં.'

'એ વાત સાચી.'

'થેન્ક્સ.'

'પ્રતીક્ષા, હું ફરી ફરીને એક વાત કહેતો રહીશ. લગ્ન સંવનન જેવી અતિશય પ્રાકૃતિક, અતિશય આનંદમય અને અતિશય નિર્દોષ ઘટનાને કૃત્રિમ, નિયમબદ્ધ અને સંકીર્ણ બનાવી મૂકે છે; એટલું જ નહીં એને ખતમ કરી મૂકે છે.'

વાત આ પ્રમાણે ચાલ્યા જ કરત; પણ પ્રતીક્ષાએ નાસ્તો વહેંચવા માંડ્યો એટલે 'લગ્નમીમાંસા' અટકી. ચાલુ ચર્ચાએ યાસ્મિન ક્યારે ચાલી ગઈ તેની કોઈને ખબર નહોતી પડી. એ પાછી આવી ત્યારે નાસ્તો વહેંચાઈ રહ્યો હતો. નિર્દોષનું ખાવાનું હજી બંધ થયું ન હતું, એટલે એણે પણ નાસ્તો ખાધો. વચ્ચેવચ્ચે ઑપરેશનની તૈયારી અંગે કોઈ ને કોઈ આવતું રહેતું હતું.

'યાસ્મિન, તું ચાલી ગઈ પણ પછી તો અહીં નવલકથાના સંવાદોનું રીહર્સલ થઈ રહ્યું હતું.' આસ્થાએ કહ્યું.

'હું નવલકથા જ વાંચી લઈશ.' યાસ્મિને પ્રતીક્ષા પાસે બેસતાં કહ્યું.

'નિર્દોષભાઈ, હવે તમે દશરથના ઠાઠમાં હો એમ લાગો છો કારણ કે તમારી સામે ત્રણ મહિલાઓ બેઠી છે.' પ્રતીક્ષાએ મજાક કરી.

'દશરથે લગ્ન ન કર્યાં હોત તો સુખેથી જીવ્યા હોત.' નિર્દોષે કહ્યું.

'નિર્દોષભાઈ, આજે લંચમાં તમને ભાવતી વાનગી ખવડાવવી છે. બોલો શું ગમશે ? હું બહાર જઈને કહો તે લઈ આવું.'

'ફાંસીએ ચઢનારને આખરી ઈચ્છા પૂછવામાં આવી રહી છે !' નિર્દોષે હસતાં હસતાં પહાડ જેવું એક ભારેખમ વાક્ય કહી દીધું.

'તમે લગ્ન સામે જેહાદ જગાવવામાં સફળ થયા; પરંતુ મૃત્યુ અંગે તમારા વિચારોમાં કોઈ મૌલિકતા નથી જણાતી.' આસ્થાએ રોષ ઠાલવ્યો.

'નિર્દોષભાઈ, અમે લોકો તમારી સાથે જમવાનાં છીએ. સાંજે તમારે ભૂખ્યા રહેવાનું છે. અત્યારે આપણે લંચમાં શું લઈશું એવા સાદાસીધા પ્રશ્નનો, સાહિત્યિક નહીં; પણ સીધોસાદો જવાબ આપશો ?' પ્રતીક્ષાએ કહ્યું.

'મને કાશ્મીરી પુલાવ સાથે વેજિટેબલ કરી અને બીજું જે કાંઈ હોય તે ચાલશે.' નિર્દોષે કહ્યું.

'પ્રતીક્ષા, આ નિર્દોષ તારા જ દાવનો છે. અમને તો એ ઘોળીને પી જાય છે; ખરું ને યાસ્મિન ?' આસ્થા બોલી.

'આપણી ભલાઈનો લાભ ઉઠાવે છે. પ્રતીક્ષા, પુલાવ અને કરીમાં મારો ભાગ ગણજે હં કે !' યાસ્મિન બોલી.

'અમે તારા વગર ખાધું હોત ખરું ?' નિર્દોષે યાસ્મિનને પૂછ્યું.

'આસ્થા તો એવું નહીં કરે.' યાસ્મિન બોલી.

'એટલે તું સમજે છે શું ?' નિર્દોષે ઉગ્રતાથી પૂછ્યું.

'પુરુષોનું કશું કહેવાય નહીં.' આટલું કહીને યાસ્મિને આસ્થાને જોરથી તાળી આપી.

'પ્રતીક્ષા, યાસ્મિન આવું માને છે તે પણ લગ્નનો જ પ્રતાપ કે બીજું કંઈ ?' નિર્દોષે કહ્યું.

'મિત્રો, હવે લગ્નપુરાણ બંધ અને લંચપુરાણ ચાલુ.' પ્રતીક્ષાએ જાહેર કર્યું.

'વેરી ગુડ, પ્રતીક્ષા.' આસ્થા બોલી.

'તો પછી આજ કા ખાના ?' પ્રતીક્ષાએ સૌને પૂછ્યું.

'કાશ્મીરી પુલાવ, વેજિટેબલ કરી અને પેલું "કંઈ પણ."' આસ્થાએ જાહેર કર્યું.

પ્રતીક્ષા લંચ લેવા માટે ગઈ. યાસ્મિન જનરલ વૉર્ડમાં ગઈ. આસ્થા અને નિર્દોષ બેઠાં હતાં.

'આસ્થા, કૅન્સર હવે વહેમ નથી, હકીકત છે.' નિર્દોષે કહ્યું.

'શી રીતે ?' આસ્થાએ પૂછ્યું.

'આ ઑપરેશન તો કૅન્સરનો પ્રકાર નક્કી કરવા માટે અને એ કયા તબક્કામાં છે તે જાણવા માટે છે.'

'ભલે ને એમ હોય, મને પ્રભુમાં શ્રદ્ધા છે.'

'કાલે મને બેભાન કરવા માટે ક્લોરોફોર્મ સુંઘાડશે. ડૉક્ટરો કહે છે કે ઑપરેશન પછી પણ ચારેક કલાક ભાનમાં આવતાં થશે. હું ઇચ્છું છું કે હું ભાનમાં આવું કે પ્રથમ તને જોઉં. મારે માટે તો એ નવો અવતાર હશે.'

'ઑપરેશન ચાલે ત્યાં સુધી હું આ જ રૂમમાં બારણાં બંધ કરી ધ્યાનમાં બેસવાની છું. યાસ્મિન ઑપરેશન થિયેટરમાં હશે અને પ્રતીક્ષા ઑપરેશન થિયેટરની બહાર રહેશે. અમારો આવો પ્લાન છે.'

'ધ્યાનની સલાહ વળી તને કોણે આપી ?'

'સ્વામીજીએ.' આસ્થાએ ટૂંકમાં પતાવ્યું.

પ્રતીક્ષા ટિફિન લઈને આવી પહોંચી.

સૌએ લંચ માણ્યો.

રાતે આસ્થાએ પણ ખાસ ખાધું નહીં. એને ખૂબ થાક લાગ્યો હતો. ઉજાગરાને કારણે એ થોડી અસ્વસ્થ હતી.

મોડી રાત સુધી બંને ઊંઘી ન શક્યાં. બંનેના મનમાં એક જ પ્રશ્ન ઘોળાતો હતો :

'શું આ તેમના સાહચર્યની આખરી રાત તો નહીં હોય ?'

બંને મનમાં સમજતાં હતાં અને તોય આ પ્રશ્ન અંગે તેઓ મૌન હતાં.

આ પ્રશ્નનો જવાબ ડૉક્ટરો પાસે પણ ક્યાં હતો ?

❑

૨૭

ઑપરેશન (થોરેકોટોમી)

આસ્થાએ પરોઢના અંધારામાં જ પ્રાર્થના કરી લીધી અને પછી લૉબીમાં આંટો મારવા નીકળી પડી. નિર્દોષ જાગી ન જાય એ રીતે એણે નિત્યકર્મ પતાવ્યું હતું.

પરોઢનું અજવાળું ધીરેધીરે અંધારાને અભિભૂત કરી રહ્યું હતું. આ કામ એટલી ઠાવકાઈથી કરવામાં આવતું હતું કે અંધારું વિદાય થઈ ગયા પછી જે તખ્તપલ્ટો થયો તે એવી રીતે થયો કે કોઈ આંચકો ન લાગે. લૉબીમાં ઊભેલી આસ્થા અંધારા અને ઉજાસ વચ્ચેની આવી સમજદારીને નીરખી રહી હતી.

સામેના સ્કાઈસ્ક્રેપર પાછળથી સૂરજ ઊગવાને હજી વાર હતી.

આસ્થા રૂમમાં ગઈ. ઊંઘતા નિર્દોષના ગાલ પર એણે વહાલથી ચુંબન કર્યું. નિર્દોષ જાગતો હતો. આસ્થાને એણે પોતાની બધી તાકાતથી બાહુપાશમાં જકડી લીધી.

બંને બોલતાં ન હતાં; પરંતુ બંનેના હૃદયમાં એક જ વાત હતીઃ

બંને જીવવા માંગતાં હતાં; સાથે જીવવા માંગતાં હતાં.

બે હૃદયો વચ્ચેની આવી વાતચીતને શબ્દોની ગરજ નથી હોતી.

આવો નિઃશબ્દ સંવાદ બંને વચ્ચે થોડીક ક્ષણો સુધી ચાલ્યો.

નિર્દોષ બહારથી સ્વસ્થ હતો.

આસ્થા અંદરથી પણ સ્વસ્થ હતી.

બરાબર આઠ વાગ્યે ઑપરેશન થિયેટરમાં દાખલ થવાનું હતું.

પોણા સાત વાગ્યે યાસ્મિન આવી પહોંચી. એના ગણવેશમાં એ આજે સફેદ પરી જેવી લાગતી હતી.

'મારી દુઆઓ આપવા આવી છું.' નિર્દોષના હાથમાં હાથ મેળવતાં યાસ્મિને કહ્યું.

'થેન્ક્સ એ લૉટ.' નિર્દોષે જોરથી એનો હાથ દાબીને કહ્યું.

'હું જાઉં ? મારે ઑપરેશન થિયેટરમાં સાત વાગ્યે તૈયારી માટે જવું પડશે.' યાસ્મિને કહ્યું.

'હું ત્યાં તારે શરણે હોઈશ.' નિર્દોષે કહ્યું.

'હું ઑપરેશન જોઈને ટેવાઈ ગઈ છું; પણ આજે મને વસમું લાગશે.' યાસ્મિને નિર્દોષના હાથમાંથી પોતાનો હાથ છોડાવતાં કહ્યું.

'યાસ્મિન, આજે ડૉક્ટર મારી છાતી ચીરે ત્યારે અંદર કોણ બેઠું છે તે બરાબર જોઈ લેજે અને પછી હું જાગું ત્યારે મને જણાવજે.' નિર્દોષે કહ્યું.

'મને અત્યારથી ખબર છે. ત્યાં તો આસ્થા આસન જમાવી બેઠી છે.' યાસ્મિને આસ્થાને વહાલ કરતાં કહ્યું.

'યાસ્મિન, ત્યાં કોણ છે તે હું જાણું છું.' આસ્થાએ નિર્દોષની સામે નજર માંડીને કહ્યું.

'તું જ કહી દે ને આસ્થા !' નિર્દોષે સૂચવ્યું.

'જો, એ જગ્યાએ તો હું છું; પણ સાથે યાસ્મિન નામની એક રૂપાળી, સેવાભાવી અને ભોળી નર્સ પણ છે. અને આપણે માત્ર બે જ જણ છીએ એવા ભ્રમમાં ન રહેતી હં કે !' આસ્થાએ યાસ્મિનને આંખ મીંચકારીને કહ્યું.

'તદ્દન સાચી વાત છે.' નિર્દોષે કહ્યું.

'બોલો, હજી ત્યાં બીજું કોણ કોણ છે ?'

'અત્યારે તો એ પાત્રને યાસ્મિન પેટમાં છુપાવીને બેઠી છે.' નિર્દોષે એક નાજુક ઘડાકો કર્યો.

યાસ્મિન શરમાઈને ચાલી ગઈ.

સાડા સાત વાગ્યે પ્રતીક્ષા આવી. એ પોતાની સાથે તિરુપતિના

ભગવાન વેંકટેશ્વરનો પ્રસાદ લાવી હતી તે નિર્દોષને આપ્યો.

'પ્રતીક્ષા, મને આ પ્રસાદમાં શ્રદ્ધા નથી; પણ તારામાં જરૂર છે. બીજા કોઈએ આપ્યો હોત તો મેં ના પાડી હોત. હું એનો સ્વીકાર કરું છું કારણ કે એ તું આપી રહી છે.' નિર્દોષે કહ્યું.

'પણ તમને ખાવાની બંધી છે તેનું શું ?' આસ્થા બોલી.

'અરે, એક નાના ટુકડામાં શું થઈ જવાનું ?' નિર્દોષે પ્રસાદના લાડુનો એક નાનો ટુકડો મોંમાં મૂકતાં કહ્યું.

'અતીત આઠ પહેલાં તમને મળવા આવવાનો છે. એની પરીક્ષા કાલથી શરૂ થશે.' પ્રતીક્ષાએ કહ્યું.

થોડી વાર રહીને પ્રતીક્ષાની કૉલેજના સાત-આઠ વિદ્યાર્થીઓ આવ્યા. સૌએ નિર્દોષને પ્રણામ કર્યા.

'પ્રતીક્ષાએ તમને સૌને આગ્રહ કર્યો હશે ને ?' નિર્દોષે વિદ્યાર્થીઓને કહ્યું.

'ના જી. અમે એને કહી રાખ્યું હતું કે ઑપરેશનને દિવસે અમે ત્યાં બધો વખત રોકાઈશું.' એક વિદ્યાર્થી બોલ્યો.

'અહીં તમે ઑપરેશન પતે ત્યાં સુધી રોકાશો ?' નિર્દોષે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'એ માટે અમે આવ્યાં છીએ.' એક વિદ્યાર્થિનીએ જવાબ આપ્યો.

'પણ એ જરૂરી ખરું ?' નિર્દોષે પૂછ્યું.

'ખૂબ જરૂરી છે.' પ્રતીક્ષાએ કહ્યું.

'કદાચ લોહી આપવાની જરૂર પડે તો આ લોકો તૈયાર છે.' આસ્થાએ ફોડ પાડ્યો.

'પ્રતીક્ષા, આ તારું કારસ્તાન છે. તને મારા બ્લડ-ગ્રૂપની ખબર છે ?' નિર્દોષે કહ્યું.

'હા, તમારું બ્લડગ્રૂપ "બી" છે.' પ્રતીક્ષાએ નિર્દોષને બીજું સુખદ આશ્ચર્ય આપતાં કહ્યું.

"અને આ બધામાંથી "બી"વાળાં કેટલાં ?' નિર્દોષે પૂછ્યું.

'અમે સૌ એ જ ગ્રૂપવાળાં છીએ.'' એક યુવાને કહ્યું.

'પ્રતીક્ષા, તને મારા બ્લડ-ગ્રૂપની ક્યાંથી ખબર પડી ?' નિર્દોષ હજી આશ્ચર્યમાંથી બહાર આવ્યો ન હતો.

'મને એ યાસ્મિને કહ્યું હતું.' પ્રતીક્ષાએ ખરી વાત જણાવી દીધી.

નિર્દોષ ગળગળો થઈ ગયો. વિદ્યાર્થીઓ રૂમની બહાર ગયા પછી એ રડી જ પડ્યો.

આસ્થાએ પાણી આપ્યું.

પ્રતીક્ષા રૂમાલથી પોતાની આંખો લૂછીને બહાર ચાલી ગઈ.

આખું વાતાવરણ ગમગીન બની ગયું. નિર્દોષ પારકા ગણાતા લોકોના પ્રેમને કારણે ગદ્‌ગદ થઈ ગયો.

લગભગ પાંચ-સાત મિનિટ માટે એ કશું જ બોલી શક્યો નહીં.

અતીત પાંચ મિનિટ રોકાઈને ગયો.

દાઉદ આવ્યો હતો. એણે નિર્દોષ સાથે કશી વાતચીત ન કરી. નિર્દોષે એને પાસે બેસાડ્યો અને કહ્યું :

'દાઉદ, તેં અહીં આવવાની તકલીફ ઉઠાવી, શુક્રિયા.'

'ખુદા તમને લાખ વર્ષના કરે.' આટલું કહી દાઉદ ગયો.

'આસ્થા, આટલા બધા લોકોને દુઃખી કરવાનો મને હક્ક ખરો? હવે હું મરી ન શકું. હું જરૂર બચી જઈશ.' નિર્દોષે ગંભીરતાથી કહ્યું.

'તમે પહેલીવાર ડાહી વાત કરી.' આસ્થાએ વાતાવરણને હળવું બનાવવાનો પ્રયત્ન કર્યો.

'આસ્થા, હું બચી જાઉં પછી જોઈ લેજે મારો મિજાજ !' નિર્દોષે આસ્થાની આંગળીઓને પોતાના હાથમાં રમાડતાં કહ્યું. આ કહેતી વખતે પણ નિર્દોષની આંખમાં આંસુ હતાં.

પ્રતીક્ષા બહાર ચાલી ગઈ હતી તે પાછી આવી. એની આંખો કહેતી હતી કે તે માત્ર રડવા માટે જ થોડી આઘી ગઈ હતી.

આઠ વાગવાને બે મિનિટ બાકી હતી ત્યાં યાસ્મિન, એક બીજી નર્સ અને એક નોકર નિર્દોષને લેવા આવ્યાં.

નિર્દોષે સ્વસ્થતા ધારણ કરી લીધી.

આસ્થા સ્વસ્થ હોવાનો ડોળ કરી રહી હતી.

પ્રતીક્ષા તો અસ્વસ્થ હતી જ. એ પણ રુદન પર વિજય મેળવવા મથી રહી હતી.

યાસ્મિન હસવાનો પ્રયત્ન કરતી હતી; પણ પકડાઈ જતી હતી.

'હવે હું યાસ્મિનના તાબામાં છું. આસ્થા, તું થિયેટર સુધી આવે છે ને ?' પ્રતીક્ષા તો બહાર ચોકી જ કરવાની છે.'

નિર્દોષે ધીમે પગલે ઑપરેશન થિયેટર ભણી ચાલવા માંડ્યું.

થિયેટરમાં દાખલ થતાં પહેલાં નિર્દોષે આસ્થાના હાથમાં એક બંધ કવર મૂકી દીધું.

એ કવરમાં નિર્દોષનું વીલ હતું.

ઑપરેશન થિયેટરનું બારણું બંધ થાય ત્યાં સુધી નિર્દોષે સૌને જોયાં જ કર્યાં.

એક યુદ્ધ થોડી જ મિનિટોમાં શરૂ થવાનું હતું.

પાંચજન્ય શંખ ફૂંકાઈ ચૂક્યો હતો.

એ યુદ્ધમાં બે જ પક્ષો હતા; જીવન અને મૃત્યુ.

થિયેટરની બહાર સૌની આંખો બંધ દરવાજા પર મંડાયેલી હતી.

થોડી જ વારમાં બેત્રણ ડૉક્ટરો થિયેટરમાં દાખલ થયા.

થિયેટરનું બારણું ફરીથી બંધ થયું.

થિયેટરની અંદર સાક્ષાત્ રહસ્ય પુરાયેલું હતું અને બહાર મૂર્તિમંત લાચારી ખડે પગે ઊભી હતી !

આસ્થા સ્પેશિયલ વૉર્ડમાં પહોંચી ગઈ. એણે રૂમનાં બારણાં અંદરથી વાસી દીધાં અને કવર ખોલ્યું. એ જેમજેમ વીલ વાંચતી ગઈ તેમ તેમ વધારે ઢીલી પડતી ગઈ. ક્યાંય સુધી એનું ઓશીકું ભીંજાતું રહ્યું.

થોડોક વખત ગયો હશે ને એણે ફરીથી સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી. મોં પર પાણીની છાલક મારીને નેપ્કિનથી મોં લૂછી લઈ એણે આસન લગાવીને પ્રાર્થના કરવા માંડી.

નવ વાગ્યા.

દસ વાગ્યા.

અગિયાર વાગ્યા.

ઑપરેશન થિયેટરનું રહસ્ય હજી બહાર આવવાનું નામ નહોતું લેતું. બહાર ઊભેલાં સૌને પ્રત્યેક ક્ષણે એમ લાગતું હતું કે દરવાજો હમણાં ખૂલશે અને...

બાર વાગ્યા.

સાડાબાર થયા.

બરાબર પોણા વાગે દરવાજો ખૂલ્યો.

યાસ્મિને ગંભીર વદને પ્રતીક્ષા પાસે આવીને કહ્યું :

'પ્રતીક્ષા, ઑપરેશન સક્સેસફુલ રહ્યું.'

સૌના શ્વાસ હેઠા બેઠા.

પ્રતીક્ષા અને યાસ્મિન બંને આસ્થાને આ ખબર આપવા માટે સ્પેશિયલ વૉર્ડ તરફ ગયાં.

યાસ્મિને ધીરેથી રૂમના બારણે બે ટકોરા માર્યા.

થોડી વાર સુધી બારણું બંધ જ રહ્યું.

પ્રતીક્ષાએ જરાક જોરથી બે ટકોરા માર્યા.

લગભગ બે મિનિટે બારણું ખૂલ્યું.

આસ્થા અતિશય સ્વસ્થ અને પ્રાર્થનામય ચહેરે ઊભી હતી.

એ મૌન હતી, સ્થિર હતી અને શાંત હતી.

'આસ્થા, તારી પ્રાર્થના ભગવાને સાંભળી.' યાસ્મિને કહ્યું.

'ભગવાનનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો.' આસ્થાએ ધીરેથી માત્ર આટલા જ શબ્દો કહ્યા.

લગભગ અડધો કલાક પછી સ્ટ્રેચર પર સૂતેલા નિર્દોષને રૂમ પર લાવવામાં આવ્યો. એનું શરીર ચાદરથી ઢંકાયેલું હતું. એનો ચહેરો

થોડોક ફિક્કો જણાતો હતો છતાંય એના પર ખમીરની મુદ્રા કાયમ હતી. એ બેહોશ હતો; પરંતુ એ બેહોશી પણ મોહક હતી.

આસ્થાએ આભાર માનીને વિદ્યાર્થીઓને ખૂબ જ ભાવથી વિદાય આપી.

યાસ્મિન પાછી થિયેટરમાં ચાલી ગઈ.

પ્રતીક્ષા અને આસ્થા રૂમમાં રોકાયાં. હવે નિર્દોષ ભાનમાં ન આવે ત્યાં સુધી બેસી રહેવા સિવાય બીજું કામ ન હતું.

કામમાંથી પરવારીને યાસ્મિન આવી. એ કશું જ બોલી ન શકી. એની આંખને ખૂણે અશ્રુબિંદુઓ ઝીલવાઈ રહ્યાં હતાં. સૌ ગંભીર હતાં. હજી તો પરીક્ષા પૂરી થઈ હતી. પરિણામ તો હવે જાહેર થવાનું હતું.

રાત પડી ચૂકી હતી. ચંદ્રમા ઊગી ચૂક્યો હતો.

નિર્દોષ હજી બેહોશ જ હતો.

❑

૨૮

સબસે ઊંચી પ્રેમસગાઈ

નિર્દોષ બેહોશ હતો.

આસ્થા અને પ્રતીક્ષા ધીમે સાદે વાત કરી રહ્યાં હતાં. બંને સવારનાં ભૂખ્યાં જ હતાં. નિર્દોષને ખલેલ ન પહોંચે એવું વિચારી બંને ખુરશી ગોઠવીને બેઠાં હતાં. કેન્ટીનમાંથી ચા-નાસ્તો મંગાવી બંનેએ થોડોક ટેકો કરી લીધો. બંને એવી રીતે બેઠાં હતાં, જેથી નિર્દોષ પર નજર રાખી શકાય.

બહાર મજાની ચાંદની હતી.

'પ્રતીક્ષા, આ હૉસ્પિટલની પણ એક અજબની દુનિયા છે. નર્સ બિચારી દરદીઓના એકધારા કણસાટથી કંટાળતી નહીં હોય ? એ પણ શું કરે ! પગાર ટૂંકો ને કામ ભારે નિષ્ઠા માગી લેનારું.' આસ્થાએ વાત શરૂ કરી.

'કોઈ સુખી સ્ત્રી નર્સ બનતી નથી. હૉસ્પિટલોમાં વર્ષો સુધી એક જ દૃશ્ય કાયમ રહે છે; માત્ર દરદીઓ બદલાયા કરે છે અને ક્યારેક ડૉક્ટર બદલાય છે.' પ્રતીક્ષાએ કહ્યું.

'પીડા નહીં સહન કરી શકતા કોઈ દરદીની તીણી ચીસ, કોઈ નિઃસહાય વૃદ્ધાનું અરણ્યરુદન, કોઈ યુવાનનો બરછટ બળાપો, તીખા સ્વભાવના કોઈ ડોસાની ગાળો – આ બધું હૉસ્પિટલના જનરલ વૉર્ડમાં અટવાતું રહે છે. કોઈપણ હૉસ્પિટલનો આ સ્થાયી ભાવ હોય છે.'

'આવા વાતાવરણમાં રહીને રીઢી થઈ ગયેલી નર્સ છણકો કરીને આખા વૉર્ડને ગજવતી રહે છે.' પ્રતીક્ષાએ કહ્યું.

'એને બધા દરદીઓ સિસ્ટર કહે છે એ ખરું, પણ ભાગ્યે જ કોઈ દરદીને એ બહેન જેવી લાગે.' આસ્થા બોલી.

'દરદીઓ પણ ક્યારેક નર્સને ખાલી ખાલી બોલાવ્યા કરે છે.'

'એ સહાનુભૂતિ માટેની ઝંખનાનું પરિણામ હશે ?'

'એરહૉસ્ટેસને ખાલી ખાલી બોલાવનારા વિમાન-પ્રવાસીઓ પણ ક્યાં નથી હોતા !'

'એ વાત જ જુદી છે.' આસ્થાએ કહ્યું.

'પ્રત્યેક નર્સ ફ્લૉરેન્સ નાઈટિન્ગલ નથી હોતી; હોઈ ન શકે. ભાગ્યે કોઈ નર્સ નિષ્ઠુર હોઈ શકે.'

'ખરેખર જરૂર હોય ત્યારે દરદીઓ પર ધ્યાન આપી શકે તે માટે એણે ખોટી માંગણીઓ પ્રત્યે બેધ્યાન બનવું જ રહ્યું.'

'એ વાત સાચી છે.' પ્રતીક્ષાએ કહ્યું.

'પ્રતીક્ષા, તારો અભ્યાસ ક્યાં સુધી ચાલશે ?'

'નિર્મળા નિકેતનમાં એમ.એસસી. હોમ સાયન્સના છેલ્લા વર્ષમાં છું. પરીક્ષા થાય એટલે છુટ્ટી. હવે આગળ ભણવું નથી.'

'તારું સ્પેશિયાલેઈઝેશન ?'

'ચાઈલ્ડ ડેવલપમેન્ટ.'

'આઈ સી. બાપુજી ખરેખર શું કરે તેની તો વાત જ ન થઈ. તેઓ બિઝનેસ કરે છે એટલી જ ખબર છે.'

'તેઓ ચલણી નોટો છાપવાનું કારખાનું ચલાવે છે.'

'હું સમજી નહીં.'

'ખાતર, ટ્રેક્ટર્સ વગેરે અનેક ચીજોની એજન્સી છે.'

'બા ?'

'ઘરે જ.'

'લગ્ન વખતે દૂરથી જોયેલાં તે જ.'

'રહેવાનું ફાઈવ ગાર્ડન્સ પર ને ?'

'હા, ત્યાં વિ. જે. ટી. આઈ. હૉસ્ટેલની પાસે.'

'તેં અતીતને પસંદ કર્યો હતો કે પછી...'

'જી. મેં પસંદ કર્યો હતો; પણ મને એ વડીલો તરફથી બતાવવામાં આવેલો.'

'તારા મનમાં આગળથી કોઈક અપેક્ષાઓ હતી ?'

'મારા મનમાં ત્રણ બાબતો હતીઃ

– એક તો છોકરો બહુ રૂપાળો નહીં હોવો જોઈએ.

– બીજું એ પૌરુષથી શોભતો હોવો જોઈએ.

– ત્રીજું એ ખુલ્લા મનનો હોવો જોઈએ.

'અરે, વાહ ! તું જરા વિગતે મને આ અંગે સ્પષ્ટતા કરીશ ? વાંધો નથી ને ?'

'વાંધો ! આઈ એમ એ નો-નોનસેન્સ ગર્લ. મારી નોનસેન્સ સહન કરવાની શક્તિ ખૂબ જ મર્યાદિત છે. હું દુઃખ સહન કરી શકું પણ કોઈની ભંગાર વાતો નથી વેઠી શકતી.'

'એ તો મને સમજાતું જાય છે.'

'ક્યારેક પપ્પા સાથે તકરાર કરું અને મમ્મીને પણ ટૈડકાવી નાખું. મારી ભૂલ થાય તો માફી માગવામાં પણ શરમ નહીં.'

'પતિ વધારે પડતો રૂપાળો ન હોવો જોઈએ એમ તું શા માટે ઈચ્છતી હતી ?'

'હું એ મારો જ રહે એમ ઈચ્છું. આપણે ત્યાં રૂપવતી ભાર્યાને શત્રુ કહી છે. હું માનું છું કે આ વાત રૂપાળા પતિને પણ લાગુ પડે છે. એનો અર્થ એ નહીં કે કોઈ છોકરીનો એના પર પત્ર આવે તો હું તે વાંચવામાં રસ લઉં. કોઈ ક્લબમાં જવાનું થાય અને એ કોઈ સ્ત્રી સાથે ડાન્સ કરે તોય વાંધો નહીં લઉં. પણ એ બીજી કોઈ સ્ત્રીને દિલ આપી દે તે મારાથી સહન ન થાય.' પ્રતીક્ષાએ કહ્યું.

'ઓલ રાઈટ, પ્રતીક્ષા, હવે બીજી બાબત સમજાવ.'

'મને રીઅલ "He-man" ગમે; માંયકાંગલો કે નાજુક મરદ ન ગમે. મને એ ટૈડકાવી નાંખે તો ગમે પણ મારાથી દબાઈ જાય તે ન જ ગમે.' 'He must assert, you see ! He must command.'

'વાહ ભાઈ, વાહ ! ત્રીજી બાબત સમજાવ.'

'એ સાંકડા મનનો હોય તો માથાકૂટ થાય. માની લો કે પતિદેવ ઑફિસે ગયા છે અને કોઈ પુરુષ મિત્ર મને ઘરે મળવા આવે અને હું એકલી હોઉં. આવી સ્થિતિમાં એ વહેમાય એટલો છીછરો કે સંકીર્ણ પણ ન હોવો જોઈએ. ઘણા પતિઓ ઑફિસેથી મોડા આવે ત્યારે એ માટેનું સાચું કારણ બતાવતા નથી. મને આ ન ગમે. પતિ-પત્ની એકબીજાંને મૂળભૂત રીતે વફાદાર હોવાં જોઈએ; પણ વફાદારીની પૂર્વ શરત છે : સંપૂર્ણ નિખાલસતા.'

'આઈ એગ્રી.'

'હું નિર્દોષભાઈની ફેન છું. અમારી વચ્ચે પત્રવ્યવહાર થાય તે ભલે એ વાંચે; પરંતુ એ મારી રજા વગર નહીં વાંચે એટલો અક્કલવાળો તો હોવો જોઈએ.'

'પપ્પાએ તને કોઈ બીજા નાના શહેરમાં પરણાવી હોત તો ?'

'મુંબઈ છોડીને બહાર જાય એ બીજા !'

'કમાલ છે તું !'

'અરે, હું દાદરથી દૂર હોય એવું સબબ પણ ચલાવી લેવા તૈયાર ન હતી; પરંતુ એ બાબતમાં ઢીલ મૂકવી પડી કારણ કે અતીત મને પસંદ હતો.'

'પ્રતીક્ષા, તારી વાતો સાથે સંમત હોઉં કે ન હોઉં; તું મને ગમી ગઈ.'

'તમે તો મારાં બહેન જેવાં છો.'

'હું મોટી બહેન થવાનો ઈન્કાર કરું છું કારણ કે એમાં આપણી દોસ્તી ન જામે.'

'મને તમારા માટે ખૂબ માન છે.'

'કંઈ વાંકગુનો ?'

'તમે નિર્દોષભાઈના હૃદયમાં સ્થાન પામી શક્યાં એ કાંઈ જેવી તેવી વાત છે ? He is great and you must be great too. પ્રતીક્ષાનો તર્ક સ્પષ્ટ હતો.

'હવે સમજી. મારું સ્થાન પેલા પરોપજીવી મૂળ જેવું છે; ખરું ને ?'

'આપણો પરિચય વધે પછી એવું નહીં રહે.'

'પ્રતીક્ષા, તારે પૈસાદાર પતિ નહોતો જોઈતો ?'

'પૈસાદાર ન હોત તો ચાલત; પરંતુ પૈસા પેદા ન કરી શકે એવો હોત તે ન ચાલત.'

'Correct.'

'મેં આજે ખૂબ બકવાસ કર્યો, આસ્થાબહેન.'

'એક વાત પૂછું ? તને નિર્દોષની ચોપડીઓ કેમ ગમે છે ?'

'હું એમના ઘણાખરા વિચારો સાથે અસંમત છું. હું સંમત નથી, એટલે ખાસ એમની ચોપડીઓ વધારે વાંચું છું. મને એમની શૈલી ગમે છે. એમનાં લખાણોમાં પ્રહાર હોય છે. પછી થાય છે એવું કે "પ્રહાર'માંથી "પ્ર" ખરી પડે છે. અને માત્ર "હાર" રહી જાય છે. નિર્દોષભાઈ જેવા પુરુષ તરફથી મળતી "હાર" પણ ચૂમી લેવા જેવી મૂલ્યવાન ગણાય.

આસ્થા ઊભી થઈ અને પ્રતીક્ષાને પ્રેમથી ભેટી પડી.

બંને વાતો કરતાં જ રહ્યાં; પણ આસ્થાની નજર નિર્દોષ પર હતી.

લગભગ રાત્રે સાડાદશ વાગ્યે નિર્દોષે આમતેમ હાલવાની શરૂઆત કરી.

એ ક્યારેક તૂટેલા શબ્દો બોલતો હતો; પણ એ સ્પષ્ટ ન હતા.

થોડી વાર પછી એ ભાનમાં આવતો જણાયો. હજી એ ઘેનમુક્ત ન હતો.

'નિર્દોષ, પાણી જોઈએ છે ?' આસ્થાએ નિર્દોષના માથા પાસે વાંકા વળીને પૂછ્યું.

નિર્દોષ તરફથી કોઈ પ્રતિભાવ ન મળ્યો.

'નિર્દોષ, હું આસ્થા છું. પાણી આપું ?'

કોઈ જ જવાબ ન મળ્યો.

'નિર્દોષ ! હું આસ્થા, તારી આસ્થા.' આસ્થા નિર્દોષના ચહેરા સામે એકીટશે જોતાં બોલી.

'આસ્થા.' નિર્દોષના મોંમાંથી તૂટેલો શબ્દ નીકળ્યો.

'નિર્દોષ ! હું તારી પાસે જ બેઠી છું, જો.'

'આસ્થા.'

'પાણી આપું ?'

'હા.'

'નિર્દોષ, હું આસ્થા તારી પાસે જ બેઠી છું અને આ પ્રતીક્ષા પણ સામે જ ઊભી છે.'

'પ્રતીક્ષા ?' નિર્દોષે ભાંગેલા સ્વરે કહ્યું.

'હા જી. હું અહીં ઊભી છું.'

નિર્દોષે ધીમે રહીને આંખ ખોલી અને પાછી મીંચી દીધી. એ હોશ અને બેહોશી વચ્ચેની સરહદ પર આવી પહોંચ્યો હતો.

'આસ્થા ! યાસ્મિન ક્યાં છે ?'

'ઘરે ગઈ છે, સવારે આવશે.'

'પ્રતીક્ષા ?'

'આ રહી.'

નિર્દોષે પ્રતીક્ષા સામે જોયું.

આમ એક કલાક વીતી ગયો.

હજી એ ક્લોરોફોર્મની અસરમાંથી મુક્ત થયો ન હતો.

બીજે દિવસે સવારે નિર્દોષ ઊઠ્યો ત્યારે પૂરો ભાનમાં હતો. એને ઝાઝું હાલવાની કે બેઠા થવાની મનાઈ હતી. એની છાતી અને પીઠ પર મોટા પાટા વીંટાળેલા હતા.

સવારે આઠ વાગે યાસ્મિન આવી ત્યારે આસ્થા બેઠી બેઠી ઝોકાં ખાતી હતી. લગભગ દસ વાગ્યે પ્રતીક્ષા પણ આવી.

પીડાશામક ગોળીઓની અસર હેઠળ નિર્દોષ પાછો ઊંઘી ગયો.

હૉસ્પિટલનો પટાવાળો આસ્થાને એક પરબીડિયું આપી ગયો. ઉપર નિર્દોષનું સરનામું હતું. પત્ર સ્વામી સત્યાનંદનો હતો.

પરબીડિયું ખોલવું કે નહીં તે અંગે થોડો વિચાર કર્યા પછી આસ્થાએ એ ખોલ્યું.

માત્ર સાત-આઠ લીટીના પત્રમાં સ્વામીજીએ લખ્યું હતું :
"ચિ. નિર્દોષભાઈ,

આ પત્ર ઑપરેશન પહેલાં કદાચ ન પણ મળે. યાસ્મિનના પત્ર પરથી ઑપરેશન થવાનું છે તે જાણ્યું. આસ્થા તો તારી સાથે છે જ; પણ અહીં બેઠો બેઠો હુંય પ્રાર્થના કરતો રહીશ.

પ્રાર્થના, તર્ક ખરી પડે પછીની અવસ્થા છે. આસ્થા સાથે હોય એટલે સારવારમાં તો ખામી રહે જ શાની ? બાકી હશે તે યાસ્મિન પૂરું કરશે. સૂરદાસે ખાસ ખાસ એક વાત કહી દીધી છે : 'સબ સે ઊંચી પ્રેમસગાઈ.'

આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના પ્રખ્યાત સમીકરણ '$E=mc^2$' કરતાંય આ વાત વધારે મહત્ત્વની છે. સૂરદાસને આ એક પંક્તિ, પર મારું ચાલે તો ડિ.લિટ્ની પદવી આપું.

હું મુંબઈ તમારી ખબર કાઢવા આવવાનો નથી અને એવી જરૂર પણ નથી. હું તમારી સાથે જ છું.

ૐ પ્રભુ !

સત્યાનંદની

શુભકામનાઓ."

આસ્થાએ આ પત્ર ત્રણચાર વાર વાંચ્યો.

એ હવે નિર્દોષ જાગે તે માટે અધીરી બની હતી. નિર્દોષ આ પત્ર વાંચીને ખૂબ ખુશ થશે એની એને ખાતરી હતી.

સ્વામીની શુભકામના ફળશે ?

સાધુની ભાવના ભગવાન ઠુકરાવે ખરો ?

આસ્થા તર્ક છોડીને શ્રદ્ધાના પ્રદેશમાં ઘૂમી રહી હતી.

નિર્દોષ જાગ્યો ત્યારે આસ્થા સામે હતી. બીજા ખાટલા પર યાસ્મિન અને પ્રતીક્ષા બેઠાં હતાં.

કોઈપણ જાતના સ્વાર્થ વગર, આયોજન વગર અને લોહીના સંબંધ વગર અખિલ બ્રહ્માંડના પૃથ્વી નામના એક નાના અમથા

ચણીબોર પર, મુંબઈ નામના બિંદુએ, તાતા કૅન્સર હૉસ્પિટલને ચોથે માળે ચાર જણ ભેગાં થઈ ગયાં હતાં અને એકબીજાંને નિર્વ્યાજ સ્નેહથી નવરાવી રહ્યાં હતાં.

સૌથી ઊંચી અને બિલકુલ સાચ્ચી પ્રેમસગાઈની અદ્‌ભુત ગાંઠે તેઓ એકબીજાં સાથે બંધાયાં હતાં અને છતાંય મુક્ત હતાં.

આ ઉપરાંત કોઈપણ જાતની દુન્વયી ગાંઠ વગર પણ દૂરથી એક વ્યક્તિ સૌના પર પ્રેમ વરસાવી રહી હતી. એ પ્રેમમાં ધરતીનું ગુરુત્વાકર્ષણ પણ હતું અને આકાશની નિર્લેપ વિશાળતા પણ હતી.

એ હતા સ્વામી સત્યાનંદ.

❑

૨૯

જીવનનો નશો

આજનો સૂર્ય નિર્દોષના જીવનનો સૌથી નિર્ણાયક દિવસ લઈને આવી પહોંચ્યો.

આજે બાયોપ્સીનો રિપોર્ટ લઈને ડૉક્ટર નાગર આવવાના હતા.

નિર્દોષને કેટલાય દિવસથી રૂમ છોડી બહાર જવાની તક નહોતી મળી. હજી અશક્તિ કાયમ હતી. એ ફિક્કો પડી ગયો હતો અને એના ચહેરા પર સદાય રમતું સ્મિત કહ્યાગરું બની ગયું હતું.

તડકો દિવસની શરૂઆતથી જ આકરો લાગવા માંડે એવું મુંબઈનું હવામાન નિર્દોષને અકળાવતું હતું. તડકો આકરો ન હોય તોય એમાં સમુદ્રનો ખારો ભેજ ભળે ત્યારે પંખા નીચે ઊભેલો માણસ પરસેવો લૂછતો જ રહે. ખાટલામાં બેઠો બેઠો નિર્દોષ લૉબીમાં પડતા તડકાને જોઈ રહ્યો હતો. બહાર જઈને થોડી વાર કિરણોના મહાસાગરમાં એક ડૂબકી મારી આવવાનું એને મન તો થયું; પણ આસ્થાનો ચોકીપહેરો વટાવીને રૂમ તો શું; આ દુનિયા પણ છોડવા એ તૈયાર ન હતો.

આજે રહસ્યનું કોચલું તૂટવાનું હતું. પરીક્ષાના પરિણામને દિવસે ઠોઠ નિશાળિયાઓને થાય એવી ચિંતા એના મનમાં સતત સળવળતી હતી. બાયોપ્સીના રિપોર્ટના શબ્દો એનું ભાવિ નક્કી કરવાના હતા.

એની છાતી પર કોઈએ આખો હિમાલય ટેકવી દીધો હોય એવી લાગણી એને થતી હતી. એ હિમાલયની નિશ્ચેષ્ટ અને નિષ્ઠુર

શીતળતા એને જાણે ઠંડા ડામ દઈ રહી હતી. એક નિર્દય અને બોજલ રહસ્ય એના સમગ્ર અસ્તિત્વને ઘંટીનાં પડિયાં વચ્ચે પીસી રહ્યું હતું.

નવલકથા, નવલિકા, નાટક અને ચલચિત્રના સસ્પેન્સ કરતાં આ રહસ્ય બિલકુલ જુદું હતું. કારણ કે વાર્તાનો નાયક પોતે હતો અને એ વાર્તા પણ એના જીવનની વાર્તા હતી.

ચુકાદાને દિવસે લોકો ન્યાયમૂર્તિની રાહ જુએ એવી આતુરતાથી આજે સૌ ડૉક્ટર નાગરના આવવાની રાહ જોઈ રહ્યાં હતાં.

આસ્થાએ વહેલી ઊઠીને એક મહત્ત્વનું કામ પતાવ્યું હતું. એણે આજે માથું ચોળ્યું હતું.

એના વાળા કાળા હતા અને લાંબા હતા. સદ્યસ્નાતા સ્ત્રી પોતાના ભીના વાળ ટુવાલથી ઝાટકીને સૂકવતી હોય ત્યારે એને ઘડીભર જોયા કરવાનું કોને ન ગમે ! વાળ ઝાટકતી વખતે નિર્દોષના શરીર પર ઊડીને આવતી પાણીની ફરફર એક અનોખા રોમાંચથી એના મનને ભરી દેતી હતી. એ ખાટલા પર તકિયે અઢેલી બેઠો હતો.

'આસ્થા, આજે તું ખૂબ સુંદર દેખાય છે.' નિર્દોષે ધીમા અવાજે કહ્યું.

'આ વાત ઘણી મોડી સમજમાં આવી.' આસ્થાએ કટાક્ષ કર્યો.

'એ કેટલી મોડી છે એ તો આજનું પરિણામ કહેશે.'

'ન સમજવા કરતાં મોડા સમજવાનો અપરાધ નાનો ગણાય.'

'અપરાધ કબૂલ કરું છું, મેડમ.'

'જેનું નામ અને જીવન "નિર્દોષ" હોય એ આદમીના અપરાધો માફ કરવાની મને ઉતાવળ રહે છે.'

'મને અપરાધ કરવાનું મન થાય એવું આ વાક્ય છે.'

'હું ખરેખર રૂપાળી છું ?'

'અત્યાર સુધી આપણે ચર્ચાઓ જ કર્યા કરી એટલે આ વાત કરવાનું તો ભૂલી જ ગયો ! હું ઈશ્વરને હાજરનાજર ગણીને કહું છું કે તું રૂપાળી છે. વળી તારા રૂપમાં વધારો કરે એવી બીજી અનેક

બાબતોનો ભંડાર તારામાં પડેલો છે.'

'નિર્દોષ, આવાં કોઈ ગુણગાન વગર પણ હું તારી જ છું.'

'આ અંગે મને કોઈ શંકા ન હોવા છતાંય આ વાક્ય કાનને ખૂબ ગમ્યું.' નિર્દોષે પોતાના અસલી મિજાજમાં આવી જઈને કહ્યું.

'ડૉક્ટર નાગર ક્યારે આવશે ?'

'તેઓ આવે ત્યારે તું મારી પાસે જ રહેજે.'

'તેઓ ન આવે તોય હું તો તારી પાસે જ છું.'

'સ્ત્રીઓએ રોજ માથું ચોળવું જોઈએ.'

'પછી ?'

'પછી રોજ પોતાના વાળ સૂકવવા અને છુટ્ટા મૂકવા જોઈએ.'

'શા માટે ?'

'સ્ત્રી એ વખતે રૂપાળી હોવાનો દેખાવ સહજ રીતે કરી શકે.'

'શું સુંદરતા એ દેખાવ કરીને બતાવવાની ચીજ છે ?'

'પુષ્પનું સૌંદર્ય એને જોવાથી બગડતું નથી. એને છોડ પરથી તોડીને અંબોડે ખોસવાની વાત ખોટી.'

'માણસને હજી સુંદરતા સાથે કામ પાડતાં નથી આવડતું.'

'એ કેરીનું અથાણું બનાવે છે અને ગુલાબનું ગુલકંદ બનાવે છે.'

'ઘણે દિવસે તમારામાં રહેલો નવલકથાકાર બોલ્યો.'

'અરે, તું મને એક વાર જિવાડી તો જો ! આ દિવસોમાં જે નિર્વેદમાંથી હું પસાર થયો છું તેને આધારે બીજી દસ નવલકથાઓનો સંભાર એકઠો થયો છે.' નિર્દોષે આસ્થાના ભીના વાળને પોતાના ગાલ સાથે અડકાડીને કહ્યું.

'હવે લગ્ન અંગે ખૂબ લખ્યું. હવે બીજી કોઈ થીમ પકડો.' આસ્થાએ મીઠું સૂચન કર્યું.

'પોંકના કુમળા દાણાને સમાજ જોતજોતામાં જુવાર બનાવી દે છે.'

'શી રીતે ?'

'લગ્ન ગોઠવીને.'

'તે પોંક બારે માસ શી રીતે ટકી શકે ?'

'તેં કદી સૂકો પોંક ખાધો છે ?'

'મેં લીલો પોંક પણ ખાસ નથી ખાધો.'

'એ માટે સુરત જવું પડે.'

'વાઘેચા જતી વખતે કોઈકવાર જઈશું.'

'મારી બા પોંકને સૂકવીને આખું વર્ષ ભરી રાખતી. ચોમાસામાં અમે એ સૂકા પોંકને તલ સાથે ભેળવીને ખાતા. જેમ ચવાય તેમ મીઠો લાગે.'

'તમારાં બાનું મૃત્યુ શી રીતે થયેલું ?'

'એને જલંદર થયેલું.' હાથપગ દોરડી અને પેટ ગાગરડી" એવું થયું હતું.'

'અને બાપુજી ?'

'એઓ તો ટૂંકી માંદગીમાં જ ચાલી ગયેલા.'

'મને તો બાપુજી એટલે શું તે જ ખબર નથી. નાની ઉંમરે પિતા ગુમાવનાર બાળકની મનોવૃત્તિ કેવી બંધાય એ અભ્યાસનો વિષય છે.' આસ્થા બોલી.

'આસ્થા, યાસ્મિને હવે દાઉદનું મન સાચવી લેવું જોઈએ.'

'એ સાચવે જ છે. તેઓ આ બનાવથી ખાસ્સા નજીક આવ્યાં છે. હવે યાસ્મિન આપણે ત્યાં હું હોઉં ત્યારે આવશે અથવા તો દાઉદ સાથે આવશે.'

'એણે તને કહ્યું ?'

'હા. એ આ બાબતની બાંયધરી અચૂક પાળવા માંગે છે.'

'આ તેં મને કહ્યું તેથી નિરાંત થઈ.'

'મને યાસ્મિનની વાત વાજબી લાગે છે.'

'મને પણ. હું પણ એ માટે બંધાઉં છું.'

'મને એ અંગે તારા માટે જરા જેટલો અવિશ્વાસ નથી.' આસ્થાએ વાળ ઓળતાં કહ્યું.

'મારી ઈજ્જત વધી ગઈ કે શું ?'

'એ ક્યારેય ઓછી ન હતી.'

આ વાત ચાલતી હતી ત્યાં રેલના પાણીની માફક પ્રતીક્ષા રૂમમાં ચાલી આવી. આસ્થાએ યાસ્મિનની વાત તરત બંધ કરી દીધી.

'હું કબાબમાં હડ્ડી બનીને તો નથી આવી ને ? પ્રતીક્ષાએ પૂછ્યું.

'ના, પણ તું શાંત નથી જણાતી.' આસ્થા બોલી.

'હું મોડી પડી ગઈ તેથી...'

'પ્રતીક્ષા, નાની ઉંમરે પિતા ગુમાવનાર બાળકની શી મનોવૃત્તિ બંધાય ?' આસ્થાએ વાત વાળી લીધી.

'અરે, તમે પિતા જીવતા હોય એવા બાળકની મનોવૃત્તિની વાત કરો ને !'

'આ વિષય તારો છે.'

'વિષયને મારો ગોળી. મારા પપ્પા સાથે છેલ્લું ભોજન મેં ક્યારે લીધું તે મને યાદ નથી. તેઓ પૈસા કમાવવામાં એટલો બધો સમય ગાળે છે કે એમને પૈસા ખર્ચ કરવા માટે સમય જ નથી મળતો.' પ્રતીક્ષા બોલી.

'સાચું ?' આસ્થાએ પૂછ્યું.

'કોઈ સ્ત્રી બસ રાંધ્યા જ કરે, રાંધ્યા જ કરે અને જમે જ નહીં તો !' પ્રતીક્ષા આક્રમક બની.

'કેમ ? આજે પપ્પા સાથે લડીને આવી છે ?' આસ્થાએ પૂછ્યું.

'લડવા માટે પણ સમય જોઈએ ને !'

'તું આજે જરૂર ગુસ્સામાં છે.' નિર્દોષ બોલ્યો.

'મારી મમ્મી રોજ સવારે એમને વિદાય કરે છે અને રાત્રે નવ પછી આવકારે છે. આ બે ઘટનાઓ વચ્ચેના સમયને લોકો દિવસ કહે છે. પપ્પા સૂઈ જાય અને મમ્મી સૂઈ જાય; પછી બંને સવાર થાય એટલે ઊઠે. આ બે ઘટનાઓ વચ્ચેના સમયને લોકો રાત કહે છે.'

'તે તું કહેવા શું માંગે છે ?' આસ્થા બોલી.

'આવાં છ દિવસ-રાત વીતે ત્યારે એક અનોખો દિવસ ઊગે છે જેને લોકો રવિવાર કહે છે. મુંબઈની સૌથી લોકપ્રિય ઘટના એટલે રવિવાર. આવા રવિવારે કોઈ ફિલ્મ કલાકારને સમય મળે પણ મારા પપ્પાને ન મળે. મોટા કબાટમાંથી સો-સોની નોટોનાં બંડલનાં બંડલ હું ચોપાટીના દરિયામાં પધરાવી આવું તો કોઈને ખબર પણ ન પડે. હું પૂછું છું કે આવી નોટોને માણસો ક્યાં સુધી સૂંઘ્યા કરશે ? આવી થોકડીઓ માટે મારા ઘરમાં એક ટૂંકાક્ષરી શબ્દ વપરાય છે : BM.'

'"BM" એટલે ?' આસ્થાથી ન રહેવાયું.

'બ્લેક મની માટે "BM" અક્ષરો વપરાય છે.'

વાત એવી જામી હતી કે ડૉક્ટર નાગર ક્યારે આવ્યા તેની ખબર પણ ન પડી.

સાથે યાસ્મિન પણ આવી હતી.

સૌ શાંત થઈ ગયાં.

આખો ઓરડો ગંભીર બની ગયો.

ઘડી પહેલાંનાં ટોળટપ્પાં અલોપ થઈ ગયાં.

ડૉક્ટર નાગર શું કહે છે તે સાંભળવા સૌ આતુર હતાં.

'મિસ્ટર ઉપાધ્યાય ! કોન્ગ્રેટ્સ ! તમે પરીક્ષામાં ફુલ્લી પાસ થયા છો.'

'મને કશું સમજાયું નહીં.' નિર્દોષે દયામણે ચહેરે કહ્યું.

'હિસ્ટોપેથોલોજિકલ લેબમાંથી બાયોપ્સીનો રિપોર્ટ આવી ગયો છે અને તમારા કેન્સર અંગે પૂરી માહિતી હવે પ્રાપ્ત થઈ છે. આ કેન્સરને "Hodgkin's Disease" કહે છે. આ કેન્સર સો ટકા મટી શકે છે અને એ તમારા શરીરના બીજા કોઈ જ ભાગમાં પ્રસરેલું નથી. આ માત્ર એક જ ગાંઠ છે.' ડૉક્ટર નાગરે નિર્દોષનો ખભો થાબડતાં કહ્યું.

'આ કેન્સર ક્યા તબક્કામાં છે ?' નિર્દોષે પૂછ્યું.

'ફર્સ્ટ સ્ટેજમાં છે અને તેથી જ એ સંપૂર્ણ સારું થઈ શકે છે.' ડૉક્ટર નાગરે કહ્યું.

ડૉક્ટર નાગરના શબ્દોમાં વિશ્વાસનો રણકો હતો.

'હવે મારી જે ગાંઠ છે તેનું શું કરવાનું ?'

'ઑપરેશનને લગભગ બે અઠવાડિયાં થયાં. હવે એ રુઝાઈ ગયેલી ગણાય.'

'અને હવે ઉપચાર શું કરવાનો ?' આસ્થાએ પૂછ્યું.

'આ ઉપચારને "સુપ્રા વોલ્ટેજ કોબાલ્ટ થેરાપી" કહે છે.'

'એ ક્યાં સુધી ચાલશે ?' પ્રતીક્ષાએ પૂછ્યું.

'એ લગભગ મહિના સુધી ચાલશે.'

'પછી ?'

'પછી તમે સંપૂર્ણ છુટ્ટા. માત્ર દર છ મહિને એક વાર બતાવી જવાનું.'

'બીજું કાંઈ નહીં ?'

'ના કશું જ નહીં. પછી તમે સ્કૂટર પરથી પડો ને હૉસ્પિટલ જવું પડે એ જુદી વાત છે.' ડૉક્ટર નાગરે વિનોદ કર્યો.

'ડૉક્ટર, યૂ આર એ રીમાર્કેબલ પર્સન.' નિર્દોષે કહ્યું.

'ના, મિસ્ટર ! ઉપરવાળો મહાન છે. મને તો ભારે ચિંતા હતી. હવે લખવા માંડો અને હા, નવી નવલકથા લખો તેની મને એક નકલ મોકલવાનું ભૂલતા નહીં.' ડૉક્ટર નાગરે જતાં જતાં કહ્યું.

ડૉક્ટર નાગર ગયા એટલે પ્રતીક્ષા તો ખાટલામાં જ ઊછળી પડી.

આસ્થા ગંભીર હતી. એણે નિર્દોષના ગાલને હળવી બચી કરીને કહ્યું : 'ભગવાને આપણી પ્રાર્થના સાંભળી.'

યાસ્મિન ડૉક્ટર નાગર સાથે બહાર ગઈ હતી તે થોડી વારે પાછી આવી.

સૌના આનંદ માટે રૂમ નાનો પડતો હતો.

એટલામાં આસ્થા ઊઠી અને પોતાની પર્સમાંથી એક પરબીડિયું કાઢ્યું અને બોલી :

'હું તમને નિર્દોષની એક તદ્દન નવી કૃતિ સંભળાવું છું.'

સૌ શાંત થઈ ગયાં.

પછી આસ્થાએ નિર્દોષનું વીલ સૌને વાંચી સંભળાવ્યું.

નિર્દોષની આંખો ભીની થઈ.

યાસ્મિન તો રડવાનું રોકી જ ન શકી.

આસ્થા વાંચતા વાંચતા જ ગળગળી થઈ ગઈ. એણે જેમતેમ છેલ્લી લીટી પૂરી કરી.

'હવે આ વીલનું શું કરીશું ?' આસ્થાએ સૌને પૂછ્યું.

'તમે બધાં જે નિર્ણય કરો તે મને મંજૂર છે.' નિર્દોષે કહ્યું.

'એને ફાડી નાખવું.' પ્રતીક્ષા બોલી.

'યાસ્મિન, તું શું કહે છે ?' આસ્થાએ પૂછ્યું.

'એ સાચવી રાખવું પણ એની નીચેથી નિર્દોષભાઈની સહી કાઢી નાખવી.' યાસ્મિને કહ્યું.

'હવે હું મારો અભિપ્રાય આપું. આ વીલ સાચવી રાખવું કારણ કે એ માત્ર વીલ નથી; પણ એક કૃતિ છે. તમને વાંધો ન હોય તો હું એ મારી પાસે રાખીશ. જેથી નિર્દોષના સકંજામાંથી એ બાપડું છૂટે.' આસ્થાએ કહ્યું.

'મંજૂર.' યાસ્મિન અને પ્રતીક્ષાએ સંમતિ આપી.

'કોઈ મારા વીલ અંગે મને તો પૂછતું જ નથી !' નિર્દોષે ફરિયાદ કરી.

'પૂછવામાં નહીં આવે કારણ કે હવે તારે લાંબું જીવીને આ વીલને નકામું બનાવવાનો પુરુષાર્થ કરવાનો છે.' આસ્થાએ મક્કમતાથી કહ્યું.

'આપકા હુકમ સર આંખો પર, સરકાર !' નિર્દોષે વાત સ્વીકારી લીધી.

આજની સાંજ જીવનના થાળમાં હર્ષાશ્રુનાં મોતીડાં ભરીને આવી હતી. એ સાંજમાં રહસ્યનું કોચલું તોડીને પાંખો ફફડાવતાં ચેતનની સ્ફૂર્તિ હતી.

ચારે જણાં ખૂબ ખુશ હતાં. સૌ ઘેલાં બની ગયાં હતાં. બધાં જ જાણે નશામાં હતાં.

પ્રતીક્ષાને આનંદનો નશો હતો.

યાસ્મિનને ભીની ભીની લાગણીનો નશો હતો.

આસ્થાને ઊંડા પ્રેમનો નશો હતો.

અને નિર્દોષને ?

નિર્દોષને જીવનનો નશો હતો.

❑

30

રજકણ સૂરજ થવાને શમણે

આસ્થા લોનાવાલા આવી પહોંચી. નિર્દોષને નવજીવન પ્રાપ્ત થયું હતું તેના હરખ સાથે એણે મુંબઈ છોડ્યું હતું. સ્ટેશન પર નિર્દોષ, યાસ્મિન, પ્રતીક્ષા અને અતીત એને વળાવવા માટે આવ્યાં હતાં. સૌના મનમાં એક આશંકા ચકરાયા કરતી હતી : 'આસ્થા લોનાવાલા જ રહી તો નહિ પડે ને !'

નિર્દોષ બચી ગયો તેથી આસ્થાનું લોનાવાલા તરફનું આકર્ષણ દૃઢ બન્યું હતું. લગભગ દોઢ મહિના સુધી સૌએ સાથે મળીને ખૂબ આનંદ કર્યો હતો. નિર્દોષની તબિયત પણ લગભગ પહેલાંના જેવી થઈ ગઈ હતી.

આસ્થાએ આગળથી પત્ર લખ્યો હતો, એટલે સ્વામીજી એની રાહ જોતાં જ બેઠાં હતાં.

થોડી વાર સુધી સ્વામીજી મૌન રહ્યા.

'આસ્થા, નિર્દોષને હવે કેમ છે ?'

'આપના આશીર્વાદથી એ હવે નોર્મલ છે.'

'યાસ્મિન ?'

'એ પણ ખુશ છે.'

'પ્રતીક્ષા અને અતીત ?'

'સૌ મને સ્ટેશને વળાવવાં આવેલાં. બધાંએ આપને પ્રણામ પાઠવ્યાં છે. અતીત અને પ્રતીક્ષા થોડા દિવસોમાં કોડાઈકેનાલ જવાનાં છે.'

'અને નિર્દોષ એકલો જ મુંબઈમાં રહેશે ?'

'એ કદાચ વાઘેચા જશે; પણ પાંચેક દિવસ પછી એ અહીં આવશે અને પછી વાઘેચા જશે.'

'બહુ જ સરસ. મારે એને મળવું હતું.'

'તમારો પત્ર વાંચીને એને ઘણો આનંદ થયો હતો. એ એને ઑપરેશન પછી મેં વંચાવ્યો હતો.'

'ઠીક.'

'સ્વામીજી, મેં અહીં મારી રહેવાની વ્યવસ્થા કરી લીધી છે.'

'તારી રહેવાની વ્યવસ્થા ક્યારની થઈ ગઈ છે.'

'ક્યાં ?'

'જ્યાં પિતા રહેશે ત્યાં પુત્રી રહેશે.'

'હું સમજી નહીં, સ્વામીજી.' આસ્થાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'તારા પિતા જ તારી સામે બેઠા છે, દીકરી !'

આસ્થા ઘડીભર અવાક થઈ ગઈ.

એ રડીય ન શકી અને બોલી પણ ન શકી.

સત્યાનંદ પણ મૌન અને સ્વસ્થ હતા.

'આસ્થા, બેટા ! હવે તો તું અહીં રહેશે ને ?'

'બા ગઈ પછી જ મને બાપુજી મળ્યા ! બાપુજી મળ્યા ત્યારે બા ગેરહાજર ! બાએ જીવનભર પતિ હોવા છતાં વૈધવ્ય ભોગવ્યું !' આસ્થા આટલું બોલતાં ધ્રુસકે ધ્રુસકે રડી પડી. એ રડીને શાંત પડી ત્યારે સત્યાનંદજી બોલ્યા :

'બેટા ! સાધુ પોતાનો પૂર્વાશ્રમ કોઈને ખાસ કહે નહીં પણ હું આજે એ નિયમ તોડી રહ્યો છું.'

'તમે રેલવે અકસ્માતમાં મરી ગયેલા તે વાતનું શું ?' આસ્થા હજી આ નવું આશ્ચર્ય પોતાના હૃદયમાં સમાવી શકતી ન હતી.

'શેર માર્કેટમાં ઓચિંતી મંદી આવી અને રાતોરાત હું દેવાળિયો બની ગયો. હું જો આ રીતે ગાયબ ન થાઉં તો મા-દીકરીને ફૂટપાથ પર જીવવાનો વારો આવે એવી પરિસ્થિતિ ઊભી થઈ. હું સાધુ બન્યો

તે રાજીખુશીથી નહોતો બન્યો. પછી ધીમેધીમે બધું સમજાવવા માંડ્યું અને પ્રભુકૃપાએ મને ખૂબ શાંતિ પ્રાપ્ત થઈ.'

'હુંય કેવી કમનસીબ ! માતૃત્વ અને પિતૃત્વ, એક સાથે નહીં પરંતુ વારાફરતી પામી.'

'તું નસીબદાર છે બેટા ! હવે જગતના પિતાનું વહાલ મેળવવાની સાધના શરૂ કર. કહેવાતો અનાથ પણ આ જગતમાં અનાથ નથી. ઉપરવાળો સૌનો પિતા છે. એ જ ખરો પિતા. હુંય માત્ર નૈમિત્તિક પિતા કે પછી જીવશાસ્ત્રીય (biological) પિતા ગણાઉં.'

'આપે મને પ્રથમવાર જોઈ ત્યારે સાચો ખ્યાલ આવી ગયેલો ખરો ?'

'કેમ નહીં ?' "આસ્થા" નામ પણ મેં જ પાડ્યું હતું. તને પ્રશ્નો અમથા પૂછ્યા હતા ?'

'હવે સમજાય છે.'

'મારે આ વાત જલદી નહોતી જણાવવી. હું આજે પણ જગતની સૌ યુવતીઓને પુત્રીઓ તરીકે જોઉં છું. આસ્થા પણ એવી જ એક યુવતી. આજેય મને તારી સાધનામાં રસ છે, બીજી કોઈ વાતમાં નહીં.'

'આપને મળી ત્યારથી અહીં આવવા હું તલસી રહી હતી. આ પણ અગોચર મનનો જ ખેલ હશે ને !'

'એવું ખાસ નહીં. આપણા મનનો સ્વભાવ જ એવો છે કે જે ન હોય તેની ઝંખના કરે. તને પિતૃત્વની ખોટ હતી અને તેથી મારા અસ્તિત્વમાં તને પિતૃત્વની ઝલક મળી. આ ઝંખના સાથે આપણા લોહીના સંબંધને ખાસ લેવાદેવા નથી. એ ગૌણ છે.'

'હવે હું આપને "બાપુજી" કહીશ. કહી શકું ને ?'

'કેમ નહીં ? મને બાપુ કે દાદા કહેનારા હજારેક કુટુંબો છે. તારો તો થોડોક વિશેષ હક છે.'

આસ્થાએ વાંકા વળીને સત્યાનંદની ચરણરજ લીધી અને માથે હાથ અડકાવ્યો. સ્વામીજીએ આસ્થાને માથે હાથ મૂકીને કહ્યું :

'બેટા, તારું જીવન સાર્થક હો.'

* * *

દિવસો પસાર થવા માંડ્યા.

આસ્થાને પ્રથમવાર સુખ અને દુઃખથી પર એવા 'આનંદ'નો અણસાર પ્રાપ્ત થયો. રોજ એ વહેલી ઊઠીને ધ્યાન કરતી હતી. સત્યાનંદ એને ધ્યાન અંગે જરૂરી સૂચનાઓ આપતા હતા. સાદી વાતચીત પણ તત્ત્વચર્ચા બની રહેતી હતી. રોજ સાંજે આસ્થા થોડેક દૂર આવેલી ટેકરી પર ફરવા જતી હતી.

આજે નિર્દોષ લોનાવાલા આવવાનો હતો. આસ્થા એની રાહ જોઈ રહી હતી. પોતાના જીવનનું પરમ સુખદ આશ્ચર્ય નિર્દોષની સાથે કઈ રીતે વહેંચવું તેની યોજના એ મનોમન ઘડી રહી હતી.

નિર્દોષ આવ્યો ત્યારે સ્વામીજી અને આસ્થા એની રાહ જોઈ રહ્યાં હતાં.

સ્વામીજીને વાંકા વળીને પ્રણામ કરીને એ પણ સામે બેસી ગયો.

આસ્થાએ સૌને માટે ચા બનાવી.

'સ્વામીજી, તમારો પત્ર મળેલો પણ એનો જવાબ આપવાની મારી હિંમત ન હતી. હું જાતે આવીને જ આપના ઋણનો સ્વીકાર કરવા માંગતો હતો.'

'ઠીક છે બેટા. તું આવ્યો એ મને તથા આસ્થાને ગમ્યું.'

'હું જીવન તો પામ્યો પણ જીવનની સમજણ પામ્યો નથી. આસ્થા પણ એવી સમજણ પામવા જ અહીં આવી છે.' નિર્દોષે નમ્રતાથી કહ્યું.

'બેટા ! જંગલમાં માણસ ત્રણ ભાવના સાથે દાખલ થઈ શકે :

– કેટલાક લોકો શિકારીની વૃત્તિથી જંગલમાં દાખલ થાય.

– કેટલાક અર્થપ્રાપ્તિ માટે જંગલમાં દાખલ થાય; લાકડાનો વેપાર કે પછી આદિવાસીઓનું શોષણ કરીને જીવી ખાય.

– કેટલાક ભક્તિભાવે જંગલમાં દાખલ થાય અને વૃક્ષોને પ્રેમ કરે અને એ રીતે વૃક્ષોના સર્જનહારની ભક્તિ કરે.

જીવનમાં પણ આવું જ. સાધના એટલે શું ? પ્રથમ બે વૃત્તિ ધીરેધીરે છોડીને ત્રીજી વૃત્તિ પર શક્તિ લગાવવી એનું નામ સાધના.'

સાંજ પડવા આવી ત્યારે નિર્દોષ અને આસ્થા પેલી ટેકરી પર ફરવા ગયા.

'નિર્દોષ, હું અહીં રોજ આવું છું. આ ટેકરી મારી બહેનપણી થઈ ગઈ છે. આજે તું સાથે છે એટલે તો અમે બંને ખુશ છીએ.' આસ્થા બોલી.

'આસ્થા, મુંબઈમાં તારા વગર રહેવાનું મુશ્કેલ બની ગયું. પ્રતીક્ષા-અતીત કોડાઈકેનાલ ગયાં. યાસ્મિન હવે બહુ બહાર નીકળતાં શરમાય છે. એક વાર એ દાઉદ સાથે મળવા આવેલી તે જ. હું તો કૅન્સર પહેલાં હતો તેવો સાવ એકલો પડી ગયેલો. હવે તો કૅન્સરે પણ મારો સાથ છોડ્યો. પરમ દિવસે વાઘેચા જાઉં છું.'

'અને હું અહીં તારા વગર સંપૂર્ણ સુખી છું એવુંય નથી. ધ્યાનમાં પણ ક્યારેક તારા જ વિચારો આવે છે.'

'આઈ એમ સો ગ્લેડ.'

'નિર્દોષ, સ્વામીજી મારા સગા પિતાજી છે એ તું માનશે ખરો ?'

'મશ્કરી કરવાની છૂટ છે.'

'તારા સમ, બસ ! તેઓ પોતે જ છે, કૃષ્ણકાંત મહેતા.'

'આસ્થા, તું સાચું કહે છે ?'

'તેં મને જૂઠું બોલવાનું નથી શિખવાડ્યું એટલે...'

'વૉટ એ ફૅન્ટાસ્ટિક ઈવેન્ટ !'

'મને એમણે આ વાત કરી ત્યારે મારી મનોદશાની તું કલ્પના તો કરી જો.'

'કવિને માટે પણ એમ કરવાનું સરળ નથી.'

'આ તો કોઈ વાર્તામાં બને એવી ઘટના બની ગઈ.'

'ના, એમાં જોખમ છે. ધીરે ધીરે વિવેક જાગૃત થશે પછી સત્યાનંદ ખરી પડશે. પછી મારી સાથે ખાડામાં પડવાની જરૂર નથી.' સ્વામીજીએ કહ્યું.

'હું તે માટેય તૈયાર છું.' આસ્થા બોલી.

'એ તૈયારી નિર્દોષ સાથે રાખવાની. સહજીવનનો અર્થ જ છે સહસાધના. હવે લોનાવાલા આવીને રહેવાની છૂટ છે; પણ તે નિર્દોષની સાથે. નિર્દોષને ભલે આજે શ્રદ્ધા ન હોય, કાલે એ ઊગશે; જરૂર ઊગશે.'

'આસ્થા એમાં મદદરૂપ થશે. એની સંકલ્પશક્તિ મારા જીવનમાં પણ સંક્રાંત થાય એમ ન બને ?'

'સહજીવનની એ જ તો ખૂબી છે.' સ્વામીજી બોલ્યા.

'એક વાત પૂછું ?' નિર્દોષ બોલ્યો.

'જરૂર પૂછો.' સ્વામીજીએ કહ્યું.

'અમારે લગ્ન કરવાં જ જોઈએ એવું ખરું ?' નિર્દોષ બોલ્યો.

'એ ગૌણ છે. મુખ્ય વાત છે સહજીવન અને સહસાધના. ક્યારેક મન થાય તો પરણી જજો, પણ મારો એ માટે આગ્રહ નથી. પ્રેમ વગરનાં લગ્ન અપવિત્ર ગણાય, પરંતુ લગ્ન વગરનો પ્રેમ અપવિત્ર ન ગણાય. લગ્નમાં પ્રેમ હોય ત્યારે એની શોભા અનોખી. લગ્ન હોય અને સંલગ્નતા ન હોય તો છૂટાછેડા પણ પવિત્ર ગણાય.' સ્વામીજીએ સ્પષ્ટતા કરી.

'બીજી વાત કરું ?' નિર્દોષે પૂછ્યું.

'ખુશીથી.'

'બેત્રણ દિવસમાં અમે વાઘેચા જઈશું. ત્યાં આખું વેકેશન ગાળીશું. બેત્રણ દિવસ માટે આપ ત્યાં નહીં આવો ?' નિર્દોષે પ્રસ્તાવ મૂક્યો.

'હું ક્યારેક જરૂર આવીશ, તાપીમૈયાનાં દર્શન થશે અને આનંદ મળશે.'

'હવે તમે આસ્થાને જ નહીં; મને પણ માર્ગદર્શન આપવા બંધાઓ છો.' નિર્દોષે કહ્યું.

'માર્ગદર્શન અંદરથી મળતું રહેશે, બેટા ! પાણીનું એક બિંદુ સાગરમાં ભળીને સાગર બની જવાની આકાંક્ષા રાખે છે. વૈશ્વિક ચેતનાના અંશ સમો માણસ પણ ઝંખે કે એક દિવસ પરમ ચેતનામાં ભળી જઈને ચેતનામય બની રહું. આજથી હવે આ જ ઝંખના રાખીને બંને જણ યાત્રા શરૂ કરો.'

આખો દિવસ ક્યાં વીતી ગયો તેની નિર્દોષ અને આસ્થાને ખબર જ ન પડી. બંને જાણે આનંદના એક ખળખળ વહેતા ઝરણામાં સ્નાન કરી રહ્યાં હતાં. બંનેને વિદાય આપવા સ્વામી સત્યાનંદ જ્યારે બહાર આવ્યા ત્યારે સૂર્ય ઊગી રહ્યો હતો. બંને દેખાતાં બંધ થયાં ત્યારે ઓરડામાં દાખલ થતી વખતે સ્વામીજી પોતાની આંખો લૂછી રહ્યા હતા.

●●

વાચકોને...

* તમે કોઈના પ્રેમમાં છો ?
* તમારી સગાઈ માટે વાતો ચાલી રહી છે ?
* તમારાં લગ્ન થઈ ચૂક્યાં છે ?
* લગ્ન પછી તમે કોઈના પ્રેમમાં છો ?
* તમે સેક્સનો મધુર ગુંજારવ સાંભળ્યો છે ?
* પ્રેમ પામવાની તમને ઝંખના છે ?

જો ઉપરના કોઈ પણ પ્રશ્નનો જવાબ 'હા' હોય તો તમારે આ પુસ્તક વાંચ્યા પછી અન્યને વંચાવવું રહ્યું. તંદુરસ્ત સમાજના નિર્માણમાં તમારો ફાળો આપશો ?

લગ્નસંબંધને ધીરે ધીરે
વાસી થઇ જવાની કુદરત હોય છે.
જુપનનો આનંદ શેમાં છે?
મૈત્રીશૂન્ય લગ્નમાં કે પછી
લગ્નશૂન્ય મૈત્રીમાં?
જવાબ ગરદ જડતો નથી.
આ નવલકથા જવાબ લઇને
નથી આવી. એ વિચારક્રાંતિ
લઇને આવી છે. એમાં નવી પેઢીનાં
અરમાનોનું મેઘધનુષ રચાયું છે.

ઉપવન

ISBN 81-89919-50-4
9 788189 919504
Rs. 160